BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## Semester - 1
## MAIKS - 102
# સંસ્કૃતભાષાનો પરિચય




## ભારતીય જ્ઞાન પરંપરા

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**નિદર્શન:**

| | |
|---|---|
| પ્રો. અમી ઉપાધ્યાય | કુલપતિ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. યોગેન્દ્ર પારેખ | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષયસમિતિ:**

| | |
|---|---|
| ડૉ. દર્શનાબહેન ત્રિવેદી | નિયામક, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. દીપક કોઈરાલા | પ્રધાનાચાર્ય, હેમચંદ્રાચાર્ય ગુરુકુળ, સાબરમતી, અમદાવાદ. |
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન:**

| | |
|---|---|
| ડૉ. વિનોદ માજીરાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| શ્રી વિવેક ગોપાલ સાખી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ભારતીયજ્ઞાનપરંપરા(IKS) વિભાગ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| શ્રી શ્યામ અનિલકુમાર પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ભારતીયજ્ઞાનપરંપરા(IKS) વિભાગ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| ડૉ. શાંતિકુમાર પંડ્યા | નિવૃત્ત પ્રાધ્યાપક, સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ. |
| ડૉ. નિરંજન પી. પટેલ | કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. |
| ડૉ. રાજેન્દ્ર નાણાવટી | નિવૃત્ત આચાર્ય, સંસ્કૃત મહાવિદ્યાલય, વડોદરા. |
| ડૉ. વિશ્વનાથ જી. શાસ્ત્રી | નિવૃત્ત આચાર્ય, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, રાધનપુર, પાટણ. |

**લેખન**

| | |
|---|---|
| ડૉ. વિશ્વનાથ જી. શાસ્ત્રી | નિવૃત્ત આચાર્ય, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, રાધનપુર, પાટણ. |
| ડૉ. શાંતિકુમાર પંડ્યા | નિવૃત્ત પ્રાધ્યાપક, સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ. |
| ડૉ. નિરંજન પી. પટેલ | કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. |

**પ્રકાશક:** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રથમ આવૃત્તિ-2024**

## સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

BAOU
Education
for All

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## ભારતીય જ્ઞાન પરંપરામાં અનુસ્નાતક (Master of Indian Knowledge System)

**SEMESTER – 1    COURSE CREDIT – 4**

**MAIKS-102**

**સંસ્કૃત ભાષાનો પરિચય**


એકમ – 1
સંસ્કૃત ભાષા પરિચય

એકમ – 2
વ્યાકરણના રૂપાખ્યાનો

એકમ – 3
વૈદિક સાહિત્યનો સંક્ષિપ્ત પરીચય

એકમ – 4
ઋગ્વેદનું સંહિતાનો સવિસ્તૃત પરિચય

એકમ – 5
કથા સાહિત્યનો ઉદ્દભવ અને વિકાસ

એકમ – 6
લૌકિક (વૈદિક) કથાનું સ્વરૂપ

એકમ – 7
નીતિકથાઓ અથવા પ્રાણીકથાઓ

એકમ – 8
ભારતીય દર્શન

એકમ – 9
સ્મૃતિઓનો પરિચય

એકમ – 10
સંસ્કૃત ગદ્ય પદ્ય નાટ્ય સાહિત્ય

એકમ – 11
વ્યાકરણ શાસ્ત્રની સંક્ષિપ્ત રૂપરેખા

એકમ – 12
કાવ્ય વિવેચન : નામવૈવિધ્ય અને કાર્યક્ષેત્ર

એકમ – 13
ગુજરાતનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંદર્ભ

એકમ – 14
આધુનિક સંસ્કૃત સાહિત્ય (ઈ.સ.1961 થી 2010)

| એકમ : 1 | સંસ્કૃત ભાષા પરિચય |
| --- | --- |

## :: રૂપરેખા ::

**1.0 ઉદ્દેશો (Objectives)**

**1.1 સંસ્કૃત ભાષા સ્વરૂપ અને વિકાસ**

**1.2 બોલચાલની ભાષા-સંસ્કૃત**

**1.3 ભાષાની વ્યાખ્યા (પરિભાષા)**

**1.4 સંસ્કૃત એક ભારોપીય ભાષા તથા તેમાં થતાં પરિવર્તનો**

## 1.0 *ઉદ્દેશો* (Objectives)

વિદ્યાર્થીઓને ઉપયોગી સંસ્કૃત ભાષાશાસ્ત્રનો અભ્યાસક્રમ નિયત કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં તમે –

(1) સંસ્કૃત ભાષાની ઉત્પત્તિ અને વિકાસ વિષયક જાણકારી મેળવી શકશો.

(2) સંસ્કૃત ભાષાના સ્વરૂપ વિશે માહિતી મેળવી શકશો.

(3) પ્રાચીન સમયમાં સંસ્કૃત બોલચાલની ભાષા હતી તેનાથી અવગત થઈ શકશો.

(4) ભાષાની પરિભાષાથી અવગત થઈ શકશો.

(5) સંસ્કૃત ભાષા અને ભાષા વિજ્ઞાન એકબીજાના પૂરક છે. તે તમે જાણી શકશો.

(6) ડિપ્લોમા અભ્યાસક્રમ પ્રારંભિક હોઈ વ્યાકરણ વિષયમાં સ્વરાન્ત – વ્યંજનાન્ત તથા ધાતુ રૂપોનો અમુક અંશે પરિચય મેળવી શકશો.

(7) અભ્યાસક્રમમાં નિયત ૨૫ સુભાષિતો તથા ૫૦ સુવાક્યોનો પરિચય મેળવી શકશો.

(8) સંસ્કૃત અને કમ્પ્યૂટર વિશેની જાણકારી પ્રાપ્ત કરી શકશો.

## 1.1 *સંસ્કૃત ભાષા - સ્વરૂપ અને વિકાસ*

સંસ્કૃત ભાષા ઈન્ડો-યૂરોપીય ભાપાકુળની સહુથી પ્રાચીન અને સર્વ શ્રેષ્ઠ ભાષા છે. ઈન્ડો-યુરોપીય ભાષાકુળમાંથી જે કેટલીક ભાષાઓ ઉતરી આવી છે તેમાં સંસ્કૃત સૌથી મોટી છે.

સંસ્કૃત ભાષા ભારતદેશની જે કેટલીક પ્રાન્તીય ભાષાઓ છે તે બધી ભાષાઓની જનેતા છે. ભારતીય ઉપખંડમાં પ્રાચીન પ્રશિષ્ટ સાહિત્યના તેમજ સંસ્કૃતિના મહાન ગ્રંથો સંસ્કૃત ભાષામાં રચાયેલા છે.

વેદોથી સૂત્રપદ્ધતિ સુધીનું સાહિત્ય જે ભાષામાં રચાયું છે તે વૈદિક કે પ્રાચીન સંસ્કૃતના નામે ઓળખાય છે. રામાયણ, મહાભારત, ઈતિહાસ, પુરાણ, સાહિત્ય તથા અષ્ટાધ્યાયીના કાળ સુધીની ભાષા પ્રાચીન સંસ્કૃત ભાષા છે.

મેકડોનલ કહે છે કે રામાયણ વખતનું સંસ્કૃત એ ઉષાકાળ છે. તેથી વાલ્મીકિ માટે આદિ કવિ શબ્દપ્રયોગ કરવામાં આવે છે.

વેદના સૂક્તોની ભાષા એ વૈદિક ભાષા અથવા પ્રાચીન સંસ્કૃત છે. તે પછી બ્રાહ્મણ ગ્રંથો, ઉપનિષદો અને સૂત્રોની ભાષા કાળક્રમે ફેરફારને અધીન થતાં રામાયણ - મહાભારત તથા પાણિનિ, પતંજલિ અને પ્રશિષ્ટ સંસ્કૃત કાળના કાલિદાસાદિ કવિઓનાં કાવ્યો નાટકોની જોડે અનુસંધાન યોજે છે. અને સંસ્કૃત તરીકે ઓળખાય છે.

હજારો વર્ષ સુધી વૈદિક સંસ્કૃત કે પ્રશિષ્ટ સંસ્કૃત આપણા રાષ્ટ્રની રાષ્ટ્રીય ભાષા રહી છે. સંસ્કૃતમાં વિચારો એટલા ઉદાત્ત હતા કે લોકોને મૂળ સુધી તન-મનમાં સર્વાંગ રીતે ઘર કરી ગયા હતા. ચાર હજાર વર્ષનો આ ઈતિહાસ એટલો અક્ષુણ્ણ હતો કે કેટકેટલીએ વિટંબણાઓ આવી, આ દેશ પર પરદેશી આક્રમણ થતાં રહ્યાં, મુસ્લિમો આવ્યા, અંગ્રેજો આવ્યા છતાં આ સંસ્કૃતિને તથા સંસ્કૃતને તેઓ વિચ્છિન્ન કરી શક્યા નહિ.

ભારત-યુરોપીય પ્રજાની બીજી કોઈ શાખાએ આવો વિકાસ અનુભવ્યો નથી.

સંસ્કૃત ભાષાની સાથે સાથે વૈજ્ઞાનિક ભાષાશાસ્ત્રનો આરંભ થયો. ભાષા વિજ્ઞાન અને ભાષા સંશોધનના પિતા સર વિલિયમ જોન્સ ઈ.સ. ૧૭૮૬માં સંસ્કૃત ભાષાની પ્રાચીનતા અને મહત્તાનો સ્વીકાર કરતાં કહ્યું કે સંસ્કૃત ભાષા ધાતુઓ અને વ્યાકરણના રૂપોની દૃષ્ટિએ ગ્રીક અને લેટિન ભાષા સાથે સગોત્રતા ધરાવે છે. આ વિધાનથી પ્રેરાઈ ભાષા સંશોધન વધારે થવા લાગ્યું. જેમ જેમ સંશોધન થતું ગયું તેમ તેમ ભાષાઓના વિકાસનો સિલસિલાબંધ ઈતિહાસ હાથ લાગ્યો. આ બધી ભાષાઓમાં તેમના પાછળથી લાગતાં પ્રત્યયો ધાતુઓ, સમાસ રચના, સ્વર યોજના, બહુવિધ પ્રત્યયો અને પૃથક્કરણ એક બીજી ભાષાને સાંકળી લે છે. માતૃભાષાનાં આ બધાં લક્ષણો ધરાવનાર ભાષાઓમાં આવે ભાષા મુખ્ય છે. જેમાં સંસ્કૃત અને ઈરાની ભાષાનો સમાવેશ થાય છે.

ઓનાતોલિયામાં ઓગાઈઝડો પાસે મળી આવેલી હજારો માટીની તકતીઓની શોધથી ભાષાકુળ અને એની શાખાઓનો ઈતિહાસ વધારે ઉજાગર થયો છે. આ તકતીઓ પરના ચિત્રો બૌદ્ધ લિપિનાં લખાણો તથા હસ્તપ્રતો જે મળી આવ્યા છે, તે ભારતીય આર્ય ભાષાની સાથે ઈરાની ભાષા અવેસ્તા સાથે વધુ સામ્ય ધરાવે છે. ઈરાની ધર્મ ગ્રંથોની ભાષા અને ઋગ્વેદની ભાષા અતિશય સામ્ય (નજીકપણુ) ધરાવે છે. એમની લેખનશૈલી જ નહિ, શબ્દો અને રૂપો બન્ને વચ્ચે ખૂબ જ સમાન ભાસે છે. જેમ કે ઋગ્વેદનો 'સોઃ', અવેસ્તામાં 'હોમ' બોલાય છે. ઋગ્વેદનો 'અસુર'

અવેસ્તામાં 'દુર' બોલાય છે. મતલબ કે સંસ્કૃતનો 'સ' અવેસ્તામાં '૪' ઉચ્ચરિત થાય છે. ઈરાનથી જુદી પડેલી ભારતીય ભાષા એ જ સંસ્કૃત ભાષા. ડૉ. એ. બી. કીથ (History of Sanskrit Literature)ની પ્રસ્તાવનામાં લખે છે – ''નાદતત્ત્વ, રૂપઘડતર, શબ્દભંડોળ, ઉચ્ચાર પદ્ધતિ, વર્ણસંયોગ, સમાસ રચના વગેરે ભાષાલક્ષણો ઋગ્વેદમાં જોવા મળે છે. ઋગ્વેદની સ્વર સંયોજન પદ્ધતિ તથા ઉચ્ચાર પદ્ધતિ અદ્ભુત છે. ઋગ્વેદમાં આવતા છંદો, વર્ણોને જોડવાની સંધિ ભારતીય માતૃભાષામાં વિદ્યમાન હશે એમ કહી શકાય છે.''

વેદની ભાષામાંથી સંહિતા અને બ્રાહ્મણ ગ્રંથોમાં થઈને વિકસતું 'પ્રશિષ્ટ સંસ્કૃત' ભાષાનું સ્વરૂપ જોઈ શકાય છે. ઋગ્વેદની ભાષા ધર્મની ભાષા હોઈ એની પવિત્રતા અકબંધ રાખવાનો આગ્રહ સેવાયો હતો. એની સૂક્ષ્મતાનો અભ્યાસ કરી એની સ્વરયોજના તથા ઉચ્ચારણ પદ્ધતિનું શાસ્ત્ર રચી એની જાળવણી કરવામાં આવી હતી. પાછળથી આ ભાષા રામાયણ અને મહાભારતની માર્ગદર્શક બની. રામાયણ અને મહાભારતકાલીન સંસ્કૃતનો ઉત્તરોત્તર વિકાસ જોવા મળે છે. અને આગળ જતાં કાલિદાસ અને ભવભૂતિની કૃતિઓમાં આ સંસ્કૃત ભાષાનું રૂપસૌષ્ઠવ સોળે કળાએ ખીલી ઉઠે છે.

ભાષામાં સતત સર્જન અને વિસર્જનની પ્રક્રિયા જોવા મળે છે. જૂની લઢણો ભૂંસાતી જાય અને નવી આવે. જૂના શબ્દો કાલગ્રસ્ત બની ભૂલાઈ જાય અને નવા શબ્દો પ્રવેશે. વિભક્તિ અને કાળ પ્રયોગની રીતિઓ બદલાતી રહે. સાહિત્ય અને લોકબોલીની અસર ભાષાના સ્વરૂપ પર પડયા વિના ન રહે. વ્યુત્પત્તિશાસ્ત્ર અને ભાષાશાસ્ત્રના નીતિ નિયમો પ્રમાણે સંસ્કૃતનો વિકાસ થયો છે. તેથી જ બ્રાહ્મણ ગ્રંથોની ભાષા સુવ્યવસ્થિત જોવા મળે છે. વેદના છ અંગો પૈકી વ્યાકરણ નિરુક્ત અને છંદે સંસ્કૃત ભાષાને સુગ્રથિત કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ભાષાનો પ્રયોગ શુદ્ધ થાય તેથી વ્યાકરણના નિયમો આવશ્યક લેખાયા. વૈયાકરણીઓ તથા ભાષાશાસ્ત્રીઓ ભાષાને નિયમિત કરવા માગતા હતાં. ભાષામાં આવતી અનિયમિતતા અને ત્રુટિ દૂર થાય એ તેમના પ્રયત્ન હતાં. ભૌગોલિક વિશાળતા ધરાવતી ભાષા પ્રાદેશિક્તામાં સરી ન પડે એ તેમનો હેતુ હતો. ભાષામાં પ્રાદેશિકતાનો પ્રવેશ ન થાય એની ચોક્સાઈ રાખવા ઇચ્છતા હતા. પ્રયોગો તથા ઉપયોગની વિવિધતામાં એકતાનાં દર્શન થાય એ જ સંસ્કૃત ભાષાની વિશેષતા છે.

'સંસ્કૃત' શબ્દ સૌ પ્રથમ રામાયણમાં જોવા મળે છે. હનુમાન સીતાને મળવા લંકા જાય છે ત્યારે ડરી ગયેલી સીતાને સંસ્કૃત (સંસ્કારોથી યુક્ત, સારી **વાશીમાં પાત ૭૩ છે) ૪૫ "वाचं चोदाहरिष्यामि मानुषीमिह संस्कृताम्"** અહીં શશબ્દ વાણીના અર્થમાં પ્રયુક્ત થયો છે. સંસ્કૃતમાં ભાષાને નિયમબદ્ધ કરવા માટે વ્યાકરણશાસ્ત્રીઓએ જે પ્રયત્નો કર્યા તેમાં પાણિનિ પ્રમુખ છે. પાણિનિએ પોતાની અષ્ટાધ્યાયી, પોતાની પૂર્વે થયેલા આચાર્યોના મતો તથા અભિપ્રાયને સાંકળીને મણધ્યાયી ની રચના કરી જેમાં વેદકાળથી તેમના સુધીની ભાષાને સૂત્રબદ્ધ નિયમોથી ગ્રંથિત કરી. તે પછી ધ્વનિશાસ્ત્રીઓ, વ્યાકરણકારો, વ્યત્પત્તિશાસ્ત્રીઓ અને કોશકારો આવ્યા.

ઈ.સ. પૂર્વે 700મી સદીમાં થયેલા પાસ્કે પોતાના નિરુક્ત, નિઘંટુ નામના ગ્રંથમાં વેદના શબ્દોની સૂચિ બનાવી અને વ્યુત્પત્તિની ચર્ચા કરી. વેદના કેટલાક શબ્દોના અર્થ કરવામાં મુશ્કેલી પડે તેનું સાક્ષી નિરુક્ત છે. પાણિનિએ પોતાની અષ્ટાધ્યાયીમાં ભાષાનું શાસ્ત્રીય રીતે નિરીક્ષણ કરી અને પૃથક્કરણ કરી સંસ્કૃત ભાષાને નિશ્ચિત અને સ્થાયી સ્વરૂપ આપ્યું. પાણિનિ પછી કાત્યાયને વાર્તિક સૂત્રો રચ્યાં અને પતંજલિએ મહાભાષ્ય રચી રહેલી ખોટને પૂરી કરવાનો પ્રયત્ન કર્યો. આમ પાણિનિ, કાત્યાયન અને પતંજલિ આ એ સંસ્કૃત ભાષાનું કાયમી સ્વરૂપ ઘડી મુનિત્રયે પ્રશિષ્ટ સંસ્કૃત યુગનાં મંડાણ કર્યાં. આ આચાર્યોનો મૂળ હેતુ ભાષાના સ્વરૂપમાં એકવાક્યતા અને નિયમિતતા લાવવાનો હતો. ભાષાની શુદ્ધિ અને અસલિયત સૌષ્ઠવ જળવાય તે માટે વૈયાકરણીઓએ ઘણું દુષ્કર કાર્ય કર્યું છે. મેકડોનલ કહે છે કે ઈ.સ. પૂર્વે પાંચમી સદી સુધીમાં સંસ્કૃત વૈયાકરણીઓએ તે સિદ્ધિઓ ભાષાશાસ્ત્રના અભ્યાસમાં મેળવી હતી તેનો મુકાબલો બીજો કોઈ દેશ કરી શકે તેમ નથી. વેદો, બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદોથી તબક્કાવાર પ્રશિષ્ટ સંસ્કૃત ભાષાનો વિકાસ જોઈ શકાય છે. પ્રશિષ્ટ સંસ્કૃત ભાષા પ્રાચીન સંસ્કૃત જેટલું રૂપબાહુલ્ય કે શબ્દવૈવિધ્ય ધરાવતી ન હોવા છતાં એની ગરિમામાં જરા પણ આંચ નથી આવતી.

પાણિનિ અને યાસ્ક બન્ને સંસ્કૃતને 'ભાષા' કહે છે.

भाषायां सदवसश्रुवः (पा.सू. ३-२-१०८)

प्रथमायाश्च द्विवचने भाषायाम् (पा.सू. ७-२-८८)

'भाषायामन्वध्यायञ्च' (निरुक्त १/४)

આ સૂત્રોમાં ભાષા શબ્દ અત્યંત સૂચક છે. સંસ્કૃત ભાષા જીવંત તથા તે સમયે બોલાતી ભાષા હતી. સંસ્કૃત ભાષા વિશાળ સમુદાયમાં બોલાતી હોવાને કારણે વ્યુત્પત્તિકારો અને વ્યાકરણકારો માટે એનો અભ્યાસ પૃથક્કરણ તથા એનું વૈજ્ઞાનિક સંશોધન જરૂરી બન્યું. અષ્ટાધ્યાયી નિરુક્ત જેવા ગ્રંથો ભાષાવિજ્ઞાનને વિષય તરીકે પ્રસ્થાપિત કરવાની તક પૂરી પાડે છે. તત્પશ્ચાત્ સૂત્રાત્મક પદ્ધતિ શાસ્ત્રીય ગ્રંથોનું આલંબન બની ગયું. ધીમે ધીમે આ સૂત્રોમાં ભાષા શબ્દ અત્યંત સૂચક છે. સંસ્કૃત ભાષા જીવંત તથા તે સમયે બોલાતી ભાષા હતી. સંસ્કૃત ભાષા વિશાળ સમુદાયમાં બોલાતી હોવાને કારણે વ્યુત્પત્તિકારો અને વ્યાકરણકારો માટે એનો અભ્યાસ પૃથક્કરણ તથા એનું વૈજ્ઞાનિક સંશોધન જરૂરી બન્યું. અષ્ટાધ્યાયી નિરુક્ત જેવા ગ્રંથો ભાષાવિજ્ઞાનને વિષય તરીકે પ્રસ્થાપિત કરવાની તક પૂરી પાડે છે. તત્પશ્ચાત્ સૂત્રાત્મક પદ્ધતિ શાસ્ત્રીય ગ્રંથોનું આલંબન બની ગયું. ધીમે ધીમે ગૃહ્યસૂત્રો, બ્રહ્મસૂત્રો, મીમાંસાસૂત્રો, વ્યાકરણ સૂત્રો, છંદનાં સૂત્રો, યોગસૂત્રો અને બીજા ઘણાં સૂત્રોની એક પરંપરા ઊભી થઈ. ભાષાના વિકાસની દૃષ્ટિએ સંસ્કૃત ભાષામાં પારિભાષિક શબ્દોમાં ઝડપથી વધારો થતો ગયો. આ સૂત્રાત્મક પદ્ધતિમાં કલ્પના કરતાં તર્ક-બુદ્ધિનું પ્રમાણ વધુ જોવા મળતું હતું.

શ્રુતિની અસર જેમ ધાર્મિક બાબતોમાં વિશેષ હતી તેમ સ્મૃતિની અસર વ્યવહારજ્ઞાનમાં વધુ જોવા મળતી. મનુસ્મૃતિની અસર વેદવાક્ય જેટલી જ પ્રમાણભૂત હતી. જેમ પાણિનિએ અષ્ટાધ્યાયી રચીને સંસ્કૃત વ્યાકરણ નિશ્ચલ બનાવ્યું તેમ મનુસ્મૃતિ રચીને મનુએ ભારતીય જીવનને નિયમબદ્ધ બનાવ્યું એમ ડૉ. વી. રાઘવન કહે છે. ''મનુએ જે કહ્યું તે નીતિ અને જેવું પ્રબોધ્યું તે ધર્મ.'' ટૂંકમાં મનુવાક્ય પ્રમાણ બની ગયું. સ્મૃતિસાહિત્યની અસર પાછળના સમયમાં ધીમે ધીમે માત્ર જીવનની જ નહિ, સાહિત્યની મર્યાદા બની રહે છે.

વૈદિક સાહિત્યમાં 'ઇતિહાસ' પુરાણ નો ઉલ્લેખ થયો છે. વેદના જે જે વિભાગોમાં જૂની કથાઓનું વર્ણનાત્મક આલેખન છે કે પૂર્વ પુરુષોની ખ્યાતિ ધરાવતી કથાઓ છે એને 'ઈતિહાસ' કહે છે. એ વિભાગમાં સૃષ્ટિની ઉત્પત્તિ દેવતાઓની ઉત્પત્તિ, તેમની વંશાવલી તથા પુરાણી દુનિયાનું સ્વરૂપ વર્ણવ્યું છે. તે **'पुराण'** ઈતિહાસ પુરાણ એ પાંચમો વેદ છે એમ માનવામાં આવે છે. અથર્વવેદ સાથે પુરાણોનો ગાઢ સંબંધ છે. પુરાણો વેદના પૂરક કહેવાય છે. વેદોમાં **'गाथा नारशंसी'** તેમજ વીરપુરુષો અને દાનસ્તુતિઓ છે તે પણ ઇતિહાસમાં સમાવિષ્ટ થઈ શકે છે. રાજસૂય અને અશ્વમેધ યજ્ઞો દરમિયાન ધંધાદારી ગાયકો અને પ્રશસ્તિકારો રોકવામાં આવતા જે દાતા, યજમાન કે રાજાઓનાં યશોગાન કરતા, આના ઉલ્લેખો શતપથ બ્રાહ્મણમાં મળે છે. ઈતિહાસ પુરાણની આ પરંપરાને જીવતી રાખનાર ભાટ, ચારણો અને પૌરાણિકોનો વર્ગ અસ્તિત્વમાં આવ્યો. ઈતિહાસ, પુરાણની આ પરંપરા ભારતીય જીવન ઉપરાંત વિવિધ કલાઓ પર થયેલી જોવા મળે છે. આપણા સંસ્કૃત પ્રાકૃત, મધ્યકાલીન કાવ્યો પર ઇતિહાસ-પુરાણની અસર જોવા મળે છે.

ઈતિહાસ-પુરાણની કલ્પનોત્તેજક, વિવિધ રસપોષક સામગ્રી અત્યંત પ્રાચીન છે. આખ્યાનાત્મક ઇતિહાસનું થોકબંધ સાહિત્ય સમય જતાં આપણાથી વિસરાઈ ગયું છે.

સમય જતાં વૈદિક સાહિત્યની લોકપ્રિયતામાં ઘટાડો થયો વેદોની સરળ પ્રાકૃતિકી કવિતાને બ્રાહ્મણ ગ્રંથોએ રહસ્યોનો અંચળો ઓઢાડયો. ઉપનિષદની શૈલી રોચક હતી. પણ તેનો બ્રહ્મવાદ મનોરંજનાત્મક નહોતો. સૂત્રસાહિત્યની શુષ્ક શૈલી અને એનું લાઘવ એના રસિકજનો સિવાય બીજાઓને ગુંગળાવે તેવું હતું. પરિણામે રામાયણ અને મહાભારતે પોતાની પ્રવાહી શૈલીથી લોકોને મન્ત્રમુગ્ધ કર્યા છે.

મહાભારતે પોતાના કથાવૈભવથી પરાક્રમપૂર્ણ વાતાવરણથી અને જીવનોપયોગી ચિંતનસામગ્રીથી લોકમાનસ ને આકૃષ્ટ કર્યું જયારે રામાયણે શૈલીની અનુપમ સુંદરતાથી, અન્તરમનની એકવાક્યતાથી અને વાતાવરણની સંસ્કારી ચારુતાથી લોકહૃદયમાં મોહિની લગાડી હશે.

મહાભારતના યુદ્ધના મૂળ બનાવની આસપાસ અસંખ્ય આડકથાઓ, નીતિ, ધર્મ અને સદાચારના બોધથી તેમજ લોકભોગ્ય આલેખન શૈલીથી ખરેખર વીરચરિત મહાકાવ્ય મહાગ્રંથ બન્યો છે. **'यदिहास्ति न तत् क्वचित्'** ''આ મહાભારતમાં જે નથી તે બીજે ક્યાંય નથી'' **'व्यासोच्छिष्टं जगत सर्वम्'** વ્યાસે આખું જગત એઠું કર્યું છે. વ્યાસે જે મહાભારતમાં લખ્યું છે તે પછી બીજાઓએ જે કંઈ કહેલું છે તે વ્યાસનું અનુકરણ માત્ર છે. બીજાઓનું સાહિત્ય મહાભારત પરથી લખાયું છે. એ

અર્થમાં પવિત્ર કાર્યોનું વર્ણન કરતું લાખ શ્લોકોનું આ મહાભારત ઉપાખ્યાનો સાથે સંકળાયેલું ઉત્તમ મહાકાવ્ય છે.''

મહાભારત અતિસુંદર શબ્દોથી સુશોભિત છે. તે માનવીય, અતિમાનવીય દિવ્ય પ્રસંગો ધરાવે છે. તેમાં વિવિધ છંદો અને અનુપ્રાસોનો સમન્વય છે. મહાભારતની કવિતા રાષ્ટ્રની પ્રિય અને પ્રેરક કવિતા બની ગઈ છે. રામાયણ અને મહાભારતનાં કાવ્યો પ્રજા માટે રચાયાં હતા. મહાભારતમાં કથાની જેમ આડકથાઓ પણ ચિત્તાકર્ષક બની. મહાભારતની શૈલી સાદી સુંદર અને રસમય છે. ઓછી અલંકૃત છે. તેના લીધે કૃત્રિમતાનો અભાવ વરતાય છે. કલ્પન તત્વ સવિશેષ છે.

મહાભારતની સરખામણીએ રામાયણનં કદ ટૂંકું છે. રામાયણ સુડોળ, વ્યવસ્થિત અને કાવ્યાત્મક છે. રામાયણ આદિકાવ્ય છે. વૈદિક યુગ પછી રામાયણ કાવ્યપરંપરાનો આદિગ્રંથ છે. રામાયણનો પ્રભાવ તે પછીથી થયેલા કવિઓના માનસપટ પર અંકિત થયેલો જોવા મળે છે. રામાયણમાં કથાની સુંદરતા, શૈલીની મનોહરતા, વાણીનું માધુર્ય, ચરિત્ર ચિત્રણની વિલક્ષણતાને કારણે રામાયણ ભારતીય કલા કવિતાનો ગૌરવ ગ્રંથ બન્યો છે. મહાભારત અને રામાયણની ભાષાશૈલીએ પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યને પ્રભાવિત કર્યું છે. મહાભારતના કર્તરિ કર્મણિ પ્રયોગમાં નિયમભંગનાં ઉદાહરણો, રૂપો, છંદની અનુકૂળતા ખાતર વ્યાકરણ ક્ષતિનાં ઉદાહરણો જોવા મળે છે. ક્રિયાપદ કૃદન્ત, અવ્યય, કાળ પ્રત્યય, સમાસ વગેરેમાં નિયમોનું ચુસ્ત પાલન જોવા મળતું નથી. મહાભારતમાં ધાતુનાં રૂપોનો પ્રયોગ છૂટથી થયો છે. સંસ્કૃત ભાષામાં અસંખ્ય એવા પ્રયોગો જોવા મળે છે કે શબ્દોમાં એકથી વધારે અર્થો દષ્ટિગોચર થાય છે. મહાભારત નીતિ વાક્ય પર આધારિત છે. સુભાષિતોમાં સંક્ષિપ્તીકરણ તથા સચોટતા જોઈને વિન્ટરનિટ્ઝ કહે છે. ''ભાષા પરનું આવું પ્રભુત્વ બીજી કોઈ ભાષાએ દાખવ્યું નથી.''

કાવ્યની સાથે સાથે શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક વિચાર અને આધ્યાત્મિક ચિન્તનો જબરદસ્ત વિકાસ થયો છે. પ્રશિષ્ટ સંસ્કૃત ભાષામાં બધા જ વિષયોનું માધ્યમ બનવાની ક્ષમતા છે. જુદા જુદા વિષયોની જરૂરિયાતને પહોંચી વળવા 2000 ધાતુઓમાં ઉપસર્ગો અને તથા પ્રત્યયો લગાવી નવા શબ્દોનું નિર્માણ કરવાની ક્ષમતા છે. અમૂર્ત વિચારોને સૂક્ષ્મ તથા ચોક્કસ અભિવ્યક્તિ આપવાની ક્ષમતા સંસ્કૃતમાં છે. તેથી તત્ત્વજ્ઞાન, ઉપનિષદ્, વેદાંતનું જ્ઞાન આ સાહિત્યમાં મળી આવે છે.

તત્ત્વજ્ઞાન ધર્મ, વ્યાકરણ, સાહિત્યશાસ્ત્ર, છંદ, આ બધા વિષયો પર સંસ્કૃતની ઊંડી અસર છે. પાલી, અર્ગમાગધી જેવી પ્રાકૃત ભાષા પર સંસ્કૃતનો પ્રભાવ જોઈ શકાય છે. સંસ્કૃત જેમ જેમ ભારતમાં અને વિશ્વના દેશોમાં ફેલાતી ગઈ તેમ તેમ તે તે સાંસ્કૃતિક ભાષા બનતી ગઈ. જૈન સાહિત્ય, બૌદ્ધ ધર્મ સાહિત્ય ભલે પાલિ પ્રાકૃતમાં રચાય, છતાં સંસ્કૃત ભાષાનો પ્રભાવ અસરકારક રહ્યો છે. અશ્વઘોષ બૌદ્ધ ધર્મી હોવા છતાં એની કૃતિઓમાં બૌદ્ધ ધર્મની છાપ કરતાં વૈદિક ધર્મના વિશેષ અસર જોવા મળે છે.

ખરેખર એવું કહીએ તો સંસ્કૃત સાહિત્ય જેટલું પ્રાચીન છે તેટલું જ નવું લાગે છે.

❖ ***<u>તમારી પ્રગતિ ચકાસો</u>***

*નોધ .* (1) *નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .*

(2) *એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .*

**પ્ર.1 સંસ્કૃત ભાષાની વિશેષતા દર્શાવો.**

**પ્ર.2. સંસ્કૃત ભાષામાં કયું કયું સાહિત્ય રચાયું છે.?**

**પ્ર.3 વિલિયમ જોન્સનો સંસ્કૃત ભાષા માટે શો અભિપ્રાય હતો ?**

**પ્ર.4 ડો. એ.બી.કીય સંસ્કૃત માટે પોતાની પ્રસ્તાવનામાં શું લખે છે ?**

***પ્ર.5 સંસ્કૃત શબ્દનો પ્રયોગ સૌપ્રથમ ક્યાં જોવા મળે છે ? જણાવો.***

પ્ર.6 પાણિનિ તથા યાસ્ક સંસ્કૃત માટે કયો શબ્દ વાપરે છે ?

પ્ર.7 વૈદિક સાહિત્યમાં કયા કયા વિષયોનો ઉલ્લેખ જોવા મળે છે ?

પ્ર.8 રામાયણની વિશેષતા જણાવો.

પ્ર.9 મહાભારતના કાવ્યસૌંદર્યનું રસપાન કરાવો.

પ્ર.10 સંસ્કૃતનો પ્રભાવ અન્ય કઈ કઈ ભાષા પર જોઈ શકાય છે ?

## 1.3 *બોલચાલની ભાષા સંસ્કૃત*

આખા ભારત દેશમાં સંસ્કૃત ભાષા 4000 વર્ષ સુધી બોલાતી ભાષા હતી એમ નિ:શંકપણે કહી શકાય તેમ છે. ભારત વર્ષને અખંડ એકતાના સૂત્રમાં પરોવવાનું કામ સંસ્કૃત ભાષાએ કર્યું છે. સંસ્કૃત ભાષાએ જ સંસ્કૃતિને ચિરંજીતી એકતા અર્પી છે. ભારત જેવા વિશાળખંડમાં ધર્મની, ભાષાની, જાતિની, ભૌગોલિક સ્થિતિની તથા આર્થિક સ્થિતિની એકતા ને મજબૂત કરવામાં સંસ્કૃતનો ફાળો અમૂલ્ય છે.

ધર્મ અને તત્ત્વજ્ઞાનના સ્પન્દનોને ઝીલીને ધર્મ નિરપેક્ષ ભારતને એની સંસ્કૃતિ તથા ધર્મને અક્ષુણ્ણ રાખવામાં સંસ્કૃતનો ફાળો સવિશેષ છે. ભારતીય ભાષાઓ હિન્દી બંગાળી, મરાઠી, ગુજરાતી વગેરે ભાષાઓની તે જનની છે. આજે ભલે વિવિધ પ્રાંતોમાં પ્રાદેશિક ભાષાઓ બોલાતી હોય છતાં રાજકીય, આર્થિક, ધાર્મિક, સામાજીક પરિસ્થિતિઓને એકસૂત્રમાં પરોવી રાખવામાં સંસ્કૃતનો ફાળો નોંધપાત્ર છે.

સંસ્કૃતનું સાહિત્ય વિપુલ હતું. એની ભાષા સમૃદ્ધ હતી. તેથી એમ હુ પાળ વિ ન કહી શકાય કે આ ભાષા દેવોની, અથવા તો ધાર્મિક વિધિ-વિધાનોની ભાષા છે. ખરેખર સંસ્કૃત ભાષા બોલચાલની જીવંત ભાષા હતી. બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યકો, ઉપનિષદોનો અતિ પ્રાચીન ગદ્ય લખાણોમાં બોલચાલના લહેકા, લઢશો ધરાવતી ભાષા જોવા મળે છે. વૈદોની ભાષાના મૂળમાં કેટલીક બોલીઓ છવાયેલી છે એમ વિદ્વાનો સ્વીકારે છે. પાણિનિ પોતાના સૂત્રમાં "**भाषायां सद्वसश्रुव**ः" સૂત્ર દ્વારા ભાષા શબ્દનો પ્રયોગ કરે છે. વાસ્કે પોતાના નિરુસ્કતમાં ભાષા શબ્દનો પ્રયોગ કરી બોલચાલની ભાષાનો નિર્દેશ કર્યો છે. પતંજલિ પોતાના મહાભાષ્યમાં **"केषां शब्दानां अनुशासनं क्रियते ? लौकिकानां वैदिकानां "** લૌકિક શબ્દનો પ્રયોગ સૂચવે એ જમાનામાં સંસ્કૃત ભાષા લોકભાષા હતી. લોકો પોતાનો વહેવાર સંસ્કૃતમાં જ કરતા એવું પ્રતિપાદિત થાય છે. લોકો વીરકાવ્યો ભાષામાં ગાઈ સંભળાવતા. રામાયણ અને મહાભારતમાં વ્યાકરણના નિયમોનું ચુસ્તપણે પાલન નહીં હોવાને કારણે રામાયણ મહાભારતની ભાષા જેટલી ક્લિષ્ટ નહોતી. તેથી એમ કહી શકાય કે એ સમયમાં સંસ્કૃત બોલચાલરૂપે પ્રયુક્ત હતી. બૌદ્ધ ધર્મના ગ્રંથોમાં મળતા ઉલ્લેખો પરથી તથા શતપથ બ્રાહ્મણ, બૃહદારણ્યક ઉપનિષદોના સંદર્ભ પરથી તારવી શકાય કે સંસ્કૃત ભાષા વ્યાકરણ, છન્દ, જયોતિષશાસ્ત્ર, વેદ વેદાંગોની ભાષા જ નહોતી. તેમાં તન્ત્ર, મંત્ર, જાદુવિદ્યા, અંગ વિદ્યાનું જ્ઞાન પણ વિદ્યમાન હતું. આ બધા પ્રયોગો સામાન્ય માણસો કરતા હતા. તેથી એમ કહી શકાય કે સંસ્કૃત સામાન્ય માનવીઓ માટેની બોલચાલની ભાષા હતી.

ઘણા સમય પછી મધ્યપ્રદેશની નગરીમાં રાજા ભોજ થઈ ગયા. તેમણે પોતાના રાજ્યમાં ઘોષણા કરાવી હતી કે

कुम्भकारोऽपि यो विद्वान् स तिष्ठतु पुरे मम ।

ब्राह्मणश्चापि यो मूर्खः स गच्छतु नगरात् बहिः ॥

જો જાતે કુંભાર હોય અને વિદ્વાન હોય તો તે ભલે મારા નગરમાં રહે પરંતુ જો બ્રાહ્મણ હોવા છતાં મૂર્ખ હોય તો તે મારું નગર છોડીને ચાલ્યો જાય.

ભોજરાજા વિષે એક બીજી પણ દંતકથા પ્રસિદ્ધ છે.

રાજા જંગલમાં શિકાર કરવા જતા હતા. ત્યારે રસ્તામાં એમણે કઠિયારાને જોયો. એના મસ્તક પર ભાર જોઈને તેઓ બોલ્યા –

**भारं न बाधते राजन् यथा बाधति बाधते'** 'હે મહારાજ ! આ લાકડાનો ભાર મને લાગતો નથી. પરંતુ આપે જે "**बाधते**" (આત્મને પદીની જગ્યાએ **बाधति** (પરસ્મૈ પદી) શબ્દનો અશુદ્ધ પ્રયોગ કર્યો છે તે મને પીડા આપે છે. આનાથી ફલિત થાય છે કે કઠિયારા જેવો સામાન્ય મજૂર પણ દોષો કાઢી શકતો હોય એ ત્યારે જ સંભવે જયારે સંસ્કૃત બોલચાલની ભાષા હોય. **उदयपुरं भुङ्क्ते** પેટ ભરીને ખાય છે. એટલું બધું ખાય છે કે પેટ ફાટી જાય, **केशेषु केशेषु गृहीत्वा इदं युद्धं प्रवृत्तं केशाकेशि** વાળ પકડીને બે સ્ત્રીઓ પરસ્પર યુદ્ધ કરે ત્યારે **केशाकेशि** નો પ્રયોગ થાય છે. તે પ્રમાણે **दण्डादण्डी, जटाजटि** વગેરે પ્રયોગો સામાન્ય લોકો માટે વપરાતા. જ્યારે તેઓ સમજી શકતા હોય તો જ આ પ્રયોગો વપરાયા હોય, તેથી એમ લાગે છે કે સામાન્ય પ્રજામાં પણ સંસ્કૃત બોલાતી હશે.

વચ્ચેના સમયે નાટકોમાં એવું જોવામાં આવતું કે ઉચ્ચ વર્ણના લોકો રાજાઓ વગેરે સંસ્કૃત ભાષા બોલતા અને દાસી (સ્ત્રીવર્ગ), નોકર-ચાકરો પ્રાકૃત ભાષા બોલે એવું જોવા મળતું હતું. પરંતુ આ નિયમ બધા જ નાટકોમાં લાગુ પડતો નહોતો. કેટલાક કવિઓએ સ્ત્રી પાત્રના મુખે પણ સંસ્કૃતમાં વાત મૂકી છે. તેથી આ નિયમ બધે જ સચવાયો હોય તેમ લાગતો નથી તેમ કહી શકાય. સંસ્કૃતનો પ્રભાવ સામાન્ય લોકો પર અમીટ હતો. બૌદ્ધો અને જૈનો પોતાના ધાર્મિક લખાણો પ્રાકૃત અને અર્ધમાગધી ભાષામાં લખતા હતા. તેઓ ધીમે ધીમે સંસ્કૃતને અપનાવતા થયા. એટલું જ નહિ સંસ્કૃત સાહિત્યની એમણે સેવા કરી. અશોકના શિલાલેખો પ્રાકૃતમાં જોવા મળે છે. એનું કારણ એમણે બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો. બાકી સંસ્કૃત પ્રત્યેની એમની પ્રીતિ કમ નહોતી. ઈ.સ. ૧૦૨નો 'ઈશાપુર' વેદીસ્તંભ પૂર્ણતયા સંસ્કૃત પ્રીતિની સાક્ષી પૂરે છે. સંપ્રદાયો વિષયક અભિલેખ સંસ્કૃતમાં લખાયેલો છે. આમ જયારે બૌદ્ધનો પ્રભાવ હતો ત્યારે પણ સંસ્કૃતનું મહત્ત્વ ઓછું એકાયું નથી. દક્ષિણના પ્રાન્તમાં કન્નડ અને તામીલ ભાષામાં પણ સંસ્કૃતનો પ્રભાવ જોવા મળે છે. સંસ્કૃતની સર્વવ્યાપી અસરથી દ્રવિડ પ્રાન્તની ભાષાઓ મુક્ત રહી શકી નથી. શ્રીલંકામાં બોલાતી સિંહાલી ભાષા પર સંસ્કૃતનો પ્રભાવ ઓછો નથી. ચીન-તિબેટ-જાપાન વગેરે એશિયાના દેશોમાં પણ સંસ્કૃતનો પ્રભાવ ચિરંજીવ છે. ચલણી નોટોના સિક્કાઓમાં સંસ્કૃતનો ઉલ્લેખ થાય છે તે સંસ્કૃત કેટલી પ્રભુત્વવાળી ભાષા છે તે સાબિત કરવા પૂરતું છે. સંસ્કૃતનો આમ પ્રજામાં પ્રયોગ અને ઉપયોગ ઈ.સ.૧૨૦૦ સુધી જણાઈ આવે છે.

યવનોના આગમન પછી ધીમે ધીમે સંસ્કૃતનું મહત્ત્વ ઓછું થતું ગયું. પરન્તુ સંસ્કૃત સાહિત્ય લખવાનું બંધ થયું નહોતું. જગન્નાથ - જયદેવ જેવા કવિઓ મોગલ દરબારમાં ઉચ્ચ આસન શોભાવતા હતા.

આથી સ્પષ્ટ થાય છે કે સંસ્કૃત ભાષા માત્ર ધાર્મિક ભાષા નહોતી પરન્તુ સમગ્ર એશિયા ખંડને એક સૂત્ર માં બાંધવા માટે સક્ષમ હતી. માત્ર શિષ્ટ લોકો પૂરતી એ ભાષા નહોતી. આમ પ્રજા પણ પોતાના જીવન વહેવારમાં સંસ્કૃત અપનાવતા હતા. તેથી આજે પણ સંસ્કૃત સાહિત્ય અક્ષુણ્ણરુપે સચવાયું છે. આજે પણ દક્ષિણના અમુક ગામોમાં સંસ્કૃત ભાષા બોલાય છે. ગુજરાત- મહારાષ્ટ્રના કેટલાક ઘરોમાં લોકો બોલચાલમાં સંસ્કૃતનો પ્રયોગ કરે છે, જે સંસ્કૃત પ્રત્યેની પ્રીતિ સૂચવે છે.

❖ ***<u>તમારી પ્રગતિ ચકાસો</u>***

**(1)** ***સંસ્કૃત ભાષાની લાક્ષણિકતા જણાવો.***

**(2)** ***રાજા ભોજે પોતાના રાજ્યમાં શી ઘોષણા કરી હતી ?***

**(3)** ***"સંસ્કૃત ભાષા આમ પ્રજાની ભાષા હતી" ઉદાહરણ આપી સમજાવો.***

**(4)** ***યવનોના સમયમાં સંસ્કૃતના કયા કવિઓ થઈ ગયા ? તેમના વિશે તમારા ગુરુજી પાસે માહિતી મેળવો.***

## 1.4 ભાષાની વ્યાખ્યા (પરિભાષા) :

(માણસ) વ્યક્તિ સામાજિક પ્રાણી છે. એનો પ્રત્યેક વ્યવહાર અરસપરસના સંબંધો પર આધારિત છે. તે પોતાની અભિવ્યક્તિને રજૂ કરવા માટે જાત જાતના પ્રયોગો કરતો જોવા મળે છે. તમે એક સ્કૂલ પાસેથી પસાર થાઓ ત્યારે રસ્તા પર તમને ચિત્રેલું બોર્ડ અથવા રસ્તા પર અવરોધક પદાર્થ દેખાશે એનો મતલબ કે અહીં શાળા છે, બાળકો ભણે છે, તેથી વાહન ચલાવનારે ધીમે ધીમેથી વાહન હંકારવાં, જેથી અકસ્માત અટકાવી શકાય. સાંકેતિક ચિત્રો એ ભાષાનું સ્થાન લે છે. બસમાં બેઠા હોઈએ ત્યારે સીગારેટ દોરીને એની વચ્ચે ચોકડી મારેલી હોય છે. આ સાંકેતિક ચિત્ર સૂચવે છે કે બસમાં સીગારેટ પીવાની મનાઈ છે. તેવી જ રીતે અન્ય વ્યક્તિઓ, મૂંગા વ્યક્તિઓ પોતાના હાથ દ્વારા ઈશારો કરીને પોતાની વાત સામેવાળા સુધી પહોંચાડે છે. લારી પર ચા બનાવનારને સાંકેતિક આંગળિયોના ઈશારાથી પોતાની વાત કહે છે. આ રીતે સાંકેતિક ભાષા પોતાના મનોભાવોને વ્યક્ત કરવાની પદ્ધતિ છે.

ઘરમાં પુત્રવધૂ એકલી હોય તો વવડેલ વ્યક્તિ ખોંખારો ખાઈને પોતાના આગમનની સૂચના આપે છે. આ રીતે જયારે ભાષાનો વિકાસ નહોતો થયો ત્યારે વ્યક્તિ સાંકેતિક પદ્ધતિ થી પોતાનું કામ ચલાવતો હતો.

ધીમે ધીમે સાંસ્કૃતિક અને સામાજિક વિકાસને પરિણામે મનુષ્યને પોતાની અભિવ્યક્તિ માટે વિકાસની આવશ્યકતા ઉભી થઈ. ઓસ્ટ્રેલિયાનો આદિવાસી માત્ર ૧૨ શબ્દોથી પોતાનો વાણી વહેવાર ચલાવતો હતો. આહાર નિદ્રા, ભય મૈથુન જેવી વૃત્તિવાળા માનવીને તે વખતે વાચિક અભિવ્યક્તિની જરૂરિયાત નહોતી જણાઈ. ધીમે ધીમે સંસ્કૃતિના વિકાસ સાથે ભાષાની જરૂરિયાત ઊભી થઈ.

માનવ જીવન માટે શ્વાસ લેવો ને બહાર કાઢવો એ અનિવાર્ય બાબત છે. બહાર આવતો શ્વાસ નાદ કરે છે. મુખમાં તાળવું, મૂર્છા, દાંત, હોઠ જેવાં સ્થાનો છે. બહાર નિકળતો વાયુ એ સ્થાનોને અથડાય પરિણામે વિવિધ અવાજો થાય છે. કાલક્રમે નાદ ચોક્કસ ઘાટવાળો બનતો ગયો. માનવ હર્ષ અને દુઃખના સમયે ચીખતો હોય છે. માનવ દ્વારા કરાતા અવાજ ધ્વનિ કહેવાયાં. આ અવાજના સ્વર અને વ્યંજન બે ભાગ પડે છે. જે વાયુ મુખ મારફતે સીધો બહાર આવે તે સ્વર અને જે વ્યવધાન કે બાધા સાથે બોલાય તે વ્યંજન. સ્વર અને વ્યંજનના સંયોજનથી વર્ણ બને છે. અનેક વર્ણોના સહયોગથી શબ્દ અને શબ્દથી વાક્ય બને છે.

માનવનો જીવન વહેવાર સંબંધ પર આધારિત છે. સંબંધોમાં લાગણીઓનું સંકૃત પ્રાચા તત્ત્વ જોવા મળે છે. પોતાની વાતને રજૂ કરવા પ્રથમ વિચાર આવે છે. ભાષા દ્વારા વિચાર પ્રગટ થાય છે. આથી શબ્દોને અર્થ સાથે જોડવાની ક્રિયા શરુ થઈ અને એ રીતે ભાષા અસ્તિત્વમાં આવી.

❖ *ભાષાની વ્યાખ્યા :*

ભાષાએ સામાજિક દ્રષ્ટિએ સ્વીકારેલો સંકેતનો સરવાળો છે. ભાષા એક એવું સાધન છે જેના દ્વારા આપણે પ્રથમ વિચાર કરીએ છીએ અને પછી અભિવ્યક્ત કરીએ છીએ અને પછી અભિવ્યક્ત કરીએ છીએ.

જે બોલાય ને સંભળાય તે ભાષા. જેમાં મનુષ્યેતર પ્રાણીઓના અવાજોનો સમાવેશ થતો નથી.

❖ *ભાષા :*

(1) પ્રાઃ ધાતુ પરથી ભાષા શબ્દ બન્યો છે. જેનો અર્થ બોલવું કે કહેવું થાય છે. જે બોલાય, કહેવાય તે ભાષા.
(2) સ્વીટ નામના ભાષાશાસ્ત્રીના મતે ધ્વન્યાત્મક શબ્દો દ્વારા વિચારો પ્રગટ કરવા તે ભાષા. ભાષા વિચારો પ્રગટ કરવાનું સાધન છે.
(3) *સેન્દ્રિ નામનો ભાષાવિદ્ કહે છે કે એક પ્રકારનો સંકેત એ જ ભાષા. પ્રતિકો જુદાજુદા પ્રકારના હોઈ શકે. હાથી, ઘોડો, મગર વગેરે શબ્દ પ્રતીકો છે. જે પ્રતીકો નેત્ર-કર્ણ અથવા સ્પર્શથી જાણી શકાય.*
(4) *ચોમ્સ્કી નામનો ભાષાશાસ્ત્રી કહે છે કે ભાષા સીમિત કે અસીમિત વાક્યોની ગોઠવણી છે.*

ભાષા વક્તાના વિચારો શ્રોતા સુધી લઈ જાય છે. ભાષા વિચારોના આદાનપ્રદાનનું સાધન છે. મનુષ્યના અવયવો જેવા કે જીભ-તાળવું, દાંત, હોઠ વગેરે અવયવોના પ્રયત્નોથી જે ધ્વનિનું નિર્માણ થાય છે તે ભાષા બને છે.

ભાષા સ્પષ્ટ ધ્વનિરૂપે બોલાય છે. આ બોલાતા શબ્દો વિચારો અને મનોભાવો પર આધારિત હોય છે.

પ્રસિદ્ધ ભાષા વિજ્ઞાની સૌસ્યૂ માને છે કે ભાષાના પ્રતીકો માત્ર વસ્તુ અને નામને સાંકળતા નથી પણ ખ્યાલ (Concept) અને ધ્વનિ કલ્પન (Sound Image) ને જોડે છે. વર્ણો માત્ર બોલાતા અવાજ રૂપ ધ્વનિઓ નથી. પણ ધ્વનિઓની મનોવૈજ્ઞાનિક છાપ છે. જેનાથી આપણી સમજણ પર ચોક્કસ છબી ઉપસે છે. ભાષા આપણા મગજમાં નિધિરૂપે સંઘરાયેલી છે. ભાષાએ આપણા ચિત્તની થાપણ છે.

ભાષા એક વ્યવસ્થા છે. તેના નિયમો હોય છે. જે વ્યક્તિ ભાષા બોલે તેને ખબર છે કે હું શું બોલું છું. ધ્વનિ - શબ્દ વાક્ય વગેરેમાં નિયમબદ્ધ વ્યવસ્થા છે. શબ્દ બોલતાની સાથે સાંભળનારના માનસચિત્ત પર તે પ્રતિબિંબિત થાય છે.

માનવજીવનમાં ભાષાનું સ્થાન સૌથી મહત્ત્વનું છે. ભાષાના અભાવમાં માનવસભ્યતા કે સંસ્કૃતિનું અસ્તિત્વ સંભવિત નથી. ભાષા માનવ અને પશુઓ વચ્ચે ભેદ સ્પષ્ટ કરી આપે છે. ભાષાની વ્યાખ્યા આપતાં શ્રી મેટિઓ પાઈ ''ગ્લોસરી ઓફ લિગ્વિસ્ટિક ટર્મીનોલોજી'' માં -

ભાષા નિશ્ચિત નિયમબદ્ધ વ્યવસ્થા છે. આ નિયમો યાદ રહે તેટલા સીમિત છે. આથી માણસ પરસ્પર વાક્-વહેવાર કરી શકે છે. એક બીજાને સમજી શકે છે. ભાષાની વ્યવસ્યામાં સૌથી મહત્ત્વનો શબ્દ સંપ્રેષણ છે. એમાં વક્તા અને શ્રોતા બન્ને મહત્ત્વના છે.

ટૂંકમાં ભાષા આપણા મનોગત ભાવો અને વિચારોને અભિવ્યક્ત કરનાર સંકેતોનો સરવાળો છે. જે જોઈ શકાય, સાંભળી શકાય અને ઈચ્છાનુસાર પેદા કરી શકાય છે.

## ❖ *<u>તમારી પ્રગતિ ચકાસો</u>*

*નોધ .* (1) *નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .*

(2) *એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .*

**(1)** ***સંકેતના માધ્યમથી મનુષ્ય કેવી રીતે પોતાનો વહેવાર ચલાવતો હતો ?***

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**(2)** ***ઓસ્ટ્રેલિયાના આદિવાસીઓ કેટલા શબ્દોથી પોતાનો વહેવાર ચલાવતા હતા ?***

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**(3)** ***ભાષા કોને કહેવાય ? વિવિધ વિદ્વાનોના મત આપો.***

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**(4)** ***ભાષાની વિશિષ્ટતા જણાવો.***

## 1.5 *સંસ્કૃત એક ભારોપીય ભાષા તથા તેમાં થતાં પરિવર્તનો :*

વિશ્વની પ્રાચીનતમ ભાષાઓમાં સંસ્કૃતની ગણના થાય છે. આ ભાષામાંના મૂળ ઈન્ડો-યુરોપિયન ભાષાકુળમાં જોવા મળે છે. સંસ્કૃત ભાષામાં અતિવિશિષ્ટ મૂલ્યવાન ભાષા સામગ્રી વિદ્યમાન છે. સંસ્કૃત એ માત્ર ભારત દેશની ભાષા નથી પણ માનવ સંસ્કૃતિની ભાષા છે. કારણ કે આ ભાષામાં ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ સભ્યતા તથા વિચારોની પરંપરા અદ્યાવિધ જોવા મળે છે. સંસ્કૃત ભાષાને યુરોપની ભાષા ગ્રીક કે રોમન ભાષા સાથે મૂકી શકાય. મેકડોનલ કહે છે માનવજાતિની ઉત્ક્રાંન્તિનો અભ્યાસ કરવાના સાહિત્ય તરીકે ગ્રીસના સાહિત્ય કરતાં પણ ચડિયાતી ભાષા સંસ્કૃત છે.

સંસ્કૃત ભાષાની ઉત્પત્તિનો સમય ગ્રીક ભાષાના સાહિત્ય કરતાં પણ પ્રાચીન છે. સંસ્કૃત ભાષાના સ્વરૂપની પરિપૂર્ણતા સંસ્કૃતમાં રચાયેલા સાહિત્યની સમૃદ્ધિથી પ્રભાવિત થઈને વિલિયમ જોન્સ કહે છે કે “એનું સ્વરૂપ અદ્ભુત છે, ગ્રીક ભાષા કરતાં વધારે પરિપૂર્ણ, લેટિનભાષા કરતાં વધારે વિપુલ શબ્દભંડોળવાળું અને વધારે પરિષ્કૃત સાહિત્ય સંસ્કૃતમાં વિદ્યમાન છે.” આર્યજાતિની સભ્યતા તેમજ સંસ્કૃતિનો વિકાસ સંસ્કૃતમાં જોઈ શકાય છે. સંસ્કૃત સાહિત્યિક અને સાંસ્કૃતિક પરંપરા લગભગ ચાર હજાર વર્ષ કરતાં પણ પ્રાચીન છે. એનો સાંસ્કૃતિક પ્રભાવ ભારતની બહાર બહારના દેશોમાં પણ જોવા મળે છે. જાવા, સુમાત્રા, બાલી નેપાળ, બ્રહ્મદેશ, ચીન વગેરે દેશોમાં આજે પણ ભારતીય સંસ્કૃતિનાં ચિહ્નો જોવા મળે છે.

સંસ્કૃત ભાષાના પ્રાચીન સાહિત્યે જર્મન સાહિત્ય પર ખૂબ જ મોટો પ્રભાવ પાડયો છે એવું જર્મન વિદ્વાન વિન્ટરનિત્ઝનું માનવું છે.

સંસ્કૃત ભાષાનું સ્વરૂપ અને વિકાસ : ઈન્ડો-યુરોપિયન આર્ય લોકોની માતૃભાષા એવી સંસ્કૃત ભાષાઓ પૈકી સૌથી મોટી પુત્રી છે. ભારતમાં આજે અનેક પ્રાન્તોમાં હિન્દી, મરાઠી, બંગાળી, ગુજરાતી વગેરે ભાષાઓ બોલાય છે. આ બધી ભાષાઓની તે જનની છે. વૈદોથી સૂત્રપદ્ધતિ સુધીનું સાહિત્ય જે ભાષામાં લખાયું તેને વૈદિક કે પ્રાચીન સંસ્કૃત તરીકે ઓળખી શકાય. સંસ્કૃત ભારત-ઈરાની અથવા ભારત-જર્મનીય પરિવારની ભાષાઓમાં એક પ્રમુખ ભાષા છે. ભારત-યુરોપીય પરિવાર આઠથી દસ શાખાઓમાં વિભાજિત છે. જેમ કે –

(1) ભારત-ઈરાની શાખા - આ શાખામાં વૈદિક સંસ્કૃત લૌકિક સંસ્કૃત એમાંથી ઉત્પન્ન થયેલ હિન્દી, બંગાળી, મરાઠી, ગુજરાતી વગેરેનો સમાવેશ થાય છે. ઈરાનીનું સ્વરૂપ પારસીઓના ધર્મ પુસ્તક મળે છે તથા અવેસ્તામાંથી પશ્તો ફારસી એનું નવું સ્વરૂપ છે.

(૨) બાલ્તો - સ્લાવિકભાષા શાખા, જેમાંથી પ્રાચીન રુસી પોલિશ, બોહેમિયન, લિથુઆનિયન વગેરે ભાષાઓ આવે છે.

(3) આર્મેયિયન શાખા

(4) આલ્બેનિયન શાખા

(5) ગ્રીક શાખા આ શાખાઓ પ્રાચીન અને આજની યૂનાની ગ્રીક ભાષા છે.

(6) ઈટાલિયન શાખા જેમાં પ્રાચીન ઓસ્કન તથા ઉમ્બ્રિયન ભાષાઓ, લેટિન તથા આજની રોમન ભાષા, ફ્રેંચ, ઈટાલિયન અને સ્પેનિશ વગેરે ભાષાઓનો સમાવેશ થાય છે.

(૭) કૈલ્ટિક શાખા જેનો પ્રસાર સમગ્ર યુરોપમાં હતો તેમાંથી ઉત્પન્ન આયરિશ અને વેલ્શ ભાષા બોલનારા ઓછા લોકો છે.

(૮) જર્મનીય ભાષા શાખા જેમાંથી અંગ્રેજી, ડચ, જર્મન અને સ્કેન્ડિનેવિયન વગેરે ભાષાઓ છે.

(૯) તોખારી

(૧૦) હિટ્ટાઈટ શાખા - આ બધી શાખાઓનો ભારત- યૂરોપીય શાખામાં સમાવેશ થાય છે. ભારત-યૂરોપીય પરિવારની ભાષાઓની સમાનતાઓ ને કારણે તેમનો એક પરિવારમાં સમાવેશ થાય છે.

**દા.ત.**

| सं. | ગ્રીક | લેટિન | જર્મન | અંગ્રેજી |
|---|---|---|---|---|
| पितृ | पतेर | पतेर | फाटर | फादर |
| (पितर) | (Pater) | (Pater) | (Fater) | (Father) |

ને મળતો આવે છે. આ પદોમાં એક સરખી પદાન્તતા છે. ગ્રીક અને લેટિનમાં વ્યંજન ધ્વનિઓ સંસ્કૃત ધ્વનિઓ સાથે મળે છે. જર્મન અને અંગ્રેજી વ્યંજન ધ્વનિઓ સંસ્કૃત ધ્વનિઓ સમાન જ છે. જર્મન અને અંગ્રેજીમાં જે વ્યંજન ધ્વનિઓ પરિવર્તિત થયા તે ધ્વનિ નિયમોને આધારે થયા છે. સંસ્કૃતમાં અઘોષ અલ્પપ્રાણ ધ્વનિ, અંગ્રેજીમાં મહાપ્રાણ અને જર્મનીમાં અલ્પપ્રાણ ધ્વનિઓ મળે છે.

આ ભાષાઓ પોતપોતાની નિજી વિશેષતા ધરાવે છે. આ સર્વ પદપ્રયોગોમાં આપણે એક સમાન રૂપોની કલ્પના કરી શકીએ છીએ.

સંસ્કૃતનું બીજુ ઉદાહરણ જોઈએ.

સંસ્કૃત 'भरामि' નું સમાનાન્તર રૂપ ગ્રીક 'फ़ेरो' (Phero) લેટિન 'फ़ेरो' (Fero) अंग्रे 'बीयर' (Bear) પ્રાચીન સ્લાવોનિક 'बेरन' (Beran) ने જુઓ. આ બધાનો અર્થ ''હું લઈ જાઉં છું.'' આ બધામાં આપણે સમાન સૂત્રભાર' (bhar) ની કલ્પના કરી શકીએ છીએ. વિશ્વના અન્ય ભાષા પરિવારોમાં આવી સમાનતા જોવા મળતી નથી.

ભારત યૂરોપીય પરિવારની ભાષાઓ વિભક્તિપ્રધાન છે. એટલે કે વિભક્તિ દ્વારા અર્થ નિયંત્રિત થાય છે. આ પરિવારની ભાષાઓનું વિશેષ અધ્યયન કરતાં જણાશે કે એમાં વ્યાકરણના પ્રભાવને કારણે વિભક્તિ પ્રત્યયો દ્વારા પદો રચાય છે. એક પદમાં ત્રણ તત્ત્વ હોય છે. મૂળ રૂપ (શબ્દ કે ધાતુ), પ્રત્યય તથા વિભક્તિ ચિહ્ન. ઉદાહરણ તરીકે સંસ્કૃત પદ 'गच्छता' ને गम् (गच्छ) शतृङ् > (अत् अन्त तथा "टा" > आ માં વિભક્તિ કરી શકીએ. તે રીતે સંસ્કૃત दातारं તથા ગ્રીક 'दोत्री' (dotri) માં ક્રમશઃ 'दा' 'तर्' (तु) તથા 'इ' (ङि) અને 'दो' (do) 'तोर' (tor) તથા 'इ' (I) આ ત્રણ તત્વોને માની શકીએ છીએ. તુર્કી તથા દ્રવિડ પરિવારની પ્રત્યય પ્રધાન ભાષાઓની જેમ અહીં ત્રણ તત્ત્વોમાં કોઈ પણ તત્ત્વને અલગ કરી શકાતું નથી. પ્રત્યય પ્રધાન ભાષાઓમાં પ્રત્યયનું પોતાનું નિશ્ચિત રૂપ તથા અર્થ હોય છે.

જો કે ક્રિયાઓથી બનેલા નામ શબ્દોમાં (કુદન્ત) પ્રત્યય કોઇક વિશેષ ભાવનો ચોક્કસ બોધ કરાવે છે. જેમ કે (तर) પ્રત્યય दातर (दातृ) કે ગ્રીક दातार નું અવિભાજ્ય અંગ છે.

આ રીતે સંસ્કૃત ભાષા ભારોપીય શાખાનું અવિભાજ્ય અંગ છે. તથા તેમાં જે શબ્દ-પદ-વાક્ય સંયોજવાની સૂક્ષ્મતા છે તે અન્ય કોઈ ભાષામાં નથી.

❖ ***<u>તમારી પ્રગતિ ચકાશો</u>***

***નોધ .*** **(1)** ***નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .***

**(2)** ***એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .***

(1) *સંસ્કૃત માનવસંસ્કૃતિ ભાષા છે, સમજાવો.*

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(2) *વિલિયમ જોન્સનો સંસ્કૃત ભાષા વિશે શો અભિપ્રાય હતો ?*

(3) *ભારોપીય પરિવારની ભાષાઓ વિભક્તિ પ્રધાન છે, સમજાવો.*

(4) *ભારોપીય પરિવારની વિવિધ શાખાઓ વિશે જણાવો.*

❖ **ભાષાનું સ્વરૂપ પરિવર્તનશીલ :**

**असारे खलु संसारे शब्दो ब्रह्म प्रजापतिः ।**

**यथास्मै रोचते विश्वं तथैव परिवर्तते ।**

પરિવર્તન એ સૃષ્ટિનું વિધાન છે. એનો ક્રમ છે. સૃષ્ટિમાં બધા જ પદાર્થ, બધી વસ્તુઓ પરિવર્તન તથા રુપાન્તર પામે છે. તેથી ભાષા પણ આ પ્રક્રિયામાંથી બાકાત નથી.

હવે આપણે જોઈએ કે ભાષા પરિવર્તનનાં કારણો ક્યાં ? આના જવાબમાં ઉત્તર મળશે કે સામાજીક પરિવર્તન અને વૈયક્તિક પરિવર્તન આના માટે જવાબદાર છે. ભાષા વિશે ભાષાનાં જે પાંચ અંગો દર્શાવ્યાં છે તે આ પ્રમાણે છે. (૧) ધ્વનિ (૨) રૂપ (૩) શબ્દ (૪) વાક્ય (૫) અર્થ. હવે આ વિશે થોડો વિચાર કરીએ.

(૧)**ध्वनि परिवर्तन** - ધ્વનિ પરિવર્તન એટલે કે જે શબ્દો બોલીએ છીએ તેમાં ઉચ્ચારણથી ધ્વનિમાં આવતું પરિવર્તન તે ધ્વનિ પરિવર્તન, દા.ત.

અગ્નિસૂક્તમાં આવતો મંત્ર "**अग्निमीळे पुरोहितम्**' અહિં **ईळे** ( સ્તુતિ કરું છું.) **ळे** ની જગ્યાએ પાછળથી ' **डे**' નું ઉચ્ચારણ થવા લાગ્યું. ધ્વનિશાસ્ત્ર વિશે પાણિનિનું પ્રદાન સૌથી વિશેષ છે. જે આપણે આગળ જોઈશું. ધ્વનિઓમાં બે રીતે પરિવર્તન થાય છે. (1) स्वतः परिवर्तन (2) બાહ્ય પરિવર્તન.

યાસ્ક એક બહુ મોટા ભાષાશાસ્ત્રી હતા. તેમને નિરુક્તમાં એક શ્લોક આપ્યો છે. તેઓ માને છે. ધ્વનિમાં પાંચ રીતે પરિવર્તન થાય છે.

**वर्णागमो वर्णविपर्ययश्च द्वौ चापरौ वर्णविकारनाशौ ।**

**धातोस्तदर्थातिशयेन योगात् प्रतीयते पञ्चविधम् प्रमाणम् ॥**

**(1) वर्णागम** - પદમાં કે શબ્દમાં એકાદ માત્રા, સ્વર કે વર્ણ વગેરે પ્રારંભ - મધ્ય કે અંતમાં ઉમેરવામાં આવે તેને વાંગમ કહે છે. અર્થાત્ અગાઉ પદમાં તે શબ્દ ન હોય એવા ધ્વનિનું આવવું તે વર્ણાગમ કહેવાય. જેમ કે स्वर्ण - सुवर्ण, भ्रम- - भरम (१) धर्म - धरम (२) केरल - केराला અહીં ઉચ્ચારણમાં સરળતા લાવવા માટે ધ્વનિ પરિવર્તન કરવામાં આવે છે. વર્ણોનું આગમન આદિમાં, મધ્યમાં કે અન્તમાં ફેરફાર થતો જોવા મળે છે.

वरेण्यम् - वरणीयम् पृथ्वी- पृथिवी, औषध -ओषधि ओष्ठ- હોઠ જેવા શબ્દોમાં આદિમાં, મધ્યમાં કે અન્તમાં ફેરફાર જોઈ શકાય છે.

**(2) वर्णलोप** - *કોઈ પણ શબ્દમાં એકાદ સ્વર, વ્યંજન કે અક્ષરનો લોપ થાય તે વર્ણલોપ કહેવાય. માણસ પોતાની બોલવાની અનુકૂળતા માટે ક્યારેક કોઈ ધ્વનિનું ઉચ્ચારણ છોડી દે. અથવા પોતાની ટેવને કારણે અક્ષર બોલવાનું માંડી વાળે તેને વર્ણલોપ કહેવામાં આવે છે. આવા સ્વર લોપ આદિ મધ્ય કે અન્તમાં થાય છે. જેમ કે* –

आभास-भास *અહિં આદિમાં* 'आ' *અક્ષરનો લોપ જોવા મળે છે.*

**जलपात्र- जलपात्र, राजन्-राजा** ***વગેરે શબ્દોમાં* ल** *માં* **अ** *નો લોપ થઈ* **राजा** *માં* **आ** *નો લોપ થઈ* **राजन्** *શબ્દ બન્યો છે. અહિં આનો લોપ થયો છે. વર્ણલોપના બીજા શબ્દો જોઈએ.*

**स्थापना - थापना, रीति - रीत, कोकिल-कोयल, ब्राह्मण** *નું* **बम्मन** **(***હિન્દી) આ રીતે વર્ણ લોપ જોવા મળે છે.*

**(3) वर्णविपर्यय** - *સ્વર, વ્યંજન કે વર્ણની અદલાબદલીને વિપર્યય કહેવામાં આવે છે. અહિં સ્વર, વ્યંજન કે અક્ષરનું સ્થલ પરિવર્તન જોવા મળે છે. જેમ કે* –

**आग्रयण - अग्रायण, बिंदू- बूंद (हिन्दीमां) हिंस- सिंह, चिह्न-चिन्ह, वाराणसी- बनारस, बेंगलोर-बेंगलूरू, मुम्बापुरी-मुम्बई वगेरे**

**(४) समीकरण-** *જ્યારે એક વર્ણ બીજા વર્ણને પ્રભાવિત કરીને પોતાનું રૂપ આપે ત્યારે તે 'સમીકરણ' થાય છે. જેમ કે સંસ્કૃતમાં* **चक्र** *નું પ્રાકૃતમાં* **चक्क** *થાય છે. સંસ્કૃત* **धर्म** *નું પ્રાકૃતમાં* **धम्म, कर्म - कम्म** *વગેરે.*

**(૫) विषमीकरण-** *સમીકરણથી વિરુદ્ધ વિષમીકરણ છે. બન્ને ધ્વનિઓ એક સરખા છે. એક ધ્વનિનો પ્રભાવ બીજા ધ્વનિ પર પડતાં તે પોતાના સ્વરૂપનો ત્યાગ કરી અન્ય રૂપ ધારણ કરે છે. જેમકે-*

**नूपुर-नेउर, पुरुष-पुरिस, पादस्थलम्-परथली (पगदंडी), वनस्थलम्-वन्नथली**

*ક્યારેક સ્વર કે દીર્ઘ માત્રામાં ફેરફાર થાય છે. જેમ કે -*

**लज्जा-लाज**

*ક્યારેક અઘોષ ધ્વનિઓ ઘોષ થાય છે –*

**मकर- मगर, शाक-शाख**

*ક્યારેક ઘોષ ધ્વનિઓ અઘોષમાં પરિવર્તિત થાય છે.*

**मेघ - मेख**

*ક્યારેક અલ્પ પ્રાણ ધ્વનિ મહાપ્રાણમાં પરિવર્તિત થાય છે. જેમ કે –*

**गृह - घर, हस्त - हाथ, बाष्प - बाफ**

*આમ ધ્વનિ પરિવર્તનના અનેક પ્રકારો ભાષાશાસ્ત્રીઓએ શોધી કાઢ્યા છે. વળી વ્યાકરણની દ્રષ્ટિએ જોઈશું તો ગુણ, વૃધ્ધિ, સમ્પ્રસારણ દ્વારા ધ્વનિ પરિવર્તન થાય છે.*

❖ ***ધ્વનિપરિવર્તનનાં કારણો :***

*વ્યક્તિ પોતાના પૂર્વજો પાસેથી ભાષા શીખ્યો છે. જ્યારે તે નાનો હતો ત્યારે માતા-પિતા પાસેથી શીખ્યો છે. એના માતા-પિતા એના પૂર્વજો પાસેથી શીખ્યા છે. આમ ભાષા મેળવવામાં (અર્જીત કરવામાં આવે છે.) પરન્તુ કોઈ પણ વ્યક્તિ પોતાના પૂર્વજો પાસેથી એ જ રૂપમાં ભાષા શીખતો નથી. એક વ્યક્તિનું ઉચ્ચારણ બીજી વ્યક્તિ સુધી પહોંચે ત્યારે ઉચ્ચારણમાં ફેરફાર થાય છે.*

**(1)** ***અનુકરણ*** *- ભાષા પરિવર્તનનું મુખ્ય કારણ અનુકરણમાં છુપાયેલું છે. ઘણીવાર શ્રવણ શક્તિની ત્રુટિને કારણે વ્યક્તિ બોલવામાં ભૂલ કરે છે. ઘણીવાર અજ્ઞાનતાને કારણે ભૂલ થાય છે. વળી ઉચ્ચારણમાં કઠિનતાને કારણે ધ્વનિપરિવર્તન જોવા મળે છે. તેથી વક્તા અને શ્રોતા પક્ષે રહેલી અસાવધતા પરિવર્તનનું કારણ બને છે.*

*સાદૃશ્યને કારણે પણ પરિવર્તન જોવા મળે છે. જેમ કે* **द्‌वादश** *(બાર) અહીં* **द्‌वा आ** *નું ઉચ્ચારણ થાય છે. તેવી જ રીતે* **एकादश** *(અગિયાર)માં 'કા'માં "આ"* ***સાદૃશ્યને*** *કારણે બોલાય છે. ખરેખર* **एकादश** ***પ્રયોગ થવો જોઈતો હતો.***

*'બલાઘાત' અમુક શબ્દો પર વજન કે ભાર મૂકવાથી પણ શબ્દમાં પરિવર્તન જોવા મળે છે. જેમ કે અંધકાર શબ્દ ગુજરાતીમાં 'અંધારું' બોલાય છે. અહિં 'અ' ઉપર અનુસ્વાર ભારથી બોલાય છે.*

***<u>સાંસ્કૃતિક કારણો :-</u>*** *જે પ્રદેશમાં વસતા લોકોની જેવી રહેણી કરણી એના કારણે વ્યક્તિઓની ભાષાઓમાં પરિવર્તન જોવા મળે છે. અન્ય ભાષાઓનું સાહચર્ય પણ ધ્વનિઓને પ્રભાવિત કરે છે.*

❖ ***શારીરિક તથા માનસિક કારણ :***

શારીરિક, માનસિક, રાજકીય પરિબળ પણ ભાષા પરિવર્તન માટે કારણરૂપ છે.

દા.ત. મુસલમાનો અને બ્રિટિશરોએ (અંગ્રેજોએ) આ દેશ પર વર્ષો સુધી રાજ કર્યું. તેમના આવવાથી આપણી ભાષામાં અરબી-ફારસી અને અંગ્રેજી શબ્દો પ્રવેશ્યા. અંગ્રેજી ભાષાથી ભારતીય ભાષા હિન્દી અને ગુજરાતી પ્રભાવિત થયેલી. ભારતીય ભાષાઓમાં નવા નવા શબ્દો ઉમેરાયા અને આ રીતે ભાષાઓમાં રાજકીય પરિવર્તન સ્થલેતર પરિવર્તન આપોઆપ આવી જાય છે. ઘણીવાર ભાષાને સરળ બોલવાની લાલચમાં ધ્વનિમાં ફેરફાર આવી જાય છે. આ રીતે પરિવર્તનનાં અનેક કારણો છે.

❖ ***<u>તમારી પ્રગતિ ચકાશો</u>***

***નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .***

***(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .***

(1) *સંસ્કૃતની ગણના શામાં થાય છે ?*

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(2) સંસ્કૃત ભાષાની વિશિષ્ટતા જણાવો.

(3) જર્મન વિદ્વાન વિન્ટરનીત્ઝનું સંસ્કૃત અને જર્મન વિશે શું માનવું છે ?

(4) સંસ્કૃતના વિકાસ વિશે જણાવો.

(5) ભારત યુરોપીય પરિવારની કેટલી શાખાઓ છે ? તે વિશે નોંધ લખો.

(6) ભાષા પરિવર્તનનાં કયાં કયાં કારણો આપવામાં આવ્યાં છે ?

(7) ભાષાનાં અંગોના નામ જણાવો.

(8) ધ્વનિ પરિવર્તનના પ્રકાર વિશે જણાવો.

(9) મેકડોનલે સંસ્કૃત માટે પોતાનો શો અભિપ્રાય આપ્યો છે ?

(10) સંસ્કૃત વિશે વિલિયમ જોન્સના વિચારો દર્શાવો.

(11) ભાષાનું સ્વરૂપ પરિવર્તનશીલ છે, સિદ્ધ કરો.

# એકમ : 2 વ્યાકરણનાં રૂપાખ્યાનો

:: *રૂપરેખા* ::

**2.0 સ્વર વ્યંજનના રૂપો**

**2.1 સ્વરાન્ત રૂપો**

**2.2 ધાતુરૂપો (વર્તમાનકાળ, હ્યસ્તન ભૂતકાળ, આજ્ઞાર્થ વિધ્યર્થનાં રૂપો)**

## 2.0 વ્યાકરણનાં રૂપાખ્યાનો (સ્વર- વ્યંજનના રૂપો)

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. તે અન્ય પ્રાણીઓ કરતાં અલગ પડે છે. ઈશ્વરે માણસને બોલવાની અને પોતાના ભાવોને અભિવ્યક્ત કરવાની શક્તિ આપી છે. મનુષ્યેતર પ્રાણીઓ આદાનપ્રદાન કરવા માટે ભાષા બોલી શકતાં નથી.

પશુઓ, પક્ષીઓ, કલરવથી પોતાના અવાજો વ્યક્ત કરે છે, જયારે મનુષ્યને ભાષા બક્ષિસમાં મળી છે. પોતાના વિચારોને રજૂ કરવા માટે, વિચારોનું આદાન પ્રદાન કરવા માટે ભાષા પ્રાપ્ત થઈ છે.

**વાક્યની વ્યાખ્યા** - પોતાના ભાવોને વ્યક્ત કરવા માટે પોતાના પૂર્ણ એવા સાર્થક શબ્દસમૂહને વાક્ય કહે છે. સાર્થક ધ્વનિ સમૂહના અન્વયથી વર્ણ બને છે. વર્ણથી શબ્દ અને શબ્દથી પદરચના અને પદસમૂહથી વાક્ય રચાય છે. વાક્ય ધ્વનિ, પદાદિ ઉચ્ચારણની ભૌતિક ક્રિયા છે.

વાક્, એટલે વાણી., તેનાથી નિષ્પન્ન થાય તે વાક્ય. ઈ.સ. પૂર્વે (૧૫૦-૨૦૦) પતંજલિ વાક્યની વ્યાખ્યા આપતાં કહે છે ''પૂર્ણ અર્થ પ્રતીતિ કરાવનાર શબ્દ સમૂહ તે વાક્ય છે.'' શબ્દની તુલનામાં વાક્ય જ ભાષાનું એક્મ છે. વ્યાકરણશાસ્ત્રીઓએ કૃત્રિમ રીતે વાક્ય ને તોડીને પદો પર વધારે ભાર આપ્યો છે.

**'વાક્યપદીય'** ના આચાર્યશ્રી ભર્તૃહરિ કહે છે કે 'વાક્ય જ ભાષાનું ન્યૂનતમ પૂર્ણ સાર્થક એકમ છે. પણ તે વિચારોના આદાન પ્રદાનનું સાધન બનવાની ક્ષમતા ધરાવતું નથી. માત્ર વાક્યમાં જ અર્થ પ્રતીતિ કરાવવાની ક્ષમતા છે.

વાક્ય એક લઘુતમ એકમ છે. વ્યક્તિના સંપૂર્ણ વક્તવ્યનો અંશ છે. મોટે ભાગે એકાદ વાક્ય સંપૂર્ણ વિચાર રજૂ ન કરી શકે. મનુષ્યના વિચારોની અભિવ્યક્તિ માટે વાક્યોનું ધારાવાહીપણું આવશ્યક છે.

ડૉ. ભોળાનાથ તિવારી માને છે કે – 'વાક્ય ભાષાનું એવું સહજ એકમ છે કે એમાં એક કે વધારે પદ હોય જે અર્થની દૃષ્ટિએ પૂર્ણ કે અપૂર્ણ હોય પણ વ્યાકરણની

દૃષ્ટિએ પોતાના વિશિષ્ટ સંદર્ભમાં પૂર્ણ હોય. તેમાં પરોક્ષ કે પ્રત્યક્ષ રૂપે એકાદ ક્રિયાની પૂર્ણતા હોય છે.

(૧) વાક્ય ભાષાનું સહજ એકમ છે. ભાષાનું લઘુતમ એક્મ ધ્વનિ છે. ધ્વનિથી શબ્દ ઘડાય છે. શબ્દોથી વાક્ય બને છે. ધ્વનિ, વર્ણ, શબ્દ, પદાદિ એકમો કૃત્રિમ છે. મનુષ્યને ભાષાબોધ થયા પછી ધ્વનિ વગેરે એકમો અંગેનો ખ્યાલ જન્મ્યો.

(૨) વાક્ય એકાદ શબ્દનું બને અથવા વધારે શબ્દનું બને. કેટલીકવાર વધારે બોલાતા શબ્દોનો લોપ કરીને એકાદ શબ્દ પણ પોતાનો હેતુ પાર પાડે છે. જેમ કે 'આવ' 'જા' 'દોડ' વગેરે.

(૩) વાક્યમાં અર્થની પૂર્ણતા હોય પણ ખરી, ન પણ હોય.

(૪) વ્યાકરણની દૃષ્ટિએ વાક્ય શુદ્ધ પદોનું હોવું જરુરી છે.

(૫) વાક્યમાં એકાદ ક્રિયા પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે પૂર્ણ હોવી જોઈએ.

***વાક્ય માટે આવશ્યતાઓ :-***

દરેક વાક્યમાં વિવિધ પદોમાં સૌપ્રથમ પોતાનો આગવો અર્થ હોય છે.જેને શબ્દનો મુખ્યાર્થ કહેવામાં આવે છે. આ પદો વાક્યોમાં પ્રયોજાતાં એક વિશિષ્ટ અર્થ (સંદર્ભ) વાક્યનો સંયુક્ત અર્થ પ્રક્ટાવનારી તાત્પર્ય વૃત્તિ કહેવામાં આવે છે. તાત્પર્યવૃત્તિ શબ્દાર્થને વાક્યાર્થમાં ઢાળવાનું કામ કરે છે. તાત્પર્યાર્થ મેળવવા માટે આંકાક્ષા, યોગ્યતા અને સન્નિધિ આ ત્રણ શરતો પાળવી પડે છે.

**આકાંક્ષા :** ઘોડો શબ્દ પ્રાણીવાચક પશુનું નામ છે. ઘોડો કહેવાથી ઘણા પ્રશ્નો ઊભા થાય છે. ઘોડો શું ? મારે છે ? ચરે છે ? કે પછી લઈ જાય છે. ઘોડો શબ્દ એનો અર્થ સૂચવે છે. પણ મનમાં આકાંક્ષા, જિજ્ઞાસા ઉત્પન્ન કરે છે કે ઘોડો શું કરે છે ? જવાબમાં ઘોડો ચરે છે, અહિં જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય છે. (યોગ્યતા) – **सीता अग्निन उध्यानं सिञ्चति** અહિં વાક્ય સાચું છે પણ અગ્નિથી બગીચો ન સિંચાય અગ્નિમાં સિંચનનો ગુણધર્મ જણાતો નથી. આપણી જિજ્ઞાસાને વાક્ય સંતોષી શકતું નથી. યોગ્યતાની દૃષ્ટિએ આ વાક્ય અયોગ્ય છે. તેથી વાક્યમાં યોગ્યતા હોવી આવશ્યક છે.

सन्निधि सीता जलेन उध्यानं सिञ्चति આ વાક્ય શુદ્ધ છે. सन्निधि : વાક્યો પાસે વિલંબ વિના ઉચ્ચારેલા હોવા જોઈએ. એક શબ્દ અત્યારે બોલાય અને બીજો શબ્દ કલાક પછી બોલાય તો ત્યાં સુધી પ્રથમ શબ્દ મનમાંથી નિકળી ગયો હોય તેથી શબ્દો પાસે પાસે હોવા જોઈએ. આકાંક્ષા યોગ્યતા અને સન્નિધિ આ વાક્યની પ્રથમ શરત છે. રાજશેખર વાક્ય વિશે કહે છે કે पदानां अभिधित्सतार्थं संदर्भो वाक्यम् । 'પદોના કહેવા યોગ્ય અર્થની ગુંથણી કરાવનારો સંદર્ભ વાક્ય છે. "ભોળાનાથ તિવારી" સાર્થકતા એટલે અર્થપૂર્ણતા અને અન્વિતિ એટલે વ્યાકરણિક એકરૂપતાને વાક્યનો આધાર માને છે. અન્વિતિ મોટે ભાગે લિંગ, વચન, કારક અને પુરુષ દૃષ્ટિએ હોય છે.

વાક્યને બરાબર સમજવા માટે ‘પદક્રમ’ હોવો જોઈએ. સામાન્ય રીતે વાક્યમાં કર્તા-કર્મ અને ક્રિયાપદ એવો પદક્રમ હોય છે. પદની રચનામાં વિભક્તિ વગેરે પદના અંગરૂપ હોય છે. આમ પદક્રમ ચોક્કસ છે, છતાં ભાવપ્રદર્શન માટે પદક્રમ બદલાય છે.

(૧) બલભારના કારણે પદક્રમ બદલાય છે. (૨) કવિઓ છંદરચનામાં પદક્રમમાં ફેરફાર કરે છે. છંદ પ્રત્યેની વફાદારી માટે ભાષામાં છૂટછાટ લે છે.

**ભાવ દૃષ્ટિએ વાક્ય ભેદ :-**

અર્થની દૃષ્ટિએ વાક્યના અનેક ભેદો થાય છે. કેટલાક આ પ્રમાણે છે.

(1) વિધાનસૂચક - रामः गच्छति । (અહિં સાદા વાક્યથી વિધાન કરવામાં આવેલ છે.)

(2) નિષેધસૂચક - मा ब्रूहि दीनं वचः । (मा શબ્દ નિષેધનું સૂચન કરે છે.)

(3) આજ્ઞાસૂચક – देहि मे प्रतिवचनम् । (देहि શબ્દ આજ્ઞાનું સૂચન કરે છે.)

(4) પ્રશ્નસૂચક- किं कवयो वदन्ति । (किम् શબ્દ પ્રશ્નવાચક છે.)

(5) વિસ્મયસૂચક- अहो रमणीयं इदं उद्यानम् । (अहो શબ્દ વિસ્મયસૂચક છે.)

(6) અસત્યવાચક- अलीकं अलीकं अयं वदति। (अलीकं શબ્દ અસત્ય સૂચવે છે.)

(7) જિજ્ઞાસાસૂચક- अस्ति मे कौतूहलम् अस्मिन् विषये । (कौतूहलम् પદ જિજ્ઞાસા સૂચવે છે.)

**વાક્યરચના પદ્ધતિ :-**

કોઈ પણ વાક્ય રચના કરતી વખતે વાક્યમાં કર્તા, કર્મ, અને ક્રિયાપદ હોવાં જરૂરી છે. કદાચ અપવાદરૂપ કર્મ પ્રત્યક્ષ ન હોય તો પણ ચાલે. પરંન્તુ કર્મનો ભાવ અપ્રત્યક્ષ રૂપે હોવો જોઈએ.

દા.ત. सीता गच्छति । कैशवी गच्छति સીતા જાય છે, કૈશવી જાય છે. અહીં વાક્યમાં સીતા અને કેશવી કર્તા છે. गच्छति (જાય છે.) આ પદ ક્રિયાપદ છે. પછી તરત જ આપણા મનમાં પ્રશ્ન ઊભો થાય છે. સીતા ક્યાં જાય છે ? વનમાં કે બગીચામાં. અહિં કર્મ માટે પ્રત્યક્ષ ઉલ્લેખ નથી. છતાં સાંજનો સમય હોય, સહેલીઓ સાથે હોય, અપ્રત્યક્ષ રૂપે ધ્વનિત થાય છે કે બગીચામાં જતી હશે ? અને હાથમાં પુસ્તકો હોય, શાળાનો ગણવેશ પહેર્યો હોય તો શાળામાં જતી હશે ? એવો પ્રત્યક્ષરૂપે ખ્યાલ આવે છે. તેવી જ રીતે ઘણીવાર કર્તાનો નિર્દેશ ન હોય તો પણ વાક્યરચના સંભવે છે. જેમ કે फ़लानि खादति, आनयति पुस्तकानि અહિં કર્તાનો અભાવ છે. છતાં વાક્યરચના શુદ્ધ છે. પરન્તુ ક્રિયાપદ વિના વાક્યરચના સંભવિત નથી. જેમ કે, देवदत्तः फ़लानि, यज्ञदत्तः पुस्तकानि વગેરે વાક્યોમાં ક્રિયાપદ નથી તેથી વાક્ય

અપૂર્ણ છે. વાક્યરચનામાં કર્તા, કર્મ અને ક્રિયાપદ હોય તો જ વાક્યરચના પૂરેપૂરી અવગત થાય છે.

વાક્યની રચના કરતી વખતે પદોમાં કર્તા, કર્મ, ક્રિયા, અવ્યય, વિશેષણો આવતા હોય અને પદોથી એક બીજા સાથે સંબંદ્ધ હોય અને તે પદોમાંથી પૂરેપૂરો અર્થ વ્યક્ત થતો હોય તેવા પદોને વાક્ય કહેવામાં આવે છે.

**વાક્યના પ્રકારો :-** વાક્યના પ્રયોગો બે રીતે થાય છે.

(૧) કર્તરિ પ્રયોગ (૨) કર્મણિ પ્રયોગ. આ સિવાય ભાવે પ્રયોગ પણ અસ્તિત્વમાં છે.

- **કર્તરી પ્રયોગ :**

જે વાક્યમાં કર્તા મુખ્ય હોય છે અને ક્રિયાપદો કતને અનુસરે તેને કીરે પ્રયોગ કહેવામાં આવે છે.

  - કર્તરિ પ્રયોગમાં કર્તા પ્રથમા વિભક્તિમાં મૂકાય છે.
  - કર્તરિ પ્રયોગમાં કર્મ દ્વિતીયા વિભક્તિમાં આવે છે.
  - કર્તરિ પ્રયોગમાં ક્રિયાપદ કતને અનુસરે છે. જેમ કે -

**केशवः पुस्तकं पठति** અહીં **केशव** કર્તા છે જે પ્રથમા વિભક્તિમાં મૂકાયો છે. **पुस्तकम्** કર્મ છે જે દ્વિતીયા વિભક્તિમાં મૂકાયો અને पठति ક્રિયાપદ છે, જે કર્તાને અનુસરે છે.

- **કર્મણિ પ્રયોગ**

કર્મણિ પ્રયોગમાં કર્તા તૃતીયા વિભક્તિમાં મૂકાય છે, કર્મ પ્રથમા વિભક્તિમાં મૂકાય છે, જયારે ક્રિયાપદ કર્મને અનુસરે છે. કર્મણિ પ્રયોગમાં ધાતુને **"य"**પ્રત્યય લાગે છે અને પ્રયોગ આત્મનેપદીમાં થાય છે.

દા.ત.**केशवेन पुस्तकं पठ्यते** અહીં કર્તા તૃતીયાવિભક્તિમાં, કર્મ પ્રથમા વિભક્તિમાં (પુસ્તક શબ્દનપુંસક છે તેથી પ્રથમા અને દ્વિતીયા વિભક્તિમાં પુસ્તઃ થાય છે. પતિ ક્રિયાપદ કર્તાને ન અનુસરતા કર્મને અનુસરે છે.

- **ભાવે પ્રયોગ** - આ પ્રયોગમાં ધાતુ **अकर्मक** હોય છે, (૨) કર્તાનો પ્રયોગ ત્રીજી વિભક્તિમાં થાય છે. (૩) ધાતુ **अकर्मक** હોઈ કર્મનો પ્રયોગ થતો નથી.દા.ત. **मृगैः नृत्यते । मया उद्याने न स्थीयते** અહીં કર્તા ત્રીજી વિભક્તિમાં મૂકાયો છે, જયારે ક્રિયાપદમાં કર્મણિ પ્રયોગની જેમ **"य"** પ્રત્યય લાગીને આત્મનેપદીમાં મૂકાય છે.

**નામ અને સર્વનામનાં રૂપો અને તેનું વાક્યરૂપે સંયોજન -**

વાક્યરચના કરતી વખતે ક્રિયાપદ સિવાય અન્ય પદોની આવશ્યકતા રહે છે.**गच्छति, पठति** વગેરે ક્રિયાવાચી પદો છે. એનાથી પૂરેપૂરું વાક્ય અવગત

થતું નથી. જાય છે તું વાંચે છે વગેરે, તરત જ પ્રશ્ન ઉભો થાય છે કે કોણ **राम के सीता** અહીં રામ અને સીતા પદો છે. પદો બે પ્રકારના હોય. (૧) મૂર્ત (૨) અમૂર્ત જેમ કે **सीता स्थाल्यां ओदनं पचति** સીતા તપેલીમાં ભાત રાંધે છે. અહીં **स्थाली** (તપેલી) **ओदनं** (ચોખા) વસ્તુ કે પદાર્થના નામ છે. તેથી વાક્યરચનામાં કર્તા (વ્યક્તિ) વસ્તુ કે પદાર્થની સાથે ક્રિયાપદનો પ્રયોગ થતો હોય છે.વાક્યરચનામાં નામ-સર્વનામ-વિશેષણ વગેરેના શબ્દો આવશ્યકતાનુસાર પ્રયોગ થતા હોય છે.

સંસ્કૃતમાં નામો બે પ્રકારનાં છે. (૧) સ્વરાન્ત (૨) વ્યંજનાન્ત.

સ્વરને સંસ્કૃતમાં "अच्" કહેવાય છે. આથી સ્વરાન્ત નામો અજન્ત કહેવાય. સંસ્કૃતમાં વ્યંજનો "हल्" કહેવાય છે. આથી વ્યંજનાન્ત નામો — કહેવાય. નામો પુલ્લિગ - સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ હોય તેથી આ બધાની અલગ અલગ રૂપો બને છે. આ રીતે સંજ્ઞા કે નામો, સર્વનામો કે વિશેષણોને વિભક્તિના પ્રત્યયો લાગીને રૂપો બને છે. આવી વિભક્તિઓ આઠ છે.

પ્રથમા અને સંબોધનમાં સામાન્ય તફાવત જોવા મળે છે.

સ્વર :- સ્વરો ૧૫ છે. જેમ કે,

अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ लृ, ए ऐ, ओ, औ, अं, अः

વ્યંજનો :- વ્યંજનો 33 છે.

**ळ**- સંસ્કૃતમાં વપરાતો નથી. ઋગ્વેદમાં **ळ** નો ઉચ્ચાર મળે છે જેમ કે,' अग्निमीळे' ।

ક્ષ - એ क् અને श જોડાઈને બને છે. તેથી તે જોડાક્ષર છે.

ज्ञ – એ ज् + ञ જોડાઈને બને છે. તેથી તે જોડાક્ષર છે.

**વ્યંજનનો સ્થાન અને પ્રકાર :-**

| **સ્થાન** | **સ્પર્શ વ્યંજનો** | | **અન્તઃસ્થ કે અર્ધસ્વર** | | **ઉષ્માક્ષર** |
|---|---|---|---|---|---|
| | **અઘોષ** | **ઘોષ** | **ઘોષ** | **અઘોષ** | **ઘોષ** |
| કંઠ્ય | क् ख् | ग् घ, ङ | - | - | ह् |
| તાલવ્ય | च् , छ् | ज्, झ्, ञ | य् | श | - |
| मूर्धन्य | ट, ठ | ड, ढ, ण | र् | ष | - |
| दन्त्य | त्, थ | द्, ध्, न् | ल् | स् | - |
| ओष्ठय | प्, फ़् | ब्, भ्, म् | - | - | - |
| दन्त्योष्ठः | - | - | व् | - | - |

ङ , ञ, ण, न्, म् આ પાંચ વ્યંજનો અનુનાસિક છે.

દરેક ખોડા વ્યંજનમાં સ્વર પછી ઉમેરવાથી બોલી શકાય છે. સ્વર વિનાનો વ્યંજન, પછીના વ્યંજન સાથે જોડાઈને ઉચ્ચારાય છે.

આઠ વિભક્તિઓ તથા તેના પ્રત્યયો આ પ્રમાણે છે :

| **વિભક્તિ** | **એકવચન** | **દ્વિવચન** | **બહુવચન** |
|---|---|---|---|
| (૧) કર્તા | स् (अः) | औ | अस् (अः) |
| (૨) કર્મ | अम् | औ | अः (न्) |
| (૩) કરણ | आ (इन्) | भ्याम् | भिस् (भिः) |
| (૪) સંપ્રદાન | ए (य) | भ्याम् | भ्यः |
| (૫) અપાદાન | अः (आत्) | भ्याम् | भ्यः |
| (૬) સંબંધ | अः (स्य) | ओः | आम् (नाम्) |
| (૭) અધિકરણ | इ | ओः | सुप् (सु) |
| *(૮) સંબોધન* | स् | औ | अः |

અષ્ટાધ્યાયી સૂત્ર પ્રમાણે તૃતીયા વિભક્તિ એકવચનમાં **इन्**, પંચમી એ.વ.માં आत्, અને ષષ્ઠી એ.વ.માં स्य પ્રત્યય લાગે છે.

❖ ***<u>તમારી પ્રગતિ ચકાસો</u>***

***નોંધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉત્તરો લખો .***

***(2) એકમમાં આપેલ ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો .***

(1) ભાવોને વ્યક્ત કરવા માટે પ્રાણીઓ શું કરે છે ?

________________________________________

(2) મનુષ્યો પોતાના ભાવો કેવી રીતે વ્યક્ત કરે છે ?

________________________________________

(3) વાક્યની વ્યાખ્યા આપો.

*(૪)* વાક્યના ઉચ્ચારણ માટે શાની આવશ્યકતા રહે છે ?

*(૫)* વાક્યના પ્રકારો જણાવો.

*(૬)* વાક્ય રચનામાં નામ - સર્વનામ-વિશેષણની શી આવશ્યકતા છે ?

*(૭)* સ્વરો કેટલા છે ? જણાવો.

(૮) વ્યંજનો કેટલા છે ? જણાવો.

(૯) ઘોષ વ્યંજનો અને અઘોષ વ્યંજનો જણાવો.

## 2.2. સ્વરાન્ત રૂપો

### (1) अकारान्त पु.राम (રામ,દશરથ પુત્ર રામ )

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| प्र. | रामः<br>*(રામ)* | रामौ<br>*(બે રામ)* | रामाः<br>*(ઘણા રામ)* |
| द्वि. | रामम्<br>*(રામને)* | रामौ<br>*(બે રામને)* | रामान्<br>*(ઘણા રામને)* |
| तृ. | रामेण<br>*(રામથી)* | रामाभ्याम्<br>*(બે રામથી)* | रामै :<br>*(ઘણા રામથી)* |
| च. | रामाय<br>*(રામ માટે)* | रामा भ्याम्<br>*(બે રામ માટે)* | रामेभ्यः<br>*(રામો માટે)* |
| पं. | रामात्<br>*(રામમાંથી)* | रामा भ्याम्<br>*(બે રામમાંથી)* | रामेभ्यःम्<br>*(રામોમાંથી/થી)* |
| ष. | रामस्य<br>*(રામનું/નો/ના)* | रामयोः<br>*(રામનું/નો/ની/ના)* | रामाणा<br>- |
| स. | रामे<br>*(રામમાં)* | रामयोः<br>*(બે રામોમાં)* | रामेषु<br>*(રામોમાં)* |
| सं. | हे राम<br>*(હે રામ)* | हे रामौ<br>*(હે બે રામ)* | हे रामाः<br>*(હે રામો)* |

રામની જેમ **नरः** (માણસ) **बालः** (બાળક), **पुत्रः** (પુત્ર), **जनकः** (જનક), **नृपः** (રાજા), **भक्तः**(ભક્ત), **शिष्यः** (શિષ્ય), **सूर्यः** (સૂર્ય), **चन्द्रः** (ચંદ્ર), **सुरः** (દેવ), **खगः** (પંખી), **मयूरः** (મોર), **काकः** (કાગડો), **प्रश्नः** (પ્રશ્ન), **क्रोशः** (કોસ), **लोकः** (સંસાર), **धर्मः** (ધર્મ), **अनलः** (આગ) વગેરે રૂપો બનશે.

| **(2) अकारान्त नपुं.फ़ल** (ફળ) | | | |
|---|---|---|---|
| | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** |
| प्र. | फ़लम् | फ़ले | फ़लानि |
| द्वि. | फ़लम् | फ़ले | फ़लानि |
| तृ. | फ़लेन | फ़लाभ्याम् | फ़लैः |
| च. | फ़लाय | फ़लाभ्याम् | फ़लेभ्यः |
| पं. | फ़लात् | फ़लाभ्याम् | फ़लेभ्यः |
| ष. | फ़लस्य | फ़लयो : | फ़लनाम् |
| स. | फ़ले | फ़लयोः | फ़लेषु |
| सं. | हे फ़ल | हे फ़ले | हे फ़लानि |

આ રીતે **वन**, **अरण्य** (જંગલ), **मुख**, **कुसुम**, **पुष्प**, **कमल**, **पर्ण** (પાન), **कानन** (જંગલ), **मित्र**, **नक्षत्र**, **पत्र** (કાગળ કે પાન), **तृण** (ઘાસ), **बीज**, **जल** (પાણી), **गगन** (આકાશ), **शरीर** (શરીર), **ज्ञान** (જ્ઞાન), **पुस्तक** (પુસ્તક), **पद्म** (કમળ), **षड्कजम्** (કમળ) વગેરેનાં રૂપોની જેમ બનશે.

| **(3) अकारान्त** સ્ત્રીલિંગ નામોના રૂપો | | | |
|---|---|---|---|
| | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** |
| प्र. | लता | लते | लताः |
| द्वि. | लताम् | लते | लताः |
| तृ. | लतया | लताभ्याम् | लताभिः |
| च. | लतायै | लताभ्याम् | लताभ्यः |
| पं. | लतायाः | लताभ्याम् | लताभ्यः |
| ष. | लतायाः | लतयो : | लतानाम् |
| स. | लतायाम् | लतयो : | लतासु |

| | | | |
|---|---|---|---|
| सं. | हे लते | हे लते | हे लताः |

આ રીતે **रमा** (લક્ષ્મી), **बाला** (બાલિકા), **ललना** (સ્ત્રી), **कन्या**, **निशा** (રાત્રી), **भार्या** (પત્ની), **वडवा** (ઘોડી), **सुमित्रा**, **राधा**, **तारा**, **कौशल्या**, **कला** વગેરે રૂપો બને છે.

| **(4) इकारान्त** પું. હરિ (વિષ્ણુ અથવા વાનર) | | | |
|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| प्र. | हरिः | हरी | हरयः |
| द्वि. | हरिम् | हरी | हरिन् |
| तृ. | हरिणा | हरिभ्याम् | हरिभिः |
| च. | हरये | हरिभ्याम् | हरिभ्यः |
| पं. | हरेः | हरिभ्याम् | हरिभ्यः |
| ष. | हरेः | हर्योः | हरिणाम् |
| स. | हरौ | हर्योः | हरिषु |
| सं. | हे हरे | हे हरी | हे हरय: |

આ રીતે **कवि मुनि**, **कपि**, **ऋषि**, **यति**, **विरिञ्ञ** (બ્રહ્મા),**विधि** **(ब्रह्मा)**, **निधि** (ખજાનો), **गिरि** (પર્વત), **अग्निः अरिः** (શત્રુ), **वह्नि** (અગ્નિ), **सप्ति** (ઘોડો), **रवि** (સૂર્ય), **नृपति**, **उदधि** (સમુદ્ર) **अतिथि**, **असि** (તલવાર), **पाणि** (હાથ), **मरीचि** (કિરણ), **व्याधि** (બિમારી), **सेनापति** **प्रजापति** વગેરેનાં રૂપો હરિ પ્રમાણે બનાવી શકશે.

| **(5) इकारान्त** સ્ત્રીલિંગના રૂપો<br>**मति** (બુદ્ધિ) | | | |
|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| प्र. | मतिः | मती | मतयः |
| द्वि. | मतिम् | मती | मतीः |
| तृ. | मत्या | मतिभ्याम् | मतिभिः |
| च. | मत्यै, मतये | मतिभ्याम् | मतिभ्यः |
| पं. | मत्याः , मतेः | मतिभ्याम् | मतिभ्यः |
| ष. | मत्याः , मतेः | मत्योः | मतीनाम् |

| | | | |
|---|---|---|---|
| स. | मत्याम् | मत्योः | मतिषु |
| सं. | हे मते | हे मती | हे मतयः |

આ રીતે **धूलि** (ધૂળ), **बुद्धि** (બુદ્ધિ), **शुद्धि, गति, भक्ति, शक्ति, स्मृति, रुचि, शान्ति, रीति, नीति, रात्रि, पडक्ति, जाति, गीति** વગેરે રૂપો બને છે.

| **(6) इकारान्त** નપુંસકલિંગના રૂપો **वारि** (પાણી) | | | |
|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| प्र. | वारि | वारिणी | वारिणी |
| द्वि. | वारि | वारिणी | वारिणी |
| तृ. | वारिणा | वारिभ्याम् | वारिभिः |
| च. | वारिणे | वारिभ्याम् | वारिभ्यः |
| पं. | वारिणः | वारिभ्याम् | वारिभ्यः |
| ष. | वारिणः | वारिणोः | वारिणाम् |
| स. | वारिणि | वारिणोः | वारिषु |
| सं. | हे वारी, हे वारे | हे वारिणि | हे वारिणी |

**अस्थि** (હાડકું), **सक्थि** (જાંઘ), **अक्षि** (આંખ), **दधि** (દહીં), સિવાયનાં **इकारान्त** નપું. નો રૂપો **वारि** પ્રમાણે બને છે.

| **(7) इकारान्त** સ્ત્રી.ના રૂપો **नदी** (નદી) | | | |
|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| प्र. | नदी | नध्यौ | नद्यः |
| द्वि. | नदीम् | नध्यौ | नदीः |
| तृ. | नद्या | नदीभ्याम् | नदीभिः |
| च. | नधै | नदीभ्याम् | नदीभ्यः |
| पं. | नद्याः | नदीभ्याम् | नदीभ्यः |
| ष. | नद्याः | नद्योः | नदीनाम् |
| स. | नद्याम् | नद्योः | नदीषु |
| सं. | हे नदी | हे नध्यौ | हे नध्यः |

આ રીતે **राज्ञि** (રાણી) **पार्वती, गौरी, जानकी, नटी, पृथ्वी, अरुन्धती, नन्दिनी, द्रौपदी, देवी, कैकेयी, पांचाली, पंचवटी, अटवी** (જંગલ), **गान्धारी, कादम्बरी, कौमुदी** (ચાંદની), **माद्री, कुन्ती, देवकी, सावित्री, गायत्री, कमलिनी, नलिनी** વગેરે શબ્દોનાં રૂપો **नदी** પ્રમાણે બને છે.

| **(8) उकारान्त पुं. गुरु** (જ્ઞાન આપનાર ગુરુ) | | | |
|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| प्र. | गुरुः | गुरु | गुरवः |
| द्वि. | गुरुम् | गुरु | गुरुन् |
| तृ. | गुरुणा | गुरुभ्याम् | गुरुभिः |
| च. | गुरवे | गुरुभ्याम् | गुरुभ्यः |
| पं. | गुरोः | गुरुभ्याम् | गुरुभ्यः |
| ष. | गुरोः | गुर्वोः | गुरुणाम् |
| स. | गुरौ | गुर्वोः | गुरुषु |
| सं. | हे गुरो | हे गुरु | हे गुरवः |

આ રીતે **भानु** (સૂર્ય), **कृशानु** (અગ્નિ), **विधु** (ચંદ્ર), **रिपु, शत्रु** (દુશ્મન), **विष्णु, शिशु** (બાળક), **साधु** (સાધુ કે સજ્જન), **ऊरु** (જાંઘ), **प्रभु** (પ્રભુ સ્વામી), **वेणु** (વાંસ), **पांशु** (ધૂળ), **वायु, मृत्यु, बाहु** (હાથ) વગેરેનાં રૂપો બને છે.

**નોંધ :** જે શબ્દોમાં **ऋ, र् કે ष,** ન હોય તેમાં '**न्**' નો '**ण**' થતો નથી. આથી '**भानु**' નું તૃતીયા એ.વ. **भानुना** થશે. **भानु** નું ષષ્ઠી બ.વ. મા **भानुनाम्** થાય છે.

| **(9) उकारान्त** *સ્ત્રી* **धेनु** *(ગાય)* | | | |
|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| प्र. | धेनुः | धेनू | धेनवः |
| द्वि. | धेनुम् | धेनू | धेनूः |
| तृ. | धेन्वा | धेनुभ्याम् | धेनुभिः |
| च. | धेनवे, धेन्वै | धेनुभ्याम् | धेनुभ्यः |
| पं. | धेनोः, धेन्वाः | धेनुभ्याम् | धेनुभ्यः |
| ष. | धेनोः, धेन्वाः | धेन्वोः | धेनुनाम् |

| | | | |
|---|---|---|---|
| स. | धेनौ, धेन्वाम् | धेन्वोः | धेनुषु |
| सं. | हे धेनो | हे धेनू | हे धेनवः |

આ રીતે तनु (શરીર), रेणु (ધૂળ), (पुल्लिंग તથા स्त्रीलिंग ) हनु (દાઢી) (पुल्लिंग તથા स्त्रीलिंग ) વગેરે સ્ત્રીલિંગ શબ્દોનાં રૂપ બને છે.

| **(10) उकारान्त** નપુ. **मधु** (મધુ) | | | |
|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| प्र. | मधु | मधुनी | मधूनी |
| द्वि. | मधु | मधुनी | मधूनी |
| तृ. | मधुना | मधुभ्याम् | मधुभिः |
| च. | मधुने | मधुभ्याम् | मधुभ्यः |
| पं. | मधुनः | मधुभ्याम् | मधुभ्यः |
| ष. | मधुनः | मधुनोः | मधूनाम् |
| स. | मधुनि | मधुनोः | मधुषु |
| सं. | हे मधु, हे मधो | हे मधुनी | हे मधूनी |

*આ રીતે* जानु *(ઘૂંટણ),* दारु *(લાકડું),* जतु *(લાખ),* तालु *(તાળવું),* वस्तु *(ચીજ),* सानु *(પર્વતની ટોચ) પુલ્લિંગ તથા નપું. શબ્દોનાં રૂપો* मधु *પ્રમાણે બને છે.*

| **(11)** ઊકારાન્ત સ્ત્રી **वधु** (વહૂ, નવપરણીત સ્ત્રી) | | | |
|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| प्र. | वधूः | वध्वौ | वध्वः |
| द्वि. | वधूम् | वध्वौ | वधूः |
| तृ. | वध्वा | वधूभ्याम् | वधूभिः |
| च. | वध्वै | वधूभ्याम् | वधूभ्यः |
| पं. | वध्वाः | वधूभ्याम् | वधूभ्यः |
| ष. | वध्वाः | वध्वो: | वधूनाम् |
| स. | वध्वाम् | वध्वो: | वधूषु |
| सं. | हे वधु, | हे वध्वौ | हे वध्वः |

આ રીતે चमू (સેના), तनू (શરીર), रज्जू (દોરડું), कर्कन्धु (બોર), जम्बू (જાંબુ) વગેરેનાં રૂપો બને છે.

| (12) **ऋकारान्त** પુલ્લિંગ શબ્દોનાં રૂપો **पितृ** (પિતા) | | | |
|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| प्र. | पिता | पितरौ | पितरः |
| द्वि. | पितरम् | पितरौ | पितॄन |
| तृ. | पित्रा | पितृभ्याम् | पितृभिः |
| च. | पित्रे | पितृभ्याम् | पितृभ्यः |
| पं. | पितुः | पितृभ्याम् | पितृभ्यः |
| ष. | पितुः | पित्रोः | पितॄणाम् |
| स. | पितरि | पित्रोः | पितृषु |
| सं. | हे पितः | हे पितरौ | हे पितरः |

આ રીતે भ्रातृ (ભાઈ), जामातृ (જમાઈ), देवृ (દેર) વગેરે પુલ્લિંગ શબ્દોનાં રૂપો પિતૃની જેમ થાય છે.

| (13) **ऋकारान्त** સ્ત્રીલિંગ નાં રૂપો **मातृ** (માતા) | | | |
|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| प्र. | माता | मातरौ | मातरः |
| द्वि. | मातरम् | मातरौ | मातॄः |
| तृ. | मात्रा | मातृभ्याम् | मातृभिः |
| च. | मात्रे | मातृभ्याम् | मातृभ्यः |
| पं. | मातुः | मातृभ्याम् | मातृभ्यः |
| ष. | मातुः | मात्रोः | मातॄणाम् |
| स. | मातरि | मात्रोः | मातृषु |
| सं. | हे मातः | हे मातरौ | हे मातरः |

| (14) ऋकारान्त નપું. कर्तृ (કરનાર) (વિશેષણ) | | | |
|---|---|---|---|
| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| प्र. | कर्तृ | कर्तृणी | कर्तृणि |
| द्वि. | कर्तृ | कर्तृणी | कर्तृणि |
| तृ. | कर्त्रा, कर्तृणा | कर्तृभ्याम् | कर्तृभिः |
| च. | कर्त्रे | कर्तृभ्याम् | कर्तृभ्यः |
| पं. | कर्तुः, कर्तृणः | कर्तृभ्याम् | कर्तृभ्यः |
| ष. | कर्तुः, कर्तृणः | कर्त्रोः, कर्तृणोः | कर्तृणाम् |
| स. | कर्तरि | कर्त्रोः, कर्तृणोः | कर्तृषु |
| सं. | हे कर्तः | कर्तृणी | हे कतृणि |

**નોંધઃ** कर्तृ, धातृ, नेतृ, रक्षित् વગેરે શબ્દો વિશેષણો છે. તેથી તેમનો પ્રયોગ ત્રણેય લિંગોમાં થાય છે. ઉપર જે રૂપો આપ્યાં છે તે નપું.નાં છે.

❖ ***<u>તમારી પ્રગતિ ચકાસો</u>***

***નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .***

***(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .***

(1) રૂપો આપો- સપ્તમી એકવચન : राम, हरि, फल, लता, वारि

(2) ચતુર્થી એકવચનના રૂપો લખો : फल, नदी, गुरु, मातृ, राम,

(3) ષષ્ઠી બહુવચન : वारि, भानु, पितृ, मति, हरि, गुरु, कर्तृ

(4) દ્વિતીયા બહુવચનઃ मधु, वधू, धेनु, जल, नदी

રૂપો ઓળખાવો : बालानाम्, रामस्य, नदीभ्याम्, पतये, भानुना, पितरि, देवयोः, वध्वा, लतायाम्, गुरोः, वारिणी

## ધાતુઓના રૂપો

- **વાકય, ક્રિયાપદ અને ધાતુ :**

**વાકયઃ** વકતા પોતાનો વિચાર પૂરેપૂરો દર્શાવવા જે શબ્દસમૂહ પ્રયોજે છે તેને વાક્ય કહેવાય છે. વાક્ય સંપૂર્ણ અર્થ આપતા સાર્થક શબ્દોનો સમૂહ છે.

**ક્રિયાપદ :** ક્રિયા દર્શાવનાર પદ તે ક્રિયાપદ.

જે કંઈ ક્રિયા થાય છે તે ક્રિયાપદ દ્વારા દર્શાવી શકાય છે **गच्छति** (જાય છે.) **अगच्छत्** (ગયો), **गमिष्यति** (જશે) વગેરે.

**ધાતુઃ** ક્રિયાપદોનાં ટૂંકામાં ટૂંકો-મૂળ-રૂપો પાતુ કહેવાય છે. આપ ધાતુ ક્રિયાપદનું મૂળ રૂપ-ફરવું, બેસવું, ઊઠવું વગેરે. સંસ્કૃતમાં **गम्**, **पा** વગેરે ધાતુઓ છે.

ધાતુને √ નિશાનીથી દર્શાવાય છે.

ગુજરાતીમાં 'ફરું છું' એમ એકલું ક્રિયાપદ બોલાતું નથી, પણ સંસ્કૃતમાં ક્રિયાપદ એકલું બોલીએ તોપણ કર્તાનો અર્થ આવી જાય છે. દા.ત., **लिखति (सः लिखति)** । તે લખે છે, એવો અર્થ સમજી શકાય છે. ધાતુને કાળના પ્રત્યયો **(तिडन्त)** લગાડવાથી વર્તમાન,ભૂત,ભવિષ્ય વગેરે કાળ બને છે. પ્રત્યયો લગાડવાથી કુદન્તો બને છે.

- **ધાતુઓનાં ક્રિયારૂપો બનાવતી વખતે વિચારણીય બાબતો :**

  ધાતુઓ પરથી ક્રિયાપદો બનાવવા માટે નીચેની બાબતો સમજવી પડે :

  (અ) ધાતુ સકર્મક, અકર્મક કે દ્વિકર્મક છે ?

  (આ) ધાતુ પરસ્મૈપદી કે આત્મનેપદી અથવા ઉભયપદી છે ?

  (ઇ) ધાતુ કયા ગણનો છે ?

  (ઈ) ગણ નક્કી કર્યા પછી ગણનો વિકરણપ્રત્યય ઉમેરાય છે.

  (ઉ) ધાતુમાંથી ક્રિયાપદ બનાવતી વખતે - ક્રિયાપદનાં અમુક રૂપો બનાવતી વખતે- તેને ' **इ**' લગાડવો પડશે કે નહિ ?

- ***દસ લકારો :***

આપણે જેને કાળ અને અંગ્રેજીમાં જેમને Tenses કહેવાય છે, એવો કાળ (Tense) અને અર્થ (mood) ને સંસ્કૃતમાં લકાર તરીકે ઓળખવામાં આવે છે.

પરંપરાગત વૈયાકરણોએ જે લકારોનું નિરૂપણ કર્યું છે તેમાંથી છ લકારો કાળ (Tense) વાચક છે. ચાર લકારો અર્થ (Mood) વાચક છે.

***કાળ :-***

(1) *વર્તમાનકાળ* - Present Tense लट

सः पठति । *તે ભણે છે.* अहं पश्यामि । *હું જોઉં છું.*

(2) *સામાન્ય ભૂતકાળ* - Aorist Past tense- लुङ्

सः पुस्तकम् अपाठित् । *તેણે પુસ્તક વાંચ્યું.*

(3) *પરોક્ષ ભૂતકાળ* – Perfect Past tense – लट

छहिन्नमूलस्तरुः पपात । *કાપેલ મૂળવાળું વૃક્ષ પડી ગયેલું હતું.*

(4) *અનદ્યતન (હ્યસ્તન) ભૂતકાળ* -Second Future or Simple Future Tense- लङ् - एवमब्रवित् । *તે આમ બોલ્યો.*

(5) *સામાન્ય ભવિષ્યકાળ* - Second Future or Simple Future Tense- लृट-

अध्य अहं प्रयागं गमिष्यामि । *આજે હું પ્રયાગ જઈશ.*

(6) *અનદ્યતન અથવા શ્વસ્તન ભવિષ્યકાળ* – First Future or periphrastic Future Tense- लुट्-श्वः नरसिंहराव : कर्णावती आगन्ता- *આવતી કાલે નરસિંહરાવ અમદાવાદમાં આવશે. (આવવાના છે.)*

***અર્થ***

(7) *આજ્ઞાર્થ* -Imperative Mood लोट्

त्वं गच्छ । *તુ જા,* देहि तव पुस्तकम् । *તારું પુસ્તક આપ.*

(8) *વિધ્યર્થ (વિધિલીડ)* -Potential Mood विधिलिङ् तादृशं मित्रं वर्जयेत् ।

*તેવા મિત્રો છોડી દેવા જોઈએ.* सत्यं वदेत् । *સાચું બોલવું જોઈએ.*

(9) *આશીર્વાદાર્થ- (આર્શીલિંડ)* Benedictive Mood आशीलिङ पुत्रस्ते सुचिरं जिव्यात् । *તારો પુત્ર લાંબું જીવે.*

(10) *ક્રિયાતિપત્યર્થ - (હેતુહેતુમદ્ ભાવાર્થ)* Condition mood *(અશક્ય)શરતોનાં વાક્યો)* - लृड

**वृष्टिश्वेत् अभविष्यत्, धान्यं अभविष्यत् ।** જો વૃષ્ટિ થઈ હોત, તો અનાજ થાત. ''જો આમ થયું તો તેમ થાત.'' એવો અર્થ અહીં હોય છે.

- ***પરસ્મૈપદ અને આત્મનેપદ :***

સંસ્કૃતમાં ક્રિયાપદમાં રૂપાખ્યાનોના બે પ્રકારના પ્રત્યયો મળે છે : પરસ્મૈપદ અને આત્મનેપદ કેટલાક પાતુ પરસ્મૈપદી હોય છે. કેટલાક આત્મનેપદી હોય છે. કેટલાક પરસ્મૈપદી એમ આત્મપદી એમ બંને (ઉભવપદી) હોય છે. પાતુ પરસ્મૈપદી, આત્મનેપદી કે ઉભયપદી છે એ શબ્દકોષ કે પાતુકોષની મદદથી શોધી શકાય. આ વાત વૈયાકરણો દ્વારા નિશ્ચિત છે.

આવા ભેદો પડવાનું કારણ જો ક્રિયાનું ફળ કતનિ મળતું હોય તો આત્મનેપદી કહેવાય છે. આત્મનેપદ એટલે પોતાના માટે. **अहं प्रेक्षे** । હું જોઉં છું. (પોતાને ફળ મળે છે). જો ક્રિયાનું ફળ બીજજીને મળે તો તે પરસ્મૈપદી હોય છે. પરસ્મૈપદી એટલે બીજાને માટે **ताडयति** । (બીજાને તે મારે છે. જો કે દરેક પાતુમાં આવો અર્થ સચવાયો નથી )પાતુઓનું પરસ્મૈપદીપણું અને આત્મનેપદીપણું વ્યાકરણના ચોકઠમાં બંધ થઈ ગયું છે. જો ઉભયપદી ધાતુ હોય તો તેના પ્રયોગ વખતે આનો વિચાર કરી શકાય ખરો. દા.ત., **स यजते** । - તે યજ્ઞા કરે છે. તે પોતાને ફળ મળે, માટે યજ્ઞ કરે છે. **स यजते** - તે યજ્ઞ કરે છે, પણ તેનું ફળ બીજાને મળવાનું છે.

- **ઉપસર્ગોના જોડાવાથી પદમાં પરિવર્તન :**

*ક્યારેક ક્યારેક ઉપસર્ગો સાથે જોડાવાથી ધાતુના પદમાં પરિવર્તન થાય છે. પરસ્મૈપદી પાતુ આત્મનેપદીમાં, આત્મનેપદી ધાતુ પરસ્મૈપદીમાં એમ ઉભયપદી કોઈ વાર સીમિત થઈ જાય છે.*

દા.ત., **कृ** (કરવું)ઉભયપદી ધાતુ છે. **अनु** અને **परा** ઉપસર્ગ લાગવાની તે પરસ્મૈપદી બની જાય છે.

**गम** (જવું) પરસ્મૈપદી છે. **सम्** ઉપસર્ગ લાગવાથી તે આત્મનેપદી બની જાય છે.

**ज्ञा** ધાતુ ઉભયપદી છે. **प्रति** ઉપસર્ગ લગાડવાની તે આત્મનેપદમાં પ્રયુક્ત થાય છે.

- **દસ ગણો અને તેમના વિકરણપ્રત્યયો :**

સંસ્કૃત ભાષામાં સમગ્ર ક્રિયાપદોનાં મૂળરૂપો(ધાતુઓ)ને 10 વિભાગમાં વહેંચવામાં આવ્યા છે, જેમને ગણ કહેવામાં આવે છે. આ ગણોને જુદા જુદા વિકરણ

પ્રત્યયો લાગે છે. ધાતુ + વિકરણ + પ્રત્યય કાળવાચક પ્રત્યય લગાડવાથી ક્રિયાપદનાં રૂપો તૈયાર થાય છે.ધાતુની પાછળ વિકરણપ્રત્યય જોડતાં, ધાતુમાં કશોક ધ્વન્યાત્મક વિકાર પેદા થાય છે. આથી તેને વિકરણપ્રત્યય કહેવામાં આવે છે.વિકરણપ્રત્યયને અંગસાધક પ્રત્યય પણ કહેવામાં આવે છે. વિકરણપ્રત્યયો માત્ર કર્તરિ પ્રયોગમાં જ લાગે છે.

દરેક ગણમાં આવેલા ધાતુઓને તે ગણનો એક જ વિકરણપત્યય લાગે છે. દરેક ગણમાં પ્રથમ ધાતુ પરથી આખા ગણને ઓળખવામાં આવે છે. ગણોને પ્રથમ, દ્વિતીય, તૃતીય એમ પણ ઓળખવામાં આવે છે.

| **ગણ** | **ધાતુ** | **ગણનું નામ** | **વિકરણપ્રત્યય** |
|---|---|---|---|
| પ્રથમ | भू (હોવું) | भ्वादि | अ |
| દ્વિતીય | अद् (ખાવું) | अदादि | |
| તૃતીય | हु (હવન કરવો) | जुहोत्यादि | श्लु |
| ચતુર્થ | दिव् (જુગાર રમવો) | दिवादि | य |
| પંચમ | सु (નિચોવવું) | स्वादि | नु |
| ષષ્ઠ | तुद् (દુઃખી કરવું) | तुदादि | अ |
| સપ્તમ | रुध् (રોકવું) | रुधादि | न/न् |
| અષ્ટમ | तन् (ફેલાવવું) | तनादि | उ |
| નવમ | क्री (ખરીદવું) | क्र्यादि | ना |
| દશમ | चुर (ચોરવું) | चुरादि | अय |

- વર્તમાનકાળ (लट्) *ના ઉપયોગો :* ("वर्तमाने लट्")

  વર્તમાનકાળ ક્યારે વપરાય છે ?

  (1) નિરન્તર થતી વર્તમાનની ક્રિયાઓ लट् લકાર દ્વારા બતાવાય છે.

  -सः क्रीडति । તે રમે છે - રમી રહ્યો છે.

  (2) જે વસ્તુનો જે સ્વભાવ હોય, જે હંમેશા રહેવાનો હોય, તેને બતાવવા लट् નો પ્રયોગ થાય છે. આ ક્રિયા સનાતન છે.

  सूर्यः प्रकाशते । - સૂર્ય પ્રકાશે છે.

  चिरं पर्वतास्तिष्ठन्ति । - પર્વતો લાંબો સમય સ્થિર ઊભા રહે છે.

  सत्यवादिनः प्रतिज्ञा वितथां न कुर्वन्ति - સત્યવાદીઓ પ્રતિજ્ઞા મિથ્યા કરતા નથી.

  नद्यः सदा प्रवहन्ति । - નદીઓ હંમેશ વહે છે.

- **હસ્તન ભૂતકાળ (लङ) ના ઉપયોગો :**

સંસ્કૃતમાં ભૂતકાળના ત્રણ પ્રકારો છે :

(1) અનદ્યતન કે હ્યસ્તન ભૂતકાળ

(2) સામાન્ય ભૂતકાળ

(3) પરોક્ષ ભૂતકાળ

(1) અન્ અદ્યતન = અનદ્યતન જ્યારે બોલનાર ગઈકાલે બનેલી ઘટનાઓ કે ક્રિયાઓ વર્ણવવા માગતો હોય ત્યારે તે હ્યસ્તન ભૂતકાળનો પ્રયોગ કરે છે. **(अनधतने लङ-३-३-१५)**

अहं ह्यः गुम्बापुर्या आसम् ।

- ગઈકાલે હું મુંબઈમાં હતો.

ह्यः दुर्घटना अभवत् ।

- ગઈકાલે દુર્ઘટના થઈ.

જોકે આ નિયમની ચુસ્તતા જળવાઈ નથી. ગઈકાલ સિવાયના ભૂતકાળ પણ હસ્તન ભૂતકાળ દ્વારા જ વર્ણવાય છે. રામાયણના ઘણા શ્લોકોમાં પણ "**अब्रवीत्**" તથા પણી વાર્તાઓમા "**अव्दत्**" ક્રિયાપદો(અદ્યતન ભૂતકાળને બદલે) હ્યસ્તન ભૂતકાળમાં વપરાયેલાં જોવા મળે છે.

(2) પ્રશ્નબોધક વાક્યમાં આસત્ર ભૂતકાળને બતાવવા પરોક્ષમાં (ઇંન્દ્રિયોને અગોચર હોય ત્યારે) **लङ** - હયસ્તન ભૂતકાળનો તથા **लिट्**- પરોક્ષભૂતકાળનો પ્રયોગ મળે છે.**(प्रश्ने चासन्नकाले । ३- २-१७)** દા.ત., **अभाषत किम्** ? બોલ્યો કે ? **सः बभाषे** ।

- **આજ્ઞાર્થ (लोट् લકાર) નો પ્રયોગ ક્યારે થાય છે ?**

(૧) અનુમતિ, નિમંત્રણ,આમંત્રણ, અનુરોધ અને સામર્થ્યના અર્થમાં **लोट्** લકારનો પ્રયોગ થાય છે.

**विधिनिमन्त्रणामन्त्रणाधीष्टसंप्रश्नप्रार्थनेषु लिङ्॥ (३-३-१६१) लोट् च । (३-३-१६२)**

અનુમતિ- **आगच्छतु भवान् अत्र** ।- આપ અહીં આવો.

નિમંત્રણ - **अद्य भवान् इह भुङ्क्ताम्** ।

- આપે આજે અહીં જમો.

આમંત્રણ - आमंत्र वने अस्मिन् यथेच्छं वस ।

- આ વનમાં ઈચ્છા મુજબ રહો

અનુરોધ - माम् अस्याः विपदः रक्षतु भवान् ॥

- આપ આ વિપત્તિમાંથી મારી રક્ષા કરો.

જીજ્ઞાસા કે આકાંશા -अस्मिन् घोरे अरण्ये कथं वसानि ?

- આ ભયાનક વનમાં કેમ વસું ?

સામર્થ્ય - जहि शत्रुम् ।

શત્રુએ મારી નાખ.

(૨) આ ઉપરાંત સલાહ આપવા તથા આજ્ઞા કરવા પણ આજ્ઞાર્થ પ્રયોજાય છે.

गच्छ दूरम् । દૂર જા.

भद्र, त्यज दुर्जनसंसर्गम् । ભાઈ, દુર્જનનો સંસર્ગ છોડી દો.

(3) આશીર્વાદના અર્થમાં બીજા તથા ત્રીજા પુરુષમાં આજ્ઞાર્થનાં રૂપો વપરાય છે.

गच्छ विजयी भव। જા, વિજયી થા.

पन्थानः सन्तु ते शिवाः ।

- તમારો માર્ગ કલ્યાણકારક થાઓ.

(4)(અ) આજ્ઞાર્થ પ્રથમ પુરુષના ક્રિયાપદો વપરાયાં હોય ત્યારે-

વક્તા પોતાને જ આજ્ઞા કરતો હોય એવો ભાવ વ્યક્ત થાય છે.

कुत्र गच्छानि ? ક્યાં જાઉં ?

कि ददानि ? શું આપું.?

√આજ્ઞાર્થના પ્રથમ પુરુષનાં ક્રિયાપદો દ્વારા વક્તા પોતાની શક્તિનાં બણગાં ફૂંકે છે, કાં તો આત્મવિશ્વાસ દર્શાવે છે.

आहे सर्व कर्तुं प्रभवानि ।

- હું બધું કરવા શક્તિ ધરાવું.

अहं युद्धक्षेत्रे शौर्य दर्शयितुं गच्छानि ।

- હું યુદ્ધ ક્ષેત્રેમાં શૌર્ય દેખાડવા જાઉ.

अहं सर्वाः देवताः जानानि ।

- હું બધા દેવતાઓને જાણું(જ).

(બ) આજ્ઞાર્થના બીજા પુરુષના ક્રિયાપદો -

- આજ્ઞા

- સલાહ

- વિનંતી દર્શાવે છે.

(ક) આજ્ઞાર્થના ત્રીજા પુરુષનાં ક્રિયાપદો-

- વિનંતી

- સ્તુતિ

- શુભેચ્છા

- આશીવાદ

- કલ્યાણની કામના વગેરે ભાવો પ્રગટ થાય છે.

- વિધ્યર્થ (विधि लिड) નો પ્રયોગ ક્યારે થાય છે ?

વિધ્યર્થ ઘણા અર્થોમાં વપરાય છે.

(विधि-निमन्त्रणामन्त्रणाधीष्ट संप्रत्र प्रार्थनेषु लिङ् । (३-३-१६१)

સંભાવના – संभाव्यते यत् अध्य पिता आगच्छेत् । - કદાચ આજે પિતાજી આવે.

સંપ્રશ્ન – किम् अहं वेदान्तं अधीधीय उत न्यायम् ।- હું વેદાંત શીખું કે ન્યાય ?

ઔચિત્ય – तथा कुरु यथा निन्दा न भवेत् ।

- એમ કર કે જેથી નિંદો ન થાય.

શપથ – (શાપ જેવું વચન) - यः मां दुष्ट इति कथयति तस्य पुत्रा म्रियेरन् ।

- જે મને દુષ્ટ કહે છે તેના પુત્રો મરી જાય.

વિધિ- (નિયમ) सत्यं ब्रूयात् ।

- સત્ય બોલવું જોઈએ.

स्वर्गकामः यजेत् ।

- સ્વર્ગની કામનાવાળાએ વજન કરવું જોઈએ.

વિનંતી - भवान् मां अध्यापयेत् ।

- આપ મને ભણાઓ.

શક્યતા - सः वाराणसी गच्छेत् ।

- કદાચ તે વારાણસી જાય.

શુભેચ્છા - श्रीहरिः कुर्यात् मङ्गलम् ।

- શ્રી હરિ મંગળ કરો.

આશા - अपि जीवेत् सःबालकः ।

- તે બાળક જીવતો રહે (જીવતો થાય).

સામર્થ્ય- अनेन रथवेगेन पूर्वप्रस्थितं वैनेतेयम् अपि अहम् आसादयेयम् ।

- હું આ રથના વેગથી પહેલાં ઊડેલા ગરુડને પણ પહોંચી શકું.

શરતી વાક્યો- उत्सीदेवयुरिमे लोका न कुर्याम् कर्म चेदहम् । (भगवद्गीता)

- જો હું કર્મ ન કરું તો લોકોનો નાશ થઈ જાય.

સલાહ, શિખામણ - आपदर्थे धनं रक्षेत् ॥

- આપત્તિ માટે ધનને રક્ષવું.

आत्मार्थे पृथिर्वि त्यजेत ।- આત્મા માટે પૃથ્વી પણ ત્યજવી.

નીતિવચન- सहसा विदधीत न क्रियाम् ।

- કોઈ કામ ઉતાવળે ન કરવું. (-કિરાતાર્જુનીય)

कर्तव्यं सुष्ठु आचरेत् ॥

- કર્તવ્ય સારી કરવું જોઈએ.

- **૧,૪,૬, અને ૧૦ માં ગણના પાતુઓનાં રૂપો બનાવતી વખતે ઉપયોગમાં આવતા નિયમોઃ**

(1) ગણકાર્ય એટલે કે ગણનો વિકરણ પ્રત્યય (એટલે કે ગણની નિશાની) લાગે ત્યારે કેટલાક ધાતુઓનાં મૂળ રૂપોનાં પાતુઓનાં મૂળ રૂપોનાં વિશિષ્ટ રૂપો થઈ જાય છે, તેને આદેશ કહે છે.

દા.ત., गम् नु गच्छ थाय छे.पा नुं पिब् थाय छे.

(२) પ્રથમ ગણનો વિકરણ પ્રત્યય ‘ अ’ છે, તે લાગે ત્યારે પાતુના અંતમાં હસ્વ કે દીર્ષ સ્વરનો તથા ઉપાય (ધાતુને છેડે વ્યંજન હોય તો તે પૂર્વના) હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. જેમ કે-

| **ધાતુના છેડે આવતો સ્વર** | **ગુણ** |
|---|---|
| इ, ई | ए |
| उ, ऊ | ओ |
| ऋ, ऋ | अर् |
| लृ | अल् |

આ રીતેની ધાતુનું રૂપ ને થાય, પછી પ્રથમ ગણનો વિકરણ પ્રત્યય अ લાગતા ने + अ- नय સંધિના નિયમ પ્રમાણે થાય.

આવી જ રીતે √ भू ધાતુ ओ થતાં, તેને अ લાગતાં भव થાય છે. આ ફેરફાર પ્રથમ ગણમાં જ થાય છે.

(3) પહેલા પુરુષના म् અને व् થતા પ્રત્યયો લગાડવાના હોય તો म् અને व् ની પૂર્વે अ નો आ

वद् + मि = वदामि

नय् + मि = नयामि

(4) જો પ્રત્યય ૩ર થી શરૂ થતો હોય અને તે પહેલા ૩૩૭ આવે તોમ લોપાય છે.

बोध् + अ + अन्ति= बोधू + अन्ति = बोधन्ति

(5) ક્રિયાપદના પ્રત્યયો લગાડતાં પહેલા ચોથા ગણના ધાતુઓને “य” લગાડાય છે. અને છઠ્ઠા ગણના ધાતુઓને अ લગાડાય છે.

આ બંને ગણમાં પ્રથમ ગણની જેમ પાતુના સ્વરનો ગુણ થતો નથી.

नृत् + य +ति = नृत्यति (ચોથો ગણ)

विश् + अ + ति = विशति । (છઠ્ઠો ગણ)

(6) સામાન્ય રીતે દશમા ગણના પાતુઓ ઉભયપદી હોય છે. દશમા ગણનો વિકરણ પ્રત્યય अय છે. તે લગાડતાં પહેલાં પાતુના અન્ય સ્વરની તથા ઉપાય (છેલ્લા વર્ણ

પૂર્વનો) अ વૃદ્ધિ થાય છે, અને ડૉ સિવાયના ઉપાજ્ય સ્વરનો ગુણ થાય છે. (નોંધ- આમાં कथ, गण,रच्, प्रथ, स्पृह्, मृग् અને અન્ય કેટલાક પાતુઓ અપવાદ છે, અર્થાત્ એમાં ધાતુઓનો સ્વર બદલાતો નથી.)

દા.ત., घुष + अय + ति પરથી રૂપ બનાવતી વખતે घु નો उ નો ગુણ થાય છે તેથી ओ થાય છે અને घोषयति રૂપ બને છે.

(નોંધ : અહીં સ્વરના ગુણ અને વૃદ્ધિને સમજી લઈએ.)

| મૂળ સ્વર | ગુણ | વૃદ્ધિ |
|---|---|---|
| ऋ કે ॠ | अर् | आर् |
| लृ | अल् | आल् |

(7) (અ) આત્મનેપદી રૂપો બનાવતાં પહેલા પણ ધાતુઓના ગણોના વિકરણ પ્રત્યથો ઉમેરવામાં આવે છે.

(આ) ઉપર લખેલા નિયમો મુજબ ગુણ કે વૃદ્ધિ થતાં હોય તો કરવા પડે છે, તથા ધાતુના આદેશ પણ નિયમ મુજબ કરવા જોઈએ.

દા.ત., रुच् - रोच् + अ +ते = रोचते

वृधू-वर्ध + अ+ ते = वर्धते

जन- जा +य +ते = जायते (ચોથો ગણ)

(ઇ) છઠ્ઠા ગણના ધાતુના અંત્ય ऋ નો रि થાય છે. તેમાં વિકરણ પ્રત્યય अ ઉમેરાય છે. આથી શિવ બને છે.
मृ-म्रियते, दृ - द्वियते, पृ - प्रियते

(ઈ) अव + धीर (તિરસ્કારવું), मृग (માર્ગ શોધવો)- એ બન્ને દસમાં ગણના ધાતુઓ છે. પણ આ ધાતુઓના ઉપાન્ત્ય સ્વરનો ગુણ થતો નથી. अवधीरयते, मृग्यते એવા રૂપો બને છે.

(8) (અ) હ્યસ્તન ભૂતકાળનાં રૂપો બનાવતી વખતે ધાતુની પૂર્વ (આગમ) अ મુકાય છે.

દા.ત., (गम्) गच्छ - अगच्छत् ।
જો ઉપસંર્ગ સહિત ધાતુ હોય તો अ ઉપસર્ગ અને ધાતુ વચ્ચે મુકાય છે.

દા.ત., उप+ (गम्) गच्छ +त् = उप (હ્યસ્તન ભૂતકાળનો આગમ अ) + (गम्) गच्छ अ (પ્રથમ ગણનો વિકરણ પ્રત્યય) + त् = उपागच्छत રૂપ બને છે.

(આ) જસ્તન ભૂતકાળના પ્રત્યય લગાડતાં પહેલાં ધાતુનો વિકરણ પ્રત્યય ઉમેરાય છે.

દા.ત., वद् (પ્રથમ ગણ) अ +वद् +अत् + अवदत् (स् अनेत् પ્રત્યયો પૂર્વે अस् (બીજો ગણ) ધાતુમાં इ અને अद् (બીજો ગણ)માં अ ઉમેરાય છે.

દા.ત., आसीः, आसीत्। तथा अद् - आत ।

(ઈ) જે ધાતુના આરંભમાં સ્વર હોય છે તેની પૂર્વે अ ને બદલે आ ઉમેરાય છે. એ आ માં ધાતુની શરૂઆતમાં इ કે ई હોય તો તે आ સાથે મળીને इ ના ए થાય છે, उ કે ऊ ધાતુની શરૂઆતમાં હોય તો आ + उ કે મળીને औ થાય છે. દા.ત., आ + ईक्ष+ अ+ त् = ऐक्षत्

એવી જ રીતે ऋ કે ऋ નો आर् થાય છે.

દા.ત., सम् + आ + ऋष्यत् = समाप्यंत्

જો ધાતુની શરૂઆતમાં अ કે आ હોય તો आ થાય છે.

आ +अद् + अम् = आदम् ।

आ +अस् + अम् = आसम् ।

(9) આજ્ઞાર્થના પ્રત્યય લાગતાં પહેલાં ધાતુના ગણનો વિકરણ પ્રત્યય જોડવામાં આવે છે અને ગુણ-વૃદ્ધિ અને આદેશ વગેરે નિયમ મુજબ થાય છે.

वद् (પ્રથમ ગણ) + अ (વિકરણ પ્રત્યય) + आनि = वदानि

(10)(અ) વિધ્યર્થનાં રૂપો બનાવતાં પૂર્વે ધાતુના ગણનો વિકરણ પ્રત્યય લાગે છે.

(આ) વિષ્યર્થના પ્રત્યયો ભસ્તન ભૂતકાળ જેવા જ છે. માત્ર થોડોક ફેરફાર છે.

પરસ્મૈં ૩.બ.વ.માં अन् ને બદલે उस् પ્રત્યય છે. આત્મનેપદ ૩પુ.બ.વ., ૧પુ.એ.વ., ૨પુ.દ્વિ.વ.,૩પુ ના દ્વિ.વ.પ્રત્યયો अन्त, इ, इथाम् અને इताम् ને બદલે रन्, अ, आथाम् અને आताम् છે.

(ઈ) વિધ્યર્થના પ્રત્યયોમાં વ્યંજનાદિ પ્રત્યયો પૂર્વે ई અને સ્વરાદિ પ્રત્યયો પહેલા ईय ઉમેરાય છે. ક્રમશઃ ઉદાહરણો-

युष्य् + ई +ध्वम = युध्येध्वम्

युष्य + ईय = युध्येय

## 2.3 ધાતુ રૂપો

| | (लट्) **વર્તમાન (પરસ્મૈ.)** | | | (लट्) **વર્તમાન (આત્મને.)** | | |
|---|---|---|---|---|---|---|
| **પુરુષ** | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** |
| પ્રથમ પુરુષ | मि | वः | मः | इ (ए) | वहे | महे |
| દ્વિતીય પુરુષ | सि | थः | थ | से | इथे (आथे) | ध्वे |
| તૃતીય પુરુષ | ति | तः | अन्ति | ते | इते (आते) | न्ते (अन्ते) |

| | (लङ) **હ્યસ્તન (પરસ્મૈ.)** | | | (लङ) **હ્યસ્તન ભૂત. (આત્મને.)** | | |
|---|---|---|---|---|---|---|
| **પુરુષ** | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** |
| પ્રથમ પુરુષ | अम् | व | म | इ | वहि | महि |
| દ્વિતીય પુરુષ | स् (:) | तम् | त | थाः | इथाम् (आथाम्) | ध्वम् |
| તૃતીય પુરુષ | त् | ताम् | अन् | ते | आताम्/इताम् | अत/अन्त |

| | (लोट्) **આજ્ઞાર્થ (પરસ્મૈ.)** | | | (लोट्) **આજ્ઞાર્થ (આત્મને.)** | | |
|---|---|---|---|---|---|---|
| **પુરુષ** | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** |
| પ્રથમ પુરુષ | आनि | आव | आम | ए | आवहै | आमहै |
| દ્વિતીય પુરુષ | -/हि | तम् | त | स्व | इथाम् (आथाम्) | ध्वम् |
| તૃતીય પુરુષ | तु | ताम् | अन्तु | ताम् | इताम् (आताम्) | अन्ताम् |

| | (विधिलिङ) **(પરસ્મૈ.)** (विधिकिङ) | | | (विधिलिङ) **(આત્મને.)** (वि.धि लिङ) | | |
|---|---|---|---|---|---|---|
| **પુરુષ** | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** | **એ.વ.** | **દ્વિ.વ.** | **બ.વ.** |
| પ્રથમ પુરુષ | इयाम् (याम्) | ईव (याव) | ईम (याम) | ईय | ईवहि | ईमहि |
| દ્વિતીય પુરુષ | ई: (याः) | ईतम् (यातम्) | ईत (यात) | ईथा: | ईयाथाम् | ईध्वम् |
| તૃતીય પુરુષ | ईत् (यात्) | ईतम् (यातम्) | ईयु: (युः) | ईत | ईयाताम् | ईरन् |

| (1) भू (થવું) પરસ્મૈપદી (પ્રથમગણમાં "अ" વિકરણ લાગે છે.) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
| **પુરુષ** | એ.વ. | દ્વિ.વ. | બ.વ. | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
| પ્રથમ પુરુષ | भवामि | भवावः | भवामः | अभवम् | अभवाव | अभवाम |
| દ્વિતીય પુરુષ | भवसि | भवथः | भवथ | अभवः | अभवतम् | अभवत |
| તૃતીય પુરુષ | भवति | भवतः | भवन्ति | अभवत् | अभवताम् | अभवन् |

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| भवानि | भवाव | भवाम | भवेयम् | भवेव | भवेम |
| भव | भवतम् | भवत | भवेः | भवेतम् | भवेत |
| भवतु | भवताम् | भवन्तु | भवेत् | भवेताम् | भवेयुः |

**(૨) जि ( जय् ) (જીતવું) પરસ્મૈપદી (૧લો ગણ)**

| વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|
| जयामि | जयावः | जयामः | अजयम् | अजयाव | अजयाम |
| जयसि | जयथः | जयथ | अजयः | अजयतम् | अजयत |
| जयति | जयतः | जयन्ति | अजयत् | अजयताम् | अजयन् |

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| जयानि | जयाव | जयाम | जयेयम् | जयेव | जयेम |
| जय | जयतम् | जयत | जयेः | जयेतम् | जयेत |
| जयतु | जयताम् | जयन्तु | जयेत् | जयेताम् | जयेयुः |

નોંધ : આ પ્રમાણે वद्, चर्, नी (नय) लिख, पिब् વગેરેના રૂપો ચલાવી શકાય.

(૩) कम्प् (કંપવું) આત્મનેપદી (૧લો ગણ) ("अ" વિકરણ પ્રત્યય)

| વર્તમાનકાળ (આત્મને.) | | | હ્યસ્તન ભૂતકાળ (આત્મને.) | | |
|---|---|---|---|---|---|
| कम्पे | कम्पावहे | कम्पामहे | अकम्पे | अकम्पावहि | अकम्पामहि |
| कम्पसे | कम्पेथे | कम्पध्वे | अकम्पथाः | अकम्पेथाम् | अकम्पध्वम् |
| कम्पते | कम्पेते | कम्पन्ते | अकम्पत | अकम्पेताम् | अकम्पन्त |

| આજ્ઞાર્થ (આત્મને.) | | | વિધ્યર્થ (આત્મને.) | | |
|---|---|---|---|---|---|
| कम्पै | कम्पावहै | कम्पामहै | कम्पेय | कम्पेवहि | कम्पेमहि |
| कम्पस्व | कम्पेथाम् | कम्पध्वम् | कम्पेथाः | कम्पेयाथाम् | कम्पेध्वम् |
| कम्पताम् | कम्पेताम् | कम्पन्ताम् | कम्पेत | कम्पेयाताम् | कम्पेरन् |

(૪) लभ् (મેળવવું) આત્મનેપદી (૧લો ગણ)

| વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|
| लभे | लभावहे | लभामहे | अलभे | अलभावहि | अलभामहि |
| लभसे | लभेथे | लभध्वे | अलभथाः | अलभेथाम् | अलभध्वम् |
| लभते | लभेते | लभन्ते | अलभत | अलभेताम् | अलभन्त |

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| लभै | लभावहै | लभामहै | लभेय | लभेवहि | लभेमहि |
| लभस्व | लभेथाम् | लभध्वम् | लभेथाः | लभेयाथाम् | लभेध्वम् |
| लभताम् | लभेताम् | लभन्ताम् | लभेत | लभेयाताम् | लभेरन् |

નોંધ : આ પ્રમાણે यज्, वृत्, वृध् , रुच्, याच् વગેરેના ધાતુઓના રૂપો આત્મનેપદીમાં ચલાવી શકાય.

(૫) दिव् (જુગાર રમવો) પરસ્મૈપદી (૪થો ગણ 'य' પ્રત્યય લાગે છે)

| વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|
| दीव्यामि | दीव्याव: | दीव्याम: | अदीव्यम् | अदीव्याव | अदीव्याम |
| दीव्यसि | दीव्यथ: | दीव्यथ | अदीव्य: | अदीव्यतम् | अदीव्यत |
| दीव्यति | दीव्यत: | दीव्यन्ति | अदीव्यत् | अदीव्यताम् | अदीव्यन् |

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| दीव्यानि | दीव्याव | दीव्याम | दीव्येयम् | दीव्येव | दीव्येय |
| दीव्य | दीव्यतम् | दीव्यत | दीव्ये: | दीव्येतम् | दीव्येत |
| दीव्यतु | दीव्यताम् | दीव्यन्तु | दीव्येत् | दीव्येताम् | दीव्येयु: |

(૬) नृत् (નાચવું) પરસ્મૈપદી (૪થો ગણ) ("य" પ્રત્યય)

| વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|
| नृत्यामि | नृत्याव | नृत्याम: | अनृत्यम् | अनृत्याव | अनृत्याम |
| नृत्यसि | नृत्यथ: | नृत्यथ | अनृत्य: | अनृत्यतम् | अनृत्यत |
| नृत्यति | नृत्यत: | नृत्यन्ति | अनृत्यत् | अनृत्यताम् | अनृत्यन् |

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| नृत्यानि | नृत्याव | नृत्याम | नृत्येयम् | नृत्येव | नृत्येम |
| नृत्य | नृत्यतम् | नृत्यत | नृत्ये: | नृत्येतम् | नृत्येत |
| नृत्यतु | नृत्यताम् | नृत्यन्तु | नृत्येत् | नृत्येताम् | नृत्येयु: |

નોંધ : આ પ્રમાણે ૪ ગણની ૫૨૦ ધાતુ नश, तुष्, मुह् , कुप् વગેરેનાં રૂપો ચલાવી શકાય છે.

### (૭) जन् ( जा ) (ઉત્પન્ન થવું) આત્મનેપદી (૪થો ગણ "य" પ્રત્યય)

| વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|
| जाये | जायावहे | जायामहे | अजाये | अजायावहि | अजायामहि |
| जायसे | जायेथे | जायध्वे | अजायथा: | अजायेथाम् | अजायध्वम् |
| जायते | जायेते | जायन्ते | अजायत | अजायेताम् | अजायन्त |

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| जायै | जायावहै | जायामहै | जायेय | जायेवहि | जायेमहि |
| जायस्व | जायेथाम् | जायध्वम् | जायेथा: | जायेयाथाम् | जायेध्वम् |
| जायताम् | जायेताम् | जायन्ताम् | जायेत | जायेयाताम् | जायेरन् |

નોંધ : આ પ્રમાણે ૪ થા ગણની આત્મનેપદીધાતુ विद् , मन्, युध् , વગેરેના રૂપો ચલાવી શકાય.

### (૮) इष् ( इच्छ ) (ઇચ્છા કરવી) પરસ્મૈપદી (૬ઠ્ઠો ગણ) ( अ પ્રત્યય)

| વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|
| इच्छामि | इच्छाव: | इच्छाम: | ऐच्छम् | ऐच्छाव | ऐच्छाम |
| इच्छसि | इच्छथ: | इच्छथ | ऐच्छ: | ऐच्छतम् | ऐच्छत |
| इच्छति | इच्छत: | इच्छन्ति | ऐच्छत् | ऐच्छताम् | ऐच्छन् |

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| इच्छानि | इच्छाव | इच्छाम | इच्छेयम् | इच्छेव | इच्छेम |
| इच्छ | इच्छतम् | इच्छत | इच्छे: | इच्छेतम् | इच्छेत |
| इच्छतु | इच्छताम् | इच्छन्तु | इच्छेत् | इच्छेताम् | इच्छेयु: |

નોંધ : આ પ્રમાણે ૬ ઠ્ઠા ગણની પર૦ ધાતુ तुद् , सिच् , लिख વગેરેના રૂપો ચલાવી શકાય.

(૯) मुच् (મુક્ત કરવું) ઉભયપદી (૬ઠ્ઠો ગણ) (છઠ્ઠા ગણમાં 'अ' વિકરણ પ્રત્યય લાગે છે.)

| વર્તમાનકાળ (પરસ્મૈ.) | | | વર્તમાનકાળ (આત્મને.) | | |
|---|---|---|---|---|---|
| मुञ्चामि | मुञ्चावः | मुञ्चामः | मुञ्चे | मुञ्चावहे | मुञ्चामहे |
| मुञ्चसि | मुञ्चथः | मुञ्चथ | मुञ्चसे | मुञ्चेथे | मुञ्चध्वे |
| मुञ्चति | मुञ्चतः | मुञ्चन्ति | मुञ्चते | मुञ्चेते | मुञ्चन्ते |

50

| હ્યસ્તન ભૂતકાળ (પરસ્મૈ.) | | | હ્યસ્તન ભૂતકાળ (આત્મને.) | | |
|---|---|---|---|---|---|
| अमुञ्चम् | अमुञ्चाव | अमुञ्चाम | अमुञ्चे | अमुञ्चावहि | अमुञ्चामहि |
| अमुञ्चः | अमुञ्चतम् | अमुञ्चत | अमुञ्चथाः | अमुञ्चेथाम् | अमुञ्चध्वम् |
| अमुञ्चत् | अमुञ्चताम् | अमुञ्चन् | अमुञ्चत | अमुञ्चेताम् | अमुञ्चन्त |

| આજ્ઞાર્થ (પરસ્મૈ.) | | | આજ્ઞાર્થ (આત્મને.) | | |
|---|---|---|---|---|---|
| मुञ्चानि | मुञ्चाव | मुञ्चाम | मुञ्चै | मुञ्चावहै | मुञ्चामहै |
| मुञ्च | मुञ्चतम् | मुञ्चत | मुञ्चस्व | मुञ्चेथाम् | मुञ्चध्वम् |
| मुञ्चतु | मुञ्चताम् | मुञ्चन्तु | मुञ्चताम् | मुञ्चेताम् | मुञ्चन्ताम् |

| વિધ્યર્થ (પરસ્મૈ.) | | | વિધ્યર્થ (આત્મને.) | | |
|---|---|---|---|---|---|
| मुञ्चेयम् | मुञ्चेव | मुञ्चेम | मुञ्चेय | मुञ्चेवहि | मुञ्चेमहि |
| मुञ्चेः | मुञ्चेतम् | मुञ्चेत | मुञ्चेथाः | मुञ्चेयाथाम् | मुञ्चेध्वम् |
| मुञ्चेत् | मुञ्चेताम् | मुञ्चेयुः | मुञ्चेत | मुञ्चेयाताम् | मुञ्चेरन् |

નોંધ : આ પ્રમાણે ૬ ઠ્ઠા ગણની सिच्, मृ, तुद् વગેરે ધાતુઓના રૂપો ચલાવી શકાય.

(૧૦) कथ् (કહેવું) ઉભયપદી (૧૦મો ગણ 'अय') ૧૦ માં ગણમાં 'अय' પ્રત્યય લાગે છે.

| વર્તમાનકાળ (પરસ્મૈ.) | | | વર્તમાનકાળ (આત્મને.) | | |
|---|---|---|---|---|---|
| कथयामि | कथयावः | कथयामः | कथये | कथयावहे | कथयामहे |
| कथयसि | कथयथः | कथयथ | कथयसे | कथयेथे | कथयध्वे |
| कथयति | कथयतः | कथयन्ति | कथयते | कथयेते | कथयन्ते |

| હ્યસ્તન ભૂત. પરસ્મૈપદ | | | હ્યસ્તન ભૂત. આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| अकथयम् | अकथयाव | अकथयाम | अकथये | अकथयावहि | अकथयामहि |
| अकथयः | अकथयतम् | अकथयत | अकथयथाः | अकथयेथाम् | अकथयध्वम् |
| अकथयत् | अकथयताम् | अकथयन् | अकथयत | अकथयेताम् | अकथयन्त |

| આજ્ઞાર્થ પરસ્મૈપદ | | | આજ્ઞાર્થ આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| कथयानि | कथयाव | कथयाम | कथयै | कथयावहै | कथयामहै |
| कथय | कथयतम् | कथयत | कथयस्व | कथयेथाम् | कथयध्वम् |
| कथयतु | कथयताम् | कथयन्तु | कथयताम् | कथयेताम् | कथयन्ताम् |

| વિધ્યર્થ પરસ્મૈપદ | | | વિધ્યર્થ આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| कथयेयम् | कथयेव | कथयेम | कथयेय | कथयेवहि | कथयेमहि |
| कथयेः | कथयेतम् | कथयेत | कथयेथाः | कथयेयाथाम् | कथयेध्वम् |
| कथयेत् | कथयेताम् | कथयेयुः | कथयेत | कथयेयाताम् | कथयेरन् |

(૧૧) चिन्त् - (વિચારવું) ઉભયપદી

વર્તમાનકાળ

| પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| चिन्तयामि | चिन्तयावः | चिन्तयामः | चिन्तये | चिन्तयावहे | चिन्तयामहे |
| चिन्तयसि | चिन्तयथः | चिन्तयथ | चिन्तयसे | चिन्तयेथे | चिन्तयध्वे |
| चिन्तयति | चिन्तयतः | चिन्तयन्ति | चिन्तयते | चिन्तयेते | चिन्तयन्ते |

## હ્યસ્તન ભૂતકાળ

| પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| अचिन्तयम् | अचिन्तयाव | अचिन्तयाम | अचिन्तये | अचिन्तयावहि | अचिन्तयामहि |
| अचिन्तयः | अचिन्तयतम् | अचिन्तयत | अचिन्तयथाः | अचिन्तयेथाम् | अचिन्तयध्वम् |
| अचिन्तयत् | अचिन्तयताम् | अचिन्तयन् | अचिन्तयत | अचिन्तयेताम् | अचिन्तयन्त |

| આજ્ઞાર્થ પરસ્મૈપદ | | | આજ્ઞાર્થ આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| चिन्तयानि | चिन्तयाव | चिन्तयाम | चिन्तयै | चिन्तयावहै | चिन्तयामहै |
| चिन्तय | चिन्तयतम् | चिन्तयत | चिन्तयस्व | चिन्तयेथाम् | चिन्तयध्वम् |
| चिन्तयतु | चिन्तयताम् | चिन्तयन्तु | चिन्तयताम् | चिन्तयेताम् | चिन्तयन्ताम् |

| વિધ્યર્થ પરસ્મૈપદ | | | વિધ્યર્થ આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|
| चिन्तयेयम् | चिन्तयेव | चिन्तयेम | चिन्तयेय | चिन्तयेवहि | चिन्तयेमहि |
| चिन्तयेः | चिन्तयेतम् | चिन्तयेत | चिन्तयेथाः | चिन्तयेयाथाम् | चिन्तयेध्वम् |
| चिन्तयेत् | चिन्तयेताम् | चिन्तयेयुः | चिन्तयेत | चिन्तयेयाताम् | चिन्तयेरन् |

નોંધ : આ પ્રમાણે ૧૦ માં ગણની ધાતુ सिच्, मृ, तुद् વગેરે ધાતુઓના પરસ્મૈપદી અને આત્માને પદીમાં ચલાવી શકાય છે.

| आज्ञार्थ | | | विध्यर्थ | | |
|---|---|---|---|---|---|
| लभै | लभावहै | लभामहै | लभेय | लभेवहि | लभेमहि |
| लभस्व | लभेथाम् | लभध्वम् | लभेथा: | लभेयाथाम् | लभेध्वम् |
| लभताम् | लभेताम् | लभन्ताम् | लभेत | लभेयाताम् | लभेरन् |

**નોંધ :** આ પ્રમાણે यज्, वृत्, वृध्, रुच्, याच्, વગેરે ધાતુઓના રૂપો આત્મનેપદીમાં ચલાવી શકાય છે.

**(૫) दिव् (જુગાર રમવો) પરસ્મૈપદી (૪થો ગણ 'य' પ્રત્યય લાગે છે)**

| વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|
| दीव्यामि | दीव्याव: | दीव्याम: | अदीव्यम् | अदीव्याव | अदीव्याम |
| दीव्यसि | दीव्यथ: | दीव्यथ | अदीव्य: | अदीव्यतम् | अदीव्यत |
| दीव्यति | दीव्यत: | दीव्यन्ति | अदीव्यत् | अदीव्यताम् | अदीव्यन् |

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| दीव्यानि | दीव्याव | दीव्याम | दीव्येयम् | दीव्येव | दीव्येय |
| दीव्य | दीव्यतम् | दीव्यत | दीव्ये: | दीव्येतम् | दीव्येत |
| दीव्यतु | दीव्यताम् | दीव्यन्तु | दीव्येत् | दीव्येताम् | दीव्येयु: |

**(૬) नृत् (નાચવું) પરસ્મૈપદી (૪થો ગણ) ("य" પ્રત્યય)**

| વર્તમાનકાળ | | | હ્યસ્તન ભૂતકાળ | | |
|---|---|---|---|---|---|
| नृत्यामि | नृत्याव | नृत्याम: | अनृत्यम् | अनृत्याव | अनृत्याम |
| नृत्यसि | नृत्यथ: | नृत्यथ | अनृत्य: | अनृत्यतम् | अनृत्यत |
| नृत्यति | नृत्यत: | नृत्यन्ति | अनृत्यत् | अनृत्यताम् | अनृत्यन् |

| આજ્ઞાર્થ | | | વિધ્યર્થ | | |
|---|---|---|---|---|---|
| नृत्यानि | नृत्याव | नृत्याम | नृत्येयम् | नृत्येव | नृत्येम |
| नृत्य | नृत्यतम् | नृत्यत | नृत्ये: | नृत्येतम् | नृत्येत |
| नृत्यतु | नृत्यताम् | नृत्यन्तु | नृत्येत् | नृत्येताम् | नृत्येयु: |

**નોંધ :** આ પ્રમાણે ૪ ગણની ૫૨૦ ધાતુ नश्, तुष्, मुह्, कुप्, વગેરેના રૂપો ચલાવી શકાય છે.

❖ ***<u>તમારી પ્રગતિ ચકાસો</u>***

**નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .**

**(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .**

(1) વર્તમાનકાળ પરસ્મૈપદી - આત્મનેપદીના પ્રત્યયો લખો.

(2) આજ્ઞાર્થ પરસ્મૈપદી - આત્મનેપદીના પ્રત્યયો યાદ કરી તમારા સહાધ્યાયીને સંભળાવો.

(3) હયસ્તન ભૂતકાળ પરસ્મૈ. તથા આત્મને પદી પ્રત્યયો લખીને તમારા ગુરુજીને બતાવો.

(4) વિધ્યર્થકાળના પ્રત્યયો તમારી નોટમાં લખો.

• **રૂપો લખો માગ્યા પ્રમાણે**

(1) વર્ત.ત્રી. પુ. બહુ. - भू, इष्, कथ्, वद्, नृत्

(2) આજ્ઞાર્થ બી.પુ.એક - मुञ्च, कथ्, जि, लिख

(3) હ્યસ્તભૂત પ્ર.પુ.એક. - नृत्, वद्, भू, चर्, पठ्

(4) વિધ્યર્થ ત્રી.પુ. બહુ. - गम्, लिख, भू, वद्, चर्

• **રૂપો ઓળખાવો**

**नृत्येयम्, ऐच्छत्, जायै, दीव्यन्तु, मुञ्चसि, कथये, अचिन्तयम्, कथयानि**

# એકમ : 3 — વૈદિક સાહિત્યનો સંક્ષિપ્ત પરીચય

:: રૂપરેખા ::

**3.0** ઉદ્દેશો

**3.3 પ્રસ્તાવના**

**3.2 વેદ સંહિતાઓ**

**3.3 બ્રાહ્મણ સાહિત્ય**

**3.4 વેદ શબ્દની વ્યાખ્યા**

**3.5 વેદ શબ્દની વ્યુત્પત્તિ**

**3.6 વેદના અધ્યયનનું મહત્વ**

## 3.0 ઉદ્દેશો (Objectives)

આ એકમમાં તમે –

- વૈદિક ભાષાથી પરિચિત થશો.
- બ્રાહ્મણ સાહિત્ય વિશે માહિતી મેળવી શકશો.
- વેદની વ્યુત્પત્તિથી વિસ્તૃત રીતે અવગત થઈ શકશો.
- વેદના અધ્યયનું મહત્વ જાણી શકશો.

## 3.1 પ્રસ્તાવના

प्रस्ताविश् वेदोऽखिलो धर्ममूलम् । मनु २-६

વેદો તો પરમાત્માના શ્વાસોચ્છ્વાસ છે. બૃ. ઉપ. ૪-૫-૧૦

વૈદિક સાહિત્ય ઘણું વિપુલ છે. વૈદિક સાહિત્ય સમગ્ર સંસ્કૃત સાહિત્યનો અગત્યનો ભાગ છે. વૈદિક સાહિત્યના અનેક ગ્રંથો લુપ્ત થઈ ગયેલા હોવા છતાં વૈદિક સાહિત્ય મૌખિક પરપરા તથા ગુરુશિષ્ય પરંપરાને લીધે જળવાઈ રહ્યું છે. ગુરુ પોતાના શિષ્યને વેદોનો સરસ્વર પાઠ કરાવતા, આથી વૈદિકસાહિત્યનો અમૂલ્ય વારસો આપણને મહદ્ અંશે અલુજા રીતે જળવાઈને પ્રાપ્ત થયો છે.

## 3.2 વેદ સંહિતાઓ

વૈદિક સાહિત્યમાં સૌથી મહત્ત્વના ગ્રંથો વેદની સંહિતાઓ છે.

આરંભમાં એક જ વેદ હતો પણ પછી વ્યાસમુનિએ પોતાના શિષ્યોને ભણાવવાની સુવિધા માટે વેદના વિભાગો કર્યા છે. તેથી તે વ્યાસ કહેવાય છે.

(वेदान् विव्यास इति व्यासः ) આરંભમાં ત્રણ વેદો જ હતા, ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ આથી 'ચંદ્ર' શબ્દ પ્રચલિત બન્યો છે. અર્થવવેદનો વેદ તરીકે પાછળથી સ્વીકાર થયો આમ કુલ ચાર વેદો થયા.

- છંદોબદ્ધ મંત્રોનું નામ ઋચા કહેવાય છે. ઋચાઓનું સંકલન ઋગ્વેદ કહેવાય છે.
- ગીતિરૂપ મંત્રોને સામ કહેવાય છે. (**गितिषु सामाख्या**) જૈ. સં. ૨-૧-૩૬ 'સામ' મંત્રોનું સંકલન સામવેદમાં છે.
- ઋચાઓ સિવાયના અંગો વજુસ્ છે. (**शेषे यजुषः शब्दः** જે સં. ૨-૧-૩૭) આ મંત્રોનો યજ્ઞ - યાગાદિમાં વિનિયોગ થાય છે.

આમ આ બધા મંત્ર - સમૂહો 'સંહિતા' કહેવાય છે. આ સંહિતાઓમાં - ઋગ્વેદ સંહિતા – યજુર્વેદના બે રૂપો છે. (૧) કૃષ્ણ યજુર્વેદ (૨) શુકૂલ યજુર્વેદ (વાજસનેથી સંહિતા) આ સહિતાઓ સાથે જે તે શાખાના 'બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યક ગ્રંથો તથા ઉપનિષદ ગ્રંથો પણ મળે છે. આમ ચાર વેદો સાથે અન્ય સાહિત્ય સંકળાયેલું છે.

અથર્વવેદ અર્વાચીન વેદ છે.

## 3.3 બ્રાહ્મણ સાહિત્ય

વૈદો પર લખાયેલા ગ્રંથોને બ્રાહ્મણ ગ્રંથ કહેવાય છે. બ્રાહ્મણ ગ્રંથો વેદ મંત્રોનો વણયાગાદિમાં કેવી રીતે વિનિયોગ કરવો તેની માહિતી આપતા ગ્રંથો છે.

બ્રાહ્મણ ગ્રંથો યજ્ઞયાગાદિનો 'વિશ્વકોશ' (Encyclopedia) છે. બ્રાહ્મણ સાહિત્યમાં વજ્ઞવિશેની સાહિત્યન વિસ્તૃત છણાવટ થયેલી નજરે પડે છે. આ ઉપરાંત વૈદિક મંત્રોના ઘણા શબ્દોનાં નિર્વચનો ઇતિહાસ તથા તથા મંત્રોની સ્પષ્ટતાઓ પણ અહીં પ્રાપ્ત થાય છે. બ્રાહ્મણગ્રંથોમાં વિવિધ આખ્યાયિકાઓ દ્વારા વંદિક સૂક્તો પાછળ રહેલી કથાઓ જાણવા મળે છે.

- **આરણ્યકો :** વૈદિક યજ્ઞયાગમાં રહેલ આધ્યાત્મિક સત્યોની ચર્ચા કરનારા ગ્રંથો આરણ્યક ગ્રંથો કહેવાય છે. આરણ્યક સાહિત્યથી ભારતીય ચિંતનની શરૂઆત થાય છે.
- ઉપનિષદો : ઉપનિષદો આમતો આરણ્યકના વિશિષ્ટ અંગ છે. ઉપનિષદો વેદનો અંતિમ ભાગ હોવાથી વેદાન્ત તરીકે પ્રસિદ્ધ છે. ભારતીય તત્ત્વજ્ઞાનની ગંગોત્રી જેવા આ ગ્રંથો *આધ્યાત્મિક રહસ્યોને ઉકેલવામાં મદદરૂપ છે.*

*ઉપનિષદો સ્વયં પ્રજાપતિ દ્વારા મળેલાં છે. ઉપનિષદોની કુલ સંખ્યા ૧૦૮ છે, પણ તેમાંથી દસ ઉપનિષદો તરીકે જાણીતા છે.*

❖ ***<u>તમારી પ્રગતિ ચકાસો</u>***

***નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .***

***(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .***

પ્ર.૧ વૈદોનો વારસો આપણને અક્ષુણ્ણ રીતે કેવી રીતે પ્રાપ્ત થયો ?

પ્ર.૨ વ્યાસમુનિનું નામ વ્યાસ કેવી રીતે પડયું.?

પ્ર.૩ વેદોનો ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ નામ શી રીતે પડ્યાં ?

પ્ર.૪ બ્રાહ્મણ ગ્રંથોની રચના શા માટે થઈ ?

પ્ર.૫ ભારતીય ચિંતનની શરુઆત આરણ્યકથી થઈ એમ શા માટે કહેવામાં આવે છે ?

પ્ર. ૬ ઉપનિષદો કેટલા હતા ? આજે એમની સંખ્યા કેટલી છે ?

## 3.4 વેદ શબ્દની વ્યાખ્યા

વેદો આપણી અમૂલ્ય મૂડી છે. વૈદિક સાહિત્ય વિશ્વનું પ્રાચીન સાહિત્ય ગણાય છે. વેદ શબ્દ અત્યંત પ્રાચીન છે. ભારતીય વિચાર પરંપરામાં વેદો તો ભગવાનનું જ પોતાનું સ્વરૂપ છે. અહીં આપણે 'વેદ' શબ્દની વ્યુત્પત્તિ અને તેનો અર્થ તપાસીએ.

## 3.5 વેદ શબ્દની વ્યુત્પત્તિ

(1) વેદ શબ્દની વ્યુત્પત્તિ ત્રિર્ પાતુ પરથી થઈ છે. ચિટ્-ત્પે છઠ્ઠા ગણનો ધાતુ છે.

(2) ટીકાકાર ભાસ્કર ભટ્ટ **विद्-ज्ञाने** (રજો ગણ પરસ્ય) પરથી વૈદ શબ્દ બન્યો હોવાનું કહે છે.

(3) પ્રો. મેકડોનલ તથા કીય વેદ શબ્દ અથર્વવેદ, શતપથ બ્રાહ્મણ તથા નિરુક્તમાં 'પવિત્ર વિદ્યાનો અર્થ દર્શાવે છે' એવું કહે છે.

(4) તૈ.સં. 3-3-4-7 માં **पुरुषार्थना वेदयिता वेद उच्यते** એવું કહેવાયું છે.

(5) **विद् -ज्ञाने** (2.જો. પરસ્મૈ) એટલે વેદનો અર્થ જ્ઞાન થાય છે. એવો અર્થ મોટા ભાગના વિદ્વાનો માન્ય રાખે છે.

(6) આયુર્વેદમાં વેદની વ્યુત્પત્તિ **विद् - सत्तायाम्** પરથી જણાવાઈ છે.

(7) અભિનવગુપ્ત નાટ્યશાસ્ત્ર પરની તેની ટીકામાં વેદ શબ્દનો અર્થ **सत्ता, लाभ**, વિચારણા એ ત્રણે અર્થોથી યુક્ત હોવાનું જણાવે છે.

(8) દયાનંદ સરસ્વતીએ વેદ શબ્દની વ્યુત્પત્તિ બીજા, ચોથા, છઠ્ઠા તથા સાતમા ગણમાંથી આ રીતે જણાવી છે.

વેદ એટલે –

જેના દ્વારા સર્વ વિદ્યાઓ મળે છે.

જેના દ્વારા સત્ય વિદ્યાઓ વિચારીને જ્ઞાની બની શકાય

જેમાં બધી સત્ય વિદ્યાઓ રહેલી છે.

જેના દ્વારા સર્વ કાંઈ જાણી શકાય છે.

આ રીતે દયાનંદ સરસ્વતી એ **विद्-ज्ञाने**, **विद्-सत्तायाम्**, **विद्-लाभे**, **विद्-विचारणे** ને બધા અર્થો લાગુ પાડયા છે.

(9) ટૂંકમાં **विद्** - **ज्ञाने** એ ધાતુ જ વેદના મૂળમાં રહેલ છે. એ પછી વિદ્વાનોએ વેદની વ્યુત્પત્તિ વિવિધ અર્થવાળા **विद्** ધાતુ પરથી ગણાવી છે.

❖ ***તમારી પ્રગતિ ચકાસો***

**નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .**

**(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .**

પ્ર.૧ જુદા જુદા વિદ્વાનોએ "વેદ" ની વ્યુત્પત્તિ કેવી રીતે દર્શાવી છે ?

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

પ્ર.૨ વેદો કોને કહેવાય ? આ વિશે દયાનંદ સરસ્વતીનો મત દર્શાવો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

## 3.3 વેદના અધ્યયનનું મહત્વ

આપણે ઉપર જોયું એમ વેદ જ્ઞાનનો ભંડાર છે. તેથી વેદનું અધ્યયન અત્યંત આવશ્યક મનાયું છે. કોઈ પણ વિદ્યા, શાસ્ત્ર, તત્ત્વજ્ઞાન કે માનવજ્ઞાનની શાખાનો

કોઈ પણ વિચાર વેદમાં જ છે. એવું ભારતીય પરંપરા માને છે. વેદો અપૌરુષય છે. વેદને કોઈએ લખેલ નથી. વૈદો ન ભણનાર માણસ પ્રાચીન સમયમાં શૂદ્ર કહેવાતો જિંદગીના અગત્યના વર્ષો વેદાધ્યાયનમાં ખર્ચીને વ્યક્તિને પોતાના જીવનની સાર્થકતા લાગતી. વેદના અધ્યયનનું મહત્ત્વ આપણે નીચે પ્રમાણે નોંધી શકીએ :-

(1) મનુસ્મૃતિ ભારતીય વિચાર પરંપરાના આચાર અને વિચારનો ગ્રંથ છે. ભગવાન મનુએ મનુસ્મૃતિમાં માનવ-ધર્મ ઉપદેશ્યો છે. મનુસ્મૃતિ કહે છે કે –

वेदमेवाभ्यसेन्नित्यं यथाकालमतन्द्रितः ।

तं ह्यस्याहुः परं धर्ममुपधर्मोऽन्य उच्यते ।। मनु. ४-१४७

(2) *મનુ.* **12.49** *માં કહેવાયું છે કે વેદો તો મનુષ્ય, દેવો તથા પિતૃઓના નેત્ર છે. આંખ રસ્તો દેખાડવાનું કામ કરે છે, એ રીતે વેદો પણ જીવનના પથદર્શક છે અહીં વેદો માપી ન શકાય તેવું પણ કહેવાયું છે.*

(3) *મનુ ૧૧-૯૭ કહે છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે ચારે વર્ણો, ત્રણે લોક, બ્રહ્મચર્ય વગેરે ચાર આશ્રમો, ત્રણે કાળ વગેરે વેદથી જ સાપી શકાય છે.*

(4) *શતપથ બ્રાહ્મણ (૧૧-૫-૬-૭) કહે છે. કે શનથી પૂર્ણ પૃથ્વીનું દાન કરવાથી જે પુણ્યલોક મળે છે, એજ લોક વેદના અધ્યયનથી પ્રાપ્ત થાય છે.*

(5) *મીમાંસકો કહે છે કે વેદો અપૌરુષેય જ્ઞાનનો ભંડાર છે, સ્વયં બ્રહ્માએ જ એ વેદોને સર્જ્યા છે.*

(6) *સાયણ નોંધે છે કે જે બાબત પ્રત્યક્ષ અનુમાન કે અન્ય પ્રમાણથી સિદ્ધ થાય છે એ બાબત વેદથી પ્રાપ્ત થાય છે એજ વેદની મહત્તા છે.*

❖ ***<u>તમારી પ્રગતિ ચકાસો</u>***

***નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .***

***(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .***

**પ્ર.૧ વેદાધ્યયન વિશે મનુસ્મૃતિ શું કહે છે ?**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

પ્ર.૨ જે વ્યક્તિ વેદનું અધ્યયન નથી કરતો તે કેવો કહેવાય ?

પ્ર.૩ શતપથ બ્રાહ્મણ વેદાધ્યયના શા લાભ દર્શાવે છે.?

પ્ર.૪ વેદાધ્યયન માટે સાયણનો મત જણાવો.

પ્ર.૫ વેદ વિશે મીમાસકો શું કહે છે ?

| એકમ : 4 | ઋગ્વેદનું સંહિતાનો સવિસ્તૃત પરિચય |
|---|---|

:: રૂપરેખા ::

**4.0 પ્રાસ્તાવિક**

**4.1 ઋગ્વેદનું મહત્વ**

**4.2 ઋગ્વેદના વિષયો**

**4.3 ઋગ્વેદના સંવાદસૂક્તો**

**4.4 ઋગ્વેદનું સાહિત્યિક મૂલ્યાંકન**

**4.5 ઋગ્વેદકાલીન સંસ્કૃતિ**

## 4.0 પ્રાસ્તાવિક

ચારે વેદોમાં ઋગ્વેદનું સ્થાન અત્યંત ગૌરવપૂર્ણ છે. પાશ્ચાત્ય વિદ્વાનો પણ ઋગ્વેદનું મૂલ્ય અનેક રીતે વિશિષ્ટ રીતે સ્વીકારે છે. ઋગ્વેદ સંહિતા સર્વ વેદોમાં સૌથી પ્રાચીન સાહિત્ય તરીકે તો મૂલ્યવાન છે જ, તદુપરાંત એ વિશ્વનું સૌથી પ્રાચીન સાહિત્ય પણ છે. વિશ્વના પ્રાચીન સાહિત્યમાં ઋગ્વેદનો પ્રથમ ક્રમ છે.

## 4.1 ઋગ્વેદનું મહત્વ

(1) ઋગ્વેદ વિશ્વનું સૌથી પ્રાચીન પુસ્તક છે.

(2) સંસ્કૃત ભાષાનું આ પ્રાચીનતમ પુસ્તક આર્યોની સંસ્કૃતિ, સભ્યતા, ધર્મ, રીત-રીવાજો, સમાજ, માન્યતાઓ તત્ત્વજ્ઞાનનાં મૂળ, સાહિત્યિક સૌન્દર્ય, રાજનીતિ, નગર વ્યવસ્યા, ઈતિહાસ એમ વિવિધ બાબતોની માહિતી મેળવવા માટે અગત્યનો દસ્તાવેજ છે.

(3) વેદોની ઉત્પત્તિના વર્ણનમાં પુરુષસૂક્તમાં તેને પ્રથમ સ્થાન મળેલ છે. ऋः सामानि जज्ञिरे । ઋ. ૧૦-૯૦-૯૭

(4) સામ અને યજુસ દ્વારા થતું યજ્ઞનું વિધાન શિથિલ હોય છે જયારે ઋગ્વેદ દ્વારા કરવામાં આવતું વિધાન દઢ હોય છે. એવું તે. સં. ૬-૫૭-૦૩ માં કહેવાયું છે.

(5) ઋગ્વેદ ભારતીય સંસ્કૃતિના વારસાનો કીર્તિસ્થંભ છે. જેમ તાંબુ રસાયણોથી સુવર્ણ બને એમ વેદમાં ઋચાથી સર્વ કંઈ બોધગમ્ય બને છે એવું પદ્ગુરુ શિષ્ય સંવાદમાં કહેવાયું છે.

(6) ઋગ્વેદ સર્વ શાસ્ત્રના મૂળમાં ઓલ છે. મસ્વકને આર્થત પવિત્ર માનવામાં આવે છે. વેદિક સાહિત્યનો આ ગ્રંથ સાહિત્યિક મૂલ્ય પણ ધરાવે છે. ઋચાથી જ વાલી પવિત્ર થાય છે એવું ઈતિહાસ માનવામાં આવે છે.

### ❖ ઋગ્વેદનું બાહ્ય સ્વરૂપ

#### • ઋગ્વેદનું વિભાજન :

ઋગ્વેદનું બે રીતે વિભાજન થયેલું છે. (૧) અષ્ટક વિભાગ (૨) મંડલક્મ (મંડલ વિભાગ)

(1) **અષ્ટક વિભાગ** - ઋગ્વેદના આ પ્રથમ પ્રકારના વિભાજનમાં સમગ્ર ઋગ્વેદને આઠ અષ્ટકોમાં વહેંચી નાખવામાં આવે છે. દરેક અષ્ટકમાં આઠ આઠ અધ્યાયો છે. આ રીતે :-

૮ અષ્ટકો

૮ ૪ ૮ = ૬૨ અધ્યાયો આ રીતનું વિભાજન પ્રાપ્ત થાય છે. ઋચા એટલે ઋગ્વેદનો મંત્ર. આ વિભાજનમાં ઋચાઓના સમૂહને વર્ગ કહેવામાં આવે છે. ૨૦૦૬ વર્ગો ઋગ્વેદમાં મળે છે. ટુંકમાં આ વિગતો નોંધીએ તો.

| **અષ્ટક** | **અધ્યાય** | **વર્ગ** | **મંત્રો** |
|---|---|---|---|
| ૧ લું | ૮ | ૨૬૫ | ૧૩૭૦ |
| ૨ જું | ૮ | ૨૨૧ | ૧૧૪૭ |
| ૩ જું | ૮ | ૨૨૪ | ૧૨૦૯ |
| ૪ થું | ૮ | ૨૫૦ | ૧૨૮૯ |
| ૫ મું | ૮ | ૨૩૮ | ૧૨૬૩ |
| ૬ ઠું | ૮ | ૩૧૩ | ૧૬૫૦ |
| ૭ મું | ૮ | ૨૪૮ | ૧૨૬૩ |
| ૮ મું | ૮ | ૨૪૬ | ૧૨૮૧ |
| **કુલ** | **૬૪** | **૨૦૦૬** | **૧૦,૪૭૨** |

અષ્ટક વિભાગની નોંધપાત્ર બાબતો

(૧) અષ્ટક વિભાગની વ્યવસ્થા સુગ્રથિત છે. (૨) અહીં વર્ગીકરણમાં ઋચાની વ્યવસ્થા અંગે કોઈ નિશ્ચિત સિદ્ધાન્ત નથી. (૩) ક્યાંક ૧ ઋચાનો વર્ગ છે, તો ક્યાં ૯ ઋચાઓનો વર્ગ છે. (૨) ક્યાંક ક્યાંક સૂક્ત વચ્ચે વર્ગ પૂરો થાય છે. (૫) સામાન્ય રીતે પાંચ ઋચાનો વર્ગ જોવા મળે છે. (૬) આવી વિભાજન પદ્ધતિ કદાચ મુખપાઠની પરંપરા માટે રખાઈ હશે. (૭) બલદેવ ઉપાધ્યાય કહે છે કે સૂક્તોનું આ જાતનું વર્ગીકરણ વૈજ્ઞાનિક નથી. આ વર્ગીકરણ બાષ્કલ શાખા મુજબ છે. આથી અવ્યવસ્થિત કામ કરનારને લોકો

બાષ્કલ કહે છે! (૮) વેંકટમાધવના મતે આ વિભાજન પ્રાચીન છે, તથા પ્રાચીન ઋષિઓ દ્વારા કરાયેલ છે. (૯) આ વિભાજન પાછળ રહેલી દષ્ટિ શી છે તે આપણને જાણવા મળતું નથી.

**(2) *મંડલ વિભાગ :*** *ઋગ્વેદનું મંડળ-વિભાજન વધારે વૈજ્ઞાનિક તથા વધારે તાર્કિક લાગે છે. આખા ઋગ્વેદને ૧૦ મંડળોનાં વિભક્ત કરવામાં આવેલ છે. મંડળના પેલા વિભાગનો અનુવાકો છે. અનુવાકો પાછા સૂક્તોમાં વહેંચાય છે. એક સૂક્તમાં ૩ થી માંડીને ૧૦,૧૨ કે અમૂક સંખ્યામાં એવા મંત્રો હોય છે. એક સૂક્તમાં સળંગ એક વિષય હોય છે. દા.ત. અગ્નિ વિષયક મંત્રો, વરુણ વિષયક મંત્રો વગેરે. આ વિભાજન નીચે મુજબ છે :-*

| મંડળ | અનુવાક | સૂક્ત સંખ્યા | મંત્ર સંખ્યા |
|---|---|---|---|
| ૧ લું | ૨૪ | ૧૯૧ | ૨૦૦૬ |
| ૨ જું | ૪ | ૪૩ | ૪૨૯ |
| ૩ જું | ૫ | ૬૨ | ૬૧૭ |
| ૪ થું | ૫ | ૪૮ | ૫૮૯ |
| ૫ મું | ૬ | ૮૭ | ૭૨૭ |
| ૬ ઠું | ૬ | ૭૫ | ૭૬૫ |
| ૭ મું | ૬ | ૧૦૪ | ૮૪૧ |
| ૮ મું | ૧૦ | ૯૨ | ૧૬૩૬ |
| ૯ મું | ૭ | ૧૧૪ | ૧૧૦૮ |
| ૧૦ મું | ૧૨ | ૧૯૧ | ૧૭૫૪ |
| | **કુલ** | **૮૫** | **૧૦૧૭** |
| | | ખિલસૂક્તો | ૧૦૨૮ |
| | | કુલમંત્ર સંખ્યા | ૧૦૪૭૨ |
| | | અન્ય | + ૮૦ |
| | | **કુલ** | **૧૦૫૫૨** |

આ મંડળોમાં મોટા ભાગના અતિપ્રાચીન સૂક્તો મળે છે. (ખાસ દરેક મંડળમાં સૂક્તોની ગોઠવણીનો ચોક્કસ ક્રમ છે. દા.ત. શરૂઆતમાં અગ્નિદેવના સૂક્તો, પછી ઈન્દ્રનાં, પછી વરુણના, પછી ઉપસ, અશ્વિનો અને બીજા ગૌણ દેવોનાં સૂક્તો મળે છે. (ગ) પ્રત્યેક દેવના સૂક્તોમાં છંદનો પણ ચોક્કસ ક્રમ જોવા મળે છે. મોટે ભાગે ત્રિષ્ટુભ, ગાયત્રી, જગતી અને અનુષ્ટુભ એવી રીતે છંદો ગૂંથાયેલા જોવા મળે છે. (ઘ) દેવતાના સૂક્તોના અંતભાગમાં ઓછા મંત્ર સંખ્યાવાળા, વિષમ વૃત્તવાળાં, એક જ સૂક્તમાં અનેક વૃત્તોવાળા સૂક્તો મળે છે.

આ બધી વંશ મંડળોની વિશિષ્ટતા છે.

(૪) મેકડોનલ માને છે કે ૨ થી ૭ મંડળોની રચના પછી ૮ મું અને ૯ મું મંડળ ઉમેરાયા છે. પ્રથમ મંડળ અને દસમું મંડળ સૌથી અર્વાચીન છે.

(૫) દસમું મંડળ સૌથી અર્વાચીન છે ડો. ઓલ્ડનબર્ગ જેવા વિદ્વાનો માને છે કે દસમું મંડળ નવ મંડળોની રચના થઈ ગયા બાદ પાછળથી રચાયેલું છે. દસમાં મંડળની નીચેની વિશિષ્ટતાઓ તેને સૌથી અર્વાચીન માનવા પ્રેરે છે.

(ક) ભાષાની પ્રગતિ

(ખ) સ્વર સંધિના પ્રયોગો પર ભાર

(ગ) છંદો-રચનામાં પ્રગતિ અને પરિવર્તન

(ઘ) ભાવાત્મક દેવતાઓનાં સૂક્તો

(ડ) આરંભના વર્ચસ્વ ધરાવતા દેવોના મહત્ત્વમાં ઘટાડો

(ચ) ગાય, અરણ્યાની, અક્ષ, રાત્રી જેવા નવા વિષયોનો સમાવેશ.

(છ) તત્ત્વજ્ઞાનના સૂક્ષ્મ અને ગહન વિચારો વગેરનો સમાવેશ વગેરે.

## 4.2 ઋગ્વેદના વિષયો

ઋગ્વેદ સંહિતા આમ તો સૂક્તોનો વિશાળ ભંડાર છે. આ સૂક્તોમાં વિવિધ દેવોની પ્રાર્થનાઓ છે. છતાં ઋગ્વેદના બપા જ સૂક્તો એકલા પ્રાર્થના છે એવું નથી. ઋગ્વેદમાં વિષયોને આપણે નીચેના વિભાગોમાં વહેંચી શકીએ :-

(૧) ધાર્મિક સૂક્તો
(૨) તત્ત્વજ્ઞાનના સુક્તો
(૩) પર્મનિરપેક્ષ સૂક્તો અથવા વ્યાવહારિક કે સામાજિક સૂક્તો
(૨) સંવાદસૂક્તો
(૫) ઋગ્વેદનાં પ્રકૃતિસૂક્તો
(૬) આપ્રી સૂક્તો
(૭) ઐતિહાસિક સુક્તો

આપણે હવે આ બધા વિષયો વિષે વિસ્તૃત માહિતી મેળવવાનો પ્રયત્ન કરીએ.

❖ **ઋગ્વેદનાં ધાર્મિક સૂક્તો**

ઋગ્વેદ હિન્દુ ધર્મનો સૌથી પવિત્ર ગ્રંથ છે. ભારતીય ધર્મની અસ્મિતા આ ગ્રંથમાં રહેલ છે. તેમાં અનેક દેવોની જુદા જુદા ઋષિઓ દ્વારા કરવામાં આવેલી ભાવવાહી સ્તુતિઓ છે. ઋગ્વેદના ધાર્મિક સૂક્તોનાં નીચેની વિશેષતાઓ જોવા મળે છે :-

(1) ઋગ્વેદના દેવો આજના હિન્દુધર્મના દેવો કરતાં તદ્દન જુદા છે. આપણો આજના લોકપ્રિય દેવો શિવ, વિષ્ણુ, ગણેશ વગેરે તેનાં બિલકુલ ગૌણ દેવો છે. તેમનાં તો માંડ બે કે ત્રણ સૂક્તો મળે છે.

(2) વૈદિક દેવતાઓમાં ત્રણ દેવો સૌથી વધારે પ્રસિદ્ધ છે. આ દેવતાઓ છે - ઈન્દ્ર, અગ્નિ અને વરૂણ. ઈન્દ્ર સૌથી લાડીલો દેવ છે. તેની સ્તુતિ લગભગ ૨૫૦ સુક્તોમાં થયેલી છે ઈન્દ્ર યુદ્ધપ્રિય દેવ છે. તે પીર સેનાનાયક છે, દેવોનો રાજા છે તથા ભક્તોને સુખ અને સંપત્તિ આપનાર દેવ છે. બીજા મહત્ત્વના દેવ છે અગ્નિ. અગ્નિના લગભગ ૨૦ ઉપરાંત સૂક્તો ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. ઈન્દ્ર પાછી અગ્નિનું સ્થાન સૌથી વધારે મહત્ત્વનું છે. ભક્તો અગ્નિને યજ્ઞમાં ભાવપૂર્વક બોલાવે છે કેમ કે અગ્નિદેવ યજ્ઞની ઈતિહાસ આબુતિઓને દેવો સુધી પહોંચાડે છે ત્રીજા મહત્ત્વના દેવ છે વરશે- વણ દેવ ઋત અને સત્યના અધિષ્ઠાતા છે. તેમના રક્ષક દેવ છે. વરુણદેવના જાસૂસો સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે. વાદેવ સત્યપ્રિય છે. તેઓ કપટીઓને કઠોર દંડ આપે છે.

(3) આ ઉપરાંત અન્ય ગૌણ દેવોની સ્તુતિઓ પણ અહીં પ્રાપ્ત થાય છે. વીસૂ સામાન્ય રીતે આકાશનો પર્યાષ છે. ધીસ્- પૃથ્વીની સાથે જોડાઈને ઘાવા-પૃથિવી બને છે. ઘાવા-પૃથિવી માતા-પિતા છે. સૂર્યની સ્તુતિ ૧૦ સૂક્તોમાં થઈ છે. સૂર્યદેવ અંધકારને દૂર કરીને માંદગીને દૂર કરીને દીર્ઘ આયુષ્ય આપે છે. ઉપા દિવ્ય સુંદરી છે. તેની સ્તુતિ ૨૦ ઉપરાંત સૂક્તોમાં પ્રાપ્ત થાય છે. ઉપાના સૂક્તોમાં ઋગ્વેદનું ઉત્તમ કાવ્યત્વ જોવા મળે છે. વિષ્ણુદેવ ત્રણ પગલામાં આકાશને માપે છે. (વિષ્ણુના વામન અવતારની કથાનું સૂચન અહીં જોવા મળે છે.) અશ્વિના સ્વર્ગના વૈદ્યો છે. તેમની સ્તુતિ ૫૦ થી ઉપરાંત સુક્તોમાં કરાઈ છે. તેઓ બિમાર માણસોને રોગમુક્ત કરે છે. સોમ એ ઋગ્વેદના ક્રિયાકાંડનું કેન્દ્ર બિન્દુ છે. સોમવલ્લી નામની ઔષધિમાંથી નીકળતો આ રસ અમરત્વને આપનારો કહેવાય છે. દેવતાઓ સોમપાન કરવા માટે જ યજ્ઞમાં ખાસ પધારે છે. બૃહસ્પતિ મહાન રાજા છે. તેની સ્તુતિ અગિયાર સૂક્તોમાં કરવામાં આવી છે. મરુત - આ દેવો સમૂહમાં રહે છે. પવનનું દૈવી રૂપછે. મતો વૃષ્ટિ લાવનારા દેવો છે. પર્જન્ય વરસાદનું સ્વરૂપ છે. ઋભુ નામના છે. ત્રણ દેવો એક પ્યાલાના ત્રણ પ્યાલા કરનારા ગૌણ દેવો છે. રૂદ્ર, અપાંનપાત વગેરે ગૌણ દેવોની સ્તુતિ પણ ઋગ્વેદમાં જોવા મળે છે.

(4) ઋગ્વેદના આ ધાર્મિક સૂક્તોને યજ્ઞ પ્રક્રિયામાં વિનિયોગ થતો, પણ બધાં જ સૂક્તો યજ્ઞપરક હતાં એવું માની શકાય એમ નથી.

(5) વિન્ટરનિટ્ઝના મતે ભારતીય ધર્મના પ્રાચીન ઉદય તથા વિકાસની જાણ મેળવવા માટે અને ભારત-યુરોપીય જાતિઓના ગાથા વિજ્ઞાનને જાણવા માટે આ સૂક્તો મહત્ત્વના છે.

(6) ઋગ્વેદના દેવતાઓ પ્રકૃતિના મૂર્તરૂપો છે. વૈદિક ઋષિ પ્રકૃતિના વિવિધ પદાર્થોને જુએ છે અને તેનાં રહેલાં દિવ્ય તત્ત્વોમાંથી મળેલી પ્રેરણામાંથી સ્તુતિઓમાં આકાર પામ્યા લાગે છે. દિવસે પ્રકાશતો સૂર્ય, પોતાનું રમણીય વક્ષઃ સ્થળ ખોલતી ઉષા, પ્રાણીઓનું રક્ષણ કરીને તેમને વિસામો આપતી રાત્રી, વીજળીના ભયંકર ચમકારા તથા ગડગડાટ સાથે મૂશળધાર વર્ષતા વાદળો, ગૃહસ્થના ઘરમાં પ્રગટતો અગ્નિ, અહાટ જળમાં રક્ષતું દિવ્ય તત્વ ભયંકર વાવાઝોડા, દેવતાઓ ફળફૂલથી લચેલી પૃથ્વી - આ બધું પ્રાર્થનાઓના રસબાસમાં રસાઈને વૈદિક ઋષિની વાણીમાં જીવંત બન્યું છે.

(7) પ્રકૃતિનાં સંતાનો એવા આ ઋષિઓએ પ્રકૃતિના ભવ્ય, રમ્ય અને રૂદ્ર તત્ત્વોમાં પરમ તત્ત્વનો સાક્ષાત્કાર કરીને તેને એવી જ નિર્દોષ વાણીમાં રજૂ કરતાં આ ધાર્મિક સૂક્તો પ્રવાહિત બનીને દર્શન પામ્યા છે.

❖ **ઋગ્વેદનાં દાર્શનિક સૂક્તો (અથવા તત્ત્વજ્ઞાનનાં સૂક્તો)**

ભારતે વિશ્વને અમૂલ્ય કહી શકાય એવા તત્ત્વજ્ઞાનની ભેટ આપી છે. આ તત્ત્વજ્ઞાનનો વારસો ભારતમાં સદીઓથી જળવાઈ રહ્યો છે. વિદેશી ફિલસૂફો તથા ચિંતકો પણ ભારતીય તત્ત્વજ્ઞાનનાં ગંભીર અને તલસ્પર્શી જ્ઞાનથી અંજાઈ ગયા છે. ઋષિઓએ જીવનના ઝંઝાવાતો સહન કરીને, સર્વસ્વ ત્યાગીને, સુખની આભિલાષાઓ તરછોડીને, પ્રેમના બાહ્ય દેખાવો ફેંકી દઈને તત્ત્વજ્ઞાનની અણમોલ મૂડી ભેગી કરી છે. ભારતીય દર્શનોનાં મૂળને ઋગ્વેદ કાંઈ દર્શન- શાસ્ત્રનો ગ્રંથ નથી એટલે તત્ત્વજ્ઞાનની બધી જ ચર્ચા એમાં અપેક્ષિત ન જ હોય, બીજું એ પણ નોંધવું ઘટે કે ઋગ્વેદ હિંદુધર્મનો તથા વિશ્વનો અતિપ્રાચીન ગ્રંથ છે. વિશ્વની પ્રજાએ પરમાત્મા વિષે સૌ પ્રથમ વિચારો કર્યા તેનું આ દસ્તાવેજી રૂપ છે. વિશ્વની પ્રજાએ પરમાત્મા વિષે સૌ પ્રથમ વિચારો કર્યા તેનું આ દસ્તાવેજી રૂપ છે. વિશ્વની પ્રજાએ પરમાત્મા વિષે સૌ પ્રથમ વિચારો કર્યા તેનું આ દસ્તાવેજી રૂપ છે. અહીંથી તત્ત્વજ્ઞાનની શાખાનો પણ ઉદ્‌ગમ થાય થાય છે. આથી પ્રારંભિક તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ અહીં જોવા મળે છે. અલબત્ત એમાં પરિપક્વતા છે જ.

અહીં આપણે કેટલાંક સૂક્તોનું વિહંગાવલોકન કરીએ :-

- **નાસદીય સૂક્ત** (૧૦-૧૨૯)

આ સૂક્ત નાસદીય સૂક્ત તરીકે એ કારણે ઓળખાય છે. કેમકે અહીં સૃષ્ટિના આરંભે શું હતું એ વિષે વૈદિક ઋષિઓને અનેક પ્રશ્નો છે. જો કે ઋષિઓએ આ બધા પ્રશ્નોના જવાબો આપેલ નથી ઋષિ પૂછે છે કે સૃષ્ટિની શરૂઆત થઈ તે પહેલાં અસત્ ન હતું, સત્ ન હતું. રજ ન હતું, તેનાથી પર અંતરિક્ષ પણ ન હતું. શું છુપાવ્યું હતું ? ક્યાં છુપાવ્યું હતું ? કોના સુખ માટે છુપાવ્યું હતું ? શું સૃષ્ટિની શરૂઆત પહેલા ગહન અને ગંભીર પાણી હતું ? આ રીતે જગતના રહસ્યને ઉકેલવા મથતાં ઋષિ ફરી કહે છે

કે સૃષ્ટિ પૂર્વે મૃત્યુ હતું નહિ, અમૃત સાહિત્યનો પણ ન હતું. રાત્રી અને દિવસના ભેદ કરનાર કોઈ તત્ત્વ ન હતું. તે એકલું (પરમ તત્ત્વ) ઈતિહાસ પોતાની શક્તિથી પવન વિના શ્વાસ લેતું હતું. તેનાથી પર બીજું કશું ન હતું. આ રીતે બધાં વાક્યો નિષેધાર્થક હોવાથી આ સૂક્ત નાસદીય સૂક્ત કહેવાય છે. ઋષિ કહે છે કે સૃષ્ટિની શરૂઆત પૂર્વે અપકાર જ સર્વત્ર વ્યાપ્ત હતો. એમાંથી સૃષ્ટિના આરંભે કામ ઉત્પન્ન થયો. બુદ્ધિથી હૃદયની શોષ કરીને કવિઓએ સત્તા સંબંધને અસમાં પ્રાપ્ત કર્યો. (તે પરમ તત્વનાં) કિરણો ત્રાંસા ફેલાવ્યા હતા ? ઉપર હતો ? નીચે હતા ? ઋષિ અંતિમ બે ઋચામાં સૃષ્ટિ વિષયક પ્રશ્ન પૂછતાં કહે છે કે સાચી રીતે અહીં કોણ જાણે છે કે આ (સૃષ્ટિ) ક્યાંથી જન્મી ? કોણ જાણે છે કે આ બધું શેમાંથી ઉત્પન્ન થયું? જેનાથી આ સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે એ તેને પારણ કરે છે કે નહિ ? આ સૃષ્ટિનો અધ્યક્ષ પરમ વ્યોમમાં (=સાતમાં આસમાનમાં ?) બેઠો છે એ જ ફક્ત આ બધું જાણે છે અથવા કદાચ એ પણ ન જાણતો હોય ?

- **નાસદીય સૂક્તની વિશેષતાઓ**

(૧)આ સૂક્તનો વિસ્તૃત અભ્યાસ કરીએ તો જણાશે કે અહીં તત્ત્વજ્ઞાનના વિવિધ વાદોનાં બીજ પડેલાં છે. આ વાદો (૧) સદસદ્વાદ (૨) રજોવાદ (૩) વ્યોમવાદ (૪) અપરવાદ (૫) આવરણવાદ (૬) અંભોવાદ (૭) અમૃતવાદ (૮) અહોરાત્રવાદ (૯) દેવવાદ (૧૦) સંશયવાદ અથવા અજ્ઞાતવાદ એ બધાં અહીં સમાવિષ્ટ છે.

(૨)પ્રથમ મંત્રમાં સદસદ્વાદનાં બીજ છે. અહીં કહેવાયું છે સૃષ્ટિ પૂર્વે સત્ ન હતું, અસત્ ન હતું, સાયણ અહીં સમજાવે છે કે અસત્ એટલે નામરૂપ રહિત બ્રહ્મમાંથી સત્ એટલે નામરૂપ વાળા ઉત્પન્ન થયા. વાસુદેવશરણ અગ્રવાલના મતે સત્ એટલે ભૂત સૃષ્ટિ, અસત્ એટલે પ્રાણસૃષ્ટિ એવો ભાવ છે.

(૩)પ્રથમ મંત્રમાં રોવાદનો પણ ઉલ્લેખ જોવા મળે છે.

(૪)પ્રથમ મંત્રમાં પણ વ્યોમવાદ જોવા મળે છે. આ મત મુજબ વિશ્વના કારણ એવા તત્ત્વને પરમ વ્યોમ કહેવામાં આવ્યું છે.

(૫)પ્રથમ મંત્રમાં અપરવાદનો પણ નિર્દેશ છે. પર અને અપર સાથે જ ગણાય છે. જે અદ્વૈત પરમ વ્યોમ કહેવામાં આવ્યું છે.

(૬)પ્રથમ મંત્રના **किमावरीव: कुह कस्य शर्मन्** આ વાદમાં આવરણ વાદનો પણ નિર્દેશ છે. વાસુદેવશરણ અગ્રવાલ નોંધે છે કે આવરણ એટલે માયા માયા શક્તિ સર્વ કંઈ આવરી લે છે.

(૭)પ્રથમ હતું એવું આ સૂક્તના પ્રથમ મંત્રમાં કહેવાયું છે તેમાં અભ્ભૌવાદ (અભ = પાણી) પણ જોવા મળે છે. સૃષ્ટિ પાણીમાં ડૂબેલી હોય છે એવું પુરાણોમાં કહેવાયું છે.

(૮)આ સુક્તના બીજી મંત્રમા **'न मृत्युरासीदमृतं न बरहीं'** એવી પંક્તિમાં અમૃત-મૃત્યુવાદ પણ પ્રતિબિંબિત થાય છે.

(૯)આ સૂક્તના બીજા મંત્રમાં અહોરાત્ર (=રાત દિવસ) વાદ જોવા મળે છે.

(૧૦) આ સૂક્તના છઠ્ઠા મંત્રમાં દેવવાદનો નિર્દેશ છે. દેવોથી સંસારનું સર્જન થયું છે એવું મનાય છે.

(૧૧) સંશયવાદ એટલે માત્ર શંકાઓ. આ વાદ મંત્ર છઠ્ઠા અને સાતમામાં સંઘરાયેલ છે.

(૧૨) આ સૃષ્ટિની શરૂઆતમાં કામ ઉત્પન્ન થયો એમ કહીને કવિએ કામવાદની પણ નોંધા કરી છે. આધુનિક મહાન માનસશાસ્ત્રી સિગમન્ડ ફ્રોઈડ પણ આ પ્રશ્નને પ્રાધાન્ય આપીને સર્વ માનસ સમાષાનો કામ (Sex) માં રહેલાં છે એવું કહે છે.

(૧૩) લોકમાન્ય તિલક કહે છે કે આવા પ્રકારના આધ્યાત્મિક વિચારથી ભરપૂર આના જેટલો પ્રાચીન લેખ અદ્યાવધિ ઉપલબ્ધ થયો નથી.

(૧૪) શ્રી. યાન હોન્ડા પ્રતીક સિવાયના આ ગંભીર વિચારોથી પ્રભાવિત થયા છે.

**પુરુષ-સૂક્ત (ઋ.વે. ૧૦-૯૦) :-** આ સૂક્તના ઋષિ નારાયણ છે. આ સૂક્તમાં કહેવાયું છે કે હજાર મસ્તકવાળો, હજાર નેત્રવાળો, હજારો ચરણોવાળો પુરુષ વિશ્વને ચારે તરફથી ઘેરીને દસ આંગળ ઊંચો-અદકો રહ્યો છે. આ પુરુષ જ સર્વ કંઈ એટલે કે વર્તમાન, ભૂત તથા ભાવિ છે. તે અમૃતત્વનો અને અન્નથી પોષાતા માણસોનો પણ ઈશ છે. આ વિશ્વ એ પુરુષનો મહિમા-વિભૂતિ છે, પુરુષ તો તેનાથી પણ મોટો છે. તો સર્વ ભૂતમાત્ર તો એ પુરુષના એક પાદ (ચતુર્થાંશ) છે. તેના ત્રણ પાદ તો ભૂલોકમાં અમૃત સ્વરૂપે છે. એ પુરુષમાંથી 'વિરાજ'નું સર્જન થયું. વિરાજમાંથી પુરુષ જન્મ્યો પુરુષને હવિ તરીકે લઈને જયારે દેવોએ યજ્ઞ કર્યો ત્યારે વસંત-ઋતુ તેનું ઘી બની, ગ્રીષ્મ સમિધ બની અને શરદ હવિ બની, બધાં દ્રવ્યો જેમાં હોમવામાં આવ્યાં હતાં, તે યજ્ઞથી પૃષદાજય ઉત્પન્ન થયું. તેમાંથી અંતરિક્ષ, વન અને પશુઓને પુરુષે ઉત્પન્ન કર્યાં. તે યજ્ઞથી ઋચા અને સામ ઉત્પન્ન થયાં. તેમાંથી છંદો સર્જાયાં. તેમાંથી યજુસ્ ઉત્પન્ન થયો. તેમાંથી પ્રાણીઓ પેદા થયાં. તેમાંથી ગાયો ઉત્પન્ન થઈ. તેમાંથી ઘેટાં-બકરાં પણ સર્જાયા તે પુરુષનું મુખ બ્રાહ્મણો થયાં, ક્ષત્રિયો તેની ભુજાઓ બન્યાં, વૈશ્યો તે તેની જાંઘ બન્યાં. તેના ચરણોમાંથી શૂદ્ર પેદા થયાં. તેના મનમાંથી ચંદ્ર ઉત્પન્ન થયો. નેત્રમાંથી સૂર્ય જન્મ્યો. મુખ્યમાંથી ઈન્દ્ર અને અગ્નિ તેમજ પ્રાણમાંથી વાયુ ઉત્પન્ન થયાં. તે પુરુષની નાભિમાંથી અન્તરિક્ષ, મસ્તકમાંથી દિશાઓ ઉત્પન્ન થઈ. દેવોએ પુરુષને યજ્ઞ-પશુ તરીકે બાંધીને ઈતિહાસ યજ્ઞ કર્યો ત્યારે સાત પરિધિઓ અને એકવીસ સમિધ યોજાયાં હતાં. દેવોએ યજ્ઞપુરુષ દ્વારા યજ્ઞ કર્યો. તે ક્રમે પ્રથમ ધર્મ બન્યો અને મહિમાયુક્ત તે સ્વર્ગમાં પહોંચ્યો.

**વિશેષ નોંધ** (૧) અહીં પુરુષને વિશ્વનો આધાર તથા સર્વસ્વ કહેવાય છે. (૨) ગૌ.ચુ. ઝાલાને મતે 'સહસ્ર' શબ્દનાં અર્થ હજાર નહિ, અનેક કરવાનો છે. (૩) 'પુરુષ વિશ્વથી દસ આગળ વધુ છે' એમ કહેવાનું તાત્પર્ય છે કે પરમાત્મા વિશ્વમાં ઓતપ્રોત હોવા છતાં તે વિશ્વથી પર છે. પરમેશ્વર જ ભૂત, વર્તમાન જેવા આદિનો નિયામક છે. (૪) શ્રી ઝાલા કહે છે કે "આ પુરુષ એટલે પ્રાણવાન એવું કોઈ ચેતન તત્ત્વ વિશ્વના ભૂત, વર્તમાન ભાવિનો નિયામક છે. તે મર્ત્યે અને અમર સહુનો ઈશ

છે, સ્વામી છે.'' (૫) આ સૂક્ત કહે છે કે પુરુષે જ સર્વ કાંઈ સર્જ્યું છે. પુરુષનો જ દેવોએ પશુ તરીકે ઉપયોગ કર્યો અર્થાત્ વિશ્વને સર્જવા પરમાત્માએ પણ પોતાની જાતનું સમર્પણ કરવું પડે છે.

**હિરણ્યગર્ભ સૂક્ત :-** (ઋ.વે. ૧૦-૧૨૧) આ સૂક્તના ઋષિ હિરણ્યગર્ભ છે, તથા **कस्मै देवाय हविषा विधेम** અહીં ઇષ્ટ દેવતા છે. આ સૂક્ત કહે છે કે હિરણ્યગર્ભનો સૌ પ્રથમ પ્રાદુર્ભાવ થયો. તે જન્મતાં સાથે જ સઘળા પ્રાણીનો સ્વામી બન્યો છે. તેણે આ પૃથ્વી તથા ઘુલોકને ધારણ કર્યાં. અમે એવા પ્રજાપતિનું હવિથી પૂજન કરીએ છીએ. પ્રજાપતિ જ પ્રાણદાતા છે, બલદાતા છે, તેની આજ્ઞા સહુ માને છે, તેની આજ્ઞા દેવો પણ માને છે. તેની છાયા અમૃત અને મૃત્યુ તે પોતાના મહિમાંથી પ્રાણીઓનો એકમાત્ર રાજા બન્યો છે. તે આ બે પગે ચોપગાં પર શાસન કરે છે એવા પ્રજાપતિનું અમે હવિથી પૂજન કરીએ છીએ. આ સર્વદિશાઓ તેના બાહુઓ છે. તેના મહિમાથી ભૂલોક ઓજસ્વી અને પૃથ્વી સ્થિર છે, તેનાથી સ્વર્ગ સ્તંભિત કરાયું છે. તેનાથી સૂર્ય સ્થિર કરાયા છે. તે અંતરિક્ષના સર્વ પદાર્થોનો જ્ઞાતા છે. રક્ષણ માટે સ્થિર થયેલા પ્રકાશિત આકાશ અને પૃથ્વી પણ તેના તરફ જુએ છે. તેના આધારે જ સૂર્ય પ્રકાશિત થાય છે. તે હિરણ્યગર્ભ જ અગ્નિને પોતાના ગર્ભમાં ધારણ કરે છે. મહાન જળે સમગ્ર લોકને વ્યાપ્ત કર્યાં. તે જ સર્વ દેવોમાં સર્વોપરિ દેવ હતો. તે જ પૃથ્વીનું નિર્માણ કરનાર છે. તેણે રમણીય પાણીને ઉત્પન્ન કર્યું તે પ્રજાપતિનું હવિથી પૂજન કરીએ છીએ.

**વિશેષ નોંધ :-** (૧) ઋગ્વેદના તત્ત્વજ્ઞાનના વિચારોમાં હિરણ્યભર્ગ સૂક્ત ખાસ મહત્ત્વ ધરાવે છે.

(૨) **कस्मै देवाय हविषा विधेम** એવું ધ્રુવપદ સાથેનું આ સૂક્ત રહસ્યવાદ ઊભો કરે છે. વિદેશી વિદ્વાનો કહે છે કે અહીં 'અમે કયા દેવનું પૂજન કરીએ ?' એવો પ્રશ્નાર્થ રહેલો છે. આમ ઋષિ કયા દેવનું પૂજન કરવું એ વિષે શંકાશીલ છે. શ્રી. મેકડોનલ કહે છે કે આ સુક્તના પ્રત્યેક મંત્રમાં પ્રશ્ન છે, જેનો ઉત્તર ૧૦ માં મંત્રમાં છે. તે પદ પાછળથી જોડાયું છે. શ્રી, મેકડોનલ પણ આ સૂક્તને પરમસુંદર સૂક્ત કહે છે. (૩) આ સૂક્ત ઋગ્વેદ ૧૦- ૧૨૧, યજુર્વેદ ૩૨-૩, અથર્વવેદ ૪-૨૭, તાંડય બ્રાહ્મણ ૯-૮-૧૨ માં મળી આવે છે. (૪) આ સૂક્તમાં कः = પ્રજાપતિ એવું અર્થઘટન સાયણ, પજુર્વેદ, શતપથ બ્રાહ્મણ, ઐતરેય બ્રાહ્મણ, જૈમિનીય બ્રાહ્મણ, બૃહદેવતા અને શ્રીમદ્ ભાગવત સ્વીકારે છે. (૫) શ્રી વાસુદેવશરણ અગ્રવાલ ૨ શબ્દમાં પ્રશ્ન અને ઉત્તર બંનેને સમાવી લે છે. (૬) અંતિમ મંત્રમાં 'અમે ધનના સ્વામી બનીએ' એવી કામના કરવામાં આવી છે, અહીં માત્ર પ્રશ્ન જ હોવ તો આવી વાત ન હોય. એ જ બતાવે છે કે ઋપિને **कः** = પ્રજાપતિ એવો અર્થ જ અપેક્ષિત હશે. (૭) 'તે બે પગાં અને ચોપગાનો સ્વામી છે' એમ સુક્તમાં કહેવાયું છે એ બતાવે છે કે અહીં જળ અને અગ્નિ નામના મહાભૂતોનો પણ ઉલ્લેખ છે. (૯) 'મેક્સમૂલર કહે છે કે **"The whole hymn must have been the expression of yeaming after one supreme deity"** (૧૦) શ્રી **F. Edgerton** આ સુક્તને **hyman to the unnamed god"** કહે છે કે'' (૧૧) ડૉ. કીયનું માનસ પૂર્વગ્રહોથી ભરેલું છે. આથી

તેને મેકડોનલની જેમ સૂર્યના વિશેષણ વિશ્વકર્મામાંથી દેવનો વિકાસ દેખાય છે. (૧૨) શ્રી ગિરિધર શર્મા આને ગર્ભ વિજ્ઞાનની આખી પ્રક્રિયા સાથે જોડતાં કહે છે કે 'વિજ્ઞાનની ભાષામાં કહીએ તો કોષના પ્રસુપ્ત રહેલું એવું કેન્દ્રવર્તી તત્ત્વ પોતાનું સ્પન્દનાત્મક કાર્ય કરે છે.' હિરણ્યગર્ભ સૂક્તનું આ હાર્દ છે. આ રીતે હિરણ્યગર્ભ સૂક્ત તત્ત્વજ્ઞાનનાં ગંભીર વિષયને સુંદર શૈલીમાં રજૂ કરે છે.

**અસ્યવામીય સૂક્ત** (૧-૧૯૪) આ સુક્ત પણ તત્ત્વજ્ઞાનના સૂક્તોમાં નોંધપાત્ર છે. અહીં એકેશ્વરવાદનું દર્શન થાય છે. જ્ઞાન, મોક્ષ અને અક્ષર તત્ત્વની સ્તુતિવાળા આ સુક્તની શરૂઆતમાં થયેલી છે. આ સૂક્તમાં ૧૦ ઋચાઓ આવા પ્રકારની છે. ૧૧ થી ૧૫ ઋચાઓમાં ઋતુઓ જેવા સંવત્સર (= વર્ષ) નું વર્ણન છે. પછીની સાત ઋચાઓ પાશ્ચાત્ય વિદ્વાનોને દુર્બોધ લાગી છે. આ સુક્તની ૩૪ થી ૪૨ ઋચાઓમાં દિવ્યવાણીનું મહત્ત્વ ચર્ચાયું છે. બાકીની જ ઋચાઓ છે એમાં યજ્ઞના દેવોનું વર્ણન છે. આ સૂક્તનો એક પ્રખ્યાત મંત્ર મુંડકોપનિષદ્‌માં પણ મળી આવે છે –

**द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।**

**तयोरन्यः पिप्पलं स्वाद्वत्यनश्नन् अन्यो अभि चाकशीति ॥ (ऋ.वे. १-१६४-२०)**

આ મંત્રમાં કહેવાયું છે કે બે સુંદર પાંખવાળા, યુગલ, મિત્રસમાં પાખીઓ એકજ પીપળાનાં વૃક્ષ પર બેઠાં છે. તેમાંથી એક (આત્મા) પીપળાના સ્વાદુ ફળને ખાય છે. અન્ય ઇતિહાસ (પરમાત્મા) તે ખાધા વિના માત્ર જુએ છે. અહીં પરમાત્મા માત્ર દૃષ્ટા છે, જીવ કે આત્મા જ ભોક્તા છે, ભોક્તાપણાનો ભાવ અનુભવે છે. એવું કહેવાયું છે. ૧-૧૯૪-૪૫ મંત્રમાં વાણીનું રહસ્ય વ્યક્ત થયું છે. વાણીના ચાર પ્રકારો છે. પરા, પશ્યન્તી મધ્યમાં અને વૈખરી તેમાંથી વૈખરી એ એક જ પ્રકારની વાણી મનુષ્ય પાસે આવે છે. ઋગ્વેદનું સંજ્ઞાન સુક્ત (૧૦- ૧૯-૨૧ માં) પણ આવા જ ગહન વિચારો દર્શાવે છે. આ રીતે ઋગ્વેદમાં અનેક સ્થળોએ તત્ત્વજ્ઞાન જેવા મળે છે. વેદનો વચનો તો પરમાત્મા દ્વારા સ્વયં સ્ફુરિત છે તેથી તેમના આસ્યો પામવા સહેલાં નથી જ.

**<u>તમારી પ્રગતિ ચકાસો</u>**

**નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો.**

**(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો.**

પ્ર.૧ ઋગ્વેદનાં મહત્ત્વ વિશે ચર્ચા કરો.

પ્ર.૨ **अष्टक** અન **मण्डल** વચ્ચે અન્તર સ્પષ્ટ કરો.

પ્ર.૩ ઋગ્વેદનો દસમો મંડળ અવિચીન છે ? શા પરથી ?

પ્ર.૪ ઋગ્વેદમાં કયા કયા વિષયોની ચર્ચા કરવામાં આવી છે ?

પ્ર.૫ ઋગ્વેદમાં આવતાં ધાર્મિક સૂક્તોની વિશેષતા દર્શાવો.

પ્ર.૬ ટૂંકનોધ લખો.

(૧) દાર્શનિક સૂક્તો (૨) નાસદીય સૂક્ત

પ્ર.૭ નાસદીય સૂક્તની વિરોષતા જણાવો.

પ્ર.૮ ટૂંકનોધ લખો.

**(૧) પુરુષ** સૂક્ત **(૨) અસ્યવામીય** સૂક્ત **(૩)** હિરણ્યગર્ભ સૂક્ત

## 4.3 ઋગ્વેદનાં સંવાદસૂક્તો

ઋગ્વેદમાં રહેલા સંવાદસૂક્તોએ ભારતીય અને વિદેશી વિદ્વાનોનું ધ્યાન ખેંચ્યું છે. આ સૂક્તોનો વિશેષ અભ્યાસ અનેક રીતે મહત્ત્વનો છે. આ સંવાદ સૂક્તોમાંથી અનેક વિદ્વાનોએ સિદ્ધાન્તો સ્થાપવાની કોશિશ કરી છે. આખ્યાનો, સંસ્કૃત રૂપકો વગેરેનું મૂળ આ સંવાદસૂક્તો છે એવું પણ વિદ્વાનો માને છે.

**વિવિધ પ્રકારના સંવાદો** - આ સંવાદ સૂક્તોને વિવિષ પ્રકારોમાં વહેંચી શકાય એમ છે.

એકોક્તિ (Monologue) ઈન્દ્રની એકોક્તિ (૧-૧૧૯, ૧૦-૧૧૯) જુગારીની સ્વગતોક્તિ (૧૦-૩૪) વગેરે.

બે વ્યક્તિઓનો સંવાદ - ઈન્દ્ર અને વરૂલ (૪-૪૨) નેમાભાર્ગવ અને ઈન્દ્ર (૮-૧૦૦) યમ અને યમી (૧૦-૧૦) પુરૂરવા અને ઉર્વશી (૧૦-૯૫)

ત્રણ વ્યક્તિઓનો સંવાદ - અગત્સ્ય, લોપામુદ્રા અને તેમના પુત્ર (૧-૧૭૯), ઈન્દ્ર અદિતિ અને વામદેવ (૪-૧૮); ઈન્દ્ર, વસુ અને તેની પત્ની (૧૦-૨૮) ; ઈન્દ્ર, ઈન્દ્રાણી અને વૃષાકષિ (૧૦-૮૬); વિશ્વામિત્ર અને નદીઓ (૩-૩૩); ઈન્દ્ર, વિશ્વામિત્ર અને જમદગ્નિ (૧-૧૬૧).

વ્યક્તિ અને સમૂહનો સંવાદ - ઈન્દ્ર અને મરુતો (૧-૧૭૦); વસિષ્ઠ અને તેના પુત્રો (૭-૩૩); સરમાં અને પણિઓ (૧૦-૧૦૮)

**સંવાદ સૂક્તો વિષે કેટલીક નોંધપાત્ર માહિતી :-**

આ સંવાદ સૂક્તોમાં નાટયાત્મક તત્ત્વો તો રહેલાં જ છે. આ સૂક્તો યજ્ઞો વખતે પ્રયોજાતા હશે. આ સૂક્તો સાથે સંગીત મળતાં એમાં ગેયતા ભળતી હશે. વિદેશી વિદ્વાનો અહીં જાત- જાતની કલ્પનાઓ કહે છે.

(૧) શ્રી મેક્સમૂલર ૧-૧૯૫ સૂક્ત વિષે કહે છે કે આ સંવાદો યજ્ઞ સમયે મરુતો અને ઈન્દ્રના માનમાં બોલાતાં. આ સંવાદો પુરોહિતોનાં બે સમૂહો ભજવતાં ભજવતા બોલતાં. એક જૂથ ઈન્દ્રનો પાઠ ભજવતું, બીજું જૂથ મરુતોનો પાઠ ભજવતું.

(૨) પ્રો. સિલવા લેવી સંવાદ સૂક્તોમાં નાટકનાં મૂળ જુએ છે.

(૩) શ્રી શ્રોડર પણ સિલ્વા લેવી જેવો જ મત ધરાવે છે.

(૪) પ્રો. હર્ટલ કહે છે કે સંવાદસૂક્તોમાં નાટકના અંશો રહેલા છે.

(૫) ડૉ. ઓલ્ડનબર્ગના મતે આ સંવાદસૂક્તો લોકોમાં પ્રચલિત આખ્યાનોના બાકી રહેલા અંશો છે.

(૬) મૂળમાં તો આ સૂક્તો ગદ્ય અને પદ્યવાળાં આખ્યાનો હતાં. તે બધાં લોકોની જીભે વહેતાં રહેતાં હતાં. સમય જતાં તેમાંનો ગદ્યભાગ લુપ્ત થયો. પદ્યમય આખ્યાનો જળવાઈ રહ્યા. શૂનઃશેષનું આખ્યાન આનું ઉદાહરણ છે. પથભાગ વધારે સરસ અને સાહિત્યનો રોચક હોવાને લીધે સમયના પ્રવાહમાં ટકી રહ્યો. જો કે ઓલ્ડનબર્ગને આવી કલ્પના ઈતિહાસ આવી હોય તેના મૂળમાં સંયુકાવ્ય જોઈને તેમને આ વાત સ્ફૂરી હોય એવું બને.

(૭) વિન્ટરનિટ્ઝ — વૈદિક સંવાદસૂક્તો અડધાં કાવ્યમાં હતાં, અર્ધ નાટ્યાત્મક હતાં એવું તેઓ માને છે. શ્રી વિન્ટરનિટ્ઝ સંવાદસૂક્તોને સંપૂર્ણ નાટયાત્મક તરીકે સ્વીકારતા નથી.

(૮) ડો. એ.બી. કીથ અન્ય વિદેશી વિદ્વાનોના અભિપ્રાયો પણ સ્વીકારતા નથી. તેઓ સંવાદસૂક્તોમાં નાટકમાં બીજ રહેલાં છે એવું સ્વીકારે છે ખરા !

(૯) શ્રી જયદેવભાઈ શુકૂલ સંવાદસૂક્તોમાં લોકવાર્તાઓનાં અંશો જુએ છે.

(૧૦) ડો. મેકડોનલ કહે છે કે આ કવિતાના ગીતો પરવર્તી યુગના મહાકાવ્ય અને નાટ્ય સાહિત્યના પૂર્વાભાસ છે. આથી સંવાદ સૂક્તો અનેક રીતે અગત્યનાં છે. થોડાક સૂક્તો વિશે વિસ્તારથી માહિતી મેળવીએ.

**વિશ્વામિત્ર - નદી સંવાદસૂક્ત (ઋ. વે. 3-33)** ઋગ્વેદનું આ સંવાદસૂક્ત અત્યંત પ્રસિદ્ધ છે. વિશ્વામિત્ર ઋષિ અને વિપાટ (આપુનિક બિયાસ) તથા શતુદ્રી (અત્યારની સતલજ) નદી સાથેનો સંવાદ સૂક્તમાં રજૂ થયો છે. વિશ્વામિત્ર ઋષિને પિજવનના પુત્ર સુદાસ દ્વારા દાનમાં ધનસંપત્તિ મળી હતી સુદાસના પુરોહિત એવા વિશ્વામિત્રે ધનસંપત્તિના ગાડાં ભરીને નદીના કિનારા સુધી પ્રયાણ કર્યું. તેઓ વિપાટ અને શુતુદ્રીનદીના કિનારા સુધી આવી પહોંચ્યા. આ બંને નદીઓને પાણીથી છલકાઈ ગયેલી જોઈ. આ સૂક્તમાં વિશ્વામિત્ર ઋષિ હરીફાઈ કરતી ઘોડીઓ જેવી, વાછરડાને ચાટવા જતી ગાયો સમી, સમુદ્ર તરફ પસમસતા વેગે પ્રયાણ કરતી બે નદીઓને રસ્તો

આપવા તથા તેમને સામે કિનારે જવા દેવા વિનવે છે. આ સંવાદ ખૂબ સુંદર છે. વિશ્વામિત્રની વિનંતી સ્વીકારીને બે નદીઓ આ મહર્ષિને રસ્તો આપે છે.

**વિશેષ નોંધ :-** (૧) આ સૂક્ત અત્યંત રોચક શૈલીમાં લખાયેલ છે. (૨) આ સૂક્તની ભાષા સંવાદોને માફક આવે એવી છે. (૩) આ સૂક્તમાં પ્રથમ મંત્રમાં સમુદ્રને ઈચ્છતી બે નદીઓને હરીફાઈ કરતી બે ઘોડીઓ સાથે સરખાવીને ઋષિએ પોતાના કવિત્વનો પરિચય આપ્યો છે. (૪) નદીઓ માટે ઋષિએ શ્રેષ્ઠમાતા **(मातृतमा** મંત્ર -૩), વિશાળ **(उर्वी** મંત્ર -૩), કલ્યાણમયી **(सुभगा** મંત્ર -૩), પાણીથી કિનારાને પુષ્ટ કરનારી મંત્ર ૮ **पयसा पिन्वमाना पयसा पिन्वमाना** મંત્ર -૪), દેવે નિર્દેશેલા સ્થાન તરફ જનારી **(देवकृतं योनिं चरन्तीः।** મંત્ર -૪), ઋતાવરી (મંત્ર -૫), વગેરે વિશેષણો પ્રયોજયા છે. સ્તનપાન કરાવતી માતા જેમ નીચે નમે તેમ નદીઓ વિશ્વામિત્ર માટે નીચે નમે છે એવું વિધાન કેટલું સાર્થક લાગે છે ! (૫) આ વાર્તાલાપમાં નદીઓની ભવ્યતા તથા રમણીયતા પણ મળે છે. પાંચમાં મંત્રમાં વિશ્વામિત્ર પોતે આત્મગૌરવપૂર્વક પોતાનો પરિચય આપે છે. પોતે સોમનું સંપાદન કરનાર છે. તથા **कुशिकस्य सूनुः** કુશિકના પુત્ર છે એવો સ્વપરિચય તેઓ નદીઓને આપે છે. તેમાં તેનું બ્રહ્મર્ષિપણું તથા રાજર્ષિપણું બંને એક સાથે વ્યક્ત થાય છે. (૭) મંત્ર - ૧૦ માં ઋષિએ નદીના માતા સમાન દર્શાવીને પોતાનો પ્રતિભા-સ્પર્શ દર્શાવ્યો છે. (૮) આ સૂક્તને કેટલાક સંવાદ સૂક્ત, કેટલાક આખ્યાન-સૂક્ત, તો કોઈક તેને કથાકાવ્ય Ballad ગણે છે. (૯) શ્રી સી.વી.વૈદ્ય આ સુક્તના પ્રસંગને આર્યોના પ્રથમ આગમન તરીકે સ્વીકારે છે. (૧૦) શ્રી એ.સી.બોઝ આ શિષ્ટ-કથાકાવ્ય ગણવાના પક્ષમાં છે. આમ આ સંવાદ સૂક્ત અત્યંત સુંદર મનોભાવોને વ્યક્ત કરનારું સૂક્ત છે.

• ***પુરૂરવા - ઉર્વશી - સંવાદ સૂક્ત : (ઋ. વે. ૧૦-૯૫) :-***

*આ સંવાદ સૂક્ત પણ અત્યંત પ્રસિદ્ધ છે. પુરૂરવા અને ઉર્વશીની પ્રણય ભરેલી કથા આ સૂક્તમાં ગૂંથાઈ છે. ઉર્વશી એટલે સ્વર્ગની અપ્રતિમ સૌન્દર્યવતી અપ્સરા ! યુગયુગાન્તર સૌન્દર્યનું પ્રતીક ! ઉર્વશી એટલે 'ઈન્દ્રનું અત્યંત નાજુક પ્રહરણ' એવા શબ્દો કાલિદાસે કહ્યાં છે. સ્વર્ગની આ અનુપમ સુન્દરી પૃથ્વીના રાજા પુરૂરવાના પ્રેમમાં પડે છે. સ્વર્ગમાંથી પૃથ્વી પર રાજા સાથે નિવાસ કરે છે અને પછી રાજા ઉર્વશીની શરતોનો ભંગ કરે છે તેથી ઉર્વશી જતી રહે છે. રાજા તેને શોધતો શોધતો હિમાલય પર્વત પર જાય છે, જ્યાં તેને માનસ સરોવરમાં સ્નાન કરતી જુએ છે અને ત્યાં પુરૂરવા અને ઉર્વશી વચ્ચે આ સંવાદ થાય છે.*

શતપથ બ્રાહ્મણ કહે છે કે ઉર્વશીએ રાજા પુરૂરવા પાસે ત્રણ શરતો મૂકી હતી (૧) તેને ઘીનો આહાર આપવો તથા તેને દંડથી પ્રહાર ન કરવો. (૨) તેનાં પાળેલાં ઘેટાનું રાજાએ ધ્યાન રાખવું. (૩) રાજાએ તેને અનગ્ન દર્શન આપવું. ઈન્દ્રએ કાવતરું કર્યું. તેણે રાજા આ શરતોનો ભંગ કરે એ માટે ગંધર્વોને મોકલ્યા. ગંધર્વોએ ઉર્વશીના પલંગ સાથે બાંધેલાં ઘેટા છોડી દીધાં અને તેઓ નાસવા લાગ્યા. આથી ઉર્વશીની બૂમ સાંભળીને રાજા તેને બચાવવા દોડ્યો. એ સમયે ગંધર્વોએ વીજળીનો

પ્રકાશ કર્યો આથી ઉર્વશી રાજાનું નગ્નદર્શન થતાં જ જતી રહી. આ સૂક્તમાં ઉર્વશીને રાજા પાછી ફરવા તથા પોતાના પ્રેમનો ફરીથી સ્વીકાર કરવા વીનવે છે પણ ઉર્વશી તો કહે છે કે હે પુરૂરવા ! તું હવે ઘરે પાછો જતો રહે. હવે તો હું પવનની જેમ દુષ્પ્રાપ્ય છું. હે પુરૂરવા ! અત્યાર સુધી તારી કામનાને અનુસરતી હતી તથા તું મારા શરીરનો રાજા હતો. હે રાજન્ ! તું અહીંથી જતો રહે, તને વરુઓ ન ખાય. સ્ત્રીઓ સાથે મિત્રતા ન હોય એ તો સાલવૃકોનાં હદવોવાળી હોય છે.

**વિશેષ નોંધ :-** (૧) આ સૂક્તની વિશેષમાહિતી શતપથ બ્રાહ્મણ (૫૧-૨) બૃહદેવતા (૭, ૧૪૦-૧૮૭) સર્વાનુક્રમણી (૧૦-૫૮) હરિવંશ પુરાણ (૨૬, ૧૩-૪૯) તથા અનેક પુરાણોમાં પ્રાપ્ત થાય છે. (૨) આ સુક્તનું વસ્તુ પસંદ કરીને મહાકવિ કાલિદાસે 'વિક્રમોર્વશીય' નાટક લખ્યુ છે. (૩) રાજા પુરૂરવા પોતાની પ્રિયતમાને લાંબા સમય સુધી ગુમાવી દે છે અને પછી એકાએક તેને જુએ છે. પુરૂરવા પુનર્મિલનને સ્થાયી બનાવવા તથા ઉર્વશીને પાછી પૃથ્વી પર લાવવા આતુર છે, પણ ઉર્વશી તો પુરૂરવાનો તદ્દન તિરસ્કાર કરે છે. (૪) સાચા પ્રેમી તરીકે પુરૂરવા કહે છે કે 'હે ઉર્વશી ! આજે તારો વલ્લભ (=વહાલો) પાછો નહીં ફરે, એ દૂર પેલી પાર પ્રયાણ કરશે (-મરવા માટે કૂદી પડશે) ઉર્વશી આ વાક્ય સાંભળીને ક્ષુબ્ધ જરૂર થાય છે, પણ તે હવે પાછી ફરી શકે તેમ નથી. એ તો પ્રત્યુત્તર આપે છે કે સ્ત્રીઓનાં હદયો તો વરુ જેવાં હોય છે. આ નાનકડા સંવાદમાં બે વિખૂટાં પડેલાં પ્રેમીઓની મનોવ્યથાને ઋષિએ ખૂબ સરસ વાચા આપી છે. (૫) આ સુક્તમાં એક અન્ય લાક્ષણિકતા છે કે એમાં બંને પાત્રો નિખાલસ રજૂઆત કરે છે. (૬) શ્રી રવીન્દ્રનાથ ટાગોરે ઉર્વશીને પોતાની આગવી રીતે મૂલવતાં તેને 'યુગયુગાન્તર તું કેવળ વિશ્વની પ્રેયસી અપૂર્વ શોભના ઉર્વશી કહી છે. (૭) પ્રા. કૌશાંબી ઉર્વશીને **Prevedic mothe goddess** કહે છે. (૮) મેક્સમૂલર ઉર્વશીને ઉપાની રૂપાત્મક અભિવ્યક્તિ માને છે. (૯) આ સંવાદ સૂક્તની વસ્તુ, વિષય, સંવાદની ભાષા, કાવ્યત્વ, ધાર્મિક, સામાજિક તથા રાજકીય પરિસ્થિતિ વિશેની જાણકારી માટે આ સૂક્ત અત્યંત અગત્યનું છે.

- **સરમા-પણિનું સંવાદ-સૂક્ત (ઋ.વે. ૧૦-૧૦૮)**

આ સૂક્તમાં પણિઓ નામના અસુરો તથા સરમા નામની દેવોની કૂતરી વચ્ચેનો સંવાદ રજૂ થયો છે. પણિ નામના અસુરાએ દેવોની ગાયોનું અપહરણ કર્યું. તેઓએ રસા નામની નદીની પેલે પાર જઈને ગુફામાં ગાયોને સંતાડી દીધી. ગાયોને શોધી કાઢવા માટે દેવોએ સરમા નામની કૂતરીને પસંદ કરી. (આજે પણ પોલીસ તંત્ર ગુનેગારોને શોધવા માટે કૂતરાનો ઉપયોગ કરે છે ને !) સરમાએ રસા નામની નદીને પાર કરીને પણિઓ લુચ્ચા, બદમાશ તથા લડવૈયા પણિઓને શોધ્યા તો હતાં. તેમણે સરમાને કહ્યું કે 'અમારાં હથિયારો તો તીક્ષ્ણ છે !! (મંત્ર - ૫) પણ સરમા તો દેવોની નીડર અને વફાદાર ગુન્હાશોષક હતી. તેણે ઈન્દ્રની શક્તિનું વર્ણન કરીને કહ્યું કે ઈન્દ્ર પણિઓની ચોક્કસ વિનાશ કરશે. પણિઓ નવા દાવ રમવા માંડ્યા. તેમણે સરમાને પોતાની બહેન બનાવીને તેને ચોરેલી ગાયોમાં ભાગ આપવાની વાત કરી સરમાને લાંચ આપીને ફોડી નાખવાની તેમની યુક્તિ અસફળ ગઈ.

સરમા-પણિ સૂક્ત પાછળની કથા-દેવોના ગુરુ બૃહસ્પતિ પાસે ગાયોનું વિશાળ પણ હતું. ચોરટા એવા પણિઓ આ ગાયોને લાગ જોઈને ઉપાડી ગયા. પણિઓ પાસે જઈને સરમાએ દેવગુરુની ગાયો *પાછી મેળવી લાવવાની વાત સાયણ નોધે છે. આ સૂક્તમાં એક અન્ય વાત પણ નોંધપાત્ર છે. પણિઓ કોણ હતા ? વિદ્વાનોના મતે આર્યોને હેરાન કરનારી ત્રણ જાતિઓ હતી - દાસ, દસ્યુ, અને પણિઓ. આમાં પણિઓ સૌથી વધુ ખતરનાક હતા. આમાં પણિઓ અંતરિક્ષમાં ઉચ્ચતર સ્થાનમાં રહેનારા દૈત્યોનો એક વર્ગ હતો. તેઓ શરૂઆતમાં માત્ર ઈન્દ્રના શત્રુઓ હતા, પણ વળી બધા દેવોના શત્રુઓ બની ગયા હતા.*

*આ સૂક્તમાં ધારદાર સંવાદો, સરમાનું તેજસ્વી પાત્ર, પણિઓની લુચ્ચાઈ તથા ખંધાઈ વગેરેને લીધે આ સૂક્ત અત્યંત અસરકારક છે. આ સૂક્તનો આખ્યાન ભાગ નષ્ટ થઈ ગયો. હશે એવું શ્રી ઓલ્ડનબર્ગ માને છે. આ સૂક્તમાં સંવાદોની ધારદાર અભિવ્યક્તિ નોંધપાત્ર છે.*

- **યમ-યમીનું સંવાદ સૂક્ત (ઋ.વે.૧૦-૧૦)**

આ સૂક્તમાં ધર્મરાજ યમ વૈવસ્વત અને તેની બહેન યમી વચ્ચેનો સંવાદ છે. યમી યમને એકાંત સ્થાનમાં પોતાની સાથે અનૈતિક સંબંધ બાંધીને પોતાની સાથે રતિકીડા કરવા લલચાવે છે. યમરાજ એટલે ધર્મરાજ, યમ નીતિમત્તામાં દઢ શ્રદ્ધા ધરાવે છે. તે યમીને કહે દે છે કે યમી સાથે તે અનૈતિક સંબંધ બાંધશે નહિ. આ સૂક્તમાં યમ અને યમી ઋષિ-ઋષિકા છે. યમી તો વેલ વૃક્ષને વળગી જાય એમ યમને પામવા આતુર છે, પણ યમ કહે છે કે ‘હે યમી ! તું તો મારી સહોદરા બહેન છે. તું કહે છે તે મારું અભિષ્ટ નથી. તું તારી ઈચ્છા પ્રમાણે પતિને પસંદ કર.’ યમ દઢનિશ્ચયી છે. તે યમીને કહે છે કે **अन्यो किल त्वां कक्ष्येव युक्तं परिष्वजाते लिबुजेव वृक्षम् ।** હે સુભગા ! તને ભલે બીજો કોઈ આલિગે, તું મારી પાસેથી ચાલી જા. તારું કલ્યાણ થાય ! આ સૂક્તમાં યમ-યમીનાં પાત્રો અત્યંત આકર્ષક છે. અહીં ધર્મ અને કામ વચ્ચેના સંઘર્ષમાં ધર્મનો જય થાય છે. શ્રી.યાન હોન્ડા જેવા વિદ્વાન પણ આ સૂક્તને પ્રશંસે છે. અહીં એક જ લોહીનો સંબંધ અયોગ્ય છે તે દઢ રીતે પ્રતિપાદિત થાય છે. યમ યમીને મૃદુતા તથા ગંભીરતાપૂર્વક અનર્થને માર્ગે જતા રોકે છે. આ સૂક્ત ઋગ્વેદની સામાજિક સ્થિતિ તથા ખાસ કરીને લગ્ન-વ્યવસ્થા અંગેના નીતિશાત્રનાં મૂલ્યો અંગે વિશેષ પ્રકાશ પાથરે છે. આ સૂક્તમાં ભાઈ-બહેનના જાતીય સંબંધો અનૈતિક છે એ વાત દઢ રીતે રજૂ થઈ છે. આ સૂક્તનો અંત જોકે અસ્પષ્ટ છે. છતાં આ સૂક્તની ભાષાકીય તથા વિચારોની આંતરિક સમૃદ્ધિ પૂરતાં પ્રમાણમાં છે.

❖ **ઋગ્વેદનાં પ્રકૃતિસૂક્તો :**

ઋગ્વેદ એટલે નરી સ્વાભાવિક્તા. પ્રકૃતિના લીલાછમ ખોળે ઉછરતા માનવીઓ તો તદ્દન નિર્દોષ અને નિર્દભ, વૈદિક સમયના ઋષિઓ પ્રકૃતિના સૌન્દર્યને ભરપેટ પીનારા ને સત્ય અને ઋતને પ્રકૃતિમાં શોધનારા કાન્તર્દષ્ટા આત્માઓ હતા.

પ્રકૃતિમાં વિવિધરૂપો આ ઋષિઓએ જોયાં. તેમને આત્મામાં ઉતાર્યાં અને તેમાંનું રમ્ય દર્શન સાક્ષાત્ કર્યું.

**પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપો**

સવારનું સ્વરૂપ, ગૃહસ્થના ઘરમાં સતત પ્રકાશિત અગ્નિ, ગાયોનું ધ્યાન રાખતું પૂપારૂપી સૂર્યનું રૂપ, વાવાઝોડાવાળા પવનો, આકાશના રંગમંચ પર નૃત્ય કરતી નર્તકી જેવી ઉષા, પ્રાણીને પોતાની ગોદમાં સૂવાડી દેતી રાત્રી-વગેરેના રમ્ય અને મનોહર વર્ણનો આપણને ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. ઋગ્વેદના ઋષિઓ પ્રકૃતિ પ્રત્યે ઊંડા આદરભરી લાગણી ધરાવે છે. અહીં આપણે અરણ્યાની સુક્ત વિશે વિહંગાલોકન કરીએ.

**અરણ્યાની સૂક્ત** - **(ઋ.વે. ૧૦-૧૪૬)** આ નાનકડા સૂક્તમાં વનની દેવીને સંબોષીને ઋષિ કહે છે, "હે વનની દેવી! હે વનની દેવી ! તું દેખાતી નથી. તું એકાએક અલોપ થઈ જાય છે. તું ગામમાં જવાનું તો નામ જ નથી લેતી. તેને જંગલમાં એકાંતમાં ડર નથી લાગતો ? જ્યારે કંસારીના નાદને પાસે રહીને ચીંચવો ઝીલતો હોય છે એ સમયે સંગીતના સૂરોની ભેટ વનદેવીને ચરણે એ દોડતો દોડતો પરે છે. કોઈક માણસ ગાયને સાદ પાડે છે. ત્યા પેલો માણસ લાકડાં કાપે છે. સંધ્યાસમયે વનમાં રહેલાં વટેમાર્ગુએ કોઈએ બૂમ પાડી હોય એવું માને છે. જો માણસ હિંસક વૃત્તિથી આક્રમણ ન કરે તો વનદેવી તેને મારતી નથી." આ સુક્ત અત્યંત કાવ્યમય તથા રમણીય ભાવવાળું છે. ઋપિએ અહીં વનદેવતાની સુંદર સ્તુતિ કરી છે. અહીં ઋષિ વનદેવતાના મોહક સ્વરૂપને સહજતાથી વર્ણવે છે. તે અરણ્યાની લેપન દ્રવ્યોથી મહેકે છે. સુગંધ-યુક્ત છે. તે પુષ્કળ અનાજ પેદા કરનારી છે. તે વનદેવી પ્રાણીમાત્રની માતા છે. અહીં ઋષિએ વનમાં રાત્રે સંભળાતા અસંખ્ય અવાજો તથા એકલા વનમાં રહી ગયેલા માનવની ભયમિશ્રિત લાગણી પણ વ્યક્ત કરી છે.

## 4.4 ઋગ્વેદનું સાહિત્યિક મૂલ્યાંકન

**ઋગ્વેદની ભાષા :** ઋગ્વેદ વૈદિકસાહિત્યનો અત્યંત પ્રાચીન ગ્રંથ છે. ઋગ્વેદમાં દસ મંડળો છે. આ મંડળો પણ જુદા જુદા સમયની રચનાઓ છે. ઋગ્વેદનું પ્રથમ તથા દશમ મંડળ તો અન્ય મંડળો કરતાં અવિચીન જ છે. ઋગ્વેદનાં સૂક્તો કોઈ એક ઋષિ દ્વારા દર્શન થયાં નથી. અહીં ભાષામાં સમયના વિવિધ સ્તરો જોવા મળે છે.

શ્રી રાહુલ સાંકૃત્યાયન 'ઋગ્વેદિક આર્ય' નામના પુસ્તકમાં લખે છે કે "વેદની ભાષા અપેલા કૃત ઓછી પ્રાચીન છે. તામ્રયુગના સમાજની આ ભાષા છે. વિકાસની દૃષ્ટિએ પાલી, પ્રાકૃત, અપભ્રંશ અને અન્ય ભારતીય ભાષાઓ વિકાસ પામીને જે હદ સુધી પહોંચી છે તેટલો તેનો વિકાસ થયો નથી. આ રીતે તેને અપરિચિત અને દુરૂષ શબ્દોવાળી ભાષા કહી શકાય. આ ભાષાને આપણે પાણિનીય સંસ્કૃતની પૃષ્ઠભૂમિમાં રાખીને સમજવા ઈચ્છીએ છીએ. પાણિનીય નિયમોના અપવાદોની સંખ્યા જોઈને આપણને વૈદિક ભાષાની પ્રકૃતિ અધિક ક્લિષ્ટ લાગે છે. જો વેદની ભાષાને વૈદિક

ઉદાહરણો એટલે કે વૈદિક પાઠમાલાની મદદથી શીખવવામાં આવે તો તો તે જરૂર સરળ પડે તેનો અર્થ સંદિગ્ધ પણ છે." વૈદિક ભાષામાં અનિશ્ચિત અને અપવાદપૂર્ણ ક્રિયાપદોને લેટ્ લકારમાં યોજાય છે. આ રીતે વૈદિક ભાષા જો આપણે લૌકિક વ્યાકરણની મદદથી આપણે શીખવા બેસીએ તો જરૂર અઘરી લાગે વૈદિક વ્યાકરણના સંદર્ભમાં વેદની ભાષાને મૂલવવી જોઈએ.

ઋગ્વેદમાં વપરાયેલા વિવિધ છંદો : - ઋગ્વેદમાં જે છંદો વપરાયેલા છે તે લૌકિક સંસ્કૃતના છંદો કરતાં અલગ છે. આ છંદોના અક્ષરોની ગણતરી કરવામાં આવે છે. જે મુખ્ય છંદો વપરાયા છે તે નીચે મુજબ છે :-

| **છંદ** | **પાદો** | **પાદના અક્ષરો** | **કુલ અક્ષરો** |
|---|---|---|---|
| ગાયત્રી | ત્રણ | ૮ + ૮ + ૮ | ૨૪ |
| ઉષ્ણિક | ત્રણ | ૮ + ૧૨ + ૮ | ૨૮ |
| અનુષ્ટુપ | ચાર | ૮ + ૮ + ૮ + ૮ | ૩૨ |
| બૃહતિ | ચાર | ૯+ ૯ + ૯ | ૩૬ |
| પંક્તિ | પાંચ | ૮ + ૮ + ૮ + ૮+ ૮ | ૪૦ |
| ત્રિષ્ટુપ | ચાર | ૧૧ +૧૧ + ૧૧ + ૧૧ | ૪૪ |
| જગતી | ચાર | ૧૨ +૧૨ + ૧૨ + ૧૨ | ૪૮ |

સરળ શબ્દો, સરળ ભાષા - રાહુલ-સાંકૃત્યાયન ઋગ્વેદની ભાષાને ક્લિષ્ટ કહે છે. તેની સાથે સહમત થઈ શકાય એમ નથી. અહીં તો નરી કવિતા, સરળ અને મપુર શબ્દોમાં વ્યક્ત થઈ છે. જુઓ નીચેની પંક્તિ –

**समानो मन्त्रः समितिः समानी समानं मनः सह चितमेषाम् ।**

**समानं मन्त्रमभिमन्त्रये वः समानेन वो हविषा जुहोमि ।।**

"તમારો મંત્ર સમાન હો, અમારી સમિતિ સમાન થાઓ, તમારું મન અને ચિત્ત એક સમાન હો હું સમાન મંત્રથી તમને આહ્વાન આપુ છું. હું એક સમાન હવિષથી હોમ કરું છું."

**उतत्वः पश्यन् न ददर्श वाचम् उत त्वः पश्यन् न शृणोत्येनाम्**
**उतो त्वस्मै तन्वं विसस्त्रे जायेव पत्य उशती सुवासाः ॥ १०-१८२-३**

તે વાણીને એક જોતો હોવા છતાં પણ જોતો નથી, વળી, એક સાંભળતો હોવા છતાં પણ સાંભળતો નથી. (પતિની) કામના કરતી, સુંદર વસ્ત્રવાળી પત્ની જેમ પતિ સમક્ષ સુંદર વજ્ર દૂર કરીને પોતાનું સ્વરૂપ પ્રગટ કરે તેમ કોઈક સામે આ વાણી પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે. "વેદ તો કહે છે કે: आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः (ઋ.વે.1-89-7) "અમારા તરફ ચારે તરફથી કલ્યાણકારી વિચારો આવો."

**રસ નિરૂપણ :** કાવ્યમાં રસ જ મુખ્ય હોય છે એવું આલંકારિકો માને છે. ઋગ્વેદનાં સૂક્તોમાં પણ રસનિરૂપણની ખામી નથી. શ્રી જગન્નાથે તો કહ્યું છે કે **वाक्यं रसात्मकं काव्यम्'** આપણે પણ ઋગ્વેદમાંથી થોડાંક ઉદાહરણો જોઈએ.

**कन्येव तन्वा शाशदाना ऐषि देवि देवमियक्षमाणम् ।**

**संस्मयमाना युवतिः पुरस्तादाविर्वक्षांसि कृणुषे विभाति ॥**

હે દેવી ! તું કન્યાની જેમ પોતાના દેહથી વિશદતા પામીને અભિમત (મનગમતા) (પતિ-સૂર્ય) પાસે ગમન કરે છે. પછી તેની પાસે સહેજ હાસ્ય કરતી અને અત્યંત શોભતી યુવતી જેવી તું તારા વક્ષઃસ્થળને પ્રગટ કરે છે. (દર્શાવે છે.)

આ ઋચામાં ઉપા નાયિકા છે, સૂર્ય નાયક છે. એ રીતે ઋષિએ શૃંગાર રસ નિરૂપ્યો છે. પુરૂરવા ઉર્વશીના સંવાદસૂક્તમાં પણ શૃંગારરસ જોવા મળે છે. એ જ રીતે વિવાહ સૂક્ત (૮૦-૮૫) માં પણ શૃંગારરસનું સુંદર નિરૂપણ છે.

વીરરસ - ઈન્દ્રનાં સૂક્તોમાં આપણને વીરરસ માણવા મળે છે. ઈન્દ્રના પરાક્રમોથી તથા ઈન્દ્રનાં અદ્ભુત કર્મોથી સૂક્તો છલકાય છે. અપ્રતિરથ નામના ઋષિ ઈન્દ્રનો પરિચય આપે છે કે -

**आशुः शिशानो वृषभो न भीमो घनाघनः क्षोभणश्चर्षणीनाम् ।**

**संक्रन्दनोऽनिमिष एकवीरः शतं सेनामजयत् साकमिन्द्रः ॥ (ऋ-१०-१०३-१)**

ભયંકર વૃષભની જેમ, ઝડપથી શત્રુને ભય પમાડીને, શત્રુઓનો ઘાતક, દ્વેષી મનુષ્યોને ક્ષોભ પમાડનાર આંખોના પલકારા વિનાના એકવીર (કોઈની સહાય વિના કાર્ય કરનાર) ઈન્દ્રે સેંકડો સેનાઓને જીતી લીધી છે અહીં ઈન્દ્રનું આક્રમણ ઉદ્દીપન વિભાવ છે. શત્રુનો નાશ આલંબન વિભાવ છે. ઈન્દ્રનો ઉત્સાહ એ સ્થાયી ભાવ છે. ઋષિઓને સ્તબ્ધ કરવા પ્રતિ આક્રમણ કરવું વગેરે અનુભાવો છે. આવેગ, ઉગ્રતા વગેરે સંચારી ભાવો છે.

**કરુણરસ :-** ઋગ્વેદનાં સૂક્તોમાં કરુણ રસ પણ સાવ સ્વાભાવિક રીતે આવે છે. મૃત પતિના દેહ નજીક વિલપતી સ્ત્રીને લોકો કહે છે કે -

**उदीर्ध्व नार्यभि जीवलोकं गता सुमेतमुपशेष एहि । (१०-१८-८)**

"હે સ્ત્રી ! (મૃત) પતિ પાસેથી જીવ લોકોને ઉદેશીને તારા પતિ પાસેથી ઉઠ. આ તારા મરેલા પતિ પાસે તું સૂતી છે. માટે આમ આવ" ઋગ્વેદના અક્ષસૂક્ત (૧૦-૩૪) માં જુગારની કરુણ સ્થિતિનું છે. હૃદયદ્રાવક નિરૂપણ થયું છે.

**अन्ये जायां परिमृशन्त्यस्य यस्यागृधद्वेदने वाज्यक्षः ।**

**पित माता भ्रातर एनमाहुर्न जानीमो नयता बद्धमेतत् ॥ १०-३४**

"એ જુગારીની પત્નીને બીજા જુગારીઓ સ્પર્શ કરે છે. પિતા, માતા, ભાઈઓ આ જુગારીને કહે છે કે અમે આને ઓળખતા નથી. અને (દોરડાથી) બાંધીને (તમે ગમે ત્યાં) લઈ જાઓ." આ રીતે હારેલા જુગારીનો વલોપાત કરુણ રસમાં બોળાયેલો લાગે છે.

ઋગ્વેદના પુરુષસૂક્ત (૧૦-૧૦-૧) માં અદ્ભૂત રસનું સરસ નિરૂપણ છે. સહગ્ન મસ્તકો, સહગ્ન આંખોવાળો પુરુષ આ સમગ્ર જગતને વ્યાપીને રહેલો છે. તે વિશ્વમાં વ્યાપ્ત હોવા છતાં દસ આંગળી વધુ મોટો છે.

**રૌદ્રરસ** - ઋગ્વેદ ૨-૧૧-૧૦ માં રૌદ્ર રસનું વર્ણન છે.

**બીભત્સ રસ** - ઋ.વે. ૧.૧૬૧-૧૦ માં માંસ, વીર્ય, રુધિર વગેરેના ઉલ્લેખો છે. તેથી તેમાં બીબત્સ રસ માની શકાય. શાંત રસ તો સૂક્તોમાં હોય જ.

**અલંકારો** - ઋગ્વેદમાં અલંકારો પણ અત્રતત્ર વૈરાયેલ પડ્યાં છે. જુઓ નીચેના મંત્રમાં વૃત્યનુપ્રાસનું કેવું સંગીત વહે છે –

**अम्बितमे नदीतमे देवीतमे सरस्वति ।**

**अप्रशस्ता इव स्मसि प्रशस्तिमम्ब नस्कृधि ॥ ऋ. २-४१-१६ (१०-१०-३६)**

શબ્દોમાંથી રણકાર પેદા કરતો આ મંત્ર જુઓ :-

**गोत्रभिदं गोविंद वज्रबाहुं जयन्तमज्म प्रमृणन्तमोजसा ।**

**इमं संजाता अनु वीरयध्वमिन्दं सखायो अनु सं रभध्वम् ॥**

ઉપમા ઋગ્વેદમાં પ્રસન્ન રમણીય ઉપમાઓ સર્વત્ર વેરાયેલી છે, નિરુક્તકાર યાસ્કે ઉપમાઓ નોંધી છે. ઋગ્વેદમાં इव, नु, चित्, वत् જેવા ઉપમા પ્રતિપાદક શબ્દનો પ્રયોગ થયો છે. ઋગ્વેદના ૧૦ મા મંડળના ૧૦૬ માં સૂક્તમાં અગિયાર મંત્રો છે. તેમાં બાવન ઉપમાઓ છે થોડાંક ઉદાહરણો જોઈએ.

(१) जाये<u>व</u> पत्य उशती सुवासाः । ऋ.वे. १०-७१-४

(२) पतिरि<u>व</u> जायामभि नो न्येतु । ऋ.वे. १०-१४६-४

(३) कल्याणीयुवतीभिर्न मर्यः । ऋ.वे. १०-३०-५

(४) सक्तुमि<u>व</u> तितउना। ऋ. वे. १०-७१-२

(५) उष ऋणे<u>व</u> यातवः । ऋ.वे. १०-१२७-७

* *રૂપક અલંકાર*

(१) यस्य छायामृतं यस्य मृत्युः । ऋ.वे. १०-१२१-२

(२) कामस्तदग्रे समवर्तताधिमनसो रेतः प्रथमं यदासीत् । ऋवे. १०-१२९-४

(३) ब्राह्मणोऽस्य मुखमासीद् (रु.वे. १०-८०-१२)

વગેરે રૂપકનાં ઉદાહરણો છે.

**અતિશયોક્તિઃ ऋक्सामाभ्यामभिहितौ गावी ते सामना वितः । ऋ १०-८५-११** અહીં અતિશયોક્તિ અલંકાર છે.

**વિરોધ :-** જુગારી કહે છે કે જુગારના પાસાઓ નીચે હોવા છતાં ઉપર ઉઠે છે, હાથ વગરના હોવા છતાં હાથવાળા મનુષ્યને બાળે છે. ઠંડા હોવા છતાં હૃદયને બાળે છે. ઠંડા હોવા છતાં હૃદયને બાળે છે. (૧૦- ૩૪) આ ઉપરાંત શ્લેષ, સમાસોક્તિ, નિદર્શના છેકાનુપ્રાસ, યમક વગેરે અનેક અલંકારો મળે છે.

**જીવન દર્શન :-** વૈદિક ઋષિઓએ સત્ય અને ઋતનાં દર્શન કરતાં કરતાં અનેક સત્યોને નિહાળ્યા છે. આ સત્યો તેમણે દિવ્યપ્રેરણાથી મેળવ્યાં છે. અહીં થોડાંક ઉદાહરણો જોઈએ.

(૧) પાસાથી રમીશ નહિ, ખેતી કર એમાં જ તારી પત્ની છે. એમાં જ ધન છે. (ઋ.વે.૧૦-૩૪)

(૨) એક વાણીને જોવા છતાં જોતો નથી, અને સાંભળવા છતાં સાંભળતો નથી. વાણી જેને પસંદ કરે છે. તેની પાસે જ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે. (ઋ.વે. ૧૦-૧૧)

(૩) અમે જે પાપ કરીએ તેને હે સોમ ! તુ ક્ષમા કર. માનવી અનેક કામનાઓવાળો હોય છે. (ઋ.વે. ૧-૧૭૯)

(૪) એક જ માતા હોય એવી બે ગાયો સરખું દૂધ આપતી નથી, એક જ ગોત્રના બે માણસો એક સરખું દાન આપતા નથી. (ઋ. ૧૦-૧૧૭)

(૫) સ્ત્રીઓ સાથે મિત્રતા ન હોય એમનાં હૃદય તો વરુનાં હોય છે. (ઋ.વે. ૧૦-૯૫)

**વેદોમાં ચિત્રબંધ :** ડૉ. ગૌતમ પટેલે વેદોમાં વિવિધ બંધોની શક્યતા પણ રહેલી છે તેની વિગતે ચર્ચા કરી છે અહીં એમાંથી એક બે ઉદાહરણો આપીને સંતોષ માનીએ.

**स्वस्ति न पूषा विश्ववेदा स्वस्तिर्नस्ताक्ष्यर्थ्यो अरिष्टनेमिः ॥**

આ ઉપરાંત રથ ચક્ર બંધ (ય.વે. ૧૪-૨૦) હસ્તાકૃતિ બંધ (ઋ. વે. ૧૦-૧૩-૧) ધનુર્બન્ધ (ઋ.વે. ૧-૯-૧) પદ્મબંધ (ઋ.વે.૨-૨૧-૧) હારબંધ (ય.વે.૩૬.૧૭) છત્ર બંધ (ય.વે. ૩૯-૧૭) વગેરે બંધો પણ મળી આવે છે. આ રીતે ઋગ્વેદની કવિતા અર્થસભર, રમણીય, મધુર પદાવલીઓથી યુક્ત છે.

**ઉપસંહાર :** ઋગ્વેદના કવિઓ એ ભૌતિક અને પ્રાકૃતિક પદાર્થોનું દેવતારૂપને ચિત્રણ કર્યું છે. સમગ્ર સૂક્તોમાં સજીવારોપણ અલંકાર છે વેદની કથાઓએ પ્રકૃતિને મન ભરીને પીધી છે. તેની અલોકિક કવિતાઓ નિહાળી છે, પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો છે. આ સૂક્તોમાં સાદગીની મધુરતા છે. આમાં કાવ્યત્વ નિસર્ગદત્ત છે, એથી જ ઉત્તમોત્તમ છે. શ્રદ્ધા ઉલ્લાસ, આનંદ, પ્રસન્નતા, પ્રરમતત્ત્વની ઝાંખી કરવાની અભિલાષા સહજ રમણીયતા ઋગ્વેદની કવિતાનાં લક્ષણો છે.

## 4.5 ઋગ્વેદકાલીન સંસ્કૃતિ :

ભારતીય સંસ્કૃતિ એટલે તપોવન સંસ્કૃતિ ભારતીય એટલે ત્યાગ, સ્નેહ, સૌખ્ય, સમર્પણ અને સદ્ભાવની સંસ્કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિ સૌથી પ્રાચીન અને શ્રેષ્ઠ છે, એવું જ નથી, પ્રાચીન હોવા સાથે તે ગૌરવપ્રદ પણ છે. ભારતીય સંસ્કૃતિનો ઉપકાળ એટલે વેદો. આપણી સંસ્કૃતિએ વેદકાળથી નીતિમત્તાના ઉચ્ચતમ આદર્શો તથા જીવનની ઉચ્ચ પદ્ધતિઓને પ્રાપ્ત કર્યા છે. વૈદિક સંસ્કૃતિનું વિહંગાવલોકન કરવાનો અહીં એક પ્રયત્ન કરીએ.

**સમાજવ્યવસ્થા**- ભારતીય સંસ્કૃતિમાં સમાજ વ્યવસ્થા પણ પહેલેથી જ સુવ્યવસ્થિત

**વર્ણવ્યવસ્થા** - વૈદિક યુગમાં વર્ણવ્યવસ્થા અસ્તિત્વમાં હતી. બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય અને શુદ્ર એવા ચાર વર્ણો હતા. પુરુષસૂક્તની એક ઋચામાં ઉલ્લેખ છે કે

**ब्राह्मणोऽस्य मुखमासीद् बाहुराजन्यः कृतः ।**

**ऊरुस्तदस्य यद् वैश्यः पद्भ्यां शूद्रो अजायत । ऋ.वे. १०,१०.१२**

અહીં ચાતુર્વર્ણના માણસોનો ઉલ્લેખ છે. મનુષ્ય શરીરમાં મસ્તક બુદ્ધિ અને પ્રેરણાનું કેન્દ્ર છે. બ્રહ્મ જાણનારા બ્રાહ્મણો પરમપુરુષનું મુખ છે. સાત્ વાયત કૃતિ રાજિવઃ એ ન્યાયે રક્ષણ કરનારા માણસો એટલે કે ક્ષત્રિયો પરમપુરુષની ભુજાઓ છે. વૈશ્યોમાં સમાજની સંગ્રહ- શક્તિનો નિર્દેશ છે. જો કે આ ચાર વર્ણોમાં ઉચ્ચનીચેની ભાવના ન હતી. તથા વ્યવસાયો પણ વર્ણો સાથે સંકળાયેલા ન હતા. એક મંત્રમાં કહેવાયું છે કે –

“હું કવિ છું. મારાપિતા વૈદ્ય છે, મારી મા દળણું દળવાનું કામ કરે છે.”

આર્યોની સમાજરચના આમ જોવા જઈએ તો વર્ગપ્રધાન હતી. અહીં મુખ્ય વર્ગો જોવા મળે છે. (૧) આર્થી અને (૨) અનાર્યો કે દસ્યુઓ. અનાર્યો કે દસ્યુઓ આમ તો દક્ષિણ ભારતના આદિમ વતનીઓ હતા. તેઓ મૂર્તિપૂજકો હતા. દસ્યુઓ અથવા અનાર્યો કાળા રંગના તથા શિવને પૂજનારા હતા. તેઓને આર્યોના ધર્મમાં

આસ્થા ન હતી. આર્યો આવા પોતાના ધર્મમાં ન માનનારા દસ્યુઓને તિરસ્કારની લાગણીથી જોતા હતાં. ઋગ્વેદમાં આવા આર્યો અને દાસોનાં યુદ્ધોના નિર્દેશો પણ મળે છે. આર્યોમાં વિવિધ પેટા જાતિઓ હતી, જેવી કે ભરતો, મત્સ્યો, કિવિ, તૃત્સુઓ, તુર્વસુઓ, યદુઓ, પુરુઓ, અનૂઓ વગેરે દસ્યુઓમાં પણ અનેક જાતિઓ હતી.. જેવી કે શંબરો, નમુચિ, વિષ્ણુ, પુનિ, ચુમુરિ વગેરે.

**રાજય વ્યવસ્થા :** વૈદિક આર્યો કુટુંબ વ્યવસ્થામાં માનતા હતા. સમાજ પુરુષપ્રધાન હતો. પ્રત્યેક જાતિના મુખ્ય માણસને 'રાજનુ' કહેવામાં આવતો. જાતિમાં રાજાનું મહત્ત્વ વિશેષ હતું. રાજગાદી વારસાગત મળતી. રાજાને યોગ્ય રીતે દોરવણી આપવા 'સમિતિ' અને 'સભા' નામની સંસ્થાઓ કાર્યરત હતી. સમિતિ મોટે ભાગે યુવાનોની બનેલી રહેતી. તેમાં નાગરિકો સાથે બેસીને લોકોની સમસ્યાઓ તથા લોકોના પ્રશ્નોનું સમાધાન કરતાં. સમિતિમાં બ્રાહ્મણો, શ્રીમતો, પ્રતિનિધિઓ વગેરે બેસતા, સભા એટલે વડીલોની સભા એવું શ્રી દર્શક નોંધે છે. રાજયસભા તેનું અર્વાચીન રૂપ છે. પુરોહિતો રાજાને ધર્મકાર્યમાં મદદ કરતા. યુદ્ધ સમયે રાજા સૈન્યને દોરવણી આપતો. રાજાની જવાબદારી રાજયનું રક્ષણ કરવાની રહેતી. પુરોહિતો, રાજાને ધર્મકાર્યમાં મદદ કરતા. યુદ્ધ સમયે રાજા સૈન્યને દોરવણી આપતો. રાજાની જવાબદારી રાજયનું રક્ષણ કરવાની રહેતી. પુરોહિતો, સેનાનીઓ તથા ગ્રામણી (મુખી) રાજય વ્યવસ્થામા મદદગાર રહેતાં. રાજાને પોતાના દૂતો તથા જાસૂસો પણ રહેતા ઋગ્વેદમાં વરૂણ દેવના જાસૂસોનો ઉલ્લેખ છે.

**ગૃહજીવન :** ઉપર જોયું તેમ આર્યોની કુટુંબ વ્યવસ્થા પિતૃપ્રધાન હતી. સ્ત્રીઓ ઘરકામ તથા ગાયોને દોહવું વગેરેનું કામ કરતી. સંતાનોમાં પુત્ર મળે તેવી અભિલાષા બતાવે છે કે પુત્રોનું વિશેષ મહત્ત્વ હતું. કન્યાઓ માટે 'દુહિતા' શબ્દ દર્શાવે છે. કે કન્યાઓ ગાયો દોહવાનું કામ કરતી. નવોઢાને તેનો પતિ તેને કાયમ મળે, તેના પતિનો તેને વિયોગ ન થાય એવા આશીર્વાદો અપાતા. સ્ત્રીઓ ગૃહસ્વામિની હતી. ઘર, નોકર-ચાકરો, ખેતમજુરો પર તેનો અધિકાર રહેતો. નવવધૂને 'તું દસપુત્રોની માતા બન' એવા આશીવિદો અપાતા ! જેમ કે-

**इमां त्वमिन्द्र मोढ्द्धः सुपुत्रां सुभगां कृणु ।**

**दशास्यां पुत्रानां धेहि पतिमेकादशं कृधि ॥ (१०-८५-४५)**

પતિ નવવધૂ માટે 10 પુત્રો સહિત અગિયારમો બને એમ કહેવામાં આવ્યું છે. આગળ કહેવાયું છે કે "હે વધુ ! તું સસરાની સામ્રાજ્ઞી બન, સાસુની સામ્રાજ્ઞી બન, નણંદની સામ્રાજ્ઞી બન, અને દિયરોની સામ્રાજ્ઞી બન."

કન્યાઓ નૃત્ય વગેરે કલાઓમાં પણ પારંગત હતી. વિશ્વવરા, અપાલા, ધોષા, લોપામદ્રા જેવી સ્ત્રીઓએ વૈદિક મંત્રોની રચના કરતી હતી. આ રીતે સ્ત્રીઓનું સ્થાન સમાજમાં ગૌરવપ્રદ હતું. પુરુષ અને સ્ત્રી સ્વૈચ્છાથી પોતાના જીવન-સાથીની પસંદગી કરતા. શ્રી ક.મા. મુનશી કહે છે તેમ રૂપાળી કન્યાઓ પુરુષને આકર્ષવાના મંત્રો કરતી.

**સંસ્કારો** - વૈદિક સાહિત્યમાં વિવિધ સંસ્કારોનું અસ્તિત્વ પણ જોવા મળે છે. ઋ. ૧૦-૮૫ સૂક્ત વિવાહ સંસ્કાર વિષે સારો એવો પ્રકાશ પાથરે છે. લગ્ન સમયે કન્યાને રેશમી વસ્ત્રોથી શણગારવામાં આવતી. તે પલાશના ગ્રંથમાં બેસીને પતિગૃહેથી વિદાય થતી. શુભનક્ષત્રોમાં વિવાહ કાર્ય સંપન્ન થતું. લગ્ન સમયે વરઘોડો પણ નીકળતો દાંપત્યજીવન પુત્રપ્રાપ્તિથી સંપૂર્ણ સુખમય ગણાતું હતું. લગ્ન સમયે ઉપસ્થિતોને મધુપર્ક અપાતો પુનર્વિવાહની પ્રથા પણ અસ્તિત્વમાં હતી. સ્ત્રીનો પતિ મૃત્યુ પામે તો તેનો દિયર તેનો પતિ બનતો સપત્ની બાધન સૂક્ત (ઋ. ૧૦-૧૪૫) દર્શાવે છે કે સપત્નીઓ પત્નીને બાપક હતી બહુપત્નીત્વની પ્રથા તે સમયે અસ્તિત્વમાં હતી. એક સૂક્તમાં નિર્દેશ છે કે 'સમાન મનની પત્નીઓ એક જ સામાન્ય પતિને પામો'' અથર્વવેદમાં સપત્નીના નાશ માટેના મંત્રો પણ છે. એ વખતે અપેષ્ટિ પ્રથાનું અસ્તિત્વ પણ હતું. ઋ. ૧૦-૧૪, ૧૦-૧૫, ૧૦-૧૯ વગેરે સુક્તોમાં અન્યેષ્ટિ સંસ્કારનું દર્શન થાય છે. શબને મોટે ભાગે બાળવામાં આવતું. પમલોક, યમ, તેના કૂતરાઓ, મૃત્યુ પછીનું જીવન વગેરેના ખ્યાલો બંધાઈ ગયા હતા. ક્યાંક ક્યાંક શબને દાટવાનો રિવાજ પણ હતો. વસિષ્ઠ '**मृण्ययं गृहम्**' નો ઉલ્લેખ કર્યો છે, એ પણ શબને દાટવાની પ્રથાનો ઉલ્લેખ કરે છે. મરનારની પત્ની ચિંતા સુધી જતી, પછી પતિના શબની બાજુમાં સૂઈને ઊભી થઈ જતી અને કરી નવા જીવનમાં પ્રવેશતી સતી પ્રથાનું અસ્તિત્વ ન હતું.

**વસ્ત્રો** - વૈદિક સમયના આર્યો સામાન્ય રીતે ઊન, સૂતર, રેશમ વગેરેમાંથી બનાવેલા વસ્ત્રો પહેરતા, ઊન તથા રેશમના વસ્ત્રો પવિત્ર ગણાતાં માંગલિક પ્રસંગોમાં રેશમી વસ્ત્રોનો વપરાશ હતો. મોટે ભાગે સીવ્યા વિના ઉપરના અને નીચેના વસ્ત્રો પહેરાતાં આર્યો મસ્તકે પાયડી (ઉષ્ણિક) કે શિરોવૈષ્ટને પણ રાખતા. વરુણના એક સૂક્તમાં નિર્ણિજ = ઝભ્ભાનો પણ ઉલ્લેખ છે.

**પ્રસાધનો –** આર્યો ઘરેણાના શોખીન હતા. ગળામાં ધારણ કરવાનું ઘરેણું (નિષ્ક) હાર તથા વીંટીઓ પહેરવાના રિવાજ હતા સ્ત્રીઓ વાળ તથા વસોને સરખાં રાખવા પ્રનિધિ નામનું બકલ જેવું ઘરેલું પણ ધારણ કરતી.

**ખોરાક** - આર્યો ખાસ કરીને જવનો લોટ વાપરતા તેઓ માંસાહારી પણ હતા. ઘેટાં, બકરાં, બળદો, થોડા તથા માછલીઓનો ખાવાના ખોરાકમાં સમાવેશ થતા હતો. અતિથિઓને ગાયનું માંસ પીરસાતું. મંદિરાપાન નિષિદ્ધ ન હતું. દેવોને તથા પૂજય અતિથિઓને સોમપાન આપવામાં આવતું સૌમ વિષે તો ઋગ્વેદમાં ભરપૂર વર્ણનો છે. દૂધ, ધી, દહીં વગેરેની તો ખોટ જ ન હતી. દેવોને પણ ધીની આહુતિઓ આપવામાં આવતી. લોકો ભિક્ષુકોને પણ દાન આપતા હતા.

❖ **મોજશોખ તથા ઉત્સવો :**

આર્યોમાં થોડાની તથા રથોની સ્પર્ધાઓ થતી હશે શરતના લક્ષ્યને 'કાષ્ઠ'કહેવાનું પિશેલે નોંધ્યું છે કે 'દધિક્રવન' નામનો અશ્વ ત્રસવસ્તુ રાજાના સમયમાં શરતમાં વિજયી નીવડ્યો હતો. આ ઉપરાંત વિવિધ ઉત્સવોનું પણ અસ્તિત્વ હતું. જુગારીઓ

જુગાર રમતા. હારેલા જુગારીનું સર્વસ્વ લઈ લેવાતું તથા જીતનારા જુગારીઓ તેની પત્નીને પણ પરેશાન કરતા.

**ધર્મઃ** તે સમયે ઈન્દ્ર, અગ્નિ, વરૂણ, સોમ, અશ્વિનૌ, ઋતુઓ, ઉપા, પૂષા, સવિતા, યમ, રુદ્ર, વિષ્ણુ વગેરે અનેક દેવતાઓમાં આર્યોને શ્રદ્ધા હતી. આર્યો આ બધા દેવોને ભાવપૂર્વક યજ્ઞમાં બોલાવતા તેઓને 'હવિષ્ય' તથા 'સોમ' અર્પવામાં આવતો શિશ્નદેવોનો પણ ઉલ્લેખ છે આર્યો લિંગપૂજા તરફ તિરસ્કાર પણ રાખતા હતા.

**ધંધા-રોજગાર**-આર્યોનો મુખ્ય ધંધો ખેતી હતો. ખેતરોમાં નહેરોની વ્યવસ્થા પણ હતી. બળદો દ્વારા ખેતરો ખેડાતાં, વણકરનો ધંધો પણ પ્રચલિત હતો. વિવિધ પાત્રો બનાવવાના ધંધાઓ પણ હતા. સુથારો વગેરે કારીગરો 'કારુ' કહેવાતા. સુવર્ણના આભૂષણો બનાવવાની કારીગરી પણ હસ્તગત હતી. વૈદ્યો વિવિધ દવાઓની જાણકારી ધરાવતા હતા. આર્યો વિવિધ રોગોના ઉપચારોથી પરિચિત હતા એવું ઔષધિસૂક્ત (૧૦-૧૪૫) દર્શાવે છે. પુરોહિતોનો ધંધો પણ પૂરજોશમાં ચાલતો હતો.

**મકાનો :** મકાનો સામાન્ય રીતે પરસાળવાળા, ઈંટોના તથા માટીના બનાવાતા મકાનોને ઘાસ, પાન કે લાકડાથી ઢાંકવામાં આવતાં. ધનવાનો પથ્થરના મકાનમાં રહેતા. નગરોની આજુબાજુ દુર્ગો (કિલ્લાઓ) બંધાતા. મહેમાનોને બેસવા માટે આસનો તથા પ્રસ્તર (બિછાના) ની વ્યવસ્થા રહેતી. સ્ત્રીઓ મોટે ભાગે અંદરના મકાનોમાં રહેતી. વેદમાં 'અસૂર્યાપશ્યા' નારીઓનો ઉલ્લેખ છે. પતિવ્રતા સ્ત્રીઓ ખાસ બહાર ન નીકળતી. ઘરો થાંભલાઓવાળાં હતા. ચામડાની ચટાઈ પણ ઘરમાં પાથરવામાં આવતી.

***વહેમો અંધ શ્રદ્ધાઓ અને માન્યતાઓ —*** *તે સમાજમાં અનેક વહેમો તથા માન્યતાઓ પ્રવર્તતા હશે.*

*(૧) સપત્ની બાધન સૂક્ત (૧૦-૧૪૫) દવિ છે.*

*અમૂક ઔષધિને મસ્તકે મૂકવાથી પતિ વશ થાય છે એવી માન્યતા હતી.*

*(૨) રોગોની પીડા રાક્ષસોને લીધે થાય છે એવું મનાતું. (૧૦-૯૭-૬)*

*(૩) દુઃસ્વપ્નોમાં જોયેલાં દુષ્કૃત્યો ભોગવવા ન પડે એ માટે દુઃસ્વપ્ન નાશક મંત્રો થતા.*

*(૪) યક્ષ્મા એટલે કે રોગને મંત્રોથી શરીરમાંથી ખેંચી શકાય એવી માન્યતા સમાજમાં હતી. સમાજમાં વિવિધ રોગોની જાણકારી વધતી જતી હતી (૧૦-૧૬૩)*

*(૫) સુષુપ્ત મનને પાછું વાળવા માટે પણ મંત્રો પ્રયોજાતા હતા. (૧૦-૫૮)*

*(૬) મેલી વિદ્યા તથા અભિચાર મંત્રોથી કોઈને બેભાન બનાવી શકાય તથા એવી બેભાન વ્યક્તિ ધીમે ધીમે મૃત્યુ પામે એવી માન્યતા સમાજ ધરાવતો હતો. (૧૦-૫૮)*

(૭) મૃત વ્યક્તિને પરલોકમાં શાંતિ આપવાની વિધિઓ પ્રચલિત હતી. (૧૦-૧૬, ૧૦-૧૮)

**સૃષ્ટિના ગહન તત્ત્વની શોધ** - વૈદિક સમાજમાં બુદ્ધિજીવી માણસો ઈશ્વર તથા પરમ તત્ત્વને શોધવા મથી રહ્યા હતા. અધ્યાત્મ ઉચ્ચત્તમ શિખરો સર કરવા તેઓ જ્ઞાનીપિપાસુ હતા. હિરણ્યગર્ભ સૂક્ત, પુરુષસૂક્ત, નાસદીય-સૂક્ત એનું ઉદાહરણ છે.

**દાન-દક્ષિણા**-યજ્ઞ પ્રસંગે યજમાન પુરોહિતોને દાન આપતો અન્નદાન તથા ધન-દાનનું મહત્ત્વ ઘણું હતું.

**શિક્ષણ-પ્રથા** વેદોમાં રહેલ ઉત્તમોત્તમ કાવ્યત્વ દર્શાવે છે કે વૈદિક સમાજ સુશિક્ષિત સમાજ હતો. સ્ત્રીઓ પણ જ્ઞાનના રહસ્યો પામવા મથતી હતી.

સંજ્ઞાન સૂક્ત (10-191) દર્શાવે છે કે સમાજના વિચારકો સાથે મળીને સમાજનું કલ્યાણ કરવા ઈચ્છતા હતાં.

એકંદરે વૈદિક સમાજ સુખી, સમૃદ્ધ, જ્ઞાન-પિપાસુ જીવન પ્રત્યે ઉત્સાહી, માંગલ્યની કામના કરનારો હતો.

**તમારી પ્રગતિ ચકાસો**

**નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .**

**(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .**

પ્ર.૧ ઋગ્વેદમાં વિવિષ પ્રકારોના સંવાદો વિશે નોંધ લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

પ્ર.૨ પાશ્ચાત્ય વિદ્વાનો તથા ભારતીય વિદ્વાનોની સંવાદ વિશે શી ધારણા હતી ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

પ્ર.૩ ટૂંકનોધ લખો.

(૧) વિશ્વામિત્ર - નદી સંવાદ સૂક્ત, (૨) પુરૂરવા - ઉર્વશી સંવાદ સૂક્ત,

(૩) સરમા - પણિ સંવાદ સૂક્ત (૪) યમ - યમી સંવાદ સૂક્ત

પ્ર.૪ ઋગ્વેદનું સાહિત્યિક મૂલ્યાંકન કરો.

પ્ર.૫ ઋગ્વેદકાલીન સમાજ વ્યવસ્થા વિશે નોંધ લખો.

પ્ર.૬ ટૂંકનોંધ લખો.

(૧) ઋગ્વેદમાં વિવિધ રસો (૨) ઋગ્વેદમાં અલંકારો

(૩) ઋગ્વેદમાં ચિત્રબંધો (૪) ઋગ્વેદમાં છંદો

# એકમ : 5 કથા સાહિત્યનો ઉદ્દભવ અને વિકાસ

:: રૂપરેખા ::

**5.0 ઉદ્દેશો (Objectives)**

**5.1 પ્રસ્તાવના (Introduction)**

**5.2 કથા સાહિત્યનો ઉદ્દભવ અને વિકાસ**

## 5.0 ઉદ્દેશો (Objectives)

સંસ્કૃતમાં લૌકિકકથાસાહિત્યના આ વિભાગને ભણીને તમે લૌકિક સાહિત્યમાં કથાસાહિત્યના ઉદ્ગમ, વિકાસ અને એનું વૈવિષ્ય વિગતવાર સમજી શકશો.

- વિવિધ દ્રષ્ટિકોણથી પાડવામાં આવતા કથાસાહિત્યના પ્રકારો જાણી શકશો.
- કથાસાહિત્યના ઉદ્‌ગમ અને વિકાસ ઉપરાંત એ પ્રકારના સાહિત્યસર્જન પાછળના હેતુઓ અને પ્રયોજનો સમજી શકશો.
- વિષય અને ઉદેશને લઈને જુદી પડતી લોકપ્રિય કથાઓ અને બોપાત્મક પ્રાણીકથાઓ વચ્ચેની ભેદરેખાઓ નક્કી કર્યા પછી પણ લોકરંજન કે લોકશિક્ષણ માટે રચાયેલી કથાઓનું મુખ્ય પ્રયોજન તો મનોરંજનનું જ હતું તે તમે સમજી શકશો.
- બૌદ્ધધર્મ સાથે સંકળાયેલી જાતકકથાઓ, અવદાન કથાઓ, જૈન કથાઓ અને પ્રાણીકથાઓનાં સામ્ય અને વૈશમ્ય પણ તમે સમજી શકશો.
- આ સાથે જુદા જુદા ગ્રંથોમાંથી નિર્ધારિત કથાઓના અભ્યાસથી જે તે કથા સાહિત્યની લાથલિકતાઓ અને શૈલીનો પણ તયે સવિસ્તર ખ્યાલ મેળવી શકશો.

## 5.1 પ્રસ્તાવના (Introduction)

સ્નાતક કક્ષાએ સંસ્કૃત સાહિત્યના ઈતિહાસમાં અને પ્રશિષ્ટ સાહિત્યકૃતિઓના અધ્યયન દરમ્યાન, ગથ, પથ, ચંપૂ, નાટક અને મહાકાવ્યો એ પ્રકારના સાહિત્યપ્રકારોનો અભ્યાસ તમે કર્યો છે. આમાં ગદ્યકાવ્યના બે મુખ્ય પ્રકારો તે કથા અને આખ્યાપિકાનો અભ્યાસ પણ તમે કર્યો છે. મહાકવિ બાણરચિત કાદંબરી કે સુબંપુરચિત વાસવદત્તા એ કથા છે જયારે બાશનું લપંચરિત આખ્યાયિકા છે. આલંકારિકોએ કયા અને આખ્યાયિકાનો મુખ્ય ભેદ દર્શાવતા **कथा कल्पितवृत्तान्ता सत्यार्थाख्यायिका मता**" એટલે કે "જેનું વૃત્તાન્ત કવિ કલ્પનાજન્ય હોય તે કથા અને સત્ય હકીકત કે સાચી પટનાને આધારે રચાઈ હોય તે

આખ્યાયિકા'' એવી વ્યાખ્યા આપી છે. પણ ગદ્યના આ બે પ્રકારો પૈકી જે કથાની વાત કરી છે તે અલંકૃત શૈલી અને વિદ્વત્તા તેમજ સાહિત્યિક સર્જનની ઈચ્છાથી રચાયેલી કથાઓ છે, પણ આ એકમમાં આપણે જે કથાની વાત કરી રહ્યા છીએ તે લોકોમાં પ્રિય અને ધર્મપ્રચાર કે જીવનમૂલ્યો દર્શાવવાના સ્પષ્ટ હેતુઓથી રચાયેલી લોકરંજનાત્મક કથાની વાત છે. આથી જ આપણે આ એકમમાં આપણને લોકોમાં પ્રચલિત અને વિષયવસ્તુ તથા હેતુના ભેદથી જ્ઞાન અને ગમ્મત આપતી કથાની વાત કરવાની છે અને માટે જ આપણે એને લૌકિક કથાસાહિત્ય એવું નામ આપ્યું છે. અભ્યાસક્રમના આ વિભાગમાં તમારે સતત એ બાબત ધ્યાનમાં રાખવાની છે કે આ કથા તે લોકરંજનાર્થે લોકસાહિત્ય કહી શકાય એવી કથાની વાત છે. **कथ्** એટલે કહેવું એ ધાતુ પરથી કથન, કથા વ. શબ્દો નિષ્પન્ન થયા છે. **कथ्यते इति कथा** એવી વ્યુત્પત્તિ પ્રમાણે તો જે કહેવાય છે તે કથા જ્યારે કોઈ નિશ્ચિત પ્રયોજનને લક્ષ્યમાં રાખીને જે વાર્તા કહેવાય ત્યારે તે કથા બની જાય છે. સાહિત્યિક આડંબર વિના સામાન્ય માણસના મનોરંજન માટે કે એમને બોધ આપવાના હેતુથી કહેવાતી આ કથાઓ લૌકિક કહેવાયઃ કથારસમાં વણાઈને આવતા ઉપદેશ ગ્રાહ્ય અને ઉપાદેય થતો હોવાથી પ્રાચીનકાળથી જ આ પ્રકારની કથાઓ લોકપ્રિય રહી છે. આપણે આ કથાસાહિત્યના ઉદ્ગમ અને વિકાસની વિગતે વાત કરીએ.

**<u>તમારી પ્રગતિ ચકાશો</u>**

**નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .**

**(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .**

1. સાહિત્યિક કથા અને લૌકિકકથા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

2. લૌકિક કથાઓની લોકપ્રિયતા શા માટે વધી રહી છે.?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 5.3 કથાસાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ

માનવમનનું રંજન કરવા માનવે જે અદ્વિતીય પુરુષાર્થો અને કલ્પનાઓ કરેલ છે. એમાં કથાસાહિત્યની ખોજ પ્રાચીન ભારતની એક અદ્વિતીય દેશ છે. વિવિધ પ્રકારનાં કથાનકો અને કલ્પનાઓ દ્વારા માનવમનને એ તરફ અભિમુખ કરીને, વ્યાવહારિક જીવનનું ડહાપણ અને બોષ આપવાની રોચક શૈલી આપણા દેશમાં ઘણા પ્રાચીનકાળથી વિકસી હતી. સાહિત્યનાં અનેકવિધ પ્રયોજનો પૈકીનું એક પ્રયોજન વાચકને ''પત્નીસમાન બોષ'' આપવાનું છે એ વાત વિદ્વાનોએ સિદ્ધાંતના સ્વરૂપમાં તો ઘણી મોડેથી કરી, પણ ઈ.સ. પૂર્વે થણા સૈકાઓ પૂર્વે ગમ્મત સાથે જ્ઞાન આપવાની અને વાર્તારસમાં નીતિ-ડહાપણની બાબતો વાચકને સુગમ્ય બને તે રીતે પીરસવાની પદ્ધતિનો આપણે ત્યાં વિકાસ થઈ ચૂક્યો હતો. વાર્તારસમાં વણાઈને આવેલો ઉપદેશ ઉપાદેય અને સુભોગ્ય બને છે એ હકીકતનો ખ્યાલ આપણા પ્રાચીન સાહિત્યકારોને ઘણો વહેલો આવી ગયો હતો, અને તેથી આપણાં મહાકાવ્યોની રચના થઈ તે પહેલાં પણ કથાસાહિત્યની રચના વિપુલ પ્રમાણમાં થઈ હોવાના સંકેતો આપણને પ્રાપ્ત થાય છે.

પ્રાચીન ભારતનો વિપુલ કથાસંગ્રહ ધરાવતો દળદાર ગ્રંથ ''બૃહત્કથા'' આજે આપણી પાસે ઉપલબ્ધ નથી. એના વિદ્વાન લેખક ગુણાઢયે એ ગ્રંથ પૈશાચી ભાષા (પક્ષીઓ સમજી શકે તેવી ભાષા)માં લખ્યા હોવાની દંતકથા છે. કેટલાક વિદ્વાનો માન છે કે પૈશાચી ભાષા વિધ્યપ્રદેશના વનવાસી લોકોની બોલચાલની ભાષા હતી. આ કથાસંગ્રહમાં લગભગ એક લાખ વાર્તાઓનું નિરૂપણ હતું એવી માન્યતા છે. આ ગ્રંથ ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાની પણ પહેલા રચાયો હોવાનું મનાય છે.અને તે આપણે ત્યાં કથાસાહિત્યની પ્રાચીનતાનો નિર્દેશ કરે છે. આ ''બૃહત્કથા'' વાર્તાસંગ્રત નષ્ટ થયો એ આપલું મોટું કમભાગ્ય ગણાય. આ ગ્રંથને આધારે રચાયેલ ત્રણ સંગ્રહો આપણને ઉપલબ્ધ છે. જેના ઉપરથી આ ગ્રંથ અને ગ્રંથમાં નિરૂપાયેલી કથાઓની ભવ્યતાનો આપણને ખ્યાલ મળી રહે છે. આ ત્રણ ગ્રંથો (૧) બુપસ્વામીનો 'બૃહત્કથાશ્લોકસંગ્રહ' (૨) લેમેન્દ્રની 'બૃહત્કથામંજરી' અને (૩) સોમદેવનું 'કથાસરિત્સાગર', આપણા દેશના આ ભવ્ય વાર્તાવૈભવના વારસાને સાચવી રાખે છે. સંસ્કૃતમાં રચાયેલા આ ગ્રંથો બૃહત્કથાની વાર્તાઓના એના પૂર્ણ મુળ સ્વરૂપને સાચવી શક્યા ન હોય તો પણ એમાં જે કંઈ સચવાયું છે તે નિઃશંક મહાન છે અને એ ઉપરથી ઈ.સ.પૂર્વે સૈકાઓથી પણ પહેલાં કથાસાહિત્યનું ખેડાણ કેટલા વિપુલ પ્રમાણમાં થયું હતું એનો નિર્દેશ કરે છે. આ ઉપરાંત મૂળમાં સ્વતંત્ર પણ પાછળથી લેમેન્દ્રની બૃહત્કથામંજરી તેમજ સોમદત્તના કથાસરિત્સાગરમાં સુરક્ષિત वेतालपंचर्विशतिका (વૈતાળપચ્ચીસી) એક અત્યંત મનોરંજક કથાઓનો સંગ્રહ છે. આ ઉપરાંત सिंहासनद्वात्रिंशिका (બત્રીસ પૂતળીઓની વાર્તા) शुकसप्तति (પોપટ દ્વારા કહેવાયેલી સિત્તેર વાર્તાઓ) વગેરે પ્રસિદ્ધ વાર્તાસંગ્રહો

પ્રાચીન ભારતમાં કથાસાહિત્યના વિકાસનું સૂચન કરે છે. કથાસાહિત્યની રચનાનો આપણે ત્યાં ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે. બૌદ્ધધર્મમાં પાલી ભાષામાં રચાયેલી જાતકકથાઓ પણ આપણે ત્યાં કથાસાહિત્યની પ્રાચીનતાના નિર્દેશ કરે છે. પ્રાચીન કાળમાં ક્લાસાંસિત્યના જુદા જુદા પ્રકારોનો કોઈ સ્પષ્ટ ખ્યાલ એના લેખકોને હતો નહિ પણ પાછળથી આ કચાનકોના સ્વરૂપને આધારે વિવેચકોએ આ કથાસાહિત્યના જુદા જુદા પ્રકારોનો નિર્દેશ કર્યો છે, આ વર્ગીકરણમાં અદભુત કથા ( હ્લટ્ઠૈઅિંટ્ઠીજ), લોકકથા (સ્ઠજ્ઞિરીહ), કલ્પિતકથા (દ્બઅંરજ) અને પશુક્યા (કટ્ઠહ્વઙ્મીજ) પ્રસિદ્ધ છે. આમ પશુકથાસાહિત્ય પ્રાચીન ભારતનું વિશ્વને એક ભવ્ય નજરાણું છે. પશુઓને પાત્ર બનાવીને એમના ઉપર માનવભાવોનું ભારોભાર આરોપણ કરીને પશુઓના વ્યવહાર દ્વારા બોપ આપવો તે એનો ઉદ્દેશ્ય હતો. એથી બોધાત્મક પ્રાણીકથા એવું પણ નામ આવવામાં આવ્યું છે. આવી ઉપદેશાત્મક પ્રાણીકથાઓ ભારતમાં જ નહિ પણ બધી જ સંસ્કૃતિઓ અને ભાષાઓ ધરાવતી હતી.

દુનિયાદારીનું ડહાપણ અને રાજનીતિનો ઉપદેશ આપવા માટે પ્રાણીકથાનો ઉપયોગ હિંદમાં ઘણા પ્રાચીન કાળથી થયો છે. જો કે વૈદિક  કથાઓ, વીરચરિતની કથાઓ અને પાલિ ભાષામાં 'જાતક' વ. કયાઓનું નિરૂપણ કરવાનો ઉદ્દેશ્ય ધાર્મિક ઉપદેશ આપવાનો છે. આ રીતે પંચતંત્ર અને ધર્મગ્રંથનો ઉદ્દેશ્ય ભિન્ન ભિન્ન છે. આમ છતાં, પ્રાણીકથા મૂળમાં તો લોકકથા છે અને એનું મૂળ માનવના વાતિઓ સાભળવાના, કહેવાના અને એમાથી આનંદ પ્રાપ્ત કરવાના સ્વભાવમાં રહેલું છે. આ પ્રાણીકથાઓનો ઉદ્દભવ ખરેખર ક્યારે થયો હશે એ નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. આમ છતાં આ સમૃદ્ધ સાહિત્યનાં મૂળ અને એના વિકાસની રૂપરેખા અંગે આપકો ચોક્કસ અંદાજો બાંધી શકીએ છીએ.

સામાન્યતઃ આપણા તમામ સાહિત્યિક પ્રકારોનાં મૂળનો નિર્દેશ આપણા પ્રાચીનતમ ગ્રંથ ઋગ્વેદમાં જોઈ શકાય છે. પ્રાણીકથાનું મૂળ પણ એના અસ્પષ્ટ સ્વરૂપમાં ઋગ્વેદમાં જોઈ શકાય છે. ઋગ્વેદનાં સૂક્તો પૈકી એક પ્રસિદ્ધ સૂક્ત (મેઢક સુક્ત, ૮-૧૦૩)માં મંત્રગાન કરતા બ્રાહ્મણોના અવાજની તુલના "ટર્ર ટર્ર" કરનારા દેડકાં સાથે કરવામાં આવી છે. જો કે આ રૂપકનો ઉદ્દેશ્ય સ્પષ્ટ નથી પણ એમાં પ્રાણીકથાના કથાકલ્પન માટેની  આવશ્યક એવી કેટલીક સમાનતાઓ સ્પષ્ટ જોઈ શકાય છે અને પશુપક્ષીઓમાં માનવભાવોનું આરોપણ કરવાના માનવસ્વભાવના સાહજિક વલણનો નિર્દેશ માપ્ત થાય છે. વળી સંવાદસૂક્તોમાં પ્રાપ્ત થતા કથાનકો સંસ્કૃતિના જીવન મૂલ્યોના વિકાસને પણ દર્શાવે છે.

પ્રાણીઓમાં માનવભાવોનું આરોપણ અથવા પ્રાણીઓને માનવસહજ પ્રવૃત્તિ કરતાં બતાવવાનું વલણ ઉપનિષદોમાં વધારે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. અહીં પ્રાણીઓને સ્પષ્ટતયા માનવસ્વભાવનાં રૂપકો કે પ્રતીકો તરીકે યોજવાનો સગડ પ્રાપ્ત થાય છે. છાંદોગ્ય ઉપનિષદ (૧-૧૨)માં કૂતરાઓની એક રૂપકાત્મક અથવા વ્યંગ્યકથા નિરૂપાઈ છે. જેમાં પ્રાણોના પ્રતીક એવા શ્વાનો, એક શ્વાન (મુખ્ય પ્રાણ)ને અન્ન માટે પ્રાર્થના કરે છે. આ જ ઉપનિષદમાં બીજી એક જગાએ (૪.૧) રાત્રે ઉડતા

બે હંસોનો વાર્તાલાપ સાંભળીને જાનશ્રુતિ પૌત્રાયણનું લક્ષ્ય ગાંડાવાળા રૈકવ તરફ ખેંચાય છે, તે વાતનું નિરૂપણ છે. આ ઉપરાંત સત્યકામ જાબાલને પહેલાં વૃષભ, પછી હંસ અને પછી મદગુ-એક જળચર પક્ષી ઉપદેશ આપે છે. (છાંદોગ્ય, ૪-૫, ૭-૮)

જો કે ઉપનિષદમાં નિરૂપાયેલો આ વૃત્તાન્ત શુદ્ધ સ્વરૂપમાં આપણે જેને પ્રાણીકથા તરીકે ઓળખીએ છીએ તે પ્રકારનો નથી પણ પ્રાલીકથાઓનું મૂળ તો અહીં મળે છે જ. આ પ્રકારની કથાઓમાંથી પંચતંત્ર વગેરેમાં છે એવી બોધપ્રધાન કથાઓમાં પરિવર્તન સરળ બને જ તે સ્પષ્ટ જોઈ શકાય છે.

પશુપક્ષીઓને માનવો જેવું આચરણ કરતાં દર્શાવીને એ દ્વારા વ્યાવહારિક જીવનનો ઉપદેશ અને રાજનીતિનો બોધ આપતી પ્રાણીકથાઓ એના સ્પષ્ટ સ્વરૂપમાં મહાભારતમાં પ્રાપ્ત થાય છે. મહાભારતનાં શાન્તિપર્વ જેવાં ઉપદેશપ્રપાન પર્વોમાં અને બીજા પણ કેટલાંક પર્વોમાં સંખ્યાબંધ પ્રાણીકથાઓ પ્રાપ્ત થાય છે. આમાંની કેટલીક કથાઓ તો પંચતંત્રમાં પ્રાપ્તયતી પ્રાણીકથાઓને મળતી આવે છે. માત્ર વાર્તાઓની દષ્ટિએ જ નહિ, શૈલીની દષ્ટિએ પણ મહાભારતની પ્રાણીકથાઓએ પચતંત્ર વગેરેને પ્રેરણા આપી છે. મહાભારતકારે પંચતંત્રકારને બધી રીતે પ્રભાવિત કર્યા જણાય છે. પંચતંત્રના પ્રારંભમાં  તેના કર્તાએ બીજા નીતિશાસ્ત્ર- વિશારદોની સાથે પરાશરના પુત્ર વ્યાસજીને વંદન કર્યા છે. ડૉ. સાંડેસરા નોંધે છે- ''પશ્ચિમ ભારતીય પંચતંત્રની વાત કરીએ તો એમાં અનેક સ્થળે 'મહાભારત' નો તેમાંના પ્રસંગો તેમજ પાત્રોનો સ્પષ્ટ ઉલ્લેખ આવે છે. જે પક્ષનું સમર્થન ચાલતું હોય તે પક્ષને સર્વ પ્રકારની તાર્કિક (કે ક્વચિત્ અતાર્કિક) દલીલોથી અને સુભાષિતોથી દઢ કરવાની અને ત્યારપછી સામા પક્ષને પણ એટલી જ દઢતાથી રજૂ કરવાની પંચતંત્રની પદ્ધતિ ઉપર 'મહાભારત' ના નીતિવાદોની અસર છે. સૌથી વધારે તો, પંચતંત્રના શ્લોકોની એક મોટી સંખ્યા સીધી ને સીધી મહાભારતમાંથી લેવામાં આવેલી છે. પશ્ચિમ ભારતીય પંચતંત્રમાં આવા કુડીબંધ શ્લોક મળશે.''

મહાભારતના 'શાન્તિપર્વ' માં અને 'કર્ણપર્વ' માં સંખ્યાબંધ પ્રાણીકથાઓનુ નિરૂપણ છે પણ પંચતંત્ર સાથે સંબંધ ધરાવતી સંખ્યાબંધ પ્રાણીકથાઓ મહાભારતમાં છે. મહાભારતના આદિપર્વમાં આવતી પોતાના ચારે મિત્રોને છેતરનારા પૂર્ત શિયાળની વાર્તા પંચતંત્ર ૧-૧૮માંની વરૂ અને સિંહને છેતરનારા શિયાળની વાર્તા સાથે તેમજ ૪-૧૫માંના ''શિયાળના ચાર શત્રુઓ'' ની વાર્તા સાથે સામ્ય ધરાવે છે. ઉદ્યોગપર્વમાં આવતી પાર્મિક ભિલાડા અને એના દંભની વાર્તા પશ્ચિમ ભારતીય પંચતંત્ર ૧-૧૪માં તેમજ પંચતંત્રની તમામ પ્રાચીન પાઠપરંપરાઓમાં છે. એનો થાસંગ્રહ શ્લોક પણ મહાભારતમાંથી લેવામાં આવ્યો છે. પંચતંત્રના પ્રથમ તંત્ર મિત્રભેદને મળતું કથાનક શાન્તિપર્વમાં છે. આ ઉપરાંત બીજાં તંત્રોને મળતી આવતી ધણી વાર્તાઓ મહાભારતમાં પ્રાપ્ત થાય છે. આથી જ આ ઉપરથી શ્રી  સાંડેસરા નોંધે છે – ''પંચતંત્રના અંતરંગ ઉપર મહાભારતની જે પ્રકારે અસર છે તે જોતાં એવી વાર્તાઓના વિનિયોગ સંબંધમાં પંચતંત્ર મહાભારતનું જ આભારી છે એમ માનવું

જોઈએ. ભારતીય સાહિત્યમાં રાજનીતિના શિક્ષણ માટે પ્રાણીકથાનો ઉપયોગ કરનાર સૌથી પહેલો ગ્રંથ મહાભારત છે અને એના આ વારસાને પંચતંત્રકારે એક સ્વતંત્ર ગ્રંથ રચના રૂપે પૂર્ણપણે વિકસાવ્યો છે.'' (પંચતંત્ર-ભોગીલાલ સાંડેસરા, પૃ.૭૩)

પંતજલિના મહાભાષ્યમાં (૨-૧-૨, તથા ૫-૩-૧૦૬) **काकतालीयम्** અને **अजाकृपाणियम्** જેવા લૌકિક ન્યાયો પ્રાણીકથાનો નિર્દેશ કરે છે. આ ઉપરાંત જાતકકથાઓમાં ધર્મોપદેશના ઉદેશ્યથી પ્રાણીકથાઓનું નિરૂપણ થયેલું છે. ઈ.સ.પૂર્વે બીજા અને ત્રીજા સૈકાના સાંચી અને ભારતના સ્તૂપોમાં જાતકકથાઓનાં શિલ્પ છે, એટલું જ નહિ તે તે જાતકકથાઓનાં નામ પણ એ શિલ્પની નીચે કોતરેલાં છે. એ શિલ્પોમાં કેટલીક પ્રાણીકથાઓનાં ચિત્રો પણ છે અને આજે જે ઉપલબ્ધ છે તે પાલિ જાતકમાં પણ પંચતંત્રની સાથે ગાઢ સામ્ય ધરાવતી વાર્તાઓ ઉપરાંત બીજી કથાઓ પણ મોટી સંખ્યામાં પ્રાપ્ત થાય છે. પંચતંત્ર, જાતક, અને મહાભારતમાં આવતી પ્રાણીકથાઓ પ્રાચીન ભારતીય લોકસાહિત્યના અખૂટ ભંડારમાંથી લેવાઈ હોવાનું વધારે સંભવિત છે.

ઉપરોક્ત ચર્ચાને આધારે આપણએ જોયું કે ભારતમાં પ્રાણીકથાની પરંપરા ઘણી પ્રાચીન છે. અને તેથી પ્રાણીકથાનો ઉદ્દભવ હિંદમાં જ થયો હોવાની અને ઈસપની વાર્તાઓ હિંદમાંથી યુરોપમાં ગઈ હોવાનો સંખ્યાબંધ વિદ્વાનો જેમકે સર વીલીયમ જોન્સ, મેક્સમૂલર, શ્રી ડેવીડ અને શ્રી કીથ વગેરેનો મત છે.

**<u>તમારી પ્રગતિ ચકાશો</u>**

**નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .**

**(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .**

૧. પ્રાચીન કથાઓના દળદાર ગ્રંથોનું નામ લખો અને એની ભાષા કઈ હતી તે જણાવો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૨. કથાસાહિત્યના ઉદ્ધવ અને વિકાસ વિશે વિસ્તૃત નોંધ લખો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

# એકમ : 6 લૌકિક (વૈદિક) કથાનું સ્વરૂપ

:: રૂપરેખા ::

**6.0 લૌકિકકથાના પ્રકારો**

**6.1 વૈદિક કથાઓ**


**6.2 અવદાન કથાઓ અને જાતક કથાઓ**

**6.3 જૈન કથાઓ**

**6.4 વીરચરિતકાવ્યો- રામાયણ અને મહાભારતમાં કથાનકો**

## 6.0 લૌકિકકથાના પ્રકારો

લૌકિકકથાસાહિત્યની ઉપર જણાવ્યા પ્રમાણેની ચર્ચાને આધારે, જે તે કથાવસ્તુન વિષયવસ્તુ, પ્રયોજન અને શૈલી પ્રમાણે લૌકિકકથાના નીચે પ્રમાણેના પ્રકારો દર્શાવી શકાય.




પ્રાચીનકાળમાં સનાતન ધર્મ, જૈન ધર્મ કે બૌદ્ધધર્મના પ્રચાર અને પ્રસાર માટે તેમજ જે તે ધર્મના અનુયાયીઓની પોતાના ધર્મ માટેની શ્રદ્ધા દૃઢ થાય એવા હેતુથી પ્રસંગોપાત્ત કથાઓ કહેવાતી. જે તે ધર્મનું સ્વરૂપ, તત્ત્વજ્ઞાન, કે સિદ્ધાન્ત કે ધર્મપુરુષના ચરિતનો મહિમા પ્રગટ કરવાનો આશય ફળીભૂત થાય એ રીતે આ કથાઓ કહેવાતી. જે તે ધર્મનું સ્વરૂપ, તત્ત્વજ્ઞાન, કે સિદ્ધાન્ત કે ધર્મપુરુષના ચરિતનો મહિમા પ્રગટ કરવાનો આશય ફળીભૂત થાય એ રીતે આ કથાઓ કહેવાતી. જેમ કે ભગવાન બુદ્ધના પૂર્વજન્મ અને વર્તમાનજીવન વચ્ચેનો સંબંધ દર્શાવી એમના

લોકોત્તર ગુણો પ્રગટે એ રીતે અવદાન કથાઓ ને જાતકકથાઓ રચાઈ. જાતકકથાની સગોત્ર એવી અવદાનકથા, મનોરંજનકથા કે પ્રાણીકથા ત્રણે પ્રકારની કથાઓ, લોકોની વિશિષ્ટ અભિરુચિઓને સંતોષવા અસ્તિત્વમાં આવેલા કથા પ્રકારો છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો</u>**

**નોંધ :**

1) **નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.**
2) **યુનિટના અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ તપાસો.**

૧. લૌકિકકથાના પ્રકારો ટૂંકમાં સ્પષ્ટ કરો.

૨. ત્રણે પ્રકારની કથાઓ શામાટે અસ્તિત્વમાં આવેલી છે ?

## 6.1 વૈદિક કથાઓ

ઋગ્વેદનાં સંવાદસૂક્તો કે જેમાં ભાઈ - બહેન યમ-યમીનો સંવાદ, રાજા પુરૂરવા અને અપ્સરા ઉર્વશીનો સંવાદ, ઈન્દ્ર અને વરુણ એમ બે દેવોનો સંવાદ, વરુણ અને અગ્નિ વચ્ચેનો સંવાદ, વિશ્વામિત્ર અને નદીઓ વચ્ચેનો સંવાદ અને સર્વસ્વ હારી ગયેલા જુગારીની એકોકિત વગેરેમાં સંવાદાત્મક અંશો છે. જેમ કેટલાક વિદ્વાનો આ સંવાદસનોને નાટકનું મૂળ સ્વરૂપ માને છે એમ કેટલાક વિદ્વાનો આ સંવાદમૂક્તોમાં રહેલા કથાતત્ત્વને આધારે વૈદિક કથાઓ પણ રચાઈ હશે એવું અનુમાન કરે છે. વીંટરનીટ્ઝ નામના જર્મન વિદ્વાને વૈદિક સાહિત્યનાં આ કથાનકોને તે સમયમાં પ્રચિલત નશે એવી લોકકથાઓમાંથી સ્વીકારેલાં હોવાનું અનુમાન એમના “ એન્શ્યન્ટ ઈન્ડિયન લિટરેચર’ નામના પ્રથના પ્રથમ ભાગમાં નોંપ્યું છે.

ઋગ્વેદમાં આવતાં આ કથાનકો સાંસ્કૃતિક સમાજમાં ક્રમશઃ જે જીવનમૂલ્યો દઢ થતાં જતાં હતાં એના ઉપર પણ પ્રકાશ પાડે છે. જેમ કે યમ અને યમી ભાઈ બહેન છે, પણ યમી યમને પોતાની સાથે દેહસંબંધ બાંધવા આગ્રહ કરે છે. જે યમ ''સગોત્ર સંબંધ બંધાય તે ઈષ્ટ નથી'' એમ કહી નકારી કાઢે છે. પ્રાચીન ભારતમાં સામાજિક સ્વાસ્થ્ય માટે સગોત્ર સંબંધના નિષેધનું મૂલ્ય જયારે અસ્તિત્વમાં આવ્યું હશે ત્યારે એના સમર્થન અને વિરોધમાં બે વિચારધારાઓ અસ્તિત્વમાં આવી હશે. એવું અનુયાન થઈ શકે. એ જ રીતે ઉવર્શી પુરૂરવાને છોડી પુનઃ સ્વર્ગે ચાલી જવા ઈચ્છે છે પણ પુરૂરવા પ્રેમને લીધે એને છોડી શકતો નથી ત્યારે જવાબમાં ઉર્વશી કહે છે કે ''સ્ત્રીઓનાં હૃદય તાં વરુ જેવાં કઠોર હોય છે'' અને પોતે મુક્તજીવન જીવવા ઈચ્છે છે. આ વિચારભેદ લગ્નજીવનમાં લગ્નજીવનની પવિત્રતા અને પારસ્પરિક વફાદારીનાં જીવનમૂલ્યો ક્રમશઃ વિકસ્યાં હોવાની લગ્નસંસ્થાનાં સૂચક છે, એમ વિદ્વાનો માને છે. આ સ્થાનકોમાં પડેલા અંશો પાછળથી પૂર્ણ પણે વિકસ્યા છે એ બાબત આ પ્રકારની કથાઓ, પરવર્તી કાળમાં પૂર્ણપણે વિકસેલી કથાઓમાં જોવા મળે છે.

વૈદિક કથાઓના ઘટક પરિબળોને આધારે મેકડોનલ નામના અન્ય જર્મન વિદ્વાને એમના સંસ્કૃત સાહિત્યના ઈતિહાસમાં જે ચર્ચા કરી છે એને આધારે પ્રા. હસુ યાજ્ઞિક એમની સંસ્કૃત કથાસાહિત્યની પરિચયાત્મક પુસ્તિકામાં લખે છે. ''દરેક પ્રજાની પ્રાચીનતમ કથાઓમાં આદિકાળના માનવીય ઔત્સુક્યનું નિરૂપણ થયું છે. વૈદિક સાહિત્યનાં પુરાકલ્પનોમાં પ્રાકૃતિક તત્ત્વો પરત્વેના માનવમનના ઔત્સુક્યને જોઈ શકાય છે. રોજ સવારે અને સાંજે નિયમિત રીતે ઉગતો અને આથમતો સૂર્ય, કશા જ આધાર વગર આકાશમાં લટકતા તારલાઓ અને નિયમિત ગતિ ધરાવતા ગ્રહો, અનેક સ્રોતાના પ્રવાહો મળવા છતાં ક્યારેય ન છલકાતો સમુદ્ર, પહાડો, નદીઓ, વન-ઉપવનો, અચાનક ઊઠતી આંધીઓ, વર્ષાતાંડવો, આ બધાંથી માણસ આકર્ષોથો, અંજાયો અને પોતાની રીતે તે પાછળના પ્રવર્તક તંત્રને, બળને, ચાલકને શોધવા મથ્યો. માનવીની આવી આદિમ જિજ્ઞાસાઓનું વૈદિક સાહિત્યનાં વિવિધ કથાનકોમાં પ્રતિબિંબ મળે છે, અકળ એવી કુદરતને કળવા માણસે કલ્પના કરી. જીવન અને જગતને સમજવા માટે પ્રવૃત્ત બનેલી કલ્પનાશક્તિમાંથી કલાની સાથે જ ધર્મનો જન્મ થયો. વેદસાહિત્યમાં આનું સમર્થ અને સંકલિત રૂપ છે. વિશ્વની સંસ્કૃત, અર્ષસંસ્કૃત, અસંસ્કૃત, આદિવાસી એવી દરેક પ્રજાની કથામાં આવા ઔત્સુક્યમાંથી જન્મતી કથાઓ હોય છે. જેને કથાયટકના (અ) વર્ગ પુરાકથાના કથાઘટકોમાં સાંકળી શકીએ. આમાં વિશ્વનિયંતા-સર્જક કે ઈશ્વર, દેવ, દેવરૂપ પામેલા નાયકો, અવકાશ-આકાશ વિજ્ઞાન, પૃથ્વીની ઉત્પત્તિ અને લય, પૃથ્વી પરના ઉત્પાતો, વિનાશો, પ્રલયો, પ્રાકૃતિક પટનાઓના ચમત્કારો, જીવસૃષ્ટિના માનવ, પશુપક્ષી, વનસ્પતિ ઈત્યાદિના સર્જન વગેરેનો સમાવેશ 'માયથોલોજીકલ મોટીફસ'માં કરવામાં આવે છે. વેદનાં એવાં ઔત્સુક્યો, ચમત્કારો, કથાંશોની વિશેષતા એ છે કે એમાં નરી કલ્પના કે ઉત્સુક્તા નથી. એનો ભવ્ય રૂપ અને એની પ્રતીતિના આનંદની સર્જનાત્મક કાવ્યકલાકોટિની સંસિદ્ધિ પણ છે.''

‘જો કે વેદના સૂક્ત-સંવાદમાં પૂરી કથાની માંડણી નથી. એ જે સ્વરૂપે સંવાદરૂપમાં છે તે સ્વરૂપે કથા તરીકે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી કથા નથી. પરંતુ પ્રચિલત એવી કોઈ કથાના જરૂર પૂરતા ઉપયોગના અંશો જેવું એ નિરૂપણ છે. આથી કથાઓ લિખિત સ્વરૂપે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી થઈ એ પહેલાંના વેદનિર્માસના કાળે કથાઓની મુખપરંપરા લોકસમૂહમાં પ્રચિલત બની ચૂકી હતી એમ કહી શકાય. વિન્ટરનિટ્ઝ વૈદિક-સાહિત્યનાં આ કચાનકોને લોકપ્રચલિત કથાઓમાંથી સ્વીકારેલાં હોવાનું જણાવે છે. કોઈ નિશ્ચિત હેતુથી આવી મુખપરંપરામાં વિહરતી સ્વતંત્ર અને પૂર્ણ એવી કથાઓનાં અંશો કે સંદર્ભો વેદમાં આવ્યા છે. વેદોત્તર બ્રાહ્મણ ગ્રંથોમાં એ કથાઓના પૂર્ણ કથાનકને જાણી શકીએ છીએ, અને એ જ કથાઓ પાછી પુરાણમાં, ઉપાખ્યાનમાં, કાલિદાસ જેવા મહાકવિનાં નાટકોમાં જૈન સ્રોતના પ્રાકૃતાદિ ભાષાના ગ્રંથોમાં પણ પોતાની પરંપરા ટકાવે છે. બીજી બાજુ એ છે કે આજ સુધીની મુખપરંપરાની લોકકથાઓમાં પણ આવીકથાઓનાં રૂપાન્તરો વહેતાં રહ્યા છે. પુરૂરવા-ઉર્વશીની કથાનું પૂર્ણરૂપ વેદોત્તર સાહિત્યમાં છે અને કાલિદાસના ’વિક્રમોર્વશીયમ’ જેવા નાટકમાં તેનો વિશિષ્ટ વિનિયોગ થયો છે. ગુજરાતની લાખા-ફુલાણીની અને ઓઢો જામ અને પદમણી કથા પણ એનો જ વંશવિસ્તાર હોય એવી છે.’’

ચાર વેદો પૈકી ઋગ્વેદ પાછી યજુર્વેદ અને અથર્વવેદમાં પણ પ્રાપ્ત થતી કથાઓ કથાસાહિત્યના વિકાસમાં ઉપકારક થાય છે. અને સાથે સાથે સાંસ્કૃતિક સમાજના વિકાસનો પણ પરિચય કરાવે છે. યજુર્વેદ પક્ષપરક વેદ હતો, એટલે કે ઇહ લૌકિક સુખ પ્રાપ્તિ માટે યશસંસ્થાની વ્યાપકતા અને એનું મહાત્વ દર્શાવતો હતો. જ્યારે અથર્વવેદમાં માનય કેન્દ્ર સ્થાને હોઈ એની લૌકિક સુખાકારી, સ્વાસ્થ્ય અને કોઈપણ ભોગે ઈષ્ટધ્યેયની સિદ્ધિ માટે કામણ ટુમણ કે જારમંત્રોના પ્રયોગોની પણ ચર્ચા થઈ એ વિશેની વિગતોની ચર્ચા કરતાં શ્રી હસુ યાજ્ઞિક લખે છે.

‘‘વૈદિક સાહિત્યના દ્વિતીય ચરણ જેવા યજુર્વેદમાં યજ્ઞક્રિયા અને વિધિઓ માટેના સૂક્તો-મંત્રોનું સંપાદન થયું છે. અહીં જે કથાઓના સંદર્ભો છે તેમાં કથાના વિષય અને પાત્રમાં જે વૈવિધ્ય છે તે આ ગાળામાં થયેલા કથાના વિકાસના આલેખને જાણવામાં સહાયક છે. અહીં મળતી કથાઓમાં દેવ અને દાનવ વચ્ચેના યુદ્ધપ્રસંગોનું પ્રમાણ વધ્યું છે. ઈરાનથી જે આર્યો સપ્તસિંધુમાં આવ્યા અને આ નવી ભૂમિમાં સ્થિર થવા એમને અહીંની સ્થાનીય પ્રજાઓ, જાતિઓ, સત્તાઓ સાથે સંઘર્ષ થયા, ઘર્ષણો થયાં, યુદ્ધો થયાં અને કાળક્રમે એ પ્રજા સાથેના સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક સંપર્ક જન્ય સબંધો સ્થપાયા અને ભારતીય આર્યત્વની નવી જ સંસિદ્ધિ થઈ. એનો નિર્દેશ આવી કથાઓ કરે છે. અહીં અપ્સરાની પાત્રસૃષ્ટિ પણ વિશાળ બની છે. રુદ્રની કલ્પના, પશુપતિનો દેવસૃષ્ટિમાં સ્વીકાર આ તબક્કે થયો કલ્પી શકાય. એ વર્ણનો અને આનુષંગિક યુદ્ધ વર્ણનોમાં ઇન્દ્રને પુરંદર, પુરના કોટને ભાંગનાર, દર્શાવાયો છે. સપ્તસિંધુમાંથી આગળ પશ્ચિમોત્તર દિશામાં આ નવસંસ્કૃતિની ગતિ થતાં શિવની પરિવારમાં પાર્વતીનો, મહારાષ્ટ્રમાં પૂજાતા હાથી સ્વરૂપના બળવાન દેવનો - શિવના પુત્ર ગણેશ તરીકેનો તથા આજ પલ દલિલ બાજુ જેનાં મંદિરો છે, પૂજન છે, વન છે

એ દક્ષિણના વીરરૂપ દેવ પમુખ કાર્તિકેયનો શિવના પુત્ર તરીકેનો સ્વીકાર, એ 'યર્જુર્વેદ' સંપાદનકાળ પછીની ઘટનાઓ છે. ધર્મ, સંસ્કૃતિ અને જાતિના વિકાસોન્મુખ ઉદાર એવા સમન્વયથી જ ઈન્ડો-યુરોપિયનના બીજા જુથ એવા ઈન્ડો-ઈરાની હવે ભાષા, જાતિ અને ધર્મો, ઈન્ડોઆર્યન બને છે, ભારતીય બને છે. પ્રજા- પ્રજા વચ્ચેના સંઘર્ષો, સમન્વય પૂર્વેના લાંબા ગાળાનાં યુદ્ધો અને કાળક્રમે સ્થપાતા વિવિધ જાતિઓના પારસ્પરિક સ્વીકાર અને સમન્વયના સન્ધિકાળનું ચિત્ર છેક મહાભારતકાળ સુધીની વિવિધ કથાઓમાં પડેલું છે. 'યજુર્વેદ'ની કથાઓના વિષય-વસ્તુ-પાત્રનો વિસ્તાર ભારતમાં સ્થિર થવા મથતા આર્યોના સંઘર્ષો- યુદ્ધો અને અંતે થતા સમન્વયોમાંથી થયો છે. પરંતુ પ્રજાકીય બૃહદ્ માનસ અને સામાજિક જીવનના વાસ્તવનું કથાઓમાં એવું રૂપાન્તર થયું છે કે એ આધારે તે પાછળની ઐતિહાસિક ભૂમિકાનું પૂરું ચિત્ર મેળવવું મુશ્કેલ છે. પરંતુ અસુર, રાજસ, નાગ, વાનર, રીંછ, યલ, કિન્નર, અપ્સરો, કેટલાક દેવ દેવીઓ, ઈન્દ્ર, ઈદ્રાણીઓ વિશિષ્ટ જાતિઓ. તેમના લક્ષણો, વિદ્યાઓ વગેરેની કેવળ સાહિત્યિક નહીં પરંતુ સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ પરીક્ષા કરો. તો જાતિગત ઈતિહાસનો, એક નવી જ આકાર લેતી સંસ્કૃતિના ઉદયનો, અંદાઝ મેળવી શકો. 'યજુર્વેદ'ના કથાસાહિત્યનાં વિષયવસ્તુ અને પાત્રનો વિકાસ આ દૃષ્ટિએ સૂચક છે. પછીના ગાળાના 'અથર્વવેદ' માં જે કામણટુમણ અને મંત્રો, તંત્રો, યંત્રો, આવ્યા તે પ્રકૃતિપૂજક આર્યોએ અહીંની સ્થાનિક પ્રજા સાથેના સંપર્કને પરિણામે જે નવી નવી વિધિઓ, તેની પરંપરાઓ અપનાથી તેના જ પરિચાયક છે. પ્રકૃતિપુજા, કલાતત્વ,સુક્ષ્મતા વગેરેની દૃષ્ટિએ "ઋગ્વેદ" અને 'યજુર્વેદ' જે સ્થાને, ભૂમિકાએ, કક્ષાએ છે તે તે કરતાં કોઈ જુદાં જ સ્થાન-ભૂમિકા-- કથા 'અથર્વવેદ'માં જોવા મળે છે.

❖ **વેદોત્તર વૈદિક કથાઓ :-**

ઋગ્વેદ, યજુર્વેદ અને અથર્વવેદ પછી આવતા બ્રાહ્મણગ્રંથો, આરણ્યકગ્રંથો અને ઉપનિષદોનો પણ વૈદિક સાહિત્યમાં જ સમાવેશ થાય છે. તે તમે જાણો છો. આ ત્રણેય પ્રકારના ગ્રંથોમાં પણ પ્રાચીન લૌકિક કથાઓ પ્રાપ્ત થાય છે. બ્રાહ્મણગ્રંથોમાં યજ્ઞવિધિ અને એની વ્યવસ્થાને લગતી વિગતો છે. બ્રાહ્મણગ્રંથો પૈકી ઐતરેય બ્રાહ્મણમાં આવતી શુનઃશેપની કથા ૭.૧૩.૧૮,શતય બ્રાહ્મણમાં પ્રાપ્ત થતું મન અને વાણીના કલહનું કથાનક, મૈત્રાયિણી સંહિતામાં આવતું પર્વતની પાંખનું કથાનક અને આ બધા ઉપરાંત વિવિધ સ્થાને પ્રાપ્ત થતી સૃષ્ટિ અને પ્રલયને લગતાં કથાનકો નોંધપાત્ર છે. આ પ્રકારની કથાઓનાં ઘટક પરિબળો અને પ્રયોજનની ચર્ચા કરતાં, સંસ્કૃત સાહિત્યના શ્રદ્ધેય ઈતિહાસ લેખક શ્રી એ.બી. કીથના મતનો આધાર લઈ પ્રા.હસુ યાજ્ઞિકે નોંધ્યું છે. કે "કથા તરીકે જો કે શુનઃ શેષની કથાને બાદ કરતાં આ કથાનકો સંપૂર્ણ કે આકર્ષક નથી. એ કથાના સંદર્ભો તો કોઈ સિદ્ધાતના પ્રતિપાદન માટે જ ઉપયોગમાં લેવાયા છે. આમાં એ કાળની પ્રચલિત કથાઓનો ઉપયોગ થયો છે. તે કોઈ સિદ્ધાંતના પ્રતિપાદન માટે, અભિપ્રેત અર્થને સુગમ બનાવી પહોંચાડવા માટે કથા સર્જવામાં આવી સોય, દૃષ્ટાંત બનાવ્યું હોય, એવા સંભવને પણ નકારી ન શકાય. સૂક્ષ્મ અને જટિલ એવા વિચારને સામાન્ય માણસ સમજી શકે એ માટે દૃષ્ટાંતો

યોજવાની, પ્રચલિત હોય તે શોધીને મૂકવાની, એવું કોઈ પ્રચલિત દૃષ્ટાંત ન મળે તો નવું બનાવવાની પરિપાટી જન્મી ચુકી હતી. દૃષ્ટાંતથી, નિદર્શનથી ધર્મતત્ત્વના સુક્ષ્મ વિચારને પ્રગટ કરવો અને એવી નિદર્શનરૂપ કથાઓમાં સંબંધિત જાતિ ધર્મમાં આગળ થઈ ગયેલા વીરો, સંતો,મહાત્માઓનાં જીવનની ઘટનાઓને વણી લેવી, એ બૃહદ્ કે મુળ આર્ય પ્રજાનું લક્ષણ છે. ઈન્ડો યુરોપિયન પ્રજાના જે ધર્મો છે તેના પ્રાચીન ધર્મના ગ્રંથોમાં ધર્મસિદ્ધાન્તના પ્રગટીકરણ કરવા માટે દૃષ્ટાંતોનો ઉપયોગ સર્વસામાન્ય છે. યુરોપના ક્રિશ્ચિયન ધર્મમાં વિવિધ સત્તની કથા સાથે 'ધ પ્રોડીગલ સન' જેવી કથાઓ આપે છે. ભારતીય આર્યોમાં શુનઃશેપ અને સત્યકામ જાબાલ જેવી કક્ષાઓ આવે છે. તો. એ.એન ઉપાધ્યાય જેને 'માગધી ધર્મ' કહે છે. તેમાં પણ નિદર્શન કથાના આધારે ધર્મતત્ત્વ કે સિદ્ધાંતનું પ્રગટીકરણ થાય છે. બૌદ્ધધર્મ અને જૈનધર્મમાં એ વ્યાપક છે. આમાં ઐતિહાસિક વ્યક્તિઓનાં જીવનની વાસ્તવિક કે કાલ્પનિક ઘટનાઓ પણ હોય, તેમ જ રૂપક પ્રકારની કથા પણ હોય. ઉપનિષદ કથાઓ, જાતકકથાઓ, વિવિધ પુરાણ ગ્રંથની કથાઓ, જૈનસ્રોતની કથાઓ - આવી આધાર સામગ્રીમાંથી જો રૂપકગ્રંથિ કથાનકો તારવીએ તો આ પ્રકાર કેટલો વિપુલ, સક્ષમ અને વાર્તાકલાની સૂક્ષ્મતાને સંસિદ્ધ કરનારો છે, તેનો ખ્યાલ આવે. આવી નિદર્શન-કથાઓમાંથી જ રૂપકગ્રન્થિ કથાનકો, કાવ્યો, એના વિવિધ પ્રકારોનો વિશિષ્ટ એવા રૂપકકુળનો જન્મ થયો.

પ્રાચીન-મધ્યકાલીન કથાસાહિત્યની એક લાક્ષણિકતા તે માનવેતર પાત્રની સષ્ટિ છે. આવી પાત્રસૃષ્ટિનાં બીજ પણ વૈદિક સાહિત્યમાં છે. દેવી-દેવતા કે પ્રાકૃતિક તત્વો ઉપરાંત તિર્યંચ-પશુપક્ષી પણ પાત્ર સ્થાને જોવા મળે છે. ઋગ્વેદ મંડૂક સૂક્ત ૭.૧૦૩માં આહ્વાનમંત્રમાં બ્રાહ્મણનું અચાનક તૂટતું માન વર્ષાકાળે બોલવા લાગતાં દેડકાંના અવાજ સાથે સરખાવાયું છે. અહીંથી જ મનુષ્ય અને પ્રાણીસૃષ્ટિ વાર્તામાં પાત્રરૂપે સાથે સંકળાય છે. આ પશુકથાના પ્રારંભનો બીજનિક્ષેપ છે. છાંદોગ્ય ઉપનિષદ ૧.૧૨, ૪.૧, ૫.૭માં ભોજન માટે ભસી શકે તેવા નેતાની શોધ કરતા કૂતરા, બે હંસોના સંભાષણે આકર્ષતો રૈકવ, હંસાદિ દ્વારા ઉપદેશ પ્રાપ્ત કરતો સત્યકામ-આવાં જે નિરૂપણો છે તે પછીના ગાળામાં વિકસતી સંસ્કૃત સાહિત્યની પશુકથાના પ્રથમ ચરણ જેવાં છે.

## 6.3 *અવદાન કથાઓ અને જાતક કથાઓ*

ભગવાન બુદ્ધના પૂર્વજીવન અને એમના વર્તમાન જીવનને લગતી કથાઓ જે ભગવાન બુદ્ધના જીવનચરિત અને એમના ઉપદેશનું મહત્ત્વ દર્શાવવા લખાઈ હતી તે કથાઓને 'અવદાન કથાઓ' અને 'જાતકકથાઓ' કહેવાય છે. આ ઉપરાંત બૌદ્ધધર્મની અન્ય કથાઓ, 'દિવ્યારાધન', 'કલ્પનામંડિતિકા' પણ જાતકકથાઓ છે. સામાન્ય રીતે બૌદ્ધ ધર્મનો ઉપદેશ અને તત્ત્વજ્ઞાન નિરૂપતા ગ્રંથો પાલિ ભાષામાં લખાયેલા છે. પણ આ કથાગ્રંથોની ભાષા સંસ્કૃત છે. જો કે બૌદ્ધધર્મની કથાઓનું વૈપુલ્ય 'પિટક', 'જાતક' અને 'અવદાનકથા' છે અને એની ભાષા પાલિ છે. કથાઓને લોકભોગ્ય બનાવવા ભગવાન બુદ્ધે આ લોકબોલીને માધ્યમ બનાવી

લોકોને પોતાનો બોધ દૃષ્ટાન્તસહિત આપ્યો છે, જેનો આધાર આ ગ્રંથો છે. આ ગ્રંથોને પ્રાચીનકથાઓના આકર ગ્રંથોનું મહત્ત્વ મળ્યું છે.

બૌદ્ધધર્મમાં પિટક, અવદાન અને જાતક એમ ત્રણ પ્રવાહમાં ઉપદેશપ્રધાન કથાઓ પ્રાપ્ત થાય છે. પિટકમાં ધર્મોપદેશને સરળ અને સહજ શૈલીમાં સમજાવવા સારિપુત્ર મોગ્ગલાન, મહાપ્રજાપતિ, ઉપાલિ, જીવક વગેરેની કથાઓ આપવામાં આવી છે. અને એ કથાઓ દ્વારા ભગવાન બુદ્ધે કર્મના સિદ્ધાન્તને લોકપ્રિય બનાવ્યો. આ બધાં કથાપાત્રોને પણ જાતકોની જેમ ભગવાન બુદ્ધના પૂર્વભવની વિગતાં સાથે સબંધ છે. સાથે સાથે ભગવાન બુદ્ધના જીવનસાથે સંકળાયેલી ઐતિહાસિક વિગતો પણ અહીં પ્રાપ્ત થાય છે. કેટલાંક કથાનકો સંવાદાત્મક છે અને એનો તથાગતના જીવન અને ઘટનાઓ સાથે ગાઢ સંબંધ છે. જોકે એનું મુખ્ય લક્ષ્ય તો વૈરાગ્યપ્રાપ્તિ છે.

જાતકકથા એટલે ભૂતકાળની એટલે પૂર્વજન્મની કથા. ભગવાન બુદ્ધ અનેક પૂર્વભવમા સંચિત પુણ્ય અને આત્મવિકાસને અંતે બુદ્ધત્વ પ્રાપ્ત કરી શક્યા હતા. પૂર્વભવનાં અનેક પુણ્યને પ્રતાપે મનુષ્યને દિવ્યજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ બુદ્ધત્વ પ્રાપ્ત કરવા માટે નિરંતર એટલે કે જન્મજન્માન્તરમાં પ્રયત્નશીલ પ્રાણી બૌદ્ધિસત્ત્વ તરીકે ઓળખાય છે. ભગવાન બુદ્ધ પૂર્વભવોમાં પણ બુદ્ધત્વની પ્રાપ્તિમાં અગ્રેસર હતા એટલે એમના પૂર્વભવની વિગતોને બુદ્ધના વર્તમાન જીવન સાથે સાંકળતી અને એ રીતે બૌદ્ધધર્મનો મહિમા દર્શાવતી કથાઓ તે 'જાતકથાઓ', મૂળમાં પાલિભાષામાં લખાયેલી ગથાઓને સ્પષ્ટ કરવા સિંહલભાષામાંથી 'પાલિ'માં પરિવર્તિત થયેલી આ કથાઓના ઉદ્દગમનો ટૂંક પરિચય આપતાં પ્રા.ડૉ. વસન્ત ભટ્ટે આર્યશૂરની 'જાતકમાલા'ના સંપાદનની પ્રસ્તાવનામાં લખ્યું છે.

“સુત્તપિટકમાં સંગૃહીત મૂળ જાતકકથાઓ પાલિભાષામાં રચાયેલી છે. (કેમ કે બુદ્ધના ઉપદેશની ભાષા જ મગધદેશમાં તે સમયે ચાલતી 'મગધી-ભાષા' હતી. આ માગધીને જ પાલિભાષા કહે છે.) તથા તે કેવળ 'ગાથા' (=શ્લોક) સ્વરૂપ જ છે. પરંતુ આ ગાથાઓ જો એકલી જ વાંચીએ તો કશી જ સમજણ પડે તેવી નથી. આ ગાથાઓને કોઈક કથાના પૂર્વાપર સંદર્ભમાં મૂકવામાં આવે છે, ત્યારે જ એના મર્મનું ઉદ્‌ઘાટન થાય છે. આ ગાથાઓ ભગવાન બુદ્ધે પોતે ઉચ્ચારેલી છે, આથી તેની પ્રામાણિક્તામાં કશી શંકા નથી. સુત્તપિટકમાં જેમ જાતક ગાથાઓ આવેલી છે, તેવી જ રીતે 'ધમ્મપદ' ગાથાઓ પણ આવેલી છે. આ 'ધમ્મપદ' ની ગાથાઓને, સુભાષિત શ્લોકોની જેમ પૂર્વાપર સંદર્ભ વિના પણ સમજી શકાય છે. પરંતુ જાતક ગાથાઓ કોઈપણ પ્રકારના પૂર્વાપર સંદર્ભ વિના સમજી શકાતી નથી. એટલે સિંહલ દેશમાં (આજના શ્રીલંકામાં) તે દરેક જાતક-ગાથાની ઉપર 'જાતકકથા' (=જાતક-અર્થકથા)ની રચના કરવામાં આવી હતી. કાલક્રમે આચાર્ય બુદ્ધઘોષે 'અભિધમ્મપિટક' ઉપર ટીકા લખ્યા પછી (ઈ.સ.ની પાંચમી સદીમાં) ભારતમાંથી સિહલ દેશ જવાનું વિચાર્યું. તેમણે ત્યાં જઈને સિહલ ભાષામાં લખાયેલી આ જાતકકથાઓનો પાલિભાષામાં અનુવાદ કર્યો.”

જાતકકથાઓના સ્વરૂપનો ટૂંકમાં પરિચય કરાવતા પ્રા.ડૉ. હસુ યાજ્ઞિકે એમના સંસ્કૃત કથાસાહિત્યમાં લખ્યું છે, '' બુદ્ધના જીવન સાથે પૂર્વભવસંબંધે જે લોકકથાઓ જોડાઈ તેનો સંચય જાતક. અહી પણ કેટલાંક પિટેક સાહિત્યનાં કથાનકો નવ છે. પિટકના બધા કથાનકો અનિવાર્ય રીતે બુદ્ધના પૂર્વભવ સાથે સંકળાયેલાં હોતાં નથી. પરંતુ જાતકનાં બધાં જ કથાનકો અનિવાર્ય શરતરૂપે બુદ્ધના પૂર્વભવ સાથે સંકળાયેલા છે. આવી કથાઓ પ્રત્યે શ્રોતાના માનશ્રદ્ધા સંકળાય તે માટે જ અહીં સંકલિત લોકકથાઓને બુદ્ધના પૂર્વભવ સાથે સાંકળવામાં આવી છે.

જાતકના કથાનકો મુખ્યત્વે ગદ્યમાં છે. પરંતુ કથાનો નિષ્કથી તેમ જ બોધ પદ્યમાં આલેખાય છે. કથાનુ સારભૂત અને મૂળભૂત તત્ત્વ બોધરૂપે અંકે થાય અને યાદ રહે એ હેતુ છે. 'પંચતંત્ર' અને ' હિતોપદેશ'ની આ પરિપાટી છે. નિર્દેશિનકથાનું આ મહત્ત્વનું સ્વરૂપલક્ષણ બને છે. કથાઓમાં ગદ્ય અને પદ્યના ઉપયોગ થતો હોવાને કારણે ભારતીય દથાઓનું મુળભુત માધ્યમ ગદ્ય હશે કે પદ્ય, એવો પ્રશ્ન ઓલ્ડ્ન બર્ગે ઉઠાવ્યો અને ઉહાપોહ આરંભાયો. અંતે વેબરે આ ચર્ચાનોની વિશદ છણાવટ કરીને પ્રગટ કરી આપ્યું કે ભારતીય કથાઓનું સ્વાભાવિક પરંપરાગત માધ્યમ તો ગદ્ય જ છે. પદ્ય તો એ કથાના સારસંક્ષેપ અને બોધને તારવવાનું નિમિત્તભુત આનુંષગિક માધ્યમ છે;

નિદર્શનરૂપ કથાઓનાં સાર અને બોધ અંતભાગે પદ્યમાં અપાતાં હતાં અને એ પદ્યની સંખ્યા ભિન્ન ભિન્ન રહેતી. આને ધોરણરૂપે રાખીને, જાતકમાં પદ્યસંખ્યાને આધારે જ કથાઓનું વર્ગીકરણ કરી તેનો સંગ્રહ કરવામાં આવ્યો. જાતકના સંચયમાં કુલ ૨૨ વિભાગોમાં કથાઓ સાંકળી છે. અને તેમાં પદ્યની સંખ્યા ક્રમશઃ વધતી જાય છે, આ પ્રકારનાં કથાસંકલનના ધોરણને કારણે, જેમ જેમ પદ્યની સંખ્યામાં વૃદ્ધિ થાય છે, તેમ તેમ તેમાં આવતી કથાનો વેગ ધીમો પડતો જાય છે. થેરાગાથામાં પણ કથાનું સંકલન તે કથાઓમાં આવતાં પદ્યની સંખ્યાના આધારે કરવામાં આવ્યું છે.

''જાતકકથાઓમાં બોધકથા, પરીકથા, સાહસશૌર્ય કથા, પ્રેમકથા, નીતિઉપદેશ, બોધ નિદર્શનકથા, ટૂચકા એમ વિવિધ પ્રકારની કથાઓનો સંચય થયો છે.

પાલિભાષામાં અપદાન તરીકે ઓળખાતી કથાઓ તે અવદાન કથાઓ છે. અવદાન એટલે અટલ નોંધપાત્ર કૃત્યો. બૌદ્ધસંપ્રદાયના અનુયાયી સાધુઓ કે સાધ્વીઓના જીવનમાં પ્રસ્તુતધર્મના સંદર્ભમાં જે ઘટનાઓ ઘટી એને અહી કથાસ્વરૂપે દર્શાવવામાં આવી છે. જાતક કથાઓ અને કેટલાક પિટકોની કથાઓનો સંબંધ ભગવાન બુદ્ધના જન્મ સાથે છે જ્યારે અવદાન કથાઓનો આધાર અર્હન્તોના જીવન સાથે છે. અહીં એમના જીવનના ઉજવળ અંશો કથાસ્વરૂપે કહેવાવા છે. આ કથાઓનું પ્રયોજન સંસારિક વંદનાઓથી ત્રસ્ત જીવન ભોગવતાં સ્ત્રી-પુરુષો, સંસાર છોડી બુદ્ધધર્મના શરણે જાય અને સાધુત્વ સ્વીકારી માનસિક શાન્તિ અને નિર્વાણ પામે એ દર્શાવવાનો છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો</u>**

**નોંધ :**

૧) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.
૨) યુનિટના અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ તપાસો.

૧. ઋગ્વેદના સંવાદસૂકતા નામ લખો.

૨. પ્રા. વીંટરનીટઝે આ સંવાદસૂક્તના કથાનકો અંગે શું અનુમાન કર્યું છે. ?

૩. યમ-યમી અને પુરૂરવા ઉર્વશીનાં કથાનકોમાંથી ક્યાં સામાજિક મૂલ્યોનો વિકાસ થયો હોવાનું અનુમાની શકાય છે ?

૪.યજુર્વેદનાં કથાસંદર્ભો કઈ બાબતને સમજવામાં ઉપકારક બને છે.?

૫. અથર્વવેદમાં  આવતી કામણ-ટૂમણ વગેરેની વાતો કઈ બાબતનું અનુમાન કરવા પ્રેરે છે?

૬. ‘‘માગધી ધર્મ અને નામાભિધાન કરનાર વિદ્વાનનું નામ લખી એમાં કઈ મુખ્ય બાબતનું પ્રગટીકરણ થાય છે તે લખો.

૭. કથાના સંદર્ભમાં મૂળ આર્યપ્રજાની કઈ લાક્ષણિકતા નોંધપાત્ર છે ?

૮. ‘મંડૂકસૂક્ત’ (મંડૂક-દેડકું) સૂક્તમાં  કઈ બાબતનું પ્રાધાન્ય છે.?

૯. જાતકકથાઓનું મુખ્ય પ્રયોજન શું હતું ?

૧૦. જાતકકથાનો અર્થસ્પષ્ટ કરો.

૧૧. અવદાન એટલે શું ?

૧૨. ‘‘જાતકકથાઓ’ અને ‘અવદાનકથાઓ’ વચ્ચે મહત્ત્વનો ભેદ સ્પષ્ટ કરો.

૧૩. બૌદ્ધધર્મની કથાઓ મનુષ્યોને કયા હેતુથી કહેવામાં આવતી હતી ?

૧૪. ‘ બોધિસત્તવ’ શબ્દનો અર્થ સ્પષ્ટ કરો.

૧૫. જાતકથાઓનું રચનાવિધાન શા માટે કરવું પડ્યું. એની મૂળભાષા કઈ હતી? એનો પાલિભાષામાં અનુવાદ કોણે કર્યો? કઈ સદીમાં ?

## 6.4 જૈનકથાઓ

ભારતના લૌકિક કથાક્ષેત્રે જૈનધર્માવલંબી કથાઓ પ્રચુર પ્રમાણમાં લખાઈ છે અને સચવાઈ પણ છે. આપણી અનેક પ્રાચીન કે પ્રાચીનતમ લોકકથાઓનાં કથાનકો જૈનપ્રવાહના કથાકોશો કે કથાસંગ્રહોમાં પ્રાપ્ત થાય છે. જેને લેખકોએ કથાસાહિત્ય તરફ અસાધારણ પક્ષપાત દાખવ્યો છે પણ એમનો હેતુ મનોરંજનનો નહિ, પણ જૈનધર્મના પ્રચાર, પ્રસાર અને જૈન તત્વજ્ઞાનના દઢીકરણનો જ હતો. જૈન લેખકોના આ એકાંગી અને સ્વકેન્દ્રી અભિગમને પરિણામે આ કથાઓ પ્રમાણમાં વિપુલ હોવા છતાં વ્યાપક લોકપ્રિયતા પ્રાપ્ત કરી શકી નથી. રામાયણની રામકથા, મહાભારતમાં આવતી પાંડવકથા કે હરિવંશની કૃષ્ણકથાને જૈન યતિઓ કે લેખકોએ જૈનધર્મના બીબાઢાળ ઢાંચામાં ઢાળવાનો જે આયાસજન્ય, અપ્રતીતિકર અને અસ્વાભાવિક પ્રયત્ન કર્યો એણે ધર્મકથાઓ પણ રસપ્રદ બની શકે એવી શક્યાતાઓનું નિકંદન કાઢી નાખ્યું. જૈનકથાનકોની થોડા અપવાદોને બાદ કરતાં, આ મોટામાં મોટી મર્યાદા દર્શાવતાં પ્રા.અમૃત ઉપાધ્યાય એમના પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ' (પૃ.૩૩૪)માં નોંધે છે.

''કથાનકો કે કથાનકોના સંગ્રહોની બનેલી 'જૈન કથાનક' તરીકે ઓળખાતી કૃતિઓની સંખ્યા બહુ મોટી છે. આમાંની કેટલીક પ્રાકૃત કે અપભ્રંશમાં રચાયેલી છે. તો 'ઉત્તમકુમારચરિત' કે 'પાપબુદ્ધિધર્મબુદ્ધિકથાનક' જેવી કૃતિઓ સ્પષ્ટ રીતે રૂપકાત્મક અને બોધમય છે. 'ચંપકશ્રેષ્ઠિ કથાનક' અને 'પાલગોપાલ-કથાનક'ના કર્તા જિનકીર્તિ છે. આ કથાઓ પરીકથાના પ્રકારની છે. પણ 'સમ્યકત્વકૌમુદી' પ્રચાર હેતુથી રચાઈ લાગે છે. લોકપ્રિય કથાઓના સંગ્રહો પૈકી 'કથાકોશ' કોઈક અજાવ્યા પલ બહુ જૂના કાળના નહીં, સંપાદકે રચેલો છે, પણ તેનું સંસ્કૃત કઢશું છે અને તેમાં વચ્ચે વચ્ચે પ્રાકૃત શ્લોકો પ્રક્ષિપ્ત કરવામાં આવ્યા છે. હેમવિજયગણિ (સત્તરમું શતક)નો 'કથારત્નાકર' ગ્રંથ શૈલી તથા કથાવસ્તુના વૈવિધ્યથી અત્યંત રસપ્રદ બન્યો છે. આ ગ્રંથ મુખ્યત્વે મુર્ખાઓ, ધૃતારાઓ અને ચપળાઓની કથાઓ, દૃષ્ટાંતો ને ટુચકાઓનો 'સંગ્રહ' છે. આ સંગ્રહમાં માળખાની કથા નથી પણ જુદી જુદી કથાઓને શિથિલ રીતે જોડવામાં આવી છે. જૈન લેખકોએ અસંખ્ય કથાઓ રચીને કથાસ્વરૂપ તરફ પક્ષપાત દાખવ્યો છે, પણ એમની કથા, ગમે તે રૂપમાં એ રચાઈ હોય તો પણ

એમાં ઉપદેશ આપવાનો હેતુ સમાયેલો હોય છે. આથી આ કથાઓનો નિર્ભેળ આનંદ આપવાનો હેતુ સિદ્ધ થતો નથી. સંસ્કૃત વાર્તાની બધી યુક્તિઓ જૈન કથાઓમાં યોજાય છે, પણ એનું નૈતિક ને ધાર્મિક માળખું અછતું રહેતું નથી. આથી આ કથાઓ સાહિત્યની દષ્ટિએ બહુ નોંધપાત્ર બનતી નથી. પણ જે કથાઓમાં નૈતિક અને ધાર્મિક ઉપદેશસામગ્રી ઓછી છે તે કથાઓ સર્વસામાન્ય લોકજીવનનો ગાઢ સંસ્પર્શ ધરાવે છે.''

જૈન કથાસાહિત્યની પ્રાચીનતા, ઉદ્દગમ અને એની સિદ્ધિઓ અને મર્યાદાઓનું આ જ પ્રકારનું આલેખન કરતાં પ્રા.ડૉ. હસુ યાજ્ઞિકે પણ એમના સંસ્કૃત કથાસાહિત્યમાં નોંધ્યું છે. ''જૈનકથાઓનો આરંભ અઢી હજાર વર્ષની સુદીર્ઘ અને પ્રાચીનતમ પરંપરા ધરાવે છે. આ સ્રોતના મુળ કે મુખ્ય ગ્રન્થ આગમ છે. આગમના ત્રીજા ગુળામાં મહાવીરના જીવનની અને પાંચમા અંગમાં ભગવતી-વિવાહ-પણણતિની કથા મળે છે. એના છઠ્ઠા અંગમાં મહાવીરના મુખે કહેવાતી 'નાયાધમ્મકહાઓ' આ સ્રોતનો અત્યંત મહત્ત્વનો કથાસંચય છે. એમાં દષ્ટાંતકથા, રૂપકકથા, સાહસશૌર્યકથા, પરીકથા, ચોર- લૂટારાઓની કથા, ચાતુર્યકથા એમ વિવિધ પ્રકારની કથાઓ મળે છે. આ કથાઓ તે કાળની લોકકથાઓ તરીકે, એમાં મળતાં સમાજના ચિત્રની દ્રષ્ટિએ તથા બ્રાહ્મણધારાની મુખ્ય કે પ્રાણરૂપ એવી કથાઓના જૈનીકરણ થયાં, એના અભ્યાસની દ્રષ્ટિએ મહત્ત્વની છે. રામકથા, કૃષ્ણકથા, પાંડવકથા અને તે સાથે સંકળાયેલી નલકથા વગેરે વેદધારા કે બ્રાહ્મણધારામાં જન્મેલાં, વિકસાવાયેલાં છે. એ ધારા અને સંસ્કૃત ભાષા જ એ કથાઓનું મુખ્ય અને મૂળ  ગોત્ર છે. આવી કથાઓ સમગ્ર ભારતના જનહૃદયમાં ધબકતી કથાઓ હતી. આવી કથાઓથી બૌદ્ધ અને જૈન પ્રવાહ અલિપ્ત કંઈ રીતે રહી શકે? એથી એ ધર્મધારામાં પણ એ કથાઓ પ્રયોજાવા લાગી. પરંતુ ધાર્મિક તત્ત્વદર્શન અને માન્યતા જુદી હોવાને કારણે આવી જનપ્રસિદ્ધ કથાઓને મૂળભૂત ધાર્મિક પરિવેશમાં સ્વીકારી ન શકાય. આથી એવી પ્રચલિત કથાઓના એવા પરિવેશ બદલાયા. કથાના મૂળ માળખાં તો આ પ્રવાહમાં જળવાયાં પરંતુ એનાં કાર્યકારણ, હેતુ અને મૂળભૂત રૂપમાં કેટલાંક પરિવર્તનો થયાં, એ કથાનાં પાત્રોનો તે તે પંથ સાથેનો આંતરસંબંધ સ્થાપવામાં આવ્યો. આમ થતાં 'દશરથજાતક'માં બૌદ્ધસ્રોતમાં રામકથાનું રૂપાન્તર થયું, જૈન પ્રવાહમાં 'પદ્મપુરાણ' કે 'પદ્મચરિત' રૂપે મૂળ રામકથાનું રૂપાંતર થયું અને જૈનીકૃત રામકથામાં કેટલાંક આમુલાગ્ર પરિવર્તનો થયા. કૃષ્ણકથામાં તો નેમિનાથ અનુષંગે જૈનપ્રવાહ સાથેનો આંતરસંબંધ સ્થાપવામાં આવ્યો. જો કે એમ થતાં કૃષ્ણના પાત્ર કે ચરિત્રની જે ભવ્યતા, ઉદાત્તતા, ધર્મ-યોગ-કાલા પ્રવીણતા હતાં તેનો લોપ થયો અને જે કારણે અને વિભાવનાએ કૃષ્ણનું પાત્ર પરમ આસ્વાદ્ય, હૃદયંગમ, ક્લાસમગ્રના પ્રત્યક્ષ પ્રગટરૂપ અને પરમ વ્યાપક અને જીવનમર્મ તથા હૃદયસ્પર્શી હતું તે ન રહ્યું. આથી એની અવેજીમાં જૈન પ્રવાહમાં કૃષ્ણચરિતની આનુષંગિક પાત્રકથાઓ જ વિશેષ આકાર લેતી ગઈ અને વસુદેવ, સામ્બ, પ્રધુમ્નને જૈનથાએ 'વસુદેવ-હિંડી'માં  છે, તેમ પોતાની રીતે કથાત્મક પરિણામે જ વિકસાવ્યાં. આથી આ કથાઓ કથારસની દ્રષ્ટિએ રોચક કે આસ્વાદક

બની, જિજ્ઞાસા રસને તોષતી બની, શૌર્ય, પ્રેમ, ચાતુર્ય, છળ-કપટ, જાદુતિલાસ્માત વગેરેના લોકકથાના રંગ ઘાટા બન્યા પરંતુ શ્રીકૃષ્ણના ચરિતજન્ય-યશોદાનંદન, વ્રજવનિતાનો પ્રેમભાજન, ગોપીજનવલ્લભ,મુરલીધર, રાસલીલાનો કે દાણલીલાનો રસિકરાપાવર, ગોકુલેશ, મથુરાધિપતિ, ગોવર્ધનધારી, કંસજેતા, દ્વારકેશ, સારથી, યોગી, ગીતાજ્ઞાન પ્રબોધક, કોઈ પણ પ્રકારના વાત્સલ્ય અને પ્રેમના, શાશ્વત એવા સાંખ્ય સંબંધનો ભાજક-હૃદયસ્પર્શી અને યુગોવ્યાપી મહાપ્રજાના અંતરંગે પરિપ્લાવિત કરતી મહાપુરાકથા રૂપ અંશો હતા એનો આ જૈનધર્મના સ્વીકૃત સિદ્ધાંતો આધારિત પરિવર્તનોમાં લોપ થયો. આમ જૈન પ્રવાહમાં રામકથા, કૃષ્ણકથા, પાંડવકથા વિવિધ પ્રકાર સ્વરૂપે ખેડાયાં પરંતુ કથા તરીકે માત્ર લોકકથાત્મક પરિવર્તનાંશ્રિત જ બની રહ્યા અને વિકસિત -ન બન્યાં. હૃદયને સ્પર્શતી પરિમાણની કલા અને ભક્તિ જો રામકથા અને કૃષ્ણકથામાંથી બાદ થાય તો એ લોકોનાં મનહૃદયમાં પહોંચી શકતી નથી..

જૈન કથાસાહિત્યના નોંધપાત્ર પ્રદાનનો વિચાર કરીએ ત્યારે જૈન પ્રબંધોનું પ્રદાન અવશ્ય પ્રશંસનીય છે. ઐતિહાસિક પુરુષો કે સાહિત્યિક વિદ્વાનોના મૂલ્યવાન, સામાજિક કે ધાર્મિક પ્રદાનનું આલેખન આ પ્રબંધગ્રંથોમાં થયું છે. એમના આ પ્રદાનને રોચક બનાવવા આ પ્રબંધગ્રંથોમાં કુતૂહલપ્રેરક કથાઓ અને રસપ્રદ ટુચકાઓનું નિરૂપણ થયું છે. આ પ્રબંધગ્રંથોની ભાષા સુબોધ અને સૌષ્ઠવભરી સંસ્કૃત ભાષા છે પણ એમાં પ્રાકૃત કે અપભ્રંશ ભાષામાં રચાયેલા શ્લોકો પણ ઠેરઠેર પ્રયોજાયા છે. ઐતિહાસિક દૃષ્ટિએ એની ઉપકારકતા શંકાસ્પદ હોવા છતાં એમાંનું કથાવસ્તુ વિનોદપ્રેરક અને વાચનક્ષમ છે. આ પ્રબંધગ્રંથોમાં મેરુતુંગનો 'પ્રબન્ધચિંતામણિ' (ઈ.સ. ૧૩૦૯), રાજશેખર સૂરિએ રચેલો 'પ્રબંધકોશ' (ઈ.સ.૧૩૪૮) ખૂબ જાણીતો છે. જૈનેતર કવિઓ પૈકી બલ્લાલસેનનો ભોજપ્રબંધ (સોળમી સદી) રાજા ભોજની વિદ્વત્મિપ્રયતા, ઔદાર્ય, શૌર્ય અને પરાક્રમ વગેરેના નિરૂપણથી પ્રસિદ્ધ થયો છે.

પ્રા.શ્રી હસુ યાજ્ઞિકને મતે જૈનપ્રવાહની કથાઓને પૌરાણિક, ચરિતાત્મક, લોકકથનાત્મક અને સંગ્રહરૂપ એમ ચાર મુખ્ય વિભાગોમાં વહેંચી શકાય. તીર્થંકરોના જીવનકાર્યને વર્ણવતા ગ્રંન્થો પૌરાણિક પ્રકારના છે. ધર્મખ્યાત પાત્રોનું યુગકાર્ય ચરિતાત્મક છે જ્યારે લોકખ્યાત પાત્રો અને કથાકોશોમાં વિવિધ પ્રકારની કથાઓનું નિરૂપણ થયું છે.

વિવિધ ધર્મના પ્રવાહમાં પ્રાપ્ત થતી આ બધી કથાઓની ફલસિદ્ધિનું લાઘવથી નિરૂપણ કરતાં પ્રા.યાજ્ઞિકે યોગ્ય અને પ્રતીતિકર નિષ્કર્પરૂપે યોગ્ય રીતે જ નોંધ્યું છે કે ‘‘કથાનો વિનિયોગ બ્રાહ્મણધારાએ માનવમનમાં સૌંદર્ય અને શ્રદ્ધાસામર્થ્યને જગાડવા કર્યો, બૌદ્ધ ધારાએ ધર્મદર્શનના સૂક્ષ્મતંતુને સુગ્રાહ્ય કરવામાં કર્યો અને જૈનધારાએ ધર્મપ્રતિપાદિત સિદ્ધાંતોને ચુસ્તરીતે પાળી શકાય એ પ્રકારની મનોદશા અને તર્કશુદ્ધ વિચારભૂમિકા જે બૌદ્ધપારાની વિશિષ્ટતા છે તેણે માનવ સામર્થ્ય પ્રગટાવવા કર્યો.

માનવચિત્તની ખુમારી અને શરીર-સંસારની ક્ષણિકતા અને આસક્તિમુક્તિ (અનાસક્તિ કેળવવા) માટેનો સાધનામાર્ગ જૈનધારાનાં કથાનકોનો હેતું છે.''

**<u>તમારી પ્રગતિ ચકાસો</u>**

**નોંધ :**

**i) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.**

**ii) યુનિટના અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ તપાસો.**

૧. "જૈન કથાઓ વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થતી હોવા છતાં એ વ્યાપક લોકચાહના પ્રાપ્ત કરી શકી નથી.'' શા માટે ?

૨. 'કથાકોશ'ની શૈલીની કંઈ મર્યાદા પ્રા.શ્રી અમૃત ઉપાખ્યાયે દર્શાવી છે.?

૩. 'કથારત્નાકર' ગ્રંથના રચિયતાનું નામ આપી એમાં ક્યા પ્રકારની વાર્તાઓ સમાવિષ્ટ છે તે લખો.

૪. 'પ્રબંધગ્રંથો'માં કઈ વિગતોનું નિરૂપણ છે તે જણાવી બે મુખ્ય પ્રબંધગ્રંન્થોનો પરિચય આપો.

૫. વિવિધ ધર્મના કથાપ્રવાહોના પ્રદાનની વિશિષ્ટતાઓ સ્પષ્ટ કરો.

## 2.5 વીરચરિતકાવ્યો - રામાયણ અને મહાભારતમાં કથાનકો

*વૈદિકકાળ પછી પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો પ્રારંભ આદિકાવ્ય રામાયણથી થયો. રામાયણ પછી મહાભારતની રચના થઈ. આ મહાકાવ્યોમાં યુગપુરુપો રામ, કૃષ્ણ, યુધિષ્ઠિર, અર્જુન, ભીમ અને કર્ણ જેવા ધીરોદાત્ત, ધીરગંભીર, ધીરલલિત, ધીરવીર, દયાવીર કે દાનવીર મહાપુરુષોની કથા છે. ભારતીય પ્રજા રાષ્ટ્ર કે સમાજની આ પ્રકારની અસાધારણ પ્રતિભા ધરાવતી વ્યક્તિઓની અહોભાવપૂર્વક પ્રશંસા ને પૂજા કરતી હોય છે. ભાટ ચારણો, અને કવિઓ આ પ્રકારના મહાપુરુષોનાં મનમૂકીને યશોગાન ગાતા હોય છે. આવા વીરપુરુષોનાં પરાક્રમી અને યશદાથી સુકૃત્યોનાં ગાન ગાતાં કાવ્યોને વીરચરિત કાવ્યો કહેવાય છે. એમાં સાહિત્યિક ગુણવત્તા ઉમેરાતાં તે મહાકાવ્યો તરીકે પણ ઓળખાય છે. રામાયણ અને મહાભારત વીરચરિતકાવ્યો કે મહાકાવ્યો તરીકે જાણીતાં છે. મેકુડોનલ નામના વિદ્વાન વીરચરિતના સમયગાળાને ઈ.સ.પૂ.૫૦૦થી ઈ.સ.પૂ.૫૦માં મૂકે છે. છેક વેદકાળથી આ પ્રકારની વિરોનાં ચરિતનું નિરૂપણ કરતી કૃતિઓ રચાતી રહી છે. ભાષાશાસ્ત્રમાં જેમ ભારત-યુરોપીય, ભારત- ઈરાની અને ભારત-આર્યભાષાઓનો ઉદ્‌ગમ અને વિકલ્પ જોવા મળે છે એમ વૈદિકયુગ, પૌરાણિક કાળ અને વીરચરિતકાવ્યોમાં પણ ભારતીય સંસ્કૃતિનો વિકાસ થયો છે. આર્યો અને આર્યેતર પ્રજાઓનાં સંઘર્ષ, સંવાદ, સમાધાન અને અંતે એ બન્ને પ્રજાઓ અને બીજી સંસ્કૃતિઓ એમાં સમરસ થવાથી જેને*

*સંપૂર્ણ પણે ભારતીય સંસ્કૃતિ કહી શકીએ એવા સંસ્કૃતિના વિવિધ તબક્કાઓના વિકાસનું દર્શન રામાયણ અને મહાભારતમાં જોવા મળે છે, કારણકે આ કૃતિઓનું સ્વરૂપ અનેક સદીઓ સુધી વિસ્તરતું રહ્યું છે અને આથી જ એ* મહાકાવ્યને 'વિકાસશીલ' મહાકાવ્યો કહેવાય છે. અનેક સંસ્કૃતિઓ અને વિચારપ્રવાહોએ વિકસિત થઈને, ભેગા મળીને ભારતીય સંસ્કૃતિએ કેવો વિકાસ સાધ્યો એ જાણવા માટે રામાયણ અને મહાભારતનો કથાનકો જાણવાં અને સમજવાં પણ પડે. રામાયણે અને એની કથાના આદર્શો તેમજ કાવ્યતત્ત્વે અને પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યને સીમાલરૂપ પ્રેરણા અને માર્ગદર્શન પૂર્ણ પાડ્યા, રામાયણની આદર્શકથાનો સામાજિક પ્રભાવ દર્શાવતા પ્રા.શ્રી હસુ યાજ્ઞિક લખે છે. 'રામાયણ' કથા તરીકે તો એક વ્યક્તિના જીવનની મહત્ત્વની ઘટનાઓનું આકલન કરીને તેના ચરિત્રના આલેખનનું છે. પરંતુ એ માત્ર ચરિત કે પ્રબંધ બનીને અટકી ન ગયું, કેમ કે પરંપરાગત એનું કથાનક જ જ એટલું સુપુષ્ટ અને સ્વયંસંપૂર્ણ છે અને એના નાયકને લોકહૃદયમાં ભાવભક્તિપૂર્ણ સ્વીકાર મળ્યો. એ વ્યક્તિકથા જ ન રહેતાં યુગપ્રબોધક જીવનસમીક્ષા બની, પ્રજાકીય સાંસ્કૃતિક આદર્શ એમાં મૂર્તિમંત બન્યો. મહાભારતે એના અખિલાઈપૂર્ણ કથાનકો, આખ્યાનો અને ઉપાખ્યાનોથી 'ભારતીય કથાસાહિત્યનો ઉજવળ ખજાનો ખુલ્લો કરી આપ્યો. આ બન્ને વીરચરિતકાવ્યોની યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ચર્ચા કરતાં, પ્રા.ડૉ. અમૃત ઉપાધ્યાયે એમના 'પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ'એ ગ્રંથના બીજા પ્રકરણમાં નોંધ્યુ છે. – "સમગ્ર રીતે જોતાં મહાભારત માનવજીવન, વર્તન, પરંપરાઓ અને બદલાતાં મૂલ્યોનો વિવેચન ગ્રંથ છે. એમાં દ્રષ્ટિગોચર થતી નૈતિક મૂલ્યની શોષ કદાચ કેટલાય સૈકાઓ દરમિયાન ઊભી થયેલી સામાજિક કટોકટીને આભારી હશે. આ અર્થમાં મહાભારત ભારતીય સાહિત્ય કરતાં, ભારતની પ્રાચીન સંસ્કૃતિનો અને વિચારોનો ઈતિહાસ છે. બીજી તરફ રામાયણ સંપૂર્ણપણે પ્રથમકક્ષાની કાવ્યકૃતિ છે, અને નિઃશંક પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યની પુરોગામી કૃતિ છે. પ્રશિષ્ટ સંસ્કૃત કવિતા 'આદિકાવ્ય' રામાયણનો પૂરેપૂરો વારસો ભોગવે છે." પૃ. ૪૭. આ બન્ને મહાકાવ્યો ભારતીય સંસ્કૃતિને કેવી રીતે ઉપકારક બન્યાં છે તે દર્શાવતાં એમણે નોંધ્યું છે, "પ્રશિષ્ટ યુગના કવિને રામાયણે કવિતાકળાનું પાથેય પૂરું પાડયું છે તો મહાભારતે એનો કથાભંડાર જાણે આ યુગને ચરણે ધરી દીધો. કવિઓ લેતાં થાકે એટલી બધી કથાસામગ્રીનો અને વારંવાર કહ્યા છતાં જેની માર્મિકતા ઘટે નહિ એવી એક એક કથાનો મહાભારતનો અક્ષયભંડાર માત્ર પ્રશિષ્ટ સાહિત્યના જ નહિ પણ સર્વકાળના, સર્વભાષાના, સમગ્ર ભારતના કવિઓ લૂંટતા આવ્યા છે છતાં એની કેટલીય કથાઓ અને એના કેટલાય અંશો હજી આજે પણ અણસ્પશ્યર્યા પડયા છે." પૃ-૫૧

વીરચરિતકાવ્યો અથવા જેને આપણે આપણાં સાંસ્કૃતિક મહાકાવ્યો કહીએ છીએ તે સમાયણ અને મહાભારતમાં રામકથા એમાંના કૌટુંબિક અને રાજકીય આદર્શને લઈને પૂરા આદર સાથે ઘેર ઘેર ગવાતી થઈ જયારે મહાભારત માનવજીવનની સારપો, અધૂરપો, ધર્મ, અધર્મ વચ્ચેના સંઘર્ષો અને સમાજજીવનના વાસ્તવિક અને વેષક નિરૂપણને લીધે લોકપ્રિય થઈ. મહાભારત કડવી

વાસ્તવિક્તાઓનું કઠોર આલેખન કરતું હોઈ સમાજનાં કેટલાક સ્થાપિત હિતોએ મહાભારત વંચાય નહિ, વાંચીએ તો ઘરમાં પણ મહાભારત થાય એવો દુષ્પ્રચાર કર્યો પણ મહાભારતનો કથારસ એટલો બધો વાસ્તવિક અને વૈવિધ્ય સભર હોવાથી માલસોએ એ મહાભારતને મનોરંજનનું માધ્યમ બનાવીને જીવંત રાખ્યું. જેથી સ્થળ-કાળના ભેદભૂલી એ કથાનક સમાજના સર્વવર્ગોમાં, કવિઓમાં અને નાટકકારોમાં પણ જીવતું રહ્યું. કવિઓ નાટકકારો અને કલાકારો માટે તો એ જીવાદોરી બન્યું મહાભારતની સર્વસ્થવકાલીન વ્યાપકતાનો નિર્દેશ કરતાં પ્રા.હતુ પાક્ષિકે યોગ્ય રીતે જ નોંધ્યું છે કે "કૃષ્ણચરિત અને પાંડવકથા એ બે એવી સમર્થ અને ભારતવ્યાપી વીરગાથાઓની પરંપરા છે, જે છેક આજ સુધી વિવિધ પ્રકારની તેમની લલિતકલાઓમાં જળવાતી આવી છે. કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારિકાથી બ્રહ્મદેશ સુધી વિસ્તરેલી, આ પરંપરા પૂર્વોત્તર અને દક્ષિણપૂર્વ એશિયામાં રામકથાઓની જેમ પહોંચી, આદિવાસી, ગ્રામીણ અને નાગરી એવી ત્રણે મુખ્ય પરંપરાઓમાં આજ પણ રામકથા, કૃષ્ણકથા અને પાંડવકથાની મુખપરંપરા છે. આ પરંપરાઓમાં જે કથા છે તેમાં કલ્પી ન શકાય, તેટલું વૈવિષ્ય છે. આવી કેટલીક કથાપરંપરાનો અનુબંધ ભાગવતમાં પણ છે.

વીરચરિતકથાનકોના નાયકો સામાજિક મૂલ્યોની રક્ષા માટે જીવસટોસટની લડાઈ લડી,પોતાના પ્રાણનું પણ બલિદાન ધરી દેતા હોય છે. આવા વીરનાયકો એક કે અનેક જીવનમૂલ્યો માટે ઝગમતા હોય છે. પૂર્વ કે પશ્ચિમમાં પ્રજાઓએ, જે જીવનવીરોએ એમના પોતાના માનેલા આદર્શોને માટે ઝઝૂમતા રહીને શહીદીઓ વહોરી જનનાયક કે જનવીર તરીકેનું સ્થાન પ્રજાહૃદયમાં અંકિત કર્યું છે. એવા નરબંકાઓના ગુણ દર્શાવતાં સર હેનરી ન્યૂ બોલ્ટ નામના પશ્ચિમી વિદ્વાને એમના "બેલાડ મેકર્સ" નામના ગ્રંથમાં અંગ્રેજીમાં જે લખ્યું છે. એનો પ્રાસાદિક અનુવાદ આપણા દેશભક્ત અને રાષ્ટ્રશાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ આ પ્રમાણે આપ્યો છે. "આવા (વીરનરોએ) દગલભાજીને ધિક્કાર દીધો છે. ક્રૂરતા પ્રતિ શોચ દાખવ્યો છે : સ્ત્રીને સંતાપવી, ધીંગાણેથી ભાગવું. માથુ પડે તે પહેલાં માથુ નમાવવું એમને મન બદનામી સમાન હતું." આ વિધાનનું સ્પષ્ટીકરણ કરતાં આ અનુવાદ ઉદધૃત કરનાર પ્રા.હસુ યાજ્ઞિક કહે છે. "આમ આર્યોએ જે વીરની યશોગાથા રચી, રચાવી અને ગાઈ તે વીરોનાં મુખ્ય લક્ષણોમાં વિશ્વાસઘાત પ્રતિ ધૃણા, અનિવાર્ય હોય તો જ હિંસક ક્રૂરતાનો આશ્રય, સ્ત્રી રક્ષા, યુદ્ધમાં પરાજય અને પીછેહઠ પ્રાણરક્ષા માટે પણ ન કરવી એવા વીરધર્મોનો સમાવેશ થાય છે."

**<u>તમારી પ્રગતિ ચકાસો</u>**

**નોંધ :**

**i) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.**
**ii)યુનિટના અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ તપાસો.**

૧. 'વીરચરિત' કાવ્યો કોને કહેવાય છે ?

૨. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યની દ્રષ્ટિએ રામાયણ અને મહાભારતનું સવિશેષ પ્રદાન શું છે ?

૩. ''રામાયણ'' અને ''મહાભારત'' ક્યાં કારણોથી લોકપ્રિય થયાં તે દર્શાવો.

૪. 'મહાભારત' ને જીવતું રાખવાનું મુખ્ય શ્રેય કોને ફાળે જાય છે ?

૫. 'કૃષ્ણચરિત' અને 'પાંડવકથા' ભારતવ્યાપી કેવી રીતે બની ?

૬. રામકથા, કૃષ્ણકથા અને પાંડવકથા ની મુખ્ય પરંપરા કેટલી છે ? એ કેવી રીતે ટકી છે કે વ્યાપક બની છે ?

૭. જનજીવનમાં હાર્દિક સ્થાન પ્રાપ્ત કરનારા નરબંકાઓ એમના ક્યા ગુણોથી લોકહૃદયમાં સ્થાન પામ્યા છે ?

૮. વીરચરિત કાવ્યોનો સમય સ્પષ્ટ કરો.

૯. રામાયણ અને મહાભારત વિકાસશીલ મહાકાવ્યો શા માટે કહેવાય છે ?

# એકમ : 7 નીતિકથાઓ અથવા પ્રાણી કથાઓ

:: રૂપરેખા ::

**7.0 નીતિકથાઓ અથવા પ્રાણી કથાઓ**

**7.1 પંચતંત્ર : કર્તા, સમય અને સ્થળ**

**7.2 પંચતંત્ર કથાસાર**

**7.3 હિતોપદેશ : કર્તા, સમય અને સ્થળ**

**7.4 હિતોપદેશનું વિષયવસ્તુ અને સ્વરૂપ**

**7.5 પ્રાણીકથાની શૈલી અને લાક્ષણિકતાઓ**

**7.6 પંચતંત્ર અને હિતોપદેશનો બોધ અને પ્રતિકો**

## 7.0 નીતિકથાઓ અથવા પ્રાણીકથાઓ

ભારતના જે પ્રાચીન, વૈવિધ્યસભર અને સમૃદ્ધ કથાસાહિત્યે, વિશ્વના અનેક દેશોને પ્રેરણા પૂરી પાડી છે, કથાસ્વરૂપ શીખવ્યું છે અને અનેક દેશોની ભાષામાં અનુવાદ રૂપે વિસ્તરી વ્યાપક બન્યું છે તે છે ભારતની નીતિકથાઓ કે પ્રાણીકથાઓ. આ કથાઓ નીતિકથાઓ કહેવાય છે પણ એમાં જે નીતિ છે તે માત્ર નૈતિકતાના અર્થમા નથી પણ જીવન જીવવામાં કે સફળ જીવન માટે અપનાવાતી વ્યવહાર નીતિ છે. જુદાં જુદાં પ્રાણીઓ કે પશુઓ અમુક પ્રકારનો ખાસ સ્વભાવ ધરાવતાં હોય છે. અને એ સ્વભાવ જનમાનસમાં રૂઢ થયો હોય છે. એટલે એ જ પ્રકારની વૃત્તિ કે વ્યવહાર કરતા મનુષ્યોના રૂપક તરીકે જે તે પ્રાણી કે પશુની કથા દ્વારા, જીવન વ્યવહારનો બોધ અપાય છે અને કાર્યસિદ્ધિના ઉપાયોનુ પણ સમર્થન કરાય છે. આથી આ પ્રકારની વાર્તાઓ પ્રાણીકથા તરીકે ઓળખાય છે. વિશ્વભરમાં પ્રખ્યાત આ પ્રકારની કથાઓનું ઉદ્‌ગમસ્થાન ભારત ગણાય છે. કાંતો આપણે ત્યાં આ પ્રકારની જે નીતિકથાઓ રચાઈ એનું વિશ્વના જુદા જુદા દેશોમાં અનુવાદરૂપે સ્થળાંતર થયું છે અથવા રૂપાન્તર થયું છે. એ કથાઓની સરચના, સ્વરૂપ અને હેતુ એક જ પ્રકારનો છે.

વિદ્વાનો એમ માને છે કે ભાષા શાસ્ત્રની એક અત્યન્ત મહત્ત્વની અને પ્રાચીન ભાષા સંસ્કૃતને ગ્રીક કે લેટિન જેવી અન્ય ભાષાઓ સાથેનો તુલનાત્મક અભ્યાસ કરતા પશ્ચિમના વિદ્વાનોને સમજાયું કે યુરોપના વિવિધ દેશોમાં જે કથાઓ પ્રાપ્ત થાય

છે એના મૂળમાં તો ભારતીય કથાઓ છે. એ કથાઓનું પૂર્વઅસ્તિત્વ તો ભારતીય કથા સાહિત્યમાં જ છે અને એ રીતે ભારતીય સાહિત્ય કથાસાહિત્યનું, પરમ પૂર્વજ છે. ભારતીય કથાસાહિત્યનો પ્રસિદ્ધ ગ્રંથ 'પંચતંત્ર' કેવી રીતે  વિદેશોમાં વિસ્તર્યો અને જગતની બસો કરતા પણ વધારે ભાષાઓમાં અનુવાદ પામ્યો એની પ્રમાણભૂત માહિતી પણ પ્રાપ્ત થતી ગઈ માત્ર પ્રાણીકથા જ નહિ પણ બોધાત્મક કથાઓ પણ બૌદ્ધધર્મના પ્રચાર અને પ્રસાર સાથે એશિયા અને યુરોપ વગેરે વિશ્વના દેશોમા પણા પ્રાચીન કાળથી પ્રસરી ચૂકી હતી સ્ટીથ થોમસન નામના પશ્ચિમના વિદ્વાને એમના ''ધી ફોકટેલ'' નામના પુસ્તકમાં સ્પષ્ટ લખ્યું છે કે, ''ચીન, જાપાન અને મલયન દેશોમાં પ્રાપ્ત થતી આ પરંપરાની કથાઓને લાગેવળગે છે ત્યાં સુધી એ તો દેખીતું જ છે કે આ કથાઓ ભારતમાંથી જ લેવામાં આવી છે. ચીન, જાપાન અને આગળ વધતા દક્ષિણમાં આ પ્રકારની ભારતીય કથાઓના પ્રસાર માટે બૌદ્ધ ધર્મનુ સાહિત્ય જવાબદાર છે અને એમાં ઈસ્લામ ધર્મના પ્રસારનો પણ હાથ છે. (પૃ ૧૩). આ વિધાનોને આધારે પ્રા. હસુ યાજ્ઞિકે નોંધ્યું છે કે ''પચતંત્ર' 'જાતક' ની કથાઓ યુરોપમાં એટલી બધી પ્રસરી ચૂકી હતી કે યુરોપમાં કોઈ અભણ ખેડૂત કોઈ વાર્તા માંડીને કહેતો તોય તો એનાં મૂળ બે હજાર વર્ષ પહેલાંની કોઈ ભારતીય કથામાં હોય. ભારતના વિવિધ પ્રદેશની વિવિધ ભાષાની લોકકથાઓમાં વિદેશોમાં થોડાં ઘણા દેશાનુરૂપ પરિવર્તનો થયાં. યુરોપની હોમરની કૃતિઓ કરતાં પ્રાચીન એવી કથાઓની ત્રણેક હજાર વર્ષ પહેલાંની એક પરંપરા ભારતના લિખિત સાહિત્યમાં છે.(૧) પ્રાણીકથાના અનુસંધાનમાં દૃષ્ટાન્તકથાઓ કે બોધકથાની વિશેષ ચર્ચા કરતાં પ્રા.હસુ યાજ્ઞિક નોંપે છે, ''ધર્મ, નીતિ, વ્યવહારજ્ઞાન વગેરે દર્શાવવા માટે દષ્ટાંતકથાઓ, બોધકથાઓ કહેવામાં આવતી હતી. આપણી સંસ્કૃત વાતિમીમાંસા પ્રમાણે આ કથાપ્રકાર નિદર્શનકથા તરીકે ઓળખાવાય છે. બોધ કે ઉપદેશ માટેની વાર્તા  માટે પશુ, પંખી, પ્રાણીની કથાઓ કહેવામાં આવે છે. કથા તરીકે આ પ્રકારમાં 'ફેબલ' અને 'પેરેબલ' એવા બે પ્રકારોનો સમાવેશ થાય છે.

'ફેબલ' અને 'પેરેબલ' છે તો દષ્ટાંતકથા, નિદશર્નના જ પ્રકારો, પરંતુ કથા પ્રકાર તરીકે તે બે વચ્ચે તાત્ત્વિક ભેદ છે. જ્યારે કોઈ નીતિ કે ધર્મબોધ માટેની કથામાં પાત્ર સ્થાને કોઈ પ્રાણી-પશુ-પંખી હોય ત્યારે એને 'ફેબલ' કહેવામાં આવે છે અને માનવ પાત્ર દ્વારા જે દષ્ટાંતકથા આલેખાય તે 'પેરેબલ' છે. 'પંચતંત્ર', 'હિતોપદેશ' 'ઈસપકથા' વગેરે 'ફેબલ' છે. પરંતુ રશિયન વાર્તાકાર મહાત્મા તોલ્સ્ટોયે 'એક માણસને આખરે કેટલા ગજ જમીન જોઈએ?' પ્રકારની જે બોધકથાઓ લખી તે માનવપાત્ર સંબંધિત હોઈ 'પેરેબલ' છે, બોધકથા છે.

આપણા સંસ્કૃત કથામીમાંસકોએ તો બે પ્રકાર 'કથા' અને આખ્યાયિકા' આપ્યા જેના મૂળમાં ઉત્પાદ્ય કથાવસ્તુ અને પરંપરાગત ખ્યાત એવું પુરાકાલે બનેલું મનાતું કથાવસ્તુ, એવો ભેદ છે. આ દૃષ્ટિએ ફેબલ અને પેરંબલ, પશુકથા અને બોધકથા બન્નેનો સમાવેશ 'નિદર્શનકથા' એટલે કે દષ્ટાંત રૂપે કહેવાતી કથા એવો થાય છે.

ક્યારેક સમજાવવાની વાત જો માનવજીવનમાં બનેલી ઘટનાના સંદર્ભ સાથે રજૂ થાય તો સામાન્ય અને ચમત્કૃત ન કરે તેવી લાગે. પરંતુ એવી જ ઘટનાને જો કોઈ પશુ-પંખી સાથે સાંકળવામાં આવે અને એમાં માનવીય તત્ત્વો-ગુણોનું આરોપણ કરવામાં આવે, તો તે અસામાન્ય અને ચમત્કૃત કરે તેવું લાગે છે. આવી કથાઓનો ઉપાડ વૈદિક સાહિત્યથી જ થયો હોવાનું મેકડોનલ દર્શાવે છે. માનવીય વર્તન, વાણી, પટનાને મળતો પશુપ્રાણીજીવનનો સંદભંજ કથાઘટકરૂપ બનતાં ચમત્કૃત કરે છે. માનવીય સંદર્ભે તુચ્છ કે સામાન્ય હોય તે પશુસંદર્ભે વ્યક્ત થતાં નવીન અને અસામાન્ય બને છે. 'પશુઓને માણસના જેવી સાધળી પ્રવૃત્તિઓ કરતાં વર્ણવવામાં આવતાં હોવાથી આખા ગ્રંથમાં હાસ્યરસનું એક વિચિત્ર પ્રકારનું તથ્ય વ્યાપી રહે છે.' એમ મેકડોનાલ્ડ કહે છે કૃષ્ણામાચારી કહે છે. તેમ વ્યવહારોપયોગી નીતિને પ્રગટ કરવામાં પશુકથાઓ સહાયક બની. એ દ્વારા જ નીતિ કે વ્યવહારનું વિજ્ઞાન થડાયું. દરેક કંબલની રચના માનવીય વર્તણૂકને સ્પર્શતી નીતિનું દૃષ્ટાંત બની છે.''

***<u>તમારી પ્રગતિ ચકાસો</u>***

***નોંધ :***

1) ***નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.***
2) ***યુનિટના અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ તપાસો.***

1. પ્રાણીકથાઓને નીતિકથાઓ ક્યા સંદર્ભમાં કહેવાય છે ?

______________________________
______________________________
______________________________
______________________________
______________________________
______________________________

2. પ્રાણીકથાઓ એ શબ્દની સાર્થકતા સ્પષ્ટ કરી આ કથાઓનો ઉદેશ સ્પષ્ટ કરો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________
______________________________

3. ''ભારતનું કથાસાહિત્ય, વૈશ્વિક કથાસાહિત્યનું પરમ પૂર્વજ કહેવાય છે.'' શા માટે ?

4. ભારતીય કથાસાહિત્ય વિશે સ્ટીથ થોમ્સનના વિચારો સમજાવો.

5. 'ફેબલ અને 'પેરેબલ'માં કથાપ્રકાર તરીકે ક્યો તાત્ત્વિક ભેદ છે ?

## 7.1 પંચતંત્ર : કર્તા, સમય અને સ્થળ

**(૧) શીર્ષક :-**

પંચતંત્ર આપણો પ્રાચીનતમ પ્રાણીકથાસંગ્રહ છે. પંચતંત્ર એનું નામ દર્શાવે છે તેમ પાંચ તંત્રોમાં વિભક્ત છે. શ્રી કીથ કહે છે તેમ મૂળ ગ્રંથનું નામ નિશ્ચતપણે પંચતંત્ર જ હતું. પરંતુ આ શબ્દનો અર્થ અનિશ્ચિત છે. તંત્રનો અર્થ પુસ્તક છે અથવા એ શબ્દ છલ, ઉગ્ર આચરણનો પ્રકાર અથવા ઉપદેશાત્મક કે પ્રામાણિક ગ્રંથને લક્ષિત કરે છે કે કેમ ? એવો પ્રશ્ન થઈ શકે. કે પછી પંચતંત્રનો અર્થ ઉપદેશાત્મક કથાઓ રજૂ કરતું પાઠયપુસ્તક એવો થઈ શકે ? આ વિશે આપણે કશું નિશ્ચિત રીતે જાણતા નથી. પરંતુ ઘણું કરીને પંચતંત્ર' શીર્ષકનું તાત્પર્ય આ ગ્રંથમાં પ્રતિપાદ્ય પાંચ વિષયોનું સૂચનકરવાનું છે અને તેથી પંચતંત્રનો અર્થ 'પાંચ વિષયો સાથે સંબંધિત પુસ્તક' એવો થઈ શકે.

(૨) **કર્તા :-**

પંચતંત્રના પ્રારંભમાં મૂકવામાં આવેલા કથાભાગમાં આ ગ્રંથરચનાનું તાત્પર્ય બનાવવામાં આવ્યું છે. મહિલારોપ્ય નામના નગરમાં અમરશક્તિ નામે રાજાના ત્રણ અભણ અને મુખી પુત્રોને રાજનીતિનું જ્ઞાન આપવા વિષ્ણુશમાં નામના બ્રાહ્મણે બીડું ઝડપ્યું હતું. છ માસમાં મને રાજનીતિમાં પારંગત બનાવવા માટે આ વિામાં ગ્રાહાલે પંચતંત્રની રચના કરી હતી, એટલે કથામુખની હકીકતનો સ્વીકાર કરીએ તો પંચાલનાં રચયિતા વિષ્ણુ શર્મા નામે બ્રાહ્મણ હતો. જો કે આ વિષ્ણુશર્મા એક કાલ્પનિક નામ હોય અને એનો ખરેખરો કર્તા કોઈ બીજો જ હોય એમ વિદ્વાનો માને છે. પોતાની રચનામાં કર્તા પોતાને એક પાત્ર તરીકે રજૂ કરે તે બહુ પ્રતીતિકર લાગતું નથી. એટલે વિષ્ણુશર્મા પંચતંત્રના અન્ય નામોની જેમ એક કાલ્પનિક નામ હોય એમ વિદ્વાનો માને છે. પણ પંચતંત્રનો કર્તા ખરેખર વિષ્ણુશર્મા નામે બ્રાહ્મણ હતો એમ માની લઈએ તો પણ જેમ સંસ્કૃતના પણા મૂર્ધન્ય લેખકોની બાબતમાં બન્યું છે તેમ આ વિષ્ણુશર્મા વિશે આપલે કશું પણ વિગત જાલતા નથી. કેટલાક વિદ્વાનો એમ માને છે કે આ વિષ્ણુશમાં તે બીજો કોઈ નહિ પણ પ્રસિદ્ધ ઐતિહાસિક વ્યક્તિ ચાણક્ય છે કે જેનું મૂળ નામ વિષ્ણુગુપ્ત હતું પરંતુ આ મત પણ બહુ સાહ્ય બન્યો નથી કારણ કે 'અર્થશાસ્ત્ર' જે ચાણક્યનો રચેલો ગ્રંથ છે તેની શૈલી અને પંચતંત્રની શૈલી વચ્ચે કોઈ સામ્ય નથી. *અર્થશાસ્ત્રની શૈલી ક્લિષ્ટ,સૂત્રાત્મક અને અર્થના ભારથી દબાયેલી છે જ્યારે પંચતંત્રની શૈલી સરળ અને પ્રાસાદિક છે. જો કે પંચતંત્રનો કર્તા એની શૈલી અને સંદર્ભ જોતાં બાહ્મણ જ હશે એમ કહી શકાય.*

પંચતંત્રની વાર્તાઓ યુરોપમાં Fables of Bidpai or pilpay નામથી ઓળખવામાં આવે છે. આ 'બિડપાઈ' ને કેટલાક વિદ્વાનો સંસ્કૃત શબ્દ 'વિદ્યાપતિનું' નું અપભ્રષ્ટ રૂપ ગયો છે. ઈ.સ.ના દસમી કે અગિયારમી સદીમાં કોઈ ખ્રિસ્તી પાદરીને માથે સીરિયાઈ ભાષામાં થયેલા અરબી પંચતંત્ર (કલીલહ વ દિમ્નહ)ના અનુવાદનું અંગ્રેજી ભાષાન્તર કરનાર કીથ ફાલ્કનર 'બિપાઈ' શબ્દની સમજૂતી 'Elephant-foot (बृहत्पाद् ?) એ પ્રમાણે આપે છે. પણ સંસ્કૃતમાં લખાયેલા પંચતંત્રની કોઈપણ આવૃત્તિમાં બૃહત્પાદ નામનું કોઈ પાત્ર આવતું નથી. જો કે કેટલાક વિદ્વાનો બિડપાઈ નામનો સંબંધ સંસ્કૃત विधापति કે 'विध्यत्पाद'' સાથે જોડે છે. બીજા તંત્રની પહેલી વાર્તામાં એક પરિવ્રાજકની વાત આવે છે જેને 'બૃહત્સિફક' - (મોટા નિતંબવાળો) કહેવામાં આવ્યો છે. આ નામ બૃહત્પાદ સાથે કંઈક મળતું ગણી શકાય. પંચતંત્રના એક અરબી રૂપાંતરમાં એમ કહેવામાં આવ્યું છે કે હિન્દના 'દેવશર્લીમ' (દેવશર્મન ?) રાજાને 'બિડપાઈ' અથવા ''પિલપાઈ' નામે એક અરણ્યવાસી ઋષિ વાર્તાઓ સંભળાવે છે. પરંતુ સંસ્કૃત પંચતંત્રમાં બિડપાઈ કે એ પ્રકારના નામવાળો કોઈ અરણ્યવાસી રૂપિ રાજાને આ પ્રકારની ઉપદેશાત્મક કથાઓ સંભળાવતો હોય એવો કોઈ પ્રસંગ વિદ્યમાન નથી. આથી વિષ્ણુશર્મા મુર્ખ રાજપુત્રોને

પંચતંત્રની કથાઓ સંભળાવે છે એ પ્રસંગનું એ પરદેશી રૂપાંતર જણાય છે અને તેથી બિડપાઈ નામ સંસ્કૃત વિષ્ણુપાદ કે વિષ્ણુશર્માનું અપભ્રષ્ટ રૂપ હોય એમ લાગે છે.

***(૩) સમય :-***

*પંચતંત્ર ખરેખર ક્યે સમયે રચાયું તે નિશ્ચિત રીતે કરી શકાય એમ નથી પણ એની ઉત્તરમર્યાદા અને પૂર્વમર્યાદા કેટલાંક બહિરંગ પ્રમાણોને આધારે નક્કી કરી શકાય એમ છે ઈરાનના રાજા ખુશરૂ નૌશીરવાને ઈ.સ ૫૫૦માં પોતાના દરબારી વિદ્વાન વૈદ્ય બુર્ઝો પાસે પંચતંત્રનો સર્વપ્રથમ અનુવાદ પહેલવી ભાષામાં કરાવ્યો. આ હકીકતસિદ્ધ બાબતને આધારે આપણે કહી શકીએ કે પંચતંત્રની રચના ઈ.સ.ના છઠ્ઠાસેકા પૂર્વે થયેલી છે એ નિશ્ચિત છે. મૂળ પંચતંત્રની કેવળ  જુદી જુદી પાઠપરંપરાઓની સૂક્ષ્મ તુલના કરીને પંચતંત્રનું પુનર્ઘટન કર્યું છે. પુનર્ઘટિત પંચતંત્ર કે જે મૂળ પંચતંત્રને વધુમાં વધુ મળતું આવે છે તે મહાભારતથી સુપરિચિત છે. વળી ગ્રીકો-રોમન મૂળનો દીન' (લેટિન* Denarius*) શબ્દ પંચતંત્રના પ્રથમ તંત્રની ૧૩મી કથા 'ધર્મબુદ્ધિ અને દુષ્ટબુદ્ધિની કથા' માં પ્રાપ્ત થાય છે. આ બન્ને પ્રમાણોને આધારે આપણે પંચતંત્રને બીજી સદી પૂર્વે ભાગ્યે જ મૂકી શકીએ. એટલે પુનર્ઘટિત પંચતંત્રની રચના ઈ.સ.ની પહેલી શતાબ્દીથી ઈ.સ. ની પાંચમી શતાબ્દી વચ્ચે થઈ હોવી જોઈએ.*

**(૪) રચનાસ્થાન :-**

પંચતંત્ર ભારતમાં ક્યા પ્રદેશમાં રચાયું તે પણ નિશ્ચિત રીતે કહી શકાય તેમ નથી. કથામુખમાં નિર્દિષ્ટ મહિલારોખનગર દક્ષિણ ભારતમાં આવ્યું હશે એમ માનીને કેટલાક વિદ્વાનો પંચતંત્રની રચના દક્ષિણ ભારતમાં થઈ હોવાનું સૂચન કરે છે. તો પંચતંત્રનો ઊંડો અભ્યાસ કરનાર જર્મન વિદ્વાન ડૉ. હર્ટલ પંચતંત્રની રચના કાશ્મીરમાં થઈ હોવાનું સૂચવે છે. પરંતુ એમણે રજૂ કરેલી દલીલો બહુ વજુદવાળી નથી એટલે પ્રો. કીથે સૂચવ્યું છે તેમ પંચતંત્રના રચનાસ્થાનનો પ્રશ્ન આપણે ખુલ્લો જ છોડી દેવાનો રહે છે.

**(૫) પંચતંત્રની વિશ્વવ્યાપિતા :-**

વિશ્વસાહિત્યમાં બાઈબલ પછી જો કોઈ પણ ગ્રંથના વધુમાં વધુ અનુવાદો અને પ્રસાર થયો હોય તો તે પંચતંત્ર છે. જગતભરની લગભગ ૪૦ ભાષાઓમાં તેનાં બધાં થઈને ૨૦૦ કરતાંયે વધારે ભાષાંતરો અને રૂપાંતરો થયાં છે. પ્રો.હટલે બતાવ્યું છે તેમ એમાંની બહારની ૩/૪ કરતાં વધારે ભાષાઓ તો હિંદ ભારતની છે. પશ્ચિમે આઈસલેન્ડથી માંડી પૂર્વે જાવા, બાલી, અને ફિલિપાઈન સુધી જુની દુનિયાના તમામ દેશોની ભાષાઓમાં પંચતંત્ર એક અથવા બીજા સ્વરૂપે સ્થાન પામેલું છે. આપણે આગળ જોયું તેમ એનો સર્વપ્રથમ અનુવાદ ઈ.સ. ની છઠ્ઠી સદીમાં ઈરાનમાં પહેલવી ભાષામાં થયો. ઈરાનનો દરબારી કવિ બુર્ઝો આપણા દેશમાં સંજીવની ઔષધિ શોધવા આવ્યો હતો. એને સંજીવની ઔષધિ તો ન મળી પણ આ ઔષધિ જેવો અમૂલ્ય ગ્રંથ 'પંચતંત્ર' પ્રામ થયો. જો કે આ પહેલવી અનુવાદ આજે આપલને પ્રાપ્ત થતો નથી.

પરંતુ તે ઉપરથી અરબી અને જુની સીરિયાઈ ભાષામાં થયેલા અનુવાદો ઉપલબ્ધ છે. એ પછીની લગભગ પ્રત્યેક શતાબ્દીમાં પંચતંત્રના અરબી અનુવાદો થતા રહ્યા છે. મધ્યપૂર્વનાદેશોમાં-આફ્રિકામાં, યુરોપમાં, મધ્ય એશિયામાં અને દૂર પર્વમાં પંચતંત્રનો પ્રચાર પેલા પહેલવી અનુવાદના વંશવિસ્તાર તરીકે થયો છે. પંચતંત્રમાં આવતી કરટક અને દમનકની વાર્તાને આધારે આ અરબી રૂપાંતરનું 'કલીલહ વ દિમ્નહ' નામ રાખવામાં આવ્યું છે. ઈ.સ.ના અગિયારમા સૈકામાં સાથમનસેથ નામના એક વિદ્વાને આ અરબી રૂપાન્તરનું ગ્રીક રૂપાંતર કર્યું. આ પંચતંત્રનો જૂનામાં જૂનો યુરોપીય અવતાર હતો. યુરોપમાં સંસ્કૃત વિદ્યાનો પ્રચાર થાય પાડી અઢારમા અને આંગણીસમા સૈકામાં અને ત્યાર પછી યુરોપની બધી જ મુખ્ય ભાષાઓમાં પંચતંત્ર અને એની વિવિધ પાઠ પરંપરાઓના સીધે સીધા અનુવાદો થયા છે અને તે રીતે પંચતંત્ર વિશ્વવ્યાપી બન્યું છે. શ્રી સાંડેસરાએ આથી જ આ સમગ્ર પ્રક્રિયાને ''પંચતંત્રનો દિગ્વિજય'' એવું નામ આપ્યું છે તે યથાર્થ છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો</u>**

**નોંધ :**

i) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.
ii) યુનિટના અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ તપાસો.

*૧. 'પંચતંત્ર' શીર્ષક સ્પષ્ટ કરશે.*

*૨. 'પંચતંત્ર' અથરચનાનું તાત્પર્યો દર્શાવવા જે વાર્તા આપી છે તે તમારા શબ્દોમાં લખો.*

*૩. પંચતંત્રની વાર્તાઓ યુરોપના ક્યા નામે પ્રસિદ્ધ છે ? એ વિશે વિદ્વાનો શું માને છે ?*

*૪. પંચતંત્રનો સચંદ્રચન અનુવાદ કોણે અને ક્યારે કરાવ્યો ?*

*૫. પુર્નગઠિત પંચતંત્રની રચના કયા સમય ગાળામાં થઈ એમ કહી શકાય ?*

*૬. પંચતંત્રના રચનાસ્થાન વિશેના મતોની નોંધ કરો.*

*૭. પંચતંત્રની વિશ્વવ્યાપિતા વિશે ટૂંકનોધ લખો.*

## 7.2 પંચતંત્ર કથાસાર

પંચતંત્ર આપણે આગળ જતેવું તેમ પાંચ તંત્રમાં વિભક્ત છે અને અનું પ્રત્યેક તંત્ર કોઈ એક નિશ્ચિત વિષયવસ્તુ સાથે સંકળાયેલું છે. પંચતંત્ર શબ્દ સામાસિક શબ્દ છે. દ્વિગુ સમાસ પ્રમાણે ' पज्चना तन्वाणा समाहारः' એ વ્યુત્પત્તિ પ્રમાણે પાંચ તંત્રોનો સમૂહ એમ કહી શકાય. ગ્રંથના આરંભમાં મૂકવાના આવેલા ક્થામુખ પ્રમાણે

આ ગ્રંથની રચના મહિલારોપ્યા નગરના અમરશક્તિ નામના રાજાના ત્રણ મુર્ખ અને અભણ યુવાને રાજનીતિનો બોધ આપવા માટે થયેલી છે. છ માસમાં આ મુર્ખ પત્રોને રાજનીતિમાં નિપુણ બનાવવાનો પડકાર વિષ્ણુશર્મા નામના બ્રાહ્મણે ઝડપી લીપો અને એણે રાજનીતિના મૂળભૂત સિદ્ધાંતો સમજાવતો આ ગ્રંથ પાંચ પાયાના વિભાગોમાં વિભક્ત કરીને લખ્યો. પ્રતિપાદ્ય વિષયને વ્યક્ત કરેછે. આ દરેક તંત્રમાં એકમુખ્ય કથા અને બાકીની ઉપકથાઓ હોય છે. જે એકમાંથી બીજી કથાના અનુસંધાનમાં હોય છે.

પંચતંત્રના આ પાંચતંત્રો આ પ્રમાણે. છે. (૧) **मित्रभेदम्** (મિત્રોમાં ફાટફૂટ) (૨) **मित्रसंप्राप्ति** : (મિત્રો મેળવવાનો કીમિયો) (૩) **काकोलूकियम** (કાગડો અને ઘુવડ સંધિ - વિગ્રહ) (૪) **लब्धप्रणाशम** (મળ્યું તેનો નાશ) અને (૫) **अपरीक्षितकारकम्** (વગર વિચાર્યે કામ કરવાનો પરિણામ)

**(૧) મિત્રભેદ :**

આ તંત્રમાં પિંગલક નામના સિંહ અને સંજીવક નામના બળદની કથા મુખ્ય છે. દમનક નામનું શિયાળ વનરાજ સિંહનો સંજીવક સાથે પરિચય કરાવે છે. સિંહ અને બળદ ગાઢ મિત્રો થતાં દમનક અને કટક શિયાળ સંજીવકની ઈર્ષ્યા કરે છે અને દમનક લુચ્ચાઈથી એ બન્નેના કાન ભંભેરી એમની મૈત્રીમાં ફાટફૂટ પડાવે છે. પિંગલક અને સંજીવક એકબીજાને ખૂબ ચાહતા હોવા છતાં શિયાળની કૂટનીતિનો વિજય થાય છે અને સિંહ તથા બળદની લડાઈમાં બળદ માર્યો જાય છે. બન્ને શિયાળ પ્રધાનપદુ પાછું મેળવે છે. પ્રપંચી લોકોની કપટનીતિ કાચા કાનના રાજાઓ પાસે કેવીરીતે સફળ નીવડે છે તે એમાં બતાવ્યું છે. પશ્ચિમ ભારતીય પંચતંત્રની આવૃત્તિમાં આ મુખ્ય કથા ઉપરાંત બીજી બાવીસ પેટા કથાઓ આ તંત્રમાં પ્રાપ્ત થાય છે.

**(૨) મિત્રસંપ્રાપ્તિ :-**

આ તંત્રમાં કાગડો, ઉંદર, હરણ અને કાચબો એમ ચાર મિત્રોની કથા મુખ્ય છે. લઘુપતનક નામે કાગડો કબૂતરોના રાજા ચિત્રગ્રીવને પારધીની જાળમાં ન ફસાવા સલાહ આપે છે છતાં તે જીભની લોલુપતાને કારણે એ જાળમાં ફસાય છે. બધા કબૂતરો એક સંપ થઈને જાળ સાથે ઉઠે છે અને ઉંદરોના રાજા હિરણ્યક પાસે જાય છે. હિરણ્યક ચિત્રગ્રીવનો મિત્ર હોવાથી પેલી જાળ કાપી બધી કબૂતરોને મુક્ત કરે છે. કબૂતરોની પાછળ ઉડતાં ઉડતાં આવેલો કાગડો પોતાનો જન્મજાત વૈરી હોવાથી હિરણ્યક એ મૈત્રીનો સ્વીકાર કરવામાં સંકોચ અનુભવે છે. આમ છતાં, કાગડાની શુભ નિષ્ઠા જોઈને હિરણ્યક તેની સાથે મૈત્રી કરે છે. ઉંદર જવારે પોતાના સ્થાનથી વિરક્ત થાય છે ત્યારે કાગડો તેને પોતાની પીઠ ઉપર બેસાડીને પોતાના મન્થરક નામના કાચબામિત્રની પાસે લઈ જાય છે. પારપીના ત્રાસથી નાસી છૂટેલું હરલ પણ ત્યાં આવી ચડે છે અને ચારે મિત્રો એકબીજાને એમના સંકટોમાં મદદરૂપ થાય છે. આ કથાનો મુખ્ય ઉદ્દેશ સાચા સ્નેહથી ઉદ્દભવેલી મિત્રતાનાં શુભ પરિણામો બતાવવાનો છે. મનુષ્યે સાચા મિત્રો બનાવવા અને મિત્રોમાં પરસ્પર નિષ્કપટ વર્તાવ રાખવાથી

દુર્ગમ સંકટો પણ તરી શકાય છે, એ આ તંત્રનો મુખ્ય ધ્વનિ છે. આ તંત્રમાં બીજી છ પેટા વાર્તાઓનું પણ નિરૂપણ છે.

**(૩) કાકોલૂકીય :-**

ત્રીજા તંત્રની મુખ્યકથા કાગડા અને ઘુવડ વચ્ચેની લડાઈનું વર્ણન કરે છે. કાગડાના રાજા મેઘવર્ણ અને ઘુવડના રાજા અરિમર્દન વચ્ચેનું વંશપરંપરાગત વેર એમાં વર્ણવ્યું છે. રોજ રાત્રે કાગડાના દુર્ગ ઉપર આક્રમણ કરીને ઘુવડે કાગડાના દુર્ગનો વિનાશ કરે છે. કાગડાના રાજા મેઘવર્ણના વૃદ્ધમંત્રી સ્થિરજીવીની યુક્તિથી ઘુવડનો દુર્ગ બળી જાય છે અને બધાં પુવઃ નાશ પામે છે. ઘુવડના રાજાના મનમાં વિશ્વાસ પેદા કરી સ્થિરજીવી તેના દુર્ગમાં આશ્રય મેળવે છે અને પછી કપટથી તે દુર્ગ સળગાવી મૂકે છે. એકવાર વૈરી રહેલા શત્રુનો કદીપણ વિશ્વાસ કરવો નહિ એ આ તંત્રનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય છે. રાજનીતિના મહત્ત્વનાં અંગો સન્ધિ, વિગ્રહ, યાન, આસન, સંથય અને વૈધીભાવી તેમજ કાર્યસિદ્ધિના ચાર ઉપાયો-સામ, દામ, દંડ અને ભેદની વિસ્તૃત ચર્ચા તેમજ તીર્થોનું સ્વરૂપ આ તંત્રમાં આવે છે. મુખ્યત્વે એમાં રાજકીય વિષયની ચર્ચા છે. મુખ્ય વાર્તા ઉપરાંત એમાં બીજી પાંચ પેટા વાર્તાઓ પણ પ્રાપ્ત થાય છે.

**(૪) લબ્ધપ્રણાશ :-**

ચૌથા તંત્રમાં વાંદરા અને મગરની કથા મુખ્ય છે. મૂર્ખ મનુષ્ય મળેલી વસ્તુ પણ કેવી રીતે ગુમાવી દે છે, જ્યારે અચાનક આવી પડેલી આફતમાં પણ સ્વસ્થ રહી શકનાર આપત્તિને કેવી રીતે તરી જાય છે. એ બાબત આ તંત્રનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય છે. એમાં મુખ્ય કથા ઉપરાંત બીજી ૧૬ ઉપકથાઓ પણ પ્રાપ્ત થાય છે.

**(૫) અપરીક્ષિતકારક :-**

વગર વિચાર્યે કામ કરનાર માણસને કેવાં માઠાં પરિણામ ભોગવવાં પડે છે એ હકીકત આ તંત્રમાં જુદી જુદી વાર્તાઓ દ્વારા દર્શાવી છે. ભિક્ષુઓનાં માથાં ફોડનાર વાળંદની કથા મુખ્ય છે. દક્ષિણ ભારતીય પંચતંત્રમાં બ્રાહ્મણી અને નોળિયાની કથા મુખ્ય છે. જો કે આ બન્ને કથાઓનો સાર એક જ છે કે વગર વિચાર્યે કામ કરવું નહીં. આ તંત્રમાં ૧૪ ઉપકથાઓનું નિરૂપણ છે.

આ રીતે પંચતંત્રના પાંચે વિભાગોમાં વ્યાવહારિક જીવનને લગતી મહત્ત્વની અને પાયાની બાબતોનો ઉપદેશ આપવામાં આવ્યો છે. ગમ્મત સાથે જ્ઞાન પીરસવુંએ આ વાર્તાઓનો મુખ્ય ઉદ્દેશ્ય છે. પશુપક્ષીઓની વાર્તાઓ દ્વારા પંચતંત્રકારે આ ઉપદેશને સુગ્રાહ્ય અને ઉપાદેય બનાવ્યો છે. મુખ્ય કથાઓ ઉપરાંત પશ્ચિમ ભારતીય પંચતંત્રની વાચનામાં ત્રેસઠ પેટાવાર્તાઓ છે અને તે રાજનીતિનું સાંગોપાંગ નિરૂપણ કરે છે.

***<u>તમારી પ્રગતિ ચકાસો</u>***

***નોંધ :***

i) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*
iii) *યુનિટના અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ તપાસો.*

૧. તંત્ર એટલે શું ? તે સમજાવો.

૨. પંચતંત્રના પાંચ તંત્રોના શીર્ષકનો અર્થ લખો.

૩. પંચતંત્રના પાંચે તંત્રોમાં ક્યા બૌધાત્મક વિષયો કેન્દ્ર સ્થાને રહેલા છે તે સ્પષ્ટ કરો.

૪. પશ્ચિમ ભારતીય પંચતંત્રમાં કેટલી મુખ્ય કથાઓ છે અને કેટલી પેટાવાર્તાઓ છે ?

## 7.3 હિતોપદેશ : કર્તા, સમય અને સ્થળ

ભારતના કથાસાહિત્યમાં 'પંચતંત્ર' ની જેમ 'હિતોપદેશ' પણ ખૂબ લોકપ્રિય છે. 'હિતોપદેશ'નું મૂળ અને પ્રેરણાસ્થાન પંચતંત્ર છે અને તેથી એને 'પંચતંત્ર' નો વારસાગ્રંથ કહેવામાં આવે છે. આમ છતાં હિતોપદેશ 'પંચતંત્ર' નો સંક્ષેપ નથી પણ એક સ્વતંત્ર ગ્રંથ છે. 'પંચતંત્ર' માં પાંચ વિભાગે પ્રાપ્ત થાય છે, જ્યારે હિતોપદેશમાં ચાર વિભાગો છે. આમાં પહેલાં બે વિભાગો 'પંચતંત્ર'ના છે. પણ એનો ક્રમ ઉલટાવી નાખવામાં આવ્યો છે. 'પંચતંત્ર' નો પ્રારંભ 'મિત્રભેદ' થી થાય છે અને બીજા વિભાગમાં મિત્રલાભ છે. જ્યારે ''હિતોપદેશ'માં પહેલાં 'મિત્રલાભ' અને પછી 'મિત્રભેદ' છે. 'હિતોપદેશ' ના બાકીના એ વિભાગો 'વિગ્રહ' અને 'સંધિ' સ્વતંત્ર રીતે રચાયા છે,પણ ત્રીજા વિભાગમાં પંચતંત્રના ત્રીજા તંત્રની સીધી અસર છે. ચોથો વિભાગ સંપૂર્ણ પણે નવો છે. પરંતુ એમાં પણ 'પંચતંત્ર' ની કેટલીક વાર્તાઓ સમાવી લેવામાં આવી છે. 'હિતોપદેશ' માં 'પંચતંત્ર' માં ન મળતી એવી સત્તર કથાઓ તદ્દન નવી છે શ્રી કીચને મને હિતોપદેશમાં 'પંચતંત્ર'ના ગદ્યનો ૨ ૩ ભાગ અને પદ્યનો ૧/૩ ભાગ પ્રાપ્ત થાય છે પરંતુ હિતોપદેશમાં જે નવી વિગતો મળે છે તે ક્યાંથી લેવામાં આવી છે તે નિશ્ચિતપણે કહી શકાતું નથી. એમાંની કેટલીક કથાઓ 'મહાભારત' માંથી, 'શુક્સમતિ' માંથી તો કેટલીક 'વૈતાલપંચવિંશતિ' માંથી લીધી જણાય છે. 'હિતોપદેશ' ના કર્તા પોતે પ્રસ્તાવનામાં નવમા શ્લોકમાં કહે છે કે

मित्रलाभः सुहृद्भेदों विग्रहः संधिरेव च ।

पञ्चतन्त्रात्तथान्यस्माद्ग्रन्थादाकृष्य लिख्यते ।।

આમ, પંચતંત્ર ઉપરાંત બીજા ગ્રંથોમાંથી લઈને હિતોપદેશના ચાર જુદા જુદા વિભાગોની રચના કરી હોવાનુ ખુદ 'હિતોપદેશ'ના કર્તાએ કબુલ્યું છે. 'કામન્દકીય નીતિસાર' ની પણ 'મિતાપદેશ' ઉપર પ્રભળ અસર છે.

**કર્તા** :- 'હિતોપદેશ'ની રચના નારાયણ નામના કવિએ કરી છે. 'હિતોપદેશ'ને અંને કવિ 'આ ગ્રંથ શાશ્વત ટકો' એવી અભિલાષા વ્યક્ત કરતાં એના રચયિતા તરીકે પોતાનું નામ રજૂ કરે છે.

प्रालेयादेः सुतायाः प्रणयनिवसतिश्चन्द्रमौलिः स याव

द्यावालक्ष्मीर्मुरार जलद इव तडिन्मानसे विस्फुरन्ती ॥

यावत्स्वर्णाचलोऽयं दवदहनसमो यस्य सूर्यः स्फुलिङ्गः

तावन्नारायणेन प्रचरतु रचितः संग्रहोऽयं कथानाम् ॥

-હિતોપદેશ 4:1,80

"હિમાલયની પુત્રીના પ્રણયના નિવાસસ્થાન સમા શંકર જયાં સુધી રહે, જયાં સુધી મુરારિના વાદળ સમા માનસમાં વીજળી જેવી લક્ષ્મી ચમકતી રહે અને દાવાનળ સમો આ સુવર્ણ પર્વત (મેરુ) કે સૂર્ય જેનો તલખો છે તે ટકી રહે ત્યાં સુધી નારાયલ રચેલો આ કથાઓનો સંગ્રહ પ્રચાર પામ્યા કરો.''

આમ, હિતોપદેશના કતાં નારાયણ છે એ હકીકત સ્પષ્ટ છે. જો કે કવિએ આ વાર્તા 'પંચતંત્ર' ની જેમ વિષ્ણુશર્મા બ્રાહ્મણના મુખે કહેવડાવી છે. આ નારાયલ કવિ વિશે બીજી કોઈ વિગતો  પ્રમાણભૂત રીતે પ્રાપ્ત થતી નથી. 'પંચતંત્ર'ના છેલ્લા શ્લોકમાં કવિએ આ ગ્રંથ 'ધવલચંદ્ર'નામના રાજવીએ લખાવીને પ્રચારમાં મૂક્યો છે. એમ નોંધ્યું છે.

**श्रीमान्धवलचन्द्रोऽसौ जोयान्माण्डलिको रिपुन ।**

**येनार्य संग्रहो यत्लालेखयित्वा प्रचारितः ॥** હિતો ૪:૧૪૧

આ ઉપરથી જણાય છે. કે 'ધવલચંદ્ર' નામના આ માંડલિક રાજાએ નારાયણ કવિને રાજયાશ્રય આપ્યો હશે. હિતોપદેશમાં પોતાના સ્વામી ખાતર શિવ સન્મુખ બલિદાન આપનાર વીરવરની વાર્તા આવે છે, 'હિતોપદેશ' ના  પ્રત્યેક વિભાગને અંને ભગવાન શિવની સ્તુતિ પ્રાપ્ત થાય છે. તે પરથી નારાયણ કવિ પરમ શિવભક્ત હશે એમ અનુમાન કરી શકાય છે.

**સ્થળ :** આ નારાયણ કવિ બંગાળમાં હોય અથવા બંગાળમાં રહીને એમણે આ ગ્રંથ રચ્યો હોવાનો મત ઘણા વિદ્વાનોએ વ્યક્ત કર્યો છે. જો કે કેટલાક વિદ્વાનો એને પ્રાચીન ગુર્જર દેશમાં પણ રચાયેલો માને છે. શ્રી કીથ એને બંગાળમાં રચાયેલો માને છે. આ ગ્રંથ બંગાળમાં પણો લોકપ્રિય હતો. શ્રી કીથને મતે હિતોપદેશમાં એક વાર્તામાં પરપુરુષની સ્રી સાથે સંભોગ કરવાની વાત ગૌરીપૂજામાં સંસ્કારના એક ભાગ રૂપે કરવામાં આવી છે; પણ આ નિંદનીય કર્મ બંગાળના તાંત્રિકો દ્વારા સમર્થન પામેલું હતુ. એ પરથી એ બંગાળમાં રચાયું હોવાની સંભાવના છે. ડૉ. સાંડેસરા વગેરેએ આ ગ્રંથ પ્રાચીન ગુર્જર દેશમાં રચાયો હોવાના મતનો ઉલ્લેખ કર્યો છે.

સમય :

'હિતોપદેશ' ના રચના ખરેખર ક્યારે થઈ છે તે નિશ્ચિતપણે કહી શકાય એમ નથી. કારલ કે, ગ્રંથમાં એની રચનાના સમય અંગે કશું કહેવામાં આવ્યું નથી. એટલે બહિરંગ અને અતરંગ પ્રમાણોને આધારે એનો સમય નક્કી કરવાનું પ્રાપ્ત થાય છે.

ઈ.સ.૧૯૭૩માં લખાયેલી 'હિતોપદેશ' ની એક હસ્તલિખિત પ્રત મળી આવી છે. એટલે એની ઉત્તર માંદા તો નક્કી થાય છે જ. એની પૂર્વ મર્યાદા નક્કી કરવામાં આ ગ્રંથમાં સંચિત થયેલી માહિતી ઉપકારક નીવડે છે. સાતમી સદીમાં પ્રાચીન ગુર્જર દેશમાં (મારવાડમાં) થયેલા માથના 'શિશુપાલવધ' ના કેટલાક શ્લોકો 'હિતોપદેશ' ના ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત 'કામન્દકીય નીતિસાર' ના

શ્લોકો પણ એમાં પ્રાપ્ત થાય છે, શ્રી કીથને મતે નારાયણે રજાના દિવસ તરીકે કરેલો રવિવાર (ભટ્ટારકવાર)નો ઉલ્લેખ પણ એનો સમય નિશ્ચિત કરવામાં ઘલો ઉપયોગી છે. શ્રી કાય કહે છે, આ ઉલ્લેખને કારણે એનો સમય બહુ પહેલાંનો માની ન શકાય કારલ કે, ઈ.સ.૯૯૦ સુધી આ શબ્દાવલીના પ્રયોગનો રિવાજ ન હતો. અન્યથા એ તો નિશ્ચિત છે કે તે માઘ તથા કામન્દક પછી થયો.'' આમ, હિતોપદેશનો સમય ઈ.સ.ની ૧૦મી સદીથી ૧૩મી સદીની વચ્ચેનો માની શકાય. આ સિવાય આ ગ્રંથના કર્તા વિશે બીજી કોઈ વિગતો પ્રાપ્ત થતી નથી.

**<u>તમારી પ્રગતિ ચકાસો</u>**

**નોંધ :**

**૧) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.**

**૨) યુનિટના અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ તપાસો.**

૧. 'પંચતંત્ર' અને 'હિતોપદેશ' નાં સામ્ય અને વૈશમ્ય સ્પષ્ટ કરો.

૨. 'હિતોપદેશ' ના કર્તા અને એના આશ્રયદાતા રાજાનાં નામ આપો.

૩. 'હિતોપદેશ' ના રચનાસ્થળ વિશેના વિદ્વાનોના મતો ચર્ચો.

૪. ‘હિતોપદેશ’ ગ્રંથ કયા સમયગાળામાં રચાયેલો મનાય છે ?

૫. ‘હિતોપદેશ’ના કર્તા શિવભક્ત હશે એમ શાને આધારે કહી શકાય ?

## 7.4 *હિતોપદેશનું વિષયવસ્તુ અને સ્વરૂપ*

‘હિતોપદેશ’ ની રચના બરોબર એના પ્રેરવાગ્રંથ ’પંચતંત્ર’ની શૈલી ઉપર થયેલી છે. ‘પંચતંત્ર’માં પાંચ તંત્રો છે. જ્યારે સિતોપદેશમાં ચાર વિભાગો છે. પ્રત્યેક વિભાગમાં એક મુખ્ય વાર્તા હોય છે, જેનું કથાનક એ વિભાગના નામને ચરિતાર્થ કરતું હોય છે. પણ આ મુખ્ય વાર્તામાં પ્રસંગોપાત્ત બીજી ઘણી પેટા વાર્તાઓ વણી લેવામાં આવે છે. મુખ્ય વાર્તા અને પેટા વાર્તાઓ બોધપ્રધાન વિગતોથી ભરપૂર હોય છે.

**કથામુખ :**

‘હિતોપદેશ’ ના પ્રારંભમાં આ ગ્રંથની રચનાનો ઉદેશ સ્પષ્ટ કરતો ‘કથામુખ’ ભાગ રજૂ કરવામાં આવ્યો છે. પ્રસ્તાવના આઠમા શ્લોકમાં કહેવામાં આવ્યું છે તેમ -

**यत्रवे भाजने लग्नः संस्कारो नान्यथा भवेत् ।**

**कथाच्छलेन बालानां नीतिस्तदिह कथ्यते ॥** હિતોપદેશઃ પ્રાસ્તાવિક શ્લોક

જેમ નવા પાત્રમાં પાડવામાં આવેલી છાપ મટતી નથી તેમ કથાને બહાને બાળકોને અહીં નીતિના પાઠ ભણાવવામાં આવે છે.

પાટલિપુત્રના સુદર્શન રાજાને અભણ, ઉદંડ અને મૂર્ખ રાજપુત્રો હતા. એમને વિદ્યા અને વિનયથી સંપન્ન કરવા તેમજ રાજનીતિનું શિક્ષણ આપવા વિષ્ણુશર્મા

નામના બ્રાહ્મણે બીડું ઝડપ્યું અને છ માસમાં એમને રાજનીતિમાં નિપુણ બનાવી આપવાનું વચન આપ્યું. આ બ્રાહ્મણે રાજકુમારોને રાજનીતિ અને વ્યવહારનું ભાન આપવા જે વાર્તાઓ કહી તે આ ગ્રંથમાં સંગ્રહિત કરવામાં આવી છે. એમાં જુદી જુદી ચાર બાબતોને લગતા ચાર વિભાગો છે. જે નીચે પ્રમાણે છે.

**(૧) મિત્રલાભ :**

'હિતોપદેશ' નો પ્રથમ ભાગ 'મિત્રલાભ' તરીકે જાણીતો છે અને એનો મુખ્ય ઉદેશ્ય, સારા મિત્રોથી થતા લાભ વર્ણવવાનો છે. એની મુખ્ય કથા આ પ્રમાણે છે –

ગોદાવરીને કાઠ જંગલમાં એક દિવસ વહેલી સવારે લઘુપતનક નામના કાગડાએ એક પારધીને આવતો જોયો અને એના પેટમાં કંઈક અનિષ્ટ થવાની ફાળ પડી. શિકારીએ ચોખાના દાણા વેરી પોતાની જાળ બિછાવી. દાણાનાં લોભી કબૂતરો એમના રાજા ચિત્રગ્રીવની ચેતવણીને અવગણીને નીચે ઊતર્યાં અને જાળમાં ફસાયાં. ચિત્રગ્રીવે એમને સંગઠિત થઈ ઊડવા અનુરોધ કર્યો. તે બધાં ઊડીને ગંડકીતીરે, ચિત્રગ્રીવના મિત્ર હિરણ્યક ઉંદર પાસે ગયાં. હિરણ્યકે પોતાના તીક્ષ્ણ દાંતથી કબૂતરોનાં બંધન કાપી નાખ્યાં. લઘુપતનક આ જોઈને પ્રભાવિત થવો અને પોતાને મિત્ર બનાવવા એને વિનંતી કરી. હિરણ્યકે થોડી આનાકાની કરી એનો મિત્ર તરીકે સ્વીકાર કર્યો. પછી એકવાર સારા આહારસ્થાનની શ્રૌષમાં તે ત્રણે દંડકારણ્યમાં કર્પૂરગૌર સરોવરમાં હિરણ્યકના અન્ય મિત્ર મંથર કાચબા પાસે ગયાં અને સંપથી રહેવા લાગ્યો. થોડા સમય પછી એક ચિત્રાંગ નામના સહૃદયીના કહેવાથી તેઓ શિકારીના ભયથી બચવા સ્થળાંતર કરી ગયા. પણ રસ્તામાં મંથર નામના કાચબાને એક પારધીએ પકડી લીધો. હિરલ્પકની સલાહ પ્રમાણે એમણે મન્થરને મુક્ત કરાવવાનું નક્કી કર્યું. પારપીના માર્ગમાં આવતા એક સરોવર પાસે હરણ મરી ગયાનો ડોળ કરીને પડી રહ્યું. પારધી કાચબાને એક બાજુ મૂકીને હરણને પકડવા ગયો ત્યારે હિરલ્પક ઝડપથી કાચબાનાં બંધન છેદી નાંખ્યાં. કાબચો જળમાં પૈસી ગયો અને હરણ પારધી નજીક આવતાં નાસી ગયું. પછી બધા મિત્રો શાંતિથી રહેવા લાગ્યા. આ મુખ્ય કથા ઉપરાંત આમાં બીજી આઠ પેટાવાર્તાઓ છે. જે જુદી જુદી નીતિઓનું સમર્થન કરવા જુદા જુદા પાત્રોને મુખે કહેવાઈ છે. આ વાર્તાઓ તે (૧) લોભી બ્રાહ્મણની વાર્તા (૨) લુચ્ચા શિયાળ, મૃગ અને કાગડાની વાર્તા (૩) ગીધ અને બિલાડાની વાર્તા (૪) ચૂડાકર્ણ સન્યાસી અને ઉદરની વાર્તા (૫) વૃદ્ધ ચંદનદાસ અને એની યુવાન પત્નીની વાર્તા (૬) સંઘરાખોર શિયાળની વાર્તા (૭) તુંગબલ અને લાવલ્યકવતીની વાર્તા તથા (૮) રાજયલોભી કર્પૂરતિલકની વાર્તા છે.

**(૨) મિત્રભેદ :**

હિતોપદેશનો બીજો ભાગ મિત્રભેદતરીકે જાણીતો છે. અને એની મુખ્ય કથા પત્ર પંચતંત્રને ઘણે અંશે મળતી આવે છે. સંજીવક નામ બળદ અને પિંગલક નામે સિંહ ગાઢ મિત્રા હોય છે. સ્થાનભ્રષ્ટ થયેલાં કટક અને દમનક નામનાં શિયાળ ચતુરાઈ પૂર્વક એ બન્ને મિત્રો વચ્ચે ફૂટ પડાવે છે. જેને પરિણામે પિંગલક સંજીવકને મારી નાંખે છે અને કટક તેમ જ દમનકને એમનાં મંત્રીપદે પુનઃ સ્થાપિત કરે છે.

મિત્રભેદમાં આ મુખ્ય કથા ઉપરાંત બીજી નવ અવાન્તર કથાઓ પણ આવેછે, જે પૈકી લગભગ ચારેક વાર્તાઓ પંચતંત્રમાં લેવામાં આવી છે.

(૩) **વિગ્રહ :**

હિતોપદેશનો ત્રીજો વિભાગ વિગ્રહ તરીકે ઓળખાય છે. એમાં હિરણ્યગર્ભ નામના હંસ અને ચિત્રવર્ણ નામના મૌર વચ્ચેની વિગ્રહની વાત આવે છે. જુદાં જુદાં પલીઓ એમાં મંત્રીપદ કે કૃતકર્મ કરે છે. બે રાજાઓ વચ્ચેના યુદ્ધમાં જે જાતના કાવાદાવા અને દામપેચ ચાલે તે પ્રકારના કાવાદાવા અને દાવપેચ અહીં લગાડવામાં આવે છે. અંતે એમાં ચિત્રવર્ણનો વિજય થતો બતાવવામાં આવ્યો છે. આ મુખ્ય કથા ઉપરાંત બીજી નવ પેટાકથાઓ પણ એમાં મળે છે. જેમાંની કેટલીક પંચતંત્રના જુદાં જુદા તંત્રોમાંથી લેવામાં આવી છે. જો કે એમાં મુખ્ય કથામાં કાગડો અને ઘુવડ પ્રતિસ્પર્ધીઓ છે.

(૪) **સંધિ :**

હિતોપદેશના ચૌથા અને છેલ્લા વિભાગનું નામ સંધિ છે. જેમાં ત્રીજા સંગ્રહની વાત જ સંધિને કેન્દ્રસ્થાને રાખીને આગળ વધે છે. એમાં રાજનીતિના વિવિધ સિદ્ધાન્તોનું લાંબુ અને શુષ્ક વર્ણનછે. મેઘવર્ણ જેવા કુટિલ કાગડાને વિશ્વાસથી આશ્રય આપવાને કારણે રાજહંસને ફળ ભોગવવું પડ્યું તે એમાં મુખ્ય કથા તરીકે બતાવેલું છે. એમાં કુલ બાર પેટાકથાઓ છે, જેમાં કેટલીક પંચતંત્રનાં જુદાં જુદાં તંત્રોમાંથી લેવામાં આવેલી છે અથવા જુદાં જુદાં તંત્રો સાથે સામ્ય ધરાવે છે. આમ, હિતોપદેશ ચાર વિભાગમાં વહેંચાયેલું છે.

હિતોપદેશકારે પોતાનું ધ્યાન રાજનીતિમાં મહત્ત્વનું સ્થાન પરાવતાં તત્ત્વો જેવાં કે કુનેહ, દૂરંદેશિતા, કપટનીતિ, "જેવા સાથે તેવા" અને સમયાનુસાર સંધિ અને વિગ્રહની વાતોમાં કેન્દ્રિત કર્યું છે. શ્રી કાળે હિતોપદેશના કેન્દ્રવર્તી વિષયની બાબતમાં લખે છે –

"The Hitopadesha belongs to that class of compositions which aims at teaching the principles of polity guided by morality as possible, presenting them in the more aggerable form of stories."

હિતોપદેશના રચયિતાએ રાજનીતિ અને રાજવ્યવહારની આંટીઘૂંટીઓ ઉપર વિશેપ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ જોતાં આ કથાઓ ખરેખર રાજપુત્રોને રાજનીતિમાં નિપુલ બનાવવા જ કહેવાઈ હશે એમ પ્રતીત થાય છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો.</u>**

***નોંધ :***

i) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.

ii) યુનિટના અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ તપાસો.

૧.હિતોપદેશના પ્રારંભમાં આવતા કથામુખની વાર્તા લખો.

૨. હિતોપદેશકારે પંચતંત્રના માળખામાં ક્યાં નોંધપાત્ર પરિવર્તનો કર્યાં છે ?

૩. હિતોપદેશનો પ્રાસ્તાવિક શ્લોક “**यन्न्वे... कथ्यते** । સમજાવો.

૪.પંચતંત્રમાં ન મળતી પણ હિતોપદેશકારે ઉમેરેલી વાર્તાઓની સંખ્યા કેટલી છે ? તે ક્યાંથી લીધી જણાય છે ?

૫. હિતોપદેશ વિશેષતઃ કોને માટે લખાયું છે ?

## 7.5 પ્રાણીકથાની શૈલી અને લાક્ષણિકતાઓ

પંચતંત્ર અને હિતાયદેશ પ્રાણીકથાના એક ઉત્તમ અને આદર્શ ગ્રંથો છે. પ્રાણીકથા હોય એટલે અનિવાર્ય પણે તે બોધકથા તો હોય જ, જગતમાં જવાં જયો પ્રાણીકથાનો વિકાસ થયો છે ત્યાં ત્યાં અનિવાર્ય પણું તે સાહિત્યપ્રકાર બોધકથાના સ્વરૂપમાં જ વિકસ્યો છે. પ્રાણીકથા અને ઉપદેશ એ બન્ને વચ્ચે અનિવાર્ય સંબંધ રહેલો છે. બૌદ્ધિક કથાઓ, અદ્ભુત કથાઓ કે સામાજિકકથાઓનો ઉદેશ્ય એક માત્ર મનોરંજનનો હોઈ શકે. પ્રાચીન ભારતમાં રચાયેલી 'બૃહત્થા' ની કથાઓનો ઉદ્દેશ્ય આનંદલની હતો પણ પ્રાણીકથાઓનો ઉદ્દેશ્ય ગમ્મત સાથે જ્ઞાન આપવાનો હતો. જો કે જાતકકથાઓમાં સંગ્રહાયેલી પ્રાણીકથાઓનો ઉદેશ્ય ધર્મભોષ આપવાનો છે. પણ ત્યાં પણ ઉપદેશનું જ પ્રાધાન્ય છે. પંચતંત્રમાં સંગ્રહાયેલી પ્રાણીકથાઓનો ઉદેશ્ય વ્યાવહારિક વ્હાપણ અને જીવનકલાના સિદ્ધાંતો કે જીવનમાં સફળ થવાના ઉપાયોનું નિરૂપણ કરવાનો હતો. આધુનિક જમાનામાં રચાયેલી ''મિત્રો મેળવવાનો ઉપાય'' કે ''સુખની ચાવી? કે ''જીવનમાં સુખી થવાના ઉપાયો' જેવી પુસ્તિકાઓની ગરજ પ્રાચીનકાળમાં પ્રાણીકથાઓ દ્વારા સરતી હતી. પંચતંત્ર પ્રાણીકથાસંગ્રહનો એક આદર્શ હોવાથી પંચતંત્રની શૈલી એક રીતે તો પ્રાણીકથાઓની લાક્ષણિક્તાઓ ઉપર જ પ્રકાશ પાડે છે. હિતોપદેશ એનું પંચતંત્ર કે હિતોપદેશ અનુકરણ કરે છે.

સાહિત્યક સ્વરૂપની દષ્ટિએ શૈલીની સર્વપ્રથમ લાક્ષણિકતા કે જે નોંધપાત્ર છે તે છે એનું ગદ્ય-પદ્ય મિશ્રણનું સ્વરૂપ કથાભાગ ગદ્યમાં અને એ કથાનો ઉપદેશ પદ્યમાં રજૂ કરી, ગદ્યપદ્યના સંકલન સ્વરૂપે વાર્તા રચવાની પદ્ધતિ આપણને ઐતરેય બ્રાહ્મણમાં જોવા મળે છે. ઐતરેય બ્રાહ્મણની આ લાક્ષણિકતાની અસર પ્રાણીકથામાં સવિશેષ થઈ જણાય છે. સમગ્ર કથાનો સાર કે મધ્યવર્તી વિચાર પ્રગટ કરતો શ્લોક વાર્તાના પ્રારંભમાં આવે અને તે શ્લોકમાં જ આગામી કથાનકના શીર્ષકનો પણ નિર્દેશ કરવામાં આવે. જેમ કે...

कङ्कणस्य तु लोभन मग्नः पङ्के सुदुस्तर ।

वृद्धव्याश्रेण सम्प्रासः पंश्चिक्ट स मृतः यया ॥

હિતોપદેશના મિત્રલાભની વાઘ અને મુસાફરની વાર્તાના પ્રારંભમાં વાઘ અને મુસાફરની વાર્તા કહેવા માટે આ બ્લોક એક રીતનો પ્રસ્તાવ જ છે અને પાછી વાર્તા શરૂ કરે છે. ફરી એકવાર એ વાર્તા પૂરી થાય ત્યારે એ કથાનો વક્તા એ શ્લોકના શરૂઆતના પદનું પુનરાવર્તન કરી પેલા મુખ્યવર્તી વિચારનું અનુસંધાન કરી આપતાં પેલો મુખ્ય ઉપદેશ અધિક સ્પષ્ટ થાય છે. આમ મુખ્યત્વે કથાભાગ ગદ્યમાં અને ઉપદેશનો ભાગ પદ્યમાં રજૂ કરવાની શૈલી સવિશેષ નોંધપાત્ર છે. વાર્તાનો મુખ્ય ઉપદેશ જ નહિ પણ વાર્તામાં આવતા અવાંતર ઉપદેશો અને નીતિભોષ પણ મોટા ભાગે શ્લોકમાં જ રજૂ કરવામાં આવે છે. હારમાં પરોવાતાં દગબેરંગી પુષ્પા કે મોતીઓની જેમ જુદા જુદા ધર્મગ્રંથો. પુરાણો, કાવ્યો કે સુભાષિત સંગ્રહોમાંથી ઉદ્દધૃત કરવામાં આવેલાં આ પ્રકારનાં વિચાર મૌક્તિકો કથોપકથનને બહુ ભાતીગળ અને વિવિધરંગી બનાવે છે. જોકે આ લાલલિકતા કોઈકવાર એની મર્યાદા પણ બની રહે છે. આ પ્રકારનાં છૂટાંછવાયાં સુભાષિતોને કારણે કથામાં ઘણાં સુભાષિતોના પ્રક્ષેપો થતા રહ્યા છે. પરવર્તી લેખકોએ જ્યાં મન ફાવે ત્યાં કેટલાંક સુભાષિતાનું ઉમેરણ કર્યું તો કેટલાંક સુભાષિતો રદ કર્યાં અને પરિણામે આ ગ્રંથની મૂળ વાચના નક્કી કરવાનું કામ થવું મુશ્કેલ બની રહ્યું. વળી વાર્તાઓની વચ્ચે પ્રસ્તુત કે અપ્રસ્તુત હોય એવાં સંખ્યાબંધ સુભાષિતો કે સૂક્તિઓ મૂકવાના મોહને કારણે કથાવેગ અવરોધાય અને વાચકને રસસ્થતિનો અનુભવ થાય તે પણ સ્વાભાવિક છે. ઉપદેશમાં સંતુલન હોય ત્યાં સુધી કથાનો રસ નિર્વાહ્ય બને પણ જ્યારે ઉપદેશની માત્રા વધી જાય ત્યારે ફરી એકવાર તે ધર્મશાસ્ત્રના ઉપદેશની જેમ તે શુષ્ક ઉપદેશ બની રહે અને આ કથારચનાના મૂળ હેતુને જ હાનિ થાય.

પ્રાણીકથાઓની જ બીજી લાક્ષણિકતા નોંધપાત્ર છે તે વાર્તામાં વાર્તા અને એમાં પણ પેટા વાર્તા નિરૂપવાની શૈલી છે. જો કે ‘‘બૃહત્કથા, ‘‘કાદંબરી’’ અને ‘દશકુમારચરિત’ તેમજ "મહાભારત" જેવા પ્રસિદ્ધ કથાગ્રંથોમાં પ્રસંગોપાત્ત વાર્તામાંથી બીજીવાત રજૂ કરવાની પદ્ધતિ આપણે ત્યાં ઘણી પ્રચલિત હતી. શ્રી સાંડેસરા કહે છે તેમ કથારસના સ્વરૂપમાં બાધક થાય એવી આ જટિલ પદ્ધતિનો આશ્રય શાથી લેવામાં આવ્યો હશે એનો ટૂંકો ને ટચ ઉત્તર આપી શકાય એમ નથી, પણ પંચતંત્રકારે તો જે સાહિત્યિક રીતિ પોતાના સમયમાં સર્વમાન્ય હતી એને અનુસરીને કથાઓની સંકલના કરી હતી એ દેખીતું છે. ચીનાઈ પેટીની રચના જેમ એક પેટીમાંથી બીજી પેટી અને બીજીમાંથી ત્રીજી પેટી મળે તેવી હોય છે, તેમ અહીં પણ એક વાર્તામાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી વાર્તા કહેવાય છે. જો કે આનાથી ઘણી વાર વાચકને મુખ્ય કથાનો દોર પકડી રાખવાનું મુશ્કેલ બને છે તો પણ તે લેખકને તો નવનવી વાર્તાઓ રજૂકરવાની તક તો આપે છે જે. શ્રી મેકડોનલ જણાવે છે, વાર્તાઓના આખા ગ્રંથની રચના ચિનાઈ પેટીઓની રચનાને મળતી આવતી હોય તેવી જણાય છે. વાત કહેવાની હિન્દુસ્તાનની આ પદ્ધતિનો ઈરાન અને અરબસ્તાનમાં એ પૂર્વેની પાડોશી પ્રજાઓએ સ્વીકાર કર્યો હતો અને સ્વતંત્ર પુસ્તક રચતી વખતે તેઓએ આ જ પદ્ધતિ વાપરી હતી. અલબત્ત ‘‘અરેબિયિન નાઈટ્સ’ આ પદ્ધતિમાં રચાયેલા ગ્રંથનો મોટામાં મોટો નમૂનો છે.

પાત્રોના નામકરણની બાબતમાં જેવા ગુણ તેવાં નામ નક્કી કરવાની પંચતંત્રકારની શૈલી નોંધપાત્ર છે. પાત્રોના નામ પરથી જ વાચકોને તે પાત્રોની લાક્ષણિક્તાનો ખ્યાલ મળી રહે છે. પાત્રોનાં નામો ક્યારેક એ પાત્રોની પ્રકૃતિ પ્રગટ કરે છે તો ક્યારેક એમની શારીરિક લાક્ષણિકતા પર પ્રકાશ પાડે છે. જેમકે કબૂતરનાં ગળાને આધારે એનું નામ ચિત્રગ્રીવ છે. અભિમાનથી છકી ગયેલા સિંહનું નામ મદોત્કટ છે. માથાની જુનુ નામ મંદવિસર્પીણી છે તો માંકડનું નામ અગ્નિમુખ છે. શિયાળનું નામ ચંડરવ છે. જે એમની શારીરિક લાક્ષણિકતાઓને પ્રગટ કરે છે. આ પ્રકારનાં નામો ક્યારેક કૃત્રિમ લાગે તો પણ ઘણીવાર એનાથી પાત્રનું તાદશ્ય ચિત્ર વાચક સમક્ષ પ્રગટ થાય છે.

પ્રાણીઓના વ્યવહારો દ્વારા રજૂ થતા ઉપદેશની બાબતમાં પણ પંચતંત્રકારની એક લાક્ષણિકતા નોંધપાત્ર છે. પંચતંત્રકાર યથાર્થવાદી છે. જીવનમાં ચુસ્ત અર્થમાં આપણે જે નીતિ (moral) ને સમજીએ છીએ તે નીતિના ખ્યાલો કે ચોખલિયા વૃત્તિની પંચતંત્રકારે ક્યારેય હિમાયત નથી કરી. જીવનમાં આવતા પડકારને પહોંચી વળવા માટે જે ઘડીએ જે સાધન યોગ્ય ગણાય એ સાધન કે ઉપાય અજમાવવાની પંચનંત્રકારે બેધડક હિમાયત કરી છે. સાધનશુદ્ધિના કોઈ જડ આગ્રહનો તે પુરસ્કર્તા નથી અને તેથી જ પંચતંત્રમાં પ્રસ્તુત થયેલાં નીતિવચનો કે સુભાષિતોમાં ઘણીવાર એક બીજાથી સામા છેડાનાં દ્રષ્ટિબિંદુઓનું પણ નિરૂપણ થયેલું જોવા મળે છે.

કાલિદાસ કે ભવભૂતિએ જે પ્રકારનું જીવનદર્શન રજૂ કર્યું છે તે પ્રકારનું જીવનદર્શન રજૂ કરવાનું પંચતંત્રકારને અભિપ્રેત ન હોવા છતાં એણે જીવનને સ્થિરપલે અવલોક્યું છે અને માનવજીવનમાં એકબીજા સાથે અથડાતાં રહેલાં પરિબળોનો એણે સૂક્ષ્મ અભ્યાસ કર્યો છે. એણે રજૂ કરેલાં પાત્રો આ જુદા જુદા પરિબળોનાં જ પ્રતીકો છે. જેમ કે શિયાળ લુચ્ચાઈ અને શઠતાનું પ્રતીક છે, સિંહ પરાક્રમી છતાં કાચા કાનના રાજાનું પ્રતીક છે, ગ્રેટ મુર્ખતાનું, બગલો કે દીપડો પૂર્તતા અને દંભનું કે મિથ્યા ધર્માચરણનું પ્રતીક છે. ગાય કે પોડા જેવાં સાત્ત્વિક પ્રકૃતિનાં મનાતાં પાત્રો પંચતંત્રમાં આવતાં નથી. કારણકે પંચતંત્રકારનું લક્ષ્ય તો પેલા જીવનમાં તનાવો સર્જતાં પરિબળોનું જ નિરૂપણ કરવાનું છે. સારાં નરસાં બધાં જ પાત્રો તરફ લેખકનું તટસ્થ્ય  નોંધપાત્ર છે. પ્રાણીપાત્રો દ્વારા જીવનમાં નગ્ન તથ્યોનો આવિષ્કાર કરવાની પંચતંત્રકારની શૈલી રસપ્રદ છે. પંચતંત્રનો મુખ્ય રસ ઠાવકું હાસ્ય પ્રગટ કરવાનો છે. મેકડોનલ જણાવે છે, ‘‘પશુઓને માણસના જેવી સઘળી પ્રવૃત્તિઓ કરતાં વર્ણવવામાં આવ્યાં હોવાથી આખા ગ્રંથમાં હાસ્યરસનું એક વિચિત્ર પ્રકારનું તત્ત્વ વ્યાપી રહે છે. ‘‘શ્રી સાંડેસરા કહે છે-

‘‘આખાયે ગ્રંથમાં પશુપક્ષીઓને માણસના જેવું આચરણ કરતાં વર્ણવવામાં આવ્યા છે તે કારણે એક વિશિષ્ટ કુતૂહલનો રસ સાદ્યંન્ત વ્યાપી એ છે. ઈસપની વાર્તાઓમાં પશુઓ આવે છે. ખરાં, પણ તેમાં માનવભાવારોપણ આટલું ઊંડું નથી. એના કારણરૂપે કેટલાક વિજ્ઞાનાએ એવા તર્ક કર્યો છે કે એ માનવભાવારોપણ બિંદુઓની પુનર્જન્મવિષયક માન્યતાને આભારી છે.'' તર્કની યથાર્થતા વિષે કોઈ

અભિપ્રાય આપી શકાય એમ નથી. પણ 'પંચતંત્ર'ની કથાઓ એક સંળગ સૂત્રથી જોડાયેલી છે અને છૂટક કથાઓ ઉપરાંત સળંગ  રચનારૂપે પણ તેમનું એક વિશિષ્ટ કથવિતવ્ય છે, જે પ્રત્યેક વાર્તાના બોધ  સાથે સુસંગત હોવા છતાં તેથી જુદું જ છે. ઈસપની વાર્તાઓમાં એવું નથી, એ કારણે પણ 'પંચતંત્ર' ની વાર્તાઓમાં પશુપક્ષીઓમાં માનવભાવારોપો વધારે ગાઢ છે.

ભાષાલેખન અને સાહિત્યક ગુણવત્તાની દ્રષ્ટિએ પંચતંત્ર એક કલાકારની રચના છે. પંચતંત્રનું સ્વરૂપ પ્રાણીકથા હોવા છતાં અને એક ખાસ ધ્યેયને લક્ષ્યમાં રાખીને એની રચના થઈ હોવા છતાં એમાં લેખકની સાહિત્યિક ગુણવત્તાના સંસ્પર્શ થયેલા છે. એની ભાષા સાદી છતાં શિષ્ટ અને છટાદાર છે. એનું ગદ્ય પ્રાસાદિક અને રસળતું છે. અન્ય ગ્રંથોમાંથી ઉદ્દધૃત કરેલા શ્લોકો પણ અનુરૂપ જગાએ મૂકવામાં આવ્યા હોવાથી તે ધારી અસર નીપજાવે છે. કવિને અનુષ્ટુપ છંદ પ્રત્યે વિશેષ પ્રીતિ છે. અને ગદ્યકથાની સરળતાને તે સવિશેષ અનુરૂષ છે. આમ છતાં, લેખક વસન્તતિલકા અને શાર્દૂલવિક્રીડિત જેવા મોટા છંદોનો પણ પ્રસંગોપાત્ત વિનિયોગ કરે છે. કથોપકથનમાં લેખકની શૈલી ઘણી જ સરળ અને ચોટદાર બની રહે છે. સામાન્યતા પંચતંત્રકાર સરળ અને લોકભોગ્ય શબ્દોનો પ્રયોગ કરે છે. લાંબા લાંબા સમાસો, અરૂઢ શબ્દો કે શબ્દપ્રયોગો કે અલંકૃત વર્ણનોનો કથાકારને સહેજપણ મોહ નથી. શ્લેષ કે શાબ્દિક ચમત્કૃતિઓ સર્જવાની કે વિદ્વત્તા અભિવ્યક્ત કરવાની કોઈ ખેવના નથી. જો કે કેટલીવાર હેતુપૂર્વક ગંભીર શૈલી પ્રયોજે છે. જેમકે "જૂ અને માંકડ"ની વાર્તામાં કે "ગળીથી રંગાયેલા શિયાળ" ની વાર્તામાં આવી ભારેખમ શૈલી દ્રષ્ટિગોચર થાય છે.ત્રીજા તંત્રમાં રાજનૈતિક આટાપાટઓની ચર્ચામાં પણ શૈલીની ગંભીરતા અછતી રહેતી નથી. પણ જૂ અને માંકડ વાર્તામાં પ્રયોજાયેલા ભારેખમ શબ્દો અને ગંભીર શૈલી હાસ્ય રસ નિષ્પન્ન કરવામાં સહાયક પાયછે અને વાર્તાનો વ્યંગ વધારે વૈષક બને છે. આ કથા કિશોરો અને વ્યાવહારિક ડઆપણના અત્યંતાઓ માટે છે એ હકીકતથી લેખક જાણે સતત સભાન રહ્યા હોય એમ આપણને જણાય છે.

પંચતંત્રકારની મર્યાદાઓનો આપણે ઉપર એક બે જગાએ ઉલ્લેખ કરેલો છે. આ પૈકીની અની મહત્ત્વની મર્યાદા એ છે કે પંચતંત્રની રચનાપદ્ધતિ શિથિલ છે અને પરિણામે પણા બધા પરવર્તી લેખકોએ અને કદાચ લહિયાઓએ પણ આ કમાનકો સાથે ઘણાં ચેડાં કર્યા છે. જેને જયારે જે ફાવ્યું તે એમાં ઉમેર્યું છે જયારે ન ગમ્યુ તે દૂર કરેલું છે. ઘણાં બધા સુભાષિતો એની પ્રસ્તુતતાનો વિચાર કર્યા વિના કે કથાનકના રસને ખ્યાલમાં રાખ્યા સિવાય ઊમેરી દેવામાં આવ્યાં છે. આ ઉપરાંત તંત્રના ઉદિષ્ટ મૈતુ સાથે ઝાઝો સંબંધ ન હોય એવી વાર્તાઓ પણ માત્ર વાચકોના મનોરંજન માટે આપવાનો મોહ ટાળી શકાયો નથી. અને પરિણામે પંચતંત્રની જુદી જુદી પાઠપરંપરાઓમાં વાતિઓની તેમજ શ્લોકસંખ્યાઓની નોંધપાત્ર ભિન્નતા જોવા મળે છે. જો કે આવા અતિતીય લોકપ્રિયતા ધરાવતા આ પ્રકારના ગ્રંથમાં આ સ્વાભાવિક છે. આમ છતાં, પંચતંત્રની રચનાપદ્ધતિ શિથિલ છે એ હકીકત અવશ્ય નોંધપાત્ર છે.

## *તમારી પ્રગતિ ચકાસો* ( Self Check Execises)

***નોંધ :***

i) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.

ii) યુનિટના અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ તપાસો.

૧. 'પંચતંત્ર'ને હિતોપદેશમાં આવતી કથાઓનો ઉદેશ્ય શો હતો ?

___

___

___

___

___

___

૨. પંચતંત્ર અને મહદંશે એને જ અનુસરતા હિતોપદેશમાં આવતી પ્રાણીકથાઓની લાક્ષણિકતાઓ અને શૈલી પર વિસ્તૃત નોંધ લખો.

___

___

___

___

___

___

## 7.6 પંચતંત્ર અને હિતોપદેશનો બોધ અને પ્રતીકો

પંચતંત્ર વ્યાવહારિક ડહાપણ અને જીવનકલાના સિદ્ધાન્તોનું નિરૂપણ કરતો ગ્રંથ છે. એની રચના જ રાજાના મુર્ખ પંડિતોને શાણા અને રાજાનીતિનિપુણ બનાવવા થયેલી છે, એમ એના આભુખનાં કહેવાયું છે. પ્રાણીકથાને નાતે તે ઉપદેશપ્રધાન સાહિત્ય છે. છતાં, પંચતંત્રમાં આપવામાં આવેલો ઉપદેશ જે અર્થમાં નીત્તિ (Moral) શબ્દ રૂઢ થયો છે. તે નીતિના ચોકઠામાં બદ્ધ નથી. રાજકુમારોને આ ઉપદેશ આપવામાં આવ્યો હોવાથી રાજનીતિની ખટપટ અને રાજનીતિનાં અંગોનું એમાં પ્રાધાન્ય છે જ. આમ છતાં, સમગ્રતયા એ ઉદેશ્ય માનવજીવનમાં આવતા પડકારો સામે અને સંઘર્ષમય પરિબળોની સામે માણસને વ્યવહારદક્ષ બનાવવાનો છે, એને માટે જ પંચતંત્રકાર યથાર્થવાદી સાધનશુદ્ધિ જેવા કોઈ જડ આગ્રહોનો હિમાયતી નથી. વિવિધ પરિસ્થતિઓમાં માણસે કુનેહપૂર્વક કેમ વર્તવું એ એણે પરિસ્થિતિને અનુરૂપ પ્રતિકારની હિમાયત કરીને બેધડક સુચવ્યું છે. એટલે એ એક વાસ્તવવાદી સલાહકાર છે. ધર્મોપદેશક નથી. આમ છતાં, માનવજીવનની સંકુલતાઓમાં પચતત્રમાં જે

વ્યાવહારિક ડહાપણનો ઉપદેશ આપ્યો છે તે ઘણો જ પ્રસ્તુત બની રહે છે. હિતોપદેશમાં પણ પંચતંત્રનો બોધ જ સરળ રીતે રજૂ થયો છે.

પંચતંત્રની પાંચે તંત્રોમાં એના લેખકનો મુખ્ય ઉદ્દેશ શું છે તે આપણે આગળ જોઈ ગયા છીએ, આમ છતાં, પંચતંત્રકાર અને હિતોપદેશકાર એની વિવિધ કથાઓમાં જે ઉપદેશ વારંવાર દોહરાવે છે તેને આ પ્રમાણે મુકી શકાયઃ

(૧) પંચતંત્રકાર પુરુષાર્થવાદી છે. પ્રારબ્ધના પ્રાબલ્યનો સ્વીકાર કરવા છતાં તે વારંવાર પુરુષાર્થની હિમાયત કરે છે. અત્યન્ત નિરાશાજનક સંજોગોમાં પણ માણસે પુરુષાર્થ જાળવી રાખવો જોઈએ એ બાબત એણે વારંવાર દોહરાવી છે. પુરુષાર્થ આત્મનિર્ભર હોવાથી પંચતંત્રકાર સ્વાભાવિક રીતે જ એની હિમાયત કરે છે.

(૨) માનવજીવનમાં પ્રેમ અને મૈત્રીનું પંચતંત્રકારે ઘણું ગૌરવ કર્યું છે. આ બન્ને તત્ત્વો માનવજીવનને મૃદુ અને સહ્ય બનાવે છે અને આ મહાન પરિબળોથી મોટા પડકારોનો પણ સામનો કરી શકાય છે એ પંચતંત્રકારે બતાવ્યું છે.

(૩) પંચતંત્રકારે જીવનમાં જે બાબત ઉપર ખૂબ ભાર મૂક્યો છે તે છે માલસને માટે જરૂરી એવી સતત જાગૃતિ. મિત્રભેદની કરૂણતાના મુળમાં છે પિંગલક અને સંજીવકના પક્ષે જાગૃતિનો અભાવ. જ્યારે સામે પક્ષે બીજા તંત્રમાં જાગૃતિ અને સાવધાનીથી વિજય મેળવતા મિત્રોની કથા દ્વારા પ્રકારાન્તરે આ જ વાત સૂચવી છે. ત્રીજા તંત્રમાં પુવડોની અસાવપતા અને ચોથા તંત્રમાં વાંદરાની જાગૃતિ અને એના શુભ પરિણામની વાત છે, જ્યારે પાંચમું તંત્ર જાગૃતિના અભાવથી ઉત્પન્ન થતા દોપો વર્ણવે છે. મનુષ્ય જાગૃત હોય તો જ જીવનમાં આવતા પડકારોનો સ્વસ્થતાપૂર્વક સામનો કરી શકે અને કુટિલ પરિબળોને મહાત કરી શકે એ પંચતંત્રકારે સ્પષ્ટ કર્યું છે.

(૪) પંચતંત્રકારનો ચોથો ઉપદેશ છે ‘‘ત્યાગીને ભૌગવી જાણો.’’ પંચતંત્રકાર પ્રતિપાદિત કરે છે કે પૈસા પેદા કરો, સુખ ભોગવો પણ અતિશય એકલપેટા થશો મા. ધનનો સદ્દુપયોગ અને દાનનો એવું મહિમા કર્યો છે.

(૫) પંચતંત્રમાં આદિથી અંત સુધી પારણાશક્તિની અગત્ય અને એ કેળવવાના ઉપાય પણ પંચતંત્રકારે બતાવ્યા છે અને જીવનમાં સતત અને ઉત્તરોત્તર ઊંચું લક્ષ્ય પ્રાપ્ત કરવાની હિમાયત કરી છે. આ બપો ઉપદેશ વાર્તારસમાં વણાઈને આવ્યો હોવાથી તે સુગ્રાહ્ય અને ઉપાદેય બન્યો છે. કથનક નામનું ઊંટ ભોળા અને મૂર્ખ માણસનું પ્રતીક છે જે દાંભિક માણસોના તર્કછલ અને તર્કવાદનો સહેજે ભોગ બની જાય છે. સ્વામીને માટે પોતાના પ્રાણનો ત્યાગ કરવાનો દેખાડો કરતાં અને સ્વામીનિષ્ઠાનું જોરશોરથી સમર્થન કરતાં કાગડો, શિયાળ અને દીપડો યુદ્ધ અને કપટી ભૌતિકોનાં પ્રતીકો છે જે પોતાની બુદ્ધિનો ઉપયોગ નિર્દોપ માણસોને ફસાવવા કરતા હોય છે. આ બધાં જ પ્રાણીઓ અને પશુઓની ગતિવિધિનો અભ્યાસ

કરીએ તો સાંપ્રત સમયના રાજકારણીઓમાં આ ખંધા અને શાઠ પ્રાણીઓનું હૂબહુ પ્રતિબિંબ પડેલું લાગે છે અને એજ આ પ્રાણીકથાઓનું શાશ્વતિક મૂલ્ય છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો</u>**

**નોંધ :**

i) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.
ii) યુનિટના અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ તપાસો.

૧. પંચતંત્રની કથાઓમાં પ્રાપ્ત થતા બૌધાત્મક સિદ્ધાન્તોનું નિરૂપણ કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

૨. પ્રાણીકથાઓમાં આવતાં પ્રાણીઓ ક્યા કયા માનવભાવોનાં પ્રતીકો છે તે સ્પષ્ટ કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

૩. આ પ્રાણીકથાઓની સાંપ્રત રાજકારણ સાથેની પ્રસ્તુતતા સમજાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

# એકમ : 8 ભારતીય દર્શન

:: રૂપરેખા ::

**8.0** ઉદ્દેશ

**8.1** પ્રસ્તાવના

**8.2** ' દર્શન' શબ્દનો અર્થ

**8.3** દર્શનના વિભાગ

## 8.0 ઉદ્દેશ

આ એકમ ભણ્યા બાદ આપ –

- દર્શન શબ્દનો અર્થ તેના પ્રકારો સમજી શકશો.
- આસ્તિક-નાસ્તિક દર્શનોનો પરિચય પ્રાપ્ત કરી શકશો.
- નાસ્તિક દર્શનોના સિદ્ધાન્તો સમજી શકશો.
- આસ્તિક દર્શનના સિદ્ધાન્તોથી વાકેફ થશો.
- સ્મૃતિઓનો સંક્ષેપમાં પરિચય મેળવી શકશો.
- સ્મૃતિઓના સિદ્ધાન્તો-આશ્રમવ્યવસ્થા, કર્મ વગેરેથી પરિચિત થશો.

## 8.1 પ્રસ્તાવના

આ એકમમાં ભારતીયદર્શન-પ્રકારો-પરંપરા, સાહિત્ય, ત્રણ નાસ્તિક અને છ આસ્તિક દર્શનનો પરિચય-સિદ્ધાન્ત—આપવાનો ઉપક્રમ છે. સાથે સાથે આ પ્રકરણમાં પ્રમુખ સ્મૃતિઓ જેવી કે; યાજ્ઞવલ્કય સ્મૃતિ, નારદ સ્મૃતિ તથા અર્થશાસ્ત્રનો સંક્ષેપમાં પરિચય કરાવ્યો છે. આ બન્નેના અભ્યાસથી વિદ્યાર્થીમાં તર્કશક્તિનો તથા આપણી સાંસ્કૃતિક વિરાસતનો ખ્યાલ આવશે.

## 8.2 'દર્શન' શબ્દનો અર્થ

**सम्यक्दर्शनसम्पन्नः कर्मभिर्न निबद्धयते ।**

**दर्शनेन विहीनस्तु संसारं प्रतिपद्यते । (मनु ६-७४)**

*દર્શન એટલે જોવું; તત્ત્વનો સાક્ષાત્કાર કરવો.* दृश्यते अनेन इति दर्शनम्। *જેના વડે તત્ત્વનો સાક્ષાત્કાર થાય તે દર્શન. સંસારના દુ:ખથી મુક્તિ મેળવવી એ માનવજીવનનું લક્ષ્ય છે. આ લક્ષ્ય માટે પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરવો એ*

*એક જ માર્ગ છે તે* **तमेव विदित्वाऽतिमृत्युमेति नान्यः पन्था विध्यतेऽयनाय ।** *પ્રાચીન સમયમાં દર્શન શબ્દ માટે 'મીમાંસા' શબ્દનો પ્રયોગ થાય છે. જેમ કેઃ પૂર્વ મીમાંસા, ઉત્તરમીમાંસા. મીમાંસા એટલે પરીક્ષણ. વેદના પૂર્વભાગનું પરીક્ષણ કરતો જે ગ્રંન્થ તે પૂર્વમીમાસા અને વેદના ઉત્તરભાગનું પરીક્ષણ કરતો જે ગ્રન્થ તે ઉત્તરમીમાંસા.*

ભારતીય દર્શનોમાં ૬ આસ્તિક અને ૩ નાસ્તિક દર્શનો છે. પાણિનિએ **अस्ति नास्ति दिष्टं मतिः ।** સૂત્ર દ્વારા મસ્તિ થી આસ્તિક અર્થ લેવાનો અર્થાત્ જે વેદના પ્રામાણ્યને માને છે તે આસ્તિક અને **नास्ति** થી નાસ્તિક અર્થ લેવાનો. જે વેદના પ્રમાણ્યને માનતો નથી તે નાસ્તિક

## 8.3 દર્શનના વિભાગ

- **આસ્તિક દર્શન**

| | | |
|---|---|---|
| ૧. | સાંખ્યદર્શન- | કપિલમુનિ |
| ૨. | યોગદર્શન- | પતંજલિ |
| ૩. | ન્યાયદર્શન | અક્ષપાદ (ગૌતમ) |
| ૪. | વૈશેષિકદર્શન | કણાદમુનિ |
| ૫. | પૂર્વમીમાંસા | જૈમિનિમુનિ |
| ૬. | ઉત્તરમીમાંસા | બાદરાયણ મુનિ |

- **નાસ્તિક દર્શન**

| | | |
|---|---|---|
| ૧. | જૈનદર્શન | મહાવીર સ્વામી |
| ૨. | બૌદ્ધદર્શન | ભગવાન બુદ્ધ |
| ૩. | ચાર્વાકદર્શન | બૃહસ્પતિ (ચાર્વાક) |

આપણું જીવન અને ભારતીય દર્શનો વચ્ચે પરસ્પર સમ્બન્ધ છે. બન્ને એક જ લક્ષ્યને લઈને સાથે ચાલનારા બે મુસાફરો છે. આ બંનેની સત્તા એક જ કારણ પર નિર્ભર છે. તે ચરમ-તત્ત્વનું સૈદ્ધાન્તિક રૂપ આપણને દર્શનશાસ્ત્રોમાં જોવા મળે છે. જ્યારે વ્યાવહારિકરૂપ આપણા જીવનમાં જોવા મળે છે અને આ બન્ને રૂપો મળીને આપણને તે પરમતત્ત્વના પૂર્ણરૂપનો અનુભવ કરાવે છે.

જયારથી જીવ પોતાના પૂર્વજન્મના કર્મો પ્રમાણે સુખ દુઃખને ભોગવવા માટે આ સંસારમાં આવે છે ત્યારથી લઈને તે જીવનું એક જ ધ્યેય હોય છે. સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ, જીવ નાનામાં નાની ક્રિયામાં પણ આનંદ શોધે છે. જેનાથી એને

ન પ્રાપ્ત થયેલી વસ્તુથી જે દુ:ખ થયું છે તેનો નાશ થાય. જે ક્રિયા કરવાથી અલ્પ પણ આનંદ મળે કે મળવાની આશા હોય તેને પ્રાપ્ત કરવા માટે જીવ હમેશાં ચેષ્ટા કરે છે.

જીવને સાંસારિક દુઃખોની નિવૃત્તિ ન થવાથી તે દુઃખોને દૂર કરવાના ઉપાયો શોધતો શોધતો જયારે જ્ઞાનીને પૂછે છે, એવી કઈ વસ્તુ છે કે જેને જાણી લેવાથી બધાં દુઃખોમાંથી છૂટકારો થાય ? ત્યારે જ્ઞાની કહે છે **आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यः मन्तव्य ।** હે મૈત્રેયી! આ આત્માને જોવો જોઈએ, સાંભળવો જોઈએ અને તેનું મનન કરવું જોઈએ. શ્રુતિ દ્વારા આત્મા અંગે સાંભળેલી વાતો અંગે યુક્તિ દ્વારા તર્ક કરવો જોઈએ. આ પરમાનન્દની પ્રાપ્તિ શું દરેકજીવને થાય ખરી? ના, બધા જ જીવો એની પ્રાપ્તિ કરવા માટે અધિકારી નથી. કઠોપનિષદમાં કહ્યું છે. "**श्रवणायामि बहुभिर्यो न लभ्यः, शृण्वन्तोऽपि बहवो यं न विदुः।** પરમતત્ત્વને પામવા માટે અધિકારી બનવું જોઈએ. શુદ્ધ અન્તઃકરણમાં જ પરમતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

**નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .**

**(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .**

૧. દર્શન એટલે શું? એ સમજાવી ભારતીયદર્શનનાં નામ આપો.

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

૨. કયાં દર્શનો નાસ્તિક છે ?

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

૩. ક્યાં દર્શનો આસ્તિક છે ?

૪. નાસ્તિક દર્શન શા માટે કહેવાય છે ?

૫. આસ્તિક દર્શન શા માટે કહેવાય છે ?

૬. ટૂંકનોંધ લખો.

(૧) ષટદર્શનના કર્તાનું નામ

(૨) નાસ્તિક દર્શનના કૃતિનું નામ

સંસ્કૃત નાટકની ઉત્પત્તિ વિશે સૌ પ્રથમ ઉલ્લેખ આપણને ભરત મુનિના નાટયશાસ્ત્રના ગ્રંથમાંથી મળે છે. ઈ.સ.ની ત્રીજી સદીના આસપાસ રચાયેલા આ ગ્રંથના પ્રથમ અધ્યાયમાં ભરતમુનિએ નાટ્યની ઉત્પત્તિ અંગે નાટયશાસ્ત્રમાં કથા આપેલી છે. ત્રેતાયુગમાં લોકો રહેતા હતા ત્યારે તેઓ ધર્મમાંથી ભ્રષ્ટ થયા અને બધે અનીતિ તથા ગ્રામ્ય ધર્મ ફેલાઈ રહ્યો હતો. આથી દેવો બ્રહ્મા પાસે ગયા અને તેમની પાસે રમકડું (क्रीडनीयक) માંગ્યું જે આનંદ સાથે ઉપદેશ આપી શકે અને દરેક જાતિના વ્યક્તિ તેનો ઉપયોગ કરી શકે. આથી બ્રહ્માએ ઋગ્વેદમાંથી પાઠ્ય, સામવેદમાં ગીત, યજુર્વેદમાંથી અભિનય અને અથર્વવેદમાંથી રસ ગ્રહણ કરીને સંકલન કરી એક વેદ તૈયાર કર્યો જેને 'પંચમ વેદ' નામ આપ્યું. (जग्राह पठ्यं ॰ग्वेदात्सामभ्यो गीतमेव च । यजुर्वेदादभिनयान् रसानाथर्णादपि) આ વેદ તેમણે દેવોને આપ્યો અને દેવોએ તે ભરત મુનિને આપ્યો. ભરતે પોતાના 100 પુત્રોની મદદથી ઈન્દ્રધ્વજ મહોત્સવ પ્રસંગે નાટક ભજવ્યું. આ પ્રસંગે હાજર રહેલા દાનવોએ પમાલ કરી વિક્ષેપ પાડ્યો. આથી વિશ્વકર્માએ નાટયગૃહનું નિર્માણ કરવાની યોજના દર્શાવી. પછીથી શંકરે તાંડવ આપ્યું પાર્વતીએ લાસ્ય આપ્યું અને અપ્સરાઓ નાટકમાં ભાગ લેવા લાગી.

ભરતની આ કથાનું અવલોકન કરતાં જણાય છે કે તે ભારતીય વાતાવરણને પૂરી રીતે બંધબેસતો છે. બધાનું મૂળ ઈશ્વરીય શક્તિમાં દર્શાવવાની આદત અહીં દેખી શકાય છે. છતાં આ એટલું કહીને બાજુએ મૂકી શકાય તેમ નથી. નાટકનાં મુખ્ય મુખ્ય ઘટકોનો ચારેય વેદો સાથે સાંધો સંબંધ ભરત મુનિ દર્શાવી રહ્યા છે. આ ઘટકો છે સંવાદ, ગીત, અભિનય અને રસ. પ્રત્યેક તત્ત્વ જે તે વેદમાં મુખ્ય રીતે તરી આવે છે. ઋગ્વેદમાં સંવાદ સૂક્તો છે. આ સૂક્તોમાં બે કે વધુ પાત્રો વચ્ચે સંવાદ હોય છે. દા.ત. પલિ-સરમા સંવાદ, ઈન્દ્ર-વરુણ સંવાદ, વિશ્વામિત્ર-નદી સંવાદ, પૂરૂરવા-ઉર્વશી સંવાદ વગેરે. આ સંવાદ નાટકના સંવાદને મળતા આવે છે. યજ્ઞ વખતે યાજ્ઞિકો જે તે પાત્રની ઉક્તિ બોલી તે ભજવતા હતા એવું પણ એક મંતવ્ય છે.

સામવેદ ભારતીય સંગીતનો વેદ છે સામસૂક્તો પદ્ધતિસર ગાવામાં આવતાં હતાં જે આજે પણ ચાલુ છે. અર્વાચીન ભારતીય શાસ્ત્રીય સંગીતનાં મૂળ આ વેદમાં રહેલાં છે. સામવેદમાંથી ગીત લીધું છે એ બાબત સંગીતનો નાટકની સાથે કેવો સંબંધ છે તેનો નિર્દેશ કરે છે.

યજુર્વેદમાંથી અભિનય લીધો એવો ઉલ્લેખ આ વેદનું યજ્ઞના સંદર્ભમાં મહત્ત્વ દર્શાવ છે. આ વેદ ક્રિયાકાંડથી ભરપૂર છે. યજ્ઞમાં આ વેદનો પુરોહિત ('અધ્વર્યું') જ સતત ક્રિયાશીલ હોય છે. વળી કેટલાક વિધિઓ પણ એવા છે જેમાં અભિનય, કેવળ દેખાવ કરવાનો હોય છે. દા.ત. સોમક્રયણ નામના ઉપયજ્ઞમાં સોમવલ્લી, વેચનાર સાથે મારામારી કરવાનો વિષિ. આ વિષિઓ મૂળ પ્રસંગ સત્ય બાબત હશે પણ વિપિ વખતે તો તેમાં કૃત્રિમતા અને દેખાવ- અભિનય જ હોય છે.

અથર્વવેદ તંત્રશાસ્ત્રનું ઉદ્‌ગમસ્થાન છે. તે બહુજનસમાજનો માનીતો વેદ મનાય છે. તેમાં મારણ, ઉચ્ચાટન, વશીકરણ, સ્તંભન, જાદુ વગેરેના પ્રયોગો છે.

આથી લોકો તેમાં રસ પરાવે એ સ્વાભાવિક છે. અથર્વવેદમાંથી રસનું તત્ત્વ લીધું એટલે જનસમૂહના આનંદનું તત્ત્વ તેમાંથી લીધું.

આ બધી રીતે વિચારતા સમજાય છે કે સંસ્કૃત નાટ્યનો તેના મૂળ સ્વરૂપમાં વેદ સાથે સંબંધ છે. આમાં કેવળ ભારતીય માનસનાં દર્શન નથી થતાં પણ વાસ્તવિક બાબત તરફ ઈશારો છે. ભરત મુનિએ આપેલી માહિતી ઘણી મૂલ્યવાન છે.

જૈન અને બૌદ્ધ ગ્રંથોમાં અવલોકન કરતાં જણાય છે કે તેમાં સંવાદનું તત્વ મહત્ત્વનો ભાગ ભજવે છે. મહાવીરે તથા બુદ્ધે લોકોને પોતાના ધર્મોપદેશ સમજાવવા માટે સંવાદરૂપી શત્રનો સફળતાથી ઉપયોગ કર્યો હતો. અથઘોષનું શારીપુત્રપ્રકરણ નામનું નાટક તો દર્શાવે છે કે ધર્મના ઉપદેશ માટે નાટકો પણ રચાતાં હતાં.

પછીથી આર્ષકાવ્યો તરફ નજર નાખતાં પણ નાટકના વિકાસ અંગે મહત્ત્વનો સંકેત પ્રાપ્ત થાય છે. મહાભારત અને રામાયણમાંથી કેટલાક વિભાગો ગાવામાં આવતા હતા. કુશ અને હવે રામદરબારમાં રામાયણ ગાયું હતું એ સર્વીવદિત છે. વળી અભિનેતાઓ માટે વપરાતો **कुशिलव** શબ્દ પણ આ બાબતનો જ ખ્યાલ આપે છે. મહાભારતની કથા પણ ચારે બાજુએ સૂત લોકો સમાજમાં રજૂ કરતા હતા. આ વખતે તેઓ શુષ્ક અને નીરસ નિરૂપણ ન કરતાં જુસ્સાપૂર્વકની અને રસપ્રદ રજૂઆતની રીત અપનાવતા હતા. રામાયણમાં **नट** અને **नर्तक** શબ્દો પણ વપરાયા છે. આર્ષકાવ્યો દ્વારા આપણને નાટકના અગત્યના અંગ 'પાઠય' વિશે ખ્યાલ આવે છે. નાટકની ભજવણીમાં પાઠયનો મહત્ત્વનો ફાળો છે.

વ્યાકરણકારોની રચનાઓ પણ નાટ્ય વિકાસમાં મહત્ત્વનું સોપાન બની રહે છે. પાણિનિએ "**भिक्षुनटसुत्रयो:**" દ્વારા નટસૂત્રોનો ઉલ્લેખ કર્યો છે. વળી તેણે
**जाम्बवतीविजय**

નામનું નાટક લખ્યું હતું એમ પણ કહેવાય છે. પતંજલિના મહાભાષ્યમાંથી વધુ પ્રબળ પુરાવો મળી રહે છે. કૃષ્ણકથાને લગતું નાટક ભજવાતું હશે એવું પાકું અનુમાન પતંજલિએ આપેલાં ઉદાહરણોના વાક્યો પરથી તારવી શકાય છે. કાળા અને લાલ મુખવાળા નટોનો ઉલ્લેખ આ અનુમાનને દૃઢ કરે છે.

આ બધી ચર્ચાની તારવણી એ છે કે ૧. સંસ્કૃત નાટકનાં તત્ત્વોને છેક વેદકાળ સુધી લંબાવી શકાય છે. ૨. નાટક પર યજ્ઞક્રિયાની ઘેરી અસર થઈ. અને ૩. નાટકનું સ્વરૂપ ઘડવામાં ધર્મનો મોટો ફાળો છે. ભરતમુનિનો નાટ્યોત્પત્તિનો મત ઘણા વખત સુધી જળવાઈ રહ્યો હશે. કાલિદાસ પોતાના માલવિકાગ્નિમિત્ર (૧-૪)માં નાટકને 'દેવતાઓનો ચાલુપ યજ્ઞ' કહીને આ ૪ પ્રણાલિનો આદર કરે છે. સંસ્કૃત નાટકનો ધર્મમાંથી ઉદ્દભવ થયો. ધર્મે નાટ્ય પ્રણાલિને જન્મ આપ્યો અને ધર્મની ગોદમાં જ નાટક ફૂલ્યુંફાલ્યું.

કેટલાક પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય વિદ્વાનો ઉપરના પરંપરાગત મતને માન્ય કરતા નથી અને પોતાના અન્ય કલ્પનાજન્ય મતો પ્રસ્તુત કરે છે. વીન્ડીશના મતે સંસ્કૃત નાટકો ગ્રીક નાટકોના પ્રભાવ નીચે રચાયાં છે. (પશેલે આ મતનું જુસ્સાથી

ખંડન કર્યું છે. લ્યૂડર્સ અને કોનોના મતે સંસ્કૃત નાટકનો ઉદ્ભવ છાયા નાટકમાંથી થયો છે. પણ આ મત પ્રામાણિક ગણાયો નથી. પિશેલે કઠપુતળીના ખેલને ઉદ્ગમસ્થાન ગણાવ્યું છે. આ માટે તે 'સૂત્રધાર' અને 'સ્થાપક' શબ્દોનો સહારો લે છે. પણ સૂત્રધાર એટલે 'દોરી પકડનાર નહિ અને સ્થાપક એટલે કોઈ વસ્તુ લાવીને રાખનાર નહિ. કઠપુતળીના ખેલમાંથી રસભાવાત્મક નાટકની ઉત્પત્તિ માનવી તે યુક્તિસંગત નથી. રિઝવે નાટકની ઉત્પત્તિના મૂળમાં વીરપૂજાને માને છે. રામલીલા અને કૃષ્ણલીલા આ સિદ્ધાંતનું સમર્થન કરે છે. કેટલાક વિદ્વાનો 'મે પોલ' નામના લોકનૃત્યને સંસ્કૃત નાટકનું મૂળ સમજે છે. ભારતમાં ઈન્દ્રધ્વજ પર્વ આ પ્રકારનું લોકનૃત્ય છે.

આ બધાં મંતવ્યો કોઈ પણ રીતે સ્વીકારી શકાય તેમ નથી. નાટ્યવેદની રચના બ્રહ્માએ ગ્રામ્યધર્મમાં પ્રવૃત્ત લોકોને રમકડું આપવા માટે કરી હતી. સૌ પ્રથમ ભજવાયેલ નાટક ખુદ બ્રહ્માએ રચેલું 'અમૃતમંથન' તથા 'ત્રિપુરદાહ' હતું. આનો પ્રથમ પ્રયોગ ઈન્દ્રધ્વજ મહોત્સવ વખતે થયો હતો. આથી સ્પષ્ટ થાય છે કે પંચમવેદ (નાટ્ય) ની ભજવણી બહુજનસમાજના ઉત્સવો વખતે થતી હતી. કર્મકાંડના વિધિ વખતે નાટક ભજવાતું એવી કેટલાક વિદ્વાનોની (ઋગ્વેદનાં સંવાદસૂક્તો બાબતની) માન્યતા સ્વીકારી શકાય તેમ નથી.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

**નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .**

**(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .**

(૧) નાટકની ઉત્પત્તિ વિશે સૌ પ્રથમ ક્યાં ઉલ્લેખ મળે છે ?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(૨) દેવો બ્રહ્મા પાસે શા માટે ગયા.?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(૩) નાટકની સામગ્રી વેદમાંથી કેવી રીતે મળી આવે છે ?

(૪) જૈન અને બૌદ્ધ ધર્મમાં નાટકનું કયું તત્ત્વ મળે છે ?

(૫) આર્ષ કાવ્યોમાં નાટકનો વિકાસ જોવા મળે છે, કેવી રીતે ?

(૬) બ્રહ્માએ કયુ નાટક લખ્યું હતું ?

# એકમ : 9 સ્મૃતિઓનો પરિચય

:: રૂપરેખા ::

**9.0 અર્થશાસ્ત્ર**

**9.1 યાજ્ઞવલ્ય સ્મૃતિ, પરાશરસ્મૃતિ, નારદસ્મૃતિનો પરિચય**

**9.2 સિદ્ધાંત (કર્મ, પુનર્જન્મ, પાતક પ્રાયશ્ચિત, વર્ણવ્યવસ્થા, આશ્રમવ્યવસ્થા)**

## 9.0 અર્થશાસ્ત્ર

અર્થશાસ્ત્ર ઉપર પ્રાપ્ત પ્રાચીનતમ ગ્રન્થ છે કૌટિલ્યનો અર્થશાસ્ત્ર. અર્થશાસ્ત્ર ધર્મશાસ્ત્રની એક શાખા છે. કારણ કે ધર્મશાસ્ત્રમાં રાજાના કર્તવ્યો અને ઉત્તરદાયિત્વની ચર્ચા કરી છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં 'ધર્મસ્થાનીય' અને 'કંટક શોધન' નામના બે પ્રકરણો છે. શૌનકકૃત ચરણવ્યૂહ અનુસાર અર્થશાસ્ત્ર અથર્વવેદનો ઉપવેદ છે અર્થશાસ્ત્રમાં કૌટિલ્ય કહે છે. આ શાસ્ત્રનો ઉદ્દેશ્ય પૃથ્વી પર વસનારા માટે લાભ – તેના પાલન માટેના સાધનો શોધવાનો છે. ચાણક્ય, કૌટિલ્ય, કે વિષ્ણુગુપ્ત અર્થશાસ્ત્રના પ્રવર્તક છે. દંડી, બાણ તથા વિષ્ણુશર્મા એ ચાણક્યને અર્થશાસ્ત્રના પ્રણેતા કહ્યાં છે. મુદ્રારાક્ષસમાં કૌટિલ્ય અને ચાણક્ય એક જ છે કૌટિલ્ય શબ્દ 'કુટિઃ' શબ્દ ઉપર થી બન્યો છે.

જાલી, કીથ અને વિન્ટર નિત્ઝ કૌટિલ્યને મૌર્યમન્ત્રીની રચના સ્વીકારતા નથી. વળી, અર્થશાસ્ત્રમાં પાટલિપુત્ર તથા ચન્દ્રગુપ્તના સામ્રાજ્યની ચર્ચા આવતી નથી.

**વિષય નિરૂપણ :**

અર્થશાસ્ત્રમાં કુલ 15 અધિકરણો છે, 150 અધ્યાય છે. લગભગ 600 શ્લોકો છે. આ ગ્રંથ ગદ્યપદ્યમાં લખાયો છે. ક્યાંક ક્યાંક શ્લોકો પણ આવે છે. શૈલી સરળ તથા પ્રવાહી છે. ભાષાનો પ્રયોગ પાણિનિ વ્યાકરણ અનુસાર છે. આ ગ્રન્થ પ્રાચીન ભારતની સામાજિક આર્થિક, રાજનૈતિક, તથા ધાર્મિકજીવન પ્રણાલિ પર પ્રકાશ પાથરે છે.

૧. પ્રથમ અધિકરણમાં રાજાનું શાસન, રાજા દ્વારા શાસ્ત્રાધ્યયન, આન્વીક્ષિક અને રાજનીતિનું સ્થાન, મન્ત્રીઓ તથા પુરોહિતોના ગુણ તથા તેના પ્રલોભન, ગુપ્તચર સંસ્થા વગેરે વિષયોનું નિરૂપણ થયું છે.

૨. દ્વિતીય અધિકરણમાં ગ્રામનિર્માણ, વન, દુર્ગ, સશિયાતાના કર્તવ્યો ભૂમિ, વનો, કર અધિકારીઓ, રાજ્યનું શાસન, રાજકોષ, પ્રસાદન, પરીક્ષા, અસ્ત્ર, શસ્ત્ર વગેરેની ચર્ચા જોવા મળે છે.

૩. ત્રીજા અધિકરણમાં ન્યાયશાસ્ત્ર વિધિ નિયમ, વિવાહ પ્રકાર, નવવધૂઓના કર્તવ્ય, સ્ત્રીધન, બાર પ્રકારના પુત્ર વગેરે વિષયોનું નિરૂપણ થયું છે.

૪. ચોથા અધિકરણમાં કંટકનિવારણ, શિલ્પીઓ તથા વ્યાપારીઓની રક્ષા, રાષ્ટ્રીય વિપત્તિ, અગ્નિ, પૂર આદિ-વ્યાધિ, દુષ્કાળ, રાયસ, વ્યાય, સર્પ વગેરેને રોકવા માટેનો ઉપચાર દુરાચારીઓને દંડ વગેરેનું નિરૂપણ થયું છે.

૫. પાંચમાં અધિકરણમાં રાજદરબારીઓનું આચરણ, રાજવોન માટે ૩૧૦, રાજયકર્મચારીઓનું વેતન, રાજદરબારીઓની પાત્રતા, રાજ્યશક્તિની સ્થાપનાનું નિરૂપણ છે.

૬. છઠ્ઠા અધિકરવમાં મંડલ રચના, સાર્વભૌમ સત્તાના સાત તત્ત્વો, રાજાના શીલ-ગુરુ, શાન્તિ તથા સમ્પત્તિ માટે કઠિન કાર્ય, પવિય રાજનીતિ ત્રણ પ્રકારની શક્તિનું નિરૂપણ છે.

૭. સાતમા અધિકરણમમાં સન્ધિ, વિગ્રહ, યાન, આસન, શરલ તથા દ્વૈપીભાવ, છુગુજ, મિત્ર, સુવર્ણ તથા ભૂમિની પ્રાપ્તિ માટે સન્ધિ વગેરેનું નિરૂપણ થયું છે.

૮. આઠમા અધિકરણમાં રાજા તથા રાજ્ય ઉપર આવી પડતી આપત્તિઓ મનુષ્યો તથા સેનાઓ પર આવી પડતી આપત્તિઓનું નિરૂપણ છે.

૯. નવમા અધિકરણાં આક્રમણકારીઓનું કાર્ય, આક્રમણ કરવાનો યોગ્ય સમય, સેનામાં નિયુક્તિ, પ્રસાધન, અસન્તોષ, વિશ્વાસઘાતી શત્રુ તથા મિત્રોનું નિરૂપણ થયું છે.

૧૦. દસમા અધિકરણમાં યુદ્ધવિશે, સેનાનો પડાવ, સેનાનું અભિયાન યુદ્ધ, પાતિ. અશ્વસેના, હસ્તિસેના વગેરેના કાર્યોનું નિરૂપણ છે.

૧૧. અગિયારમાં અધિકરણમાં નગરપાલિકા તથા વ્યવસાય નિગમો વિશે નિરૂપણ કર્યું છે.

૧૨. બારમાં અધિકરણમાં શક્તિશાળી શત્રુઓ વિષે દૂત, ફૂટ. પ્રબન્ય યોજના, અગ્ર-શરુ સજ્જિત ગુપ્તચર, અગ્નિ, વિષ તથા ભાંડાર તથા અન્નકોઠારનો નાશ યુક્તિઓથી શત્રુનું હરણ વગેરેનું નિરૂપણ થયું છે.

૧૩. તેરમા અધિકરણમાં દુર્ગ પર વિજય, ફાટફૂટ પેદા કરવી, યુક્તિ પૂર્વક રાજને પકડી લેવા, ગુપ્તચરોને પકડવા જીતાયેલા રાજયમાં શાન્તિની સ્થાપના કરવી વગેરેનું નિરૂપણ છે.

૧૪. ચૌદમા અધિકરણાં ગુપ્તસાધન, રાત્રુના હત્યા માટે નો ઉપાય, ઓષધી તથા મંત્ર પ્રયોગનું નિરૂપણ છે.

૧૫. કૌટિલ્ય અર્થશાસ્ત્ર અંગેનું નિદર્શન બતાવ્યું છે.

## 9.1 યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, પરાશર સ્મૃતિ, નારદસ્મૃતિનો પરિચય

યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, પરાશર સ્મૃતિ, નારદસ્મૃતિનો પરિચય યાજ્ઞવલ્ક્યસ્મૃતિના રચનાકાળના વિષયમાં વિદ્વાનોમાં એકમત નથી. પરંતુ મનુ અને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિઓમાં પૂર્વાપરની સમ્બન્ય છે. મનુસ્મૃતિના રચનાકાળના વિષયમાં પહેલાં ભારતીય દર્શન વિવેચન કરવામાં આવ્યું છે. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ અનેક સ્થાનો પર મનુસ્મૃતિનું અનુસરણ કરે છે. આથી આ સ્મૃતિના રચનાકાળની એક સીમા મનુસ્મૃતિનો રચનાકાળ બની જાય છે, એવી જ રીતે બીજી સીમાને પણ નિર્ધારિત કરી શકાય છેઃ યાજ્ઞવલ્ક્યસ્મૃતિ ઉપરની પ્રારંભિક ટીકા વિશ્વરૂપની ઉપલબ્ધિ થાય છે. આથી તેની બીજી સીમા નવમી સદી કહી શકાય, કારણકે આ નવમી સદીનો પૂર્વવર્ષ માનવામાં આવ્યો છે. આ રીતે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિને સ્થૂળ રૂપથી ૮૦૦ ઈ.સ. પૂ. થી ૯૦૦ ઈ.સ. માં રાખી શકાય છે.

વિશ્વરૂપની યાજ્ઞવલ્ક્યની ટીકાથી એવો આભાસ મળે છે કે તે યાજ્ઞવલ્ક્યની રચનાની પછી લખવામાં આવી છે. વિશ્વરૂપની ટીકામાં અનેક જગ્યાએ એવી અભિવ્યક્તિ થાય છે કે જેનાથી એવો આભાસ થાય છે કે તેની પૂર્વે પણ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ પર અન્ય ટીકાઓ લખવામાં આવી ચૂકી હતી. આનાથી એ નિષ્કર્ષ નીકળે છે કે વિશ્વરૂપના સમયથી ખૂબ પહેલાં યાજ્ઞવલ્ક્ય સ્મૃતિનું વર્તમાન સ્વરૂપ સ્થિર થઈ ચૂક્યું હતું.

ડૉ. જૉલી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિને કુમારિલથી ત્રણ ચાર સદી પહેલાં રાખવાના પક્ષમાં છે. આવી જ રીતે આ સ્મૃતિની નારદસ્મૃતિ સાથે તુલના કરવાથી એવું પ્રતીત થાય છે કે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની અપેક્ષાએ નારદસ્મૃતિમાં વ્યવહારના સિદ્ધાન્તોમાં પણ વધુ પ્રગતિશીલતા જોવા મળે છે, નારદનું આ વિસ્તૃત વિવેચન એવું સિદ્ધ કરી છે કે તે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ પછીની રચના છે. શ્રી કાણે મહોદય યાજ્ઞવલ્ક્ય સ્મૃતિને પહેલી સદી ઈ.સ. પૂ. થી ત્રીજી સદી ઈ.સ. સુધી માને છે. એમના વિચારથી આ સીમા ત્રીજી સદી ઈ.સ. થી પહેલાંની પણ હોઈ શકે છે.

અત્યાર સુધીના વિચારવિમર્શથી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિના રચનાકાળની એક સીમા નક્કી થઈ જાય છે. શ્રી કાણે મહોદયે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની પૂર્વ સીમા (પ્રથમ સદી ઈ.સ.પૂ. નો આધાર તેની કૌટિલ્યની સાથે પ્રાપ્ત થનારી ક્ષમતા ઉપર આધારિત કરી છે. તેમના મત મુજબ યાજ્ઞવલ્ક્ય જ કૌટિલ્યનું અનુસરણ કર્યું હશે. આ નિશ્ચયના આધારે કૌટિલ્યનું પૂર્વવર્તી હોવું જરૂરી છે. જો કૌટિલ્યને પહેલાં કોઈ કાળવિશેષમાં રાખવામાં ન આવે અને પછી જોવામાં આવે કે કોણે કોનું અનુસરણ કર્યું છે ? તો સંભવ છે કે નિષ્કર્ષમાં વધારે નિષ્પક્ષતા જોવા મળી શકે છે. એ સ્પષ્ટ છે કે મનુસ્મૃતિ કૌટિલ્ય તથા યાજ્ઞવલ્ક્યસ્મૃતિની મનુસ્મૃતિની સાથે સમતા જોવા મળે છે. પરંતુ એવાં સ્થળો ઘણાં છે જ્યાં યાજ્ઞવલ્ક્ય મનુસ્મૃતિથી ભિન્નતા રાખે છે. યાજ્ઞવલ્ક્યનું મનુસ્મૃતિથી આ મતવૈભિન્ય તેની પ્રગતિશીલતા તથા મનુથી ખૂબ પછી (ઘણા સમય પછી) ની હોવાના જ -ક. કારણે છે.

યાજ્ઞવલ્કય સ્મૃતિમાં અનેક જગ્યાએ મનુથી ભિન્ન મતો જોવા મળે છે. (મનુસ્મૃતિની) અપેક્ષામાં પ્રગતિશીલતાનો પરિચય આપે છે. પરંતુ કૌટિલ્યમાં આનાથી પણ વધારે પ્રગતિશીલતા જોવા મળે છે. કૌટિલ્યની સાથે તુલના કરવાથી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ જ પુરાતનવાદી પ્રવૃત્તિને પ્રદર્શિત કરતી જાણવા મળે છે. આનાથી વધુ વિષય પ્રતિપાદનની શૈલીની દષ્ટિથી પણ યાજ્ઞવલ્ક્ય પૂર્વવર્તી જણાય છે. કૌટિલ્યે રાજકીય વિષયોને અધિક મહત્ત્વ આપ્યું છે. તેનો એવો અર્થ નથી કે તેમણે અન્ય વિષયોનું વિવેચન જ કર્યું નથી. મહત્ત્વની દષ્ટિથી કૌટિલ્યના માટે શાસન રાજા રાજ્ય વગેરે વધુ મહત્ત્વ રાખે છે. વિષય પ્રતિપાદનની આ પ્રકારની પ્રવૃત્તિ ચોક્કસ પ્રગતિશીલ કહી શકાશે. તેમાં વિષયવિશેષને જ પૂર્ણતા સાથે ચિત્રિત કરવાની યોજનાનો આભાસ થાય છે, પોતાના ગ્રન્થમાં પણ બધા વિષયો પર અન્તિમ રૂપથી નિર્ણય આપવાની અપેક્ષાએ તેમને એક જ વિષયને સીમા સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. આ એક પ્રકારની વિચારધારા જ કહેવામાં આવશે. આ વિચારધારાના ઉદાહરણ પછીના બીજા મનીપિઓમાં પણ ઉપલબ્ધ થાય છે – ઉદાહરણ માટે નારદસ્મૃતિને લઈ શકાય છે. નારદ પોતાને વ્યવહાર સુધી જ સીમિત રાખે છે; તથા વ્યવહારના જ પ્રસંગમાં તેઓ વર્ણવ્યવસ્થા આદિ ઉપર પણ વિચાર પ્રગટ કરે છે (પરંતુ તેઓ મુખ્યરૂપે વ્યવહારને જ લે છે) આવી જ રીતે બૃહસ્પતિ તથા શુક્ર વગેરે આવે છે, જેઓ એક જ વિષયને લઈને ચાલે છે પરંતુ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં આ વિચારધારા ઉપલબ્ધ થતી નથી.

યાજ્ઞવલ્ક્યસ્મૃતિ પોતાના વિષય પ્રતિપાદનની શૈલીમાં ઉક્ત નવીન વિચારધારાનો થોડો પણ પરિચય આપતી નથી. આ દષ્ટિથી પણ યાજ્ઞવલ્ક્ય મનુસ્મૃતિનું જ અનુસરણ કરે છે. જેવી રીતે મનુસ્મૃતિમાં આચાર, પ્રાયશ્ચિત, રાજધર્મ, વ્યવહાર વગેરે બધા વિષયો ઉપર સિદ્ધાન્તોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેવી જ રીતે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં પણ આચાર, રાજધર્મ, વ્યવહાર, પ્રાયશ્ચિત આદિનું વર્ણન પ્રાપ્ત થાય છે. આ દષ્ટિથી આ પ્રાચીન પરિપાટીને અનુરૂપ જ ચાલે છે. પરંતુ કૌટિલ્ય આ પ્રાચીન પરિપાટીનું અવલમ્બન કરતા નથી. જો શૈલીની દષ્ટિથી યાજ્ઞવલ્ક્ય કૌટિલ્યના પૂર્વવર્તી જણાય છે તો એવું કોઈ કારણ નથી જણાતું કે તેમને કૌટિલ્યના પૂર્વવર્તી માનવામાં ન આવે. આથી જ આ સ્મૃતિ કૌટિલ્યની પહેલાં કોઈ સમયે લખવામાં આવી હશે એવું માનવામાં આવે છે.

**પારાશર સ્મૃતિ :**

પારાશરસ્મૃતિની રચનાના વિષયમાં પણ અનેક ભ્રાન્તિઓ છે. તેનું મુખ્ય કારણ પારાશર ઋષિનું એક ઐતિહાસિક પુરુષ હોવું જ કહી શકાય છે. પારાશર ઋષિ વ્યાસના પિતા હતા અને વ્યાસ મહાભારતના કર્તા તરીકે પ્રસિદ્ધ છે. આ ઐતિહાસિક આધાર પરથીભારતીય દર્શન પારાશરનું અસ્તિત્વ મહાભારતની પહેલાં માનવામાં આવે છે. પરંતુ આ પારાશરમાં અને પારાશરસ્મૃતિ (વર્તમાન)માં ક્યાં સુધી રચયિતા અને રચનાનો સમ્બન્ધ છે એ નિર્ધારિત કરવું ખૂબ અઘરું કાર્ય છે. ઉપલબ્ધ પારાશરસ્મૃતિમાં એવી કથા મળે છે કે ઋષિઓએ વ્યાસને ધર્મના વિષયમાં પ્રશ્ન કર્યો; વ્યાસ જાતે જ તેનો ઉત્તર આપવાની અપેક્ષાથી તેમને પોતાના પિતા

પારાશરની પાસે લઈ ગયા ત્યારે પારાશર ઋષિએ ઉક્ત સ્મૃતિનો ઉપદેશ આપ્યો. આનાથી તો એવો નિષ્કર્ષ નીકળે છે કે આ ઘટના તે સમયની હશે જ્યારે વ્યાસ પોતાના જ્ઞાનમાં (જે જ્ઞાનનો પરિચય તેમને મહાભારતની રચના કરીને આપ્યો છે) અદ્વિતીય બની શક્યા નહીં હોય. આ જ તર્ક આ સ્મૃતિને મહાભારતની રચનાથી પહેલાંની સિદ્ધ કરે છે. પરંતુ આ નિષ્કર્ષ તર્ક પર જ આધારિત છે, સંભવ છે કે તેનો વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ ન પણ હોય.

પારાશર ઋષિનો સ્મૃતિકારના રૂપમાં યાજ્ઞવલ્ક્ય ઉલ્લેખ કર્યો છે. પરંતુ પારાશર સ્મૃતિ પણ યાજ્ઞવલ્ક્યનો સ્મૃતિકારના રૂપમાં ઉલ્લેખ કરે છે. આ બન્ને સ્મૃતિકારોનો એકબીજાનો ઉલ્લેખ કરવો તેમાં પૂર્વાપરની કલ્પનાને કોઈ સ્થાન આપતું નથી. એવું કહી શકાય નહીં કે પારાશર પહેલાં થયા હતા કે યાજ્ઞવલ્ક્ય. બંનેનો એકબીજાનો ઉલ્લેખ કરવો તેમના સમકાલીન હોવાનો સંકેત હોઈ શકે છે. બન્ને સ્મૃતિકારોએ એકબીજાનો ઉલ્લેખ ભૂતકાળમાં કરીને વર્તમાનકાળમાં જ કર્યો છે. આ પણ તેમના સમકાલીન હોવાનું જ પ્રમાણ કહી શકાય. આ દૃષ્ટિથી પરાશર સ્મૃતિ પણ કૌટિલ્યની પૂર્વેની રચના છે.

કૌટિલ્યે પારાશરનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ આ ઉલ્લેખ રાજધર્મના પ્રસંગમાં છે. પરંતુ વર્તમાન પારાશરસ્મૃતિ કેવલ આચાર અને પ્રાયશ્ચિત સુધી જ સીમિત છે. સંભવ છે કે કૌટિલ્યનો ઉલ્લેખ પારાશરની અન્ય રચના કે જે રાજધર્મ તથા વ્યવહાર સાથે સંબંધિત હોય તેના માટે હોય. પરંતુ પારાશરની એવી કોઈ રચના ઉપલબ્ધ નથી. અહીં આ સમસ્યાનું સમાધાન એક જ રીતે કરી શકાય છે — યાજ્ઞવલ્ક્યનો સમય નિર્ધારિત કરતી વખતે તેમની વિષય પ્રતિપાદનની શૈલીને વિશેષ આધાર માનીને એ બતાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો કે તે પોતાની રુઢિવાદી શૈલીના કારણે મનુસ્મૃતિથી અધિક સમતા રાખે છે. તથા પછી કૌટિલ્યે નવી શૈલીનો પરિચય અર્થશાસ્ત્રના રૂપમાં આપ્યો. એ ખૂબ જ સંભવિત છે કે કૌટિલ્યે જે શૈલીને અપનાવી છે તેના ઉદાહરણ તેમની (કૌટિલ્યની) સામે રહ્યા હોય તથા એ જ ઉદાહરણોમાંથી તેમણે પ્રેરણા મેળવી હોય. સંભવ છે કે પારાશરે પોતાની શૈલીમાં બંને શૈલીઓનું મિશ્રણ કરવાનો પ્રયત્ન કર્યો હોય અને આજ કારણે આધાર અને પ્રાયશ્ચિત ઉપર એક રચના તથા રાજધર્મ અથવા વ્યવહાર ઉપર બીજી રચના કરી હોય. આ રીતે પારાશરે મનુસ્મૃતિની પૂર્ણતાને સુરક્ષિત રાખીને નવી શૈલીનો પરિચય આપ્યો. એક જ રચનામાં આચાર, પ્રાયશ્ચિત, વ્યવહાર તથા રાજધર્મને રાખવાને બદલે બે રચનાઓમાં આ બધા વિષયોને રાખ્યા. જો આ તક માનવામાં આવે તો પારાશરની અન્ય રચનાનું લુપ્ત હોવાનું કારણ પણ મળી શકે તેમ છે. રાજધર્મ તથા વ્યવહારના લુપ્ત થઈ જવાનું કારણ કૌટિલ્યનું અર્થશાસ્ત્ર હોઈ શકે છે. આથી જ પોતાની વ્યવહારિક ઉપાદેયતાથી પારાશરના રાજધર્મ સમ્બન્ધી વિચારોને તેમણે મહત્ત્વ વગરના કરી દીધા હોય, મહત્ત્વના અભાવમાં તેનું કાલાન્તરમાં લુપ્ત થઈ જવું સ્વાભાવિક કહી શકાશે. અહીં એ શંકા ઉત્પન્ન થાય છે કે અન્ય સ્મૃતિઓ (ઉદા. માટે મનુસ્મૃતિ તથા યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ) ના રાજધર્મ તથા વ્યવહારસંબંધી અંશો કેમ લુપ્ત થઈ ગયા નહીં ? પરંતુ અહીં એ જાણવું જોઈએ કે ઉક્ત સ્મૃતિઓ આ કારણથી

પોતાના વ્યવહારના અથવા રાજપર્મના અંશને સુરક્ષિત રાખવામાં સમર્થ બની નહીં કારણકે તેમના વ્યવહારસંબંધી વિચારો વધારે વ્યાવહારિક હતા. તેમના વ્યવહારના અંશ એટલા માટે સુરલિત રહી શક્યા કે તે આચાર તથા પ્રાયશ્ચિત સાથે જોડાયેલા હતા. આચાર તથા પ્રાયશ્ચિત તે જ તેના વ્યવહારના અંશોને પણ સુરક્ષિત રાખ્યા. યાજ્ઞવલ્ક્યમાં પણ વ્યવહાર એક જ રચનાના ખંડના રૂપમાં છે. એવી જ રીતે મનુસ્મૃતિમાં પણ છે. આ રીતે પારાશર સ્મૃતિ પણ કૌટિલ્યની પહેલાની સિદ્ધ થઈ જાય છે. શ્રી કાણે મહોદય પારાશર સ્મૃતિને પ્રથમ સદીથી પાંચમી સદી ઈ.સુધી માને છે. આ નિષ્કર્ષ વિશ્વરૂપ (યાજ્ઞવલ્ક્યના ટીકાકાર ૧૯ મી સદી ઈ.સ.) ના પારાશરના શ્લોકોના આધારે કાઢી શકાય પરંતુ એવું નિશ્ચયપૂર્વક કહી શકાય નહીં. કારણકે એવાં અનેક ઉદાહરણ છે જ્યાં પૂર્વાપરનો નિશ્ચિત સમ્બન્ય હોવા છતાં પણ ઉલ્લેખ કરવામાં આવતો નથી. આથી આ સ્મૃતિની રચનાના વિષયમાં નિશ્ચિતપણે કહી શકાતું નથી.

પારાશરસ્મૃતિનો વિષય ખૂબ જ સીમિત છે. આ સ્મૃતિમાં પાપ, પાતક તથા તેના પ્રાયશ્ચિતનું જ વર્ણન કરવામાં આવ્યું છે. મહાન્ વિદ્વાનું આચાર્ય સાયણ માવે આ સ્મૃતિની ટીકામાં એ બધા જ વિષયોનો સમાવેશ કર્યો છે કે જેમનો સ્મૃતિઓમાં ઉલ્લેખ હોય છે – ઉદાહરણ તરીકે જે રીતે મનુસ્મૃતિ વ્યવહાર, રાજધર્મ, પાતક, પ્રાયશ્ચિત વગેરેનું વર્ણન કરે છે તેવી જ રીતે સાયનમાધવાચાર્યે પોતાની ટીકામાં ઉક્ત વિષયોનો સમાવેશ કરીને પારાશર સ્મૃતિના સીમિત ક્ષેત્રનો ખૂબ વિસ્તાર કર્યો છે. આ વિસ્તારનું એક ખૂબ જ ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત કરી શકાય છે – પારાશર સ્મૃતિ – ૧-૬૬ માં કહેવામાં આવ્યું છે કે શસ્ત્ર હાથમાં રાખીને પ્રજાનું રક્ષણ કરવું, દંડનિયમનું ચુસ્ત પાલન કરવું, શત્રુસૈન્યને પરાજિત કરીને પર્મપૂર્વક પૃથ્વીનું પાલન કરવું. સાયણ માધવાચાર્યે આ શ્લોકના બે ભાગ કરી દીધા છે, પ્રથમ : **(शस्त्रपाणि........ प्रदण्डवान्)** માં તેમને સંપૂર્ણ રાજધર્મની સમીક્ષા કરી છે તથા બીજામાં **(धर्मेण क्षिति पालयेत्)** વ્યવહારની વિસ્તૃત સમીક્ષા કરી છે. પારાશર સ્મૃતિમાં રાજ્યર્મ તથા બવચારનું ભારતીય દર્શન વર્ણન વિષયના રૂપમાં કરવામાં આવ્યું નથી. તેમાં રાજા સાથે સંબંધ ધરાવતા ત્રણ-ચાર શ્લોક જ જોવા મળે છે. અને વ્યવહારનું વર્ણન એટલું પણ નથી. પરંતુ આચાર્યે પારાશરના આ સાંકેતિક ઉલ્લેખને પૂર્ણતા સુધી પહોંચાડી દીધો છે. રાપર્મ તથા વ્યવહાર સિવાય અન્ય વિગતોની વ્યાખ્યા પણ પર્મશાસ્ત્રીય દષ્ટિકોણથી કરવામાં આવી છે. તેઓ પોતાની બાવ્યામાં પારાશર સ્મૃતિ સુધી જ સીમિત નથી.

**નારદ સ્મૃતિ :**

નારદસ્મૃતિનો પ્રતિપાદ્ય વિષય વ્યવહાર છે. વ્યવહારના અનુસંધાનમાં વાત કરીએ તો મનુસ્મૃતિને પ્રથમ રચના સમજવામાં આવે છે. પરંતુ પહેલાં કહેવામાં આવ્યું છે એ મુજબ મનુસ્મૃતિ ફક્ત વ્યવહારનું જ વિવેચન પ્રસ્તુત કરતું નથી. તેમાં વ્યવહાર ઉપરાંત ધર્મ, વર્ણન વ્યવસ્થા, આશ્રમ વ્યવસ્થા તથા આચાર, પ્રાયશ્ચિત *વગેરેનું પણ પર્યાપ્ત વર્ણન મળે છે. આવી જ રીતે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં પણ ઉપર મુજબના વિષયોનું પ્રદિપાદન જોવા મળે છે. પરંતુ નારદસ્મૃતિને જોતાં એ નક્કી કરી*

શકાય છે કે તેનો વિષય વ્યવહાર જ છે. મનુ તથા યાજ્ઞવલ્ક્યની તુલનામાં નારદસ્મૃતિમાં "વ્યવહાર×ની સમીક્ષા વધુ પરિપક્વતા યુક્ત પ્રતીત થાય છે.

મનુ તથા યાજ્ઞવલ્ક્ય સ્મૃતિના રચનાકાળના વિષયમાં નિઃશંકપણે કહી શકાય છે કે મનુસ્મૃતિ જ વધુ પ્રાચીન છે, આથી નારદસ્મૃતિની તુલના યાજ્ઞવલ્ક્યસ્મૃતિ સાથે કરવાથી એ નક્કી થઈ શકે છે કે બન્નેમાં વધારે પ્રાચીન કોણ છે ? યાજ્ઞવલ્ક્યની અપેક્ષાએ નારદમાં ×દિવ્ય×નું પ્રકરણ વધારે વિસ્તૃત છે. આવી જ રીતે નારદમાં વ્યવહાર પદ્ધતિની ઉપર વ્યવહાર પદોના વર્ણનમાં વધારે સંગઠિત નિયમો જોવા મળે છે. આથી વિશેષ સ્ત્રીઓના વિષયમાં પણ નારદ અને યાજ્ઞવલ્ક્યમાં અંતર છે. જોલી મહોદય નારદ કરતાં યાજ્ઞવલ્ક્યને જ વધારે પ્રાચીન માને છે. તેમના મત અનુસાર યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની સ્થિતિ મનુ અને નારદની મધ્યમાં આવે છે. પરંતુ કાલે મહોદય આ અન્તરને માનવા છતાં પણ બંન્નેને સમકાલીન અથવા નારદને થોડા સમય પછીના માને છે. નારદસ્મૃતિના રચનાકાળના વિષયમાં મતૈક્ય જોવા મળતું નથી. જૉલી અનુસાર આનો સમય ૩૦૦ ઈ. ની પછીનો સ્થિર હોવો જોઈએ. પરંતુ કોણે મહોદય મહોદય મુજબ નારદસ્મૃતિની રચના પ્રથમ સદી ઈ.થી ૩૦૦ ઈ. માં થઈ હશે.

જૉલી અને કાણે અનુસાર નારદસ્મૃતિનો રચનાકાળ આ પ્રકારે નિર્ધારિત કરવામાં તેમના દ્વારા યાજ્ઞવલ્ક્યસ્મૃતિના રચનાકાળના વિષયમાં કરવામાં આવેલ નિર્ણયનું વિશેષ મહત્ત્વ છે.

યાજ્ઞવલ્ક્ય સ્મૃતિના રચનાકાળને નિશ્ચિત કરતી વખતે તેની વિષય પ્રતિપાદનની શૈલીને વિશેષપણે આધાર માનવામાં આવ્યો હતો, એ જ આધાર નારદસ્મૃતિ માટે પણ ઉપલબ્ધ બને છે. નારદ સ્મૃતિ ખાલી વ્યવહારની જ સમીલા પ્રસ્તુત કરે છે, અન્ય વિષયો પર ઉપલબ્ધ થતાં વિચાર પ્રાસંગિક જ કહી શકાશે. મનુસ્મૃતિની જેમ યાજ્ઞવલ્ક્ય પણ આચાર, વ્યવહારાદિ બધા વિષયો પર પોતાના વિચારો પ્રસ્તુત કરે છે પરંતુ તેમાં થોડું અન્તર જોવા મળે છે. યાજ્ઞવલ્ક્ય સૌપ્રથમ પોતાની કૃતિને ત્રણ ભાગોમાં વિભક્ત કરે છે. તદુપરાંત એ જ વિભાગોને લઈને બધા વિષયોની વિવેચના કરે છે, એ કહેવામાં આવ્યું છે કે આ ધર્મશાસ્ત્રોની એક નવીન શૈલીનો પરિચય આપે છે અને મનુસ્મૃતિથી ભિન્ન હોવાને કારણે જ આને નવીનશૈલી કહેવામાં આવી છે. વિષય વિભાજનની આ શૈલીને અનુરૂપ જ નારદ સ્મૃતિ છે. એ સંભવ છે કે નારદમાં કેવલ વ્યવહાર સુધી એટલા માટે સીમિત રાખવામાં આવ્યું છે કે એક વિષયને એવી રીતે રાખવામાં આવે કે તેની સમીક્ષા વ્યવસ્થિત રીતે થઈ જાય, જ્યાં યાજ્ઞવલ્કય પ્રાચીન શૈલી (મનુસ્મૃતિને) વધારે ન છોડીને સમ્પૂર્ણ કૃતિને ત્રણ ભાગમાં વિભક્ત કરીને જ તેનો પરિચય આપે છે ત્યાં નારદસ્મૃતિ કેવળ વ્યવહાર સુધી પોતાને સીમિત રાખીને નવી શૈલીની છાપ ઉપસાવે છે. આથી એક રીતે એ નિશ્ચિત થઈ જાય છે કે નારદની સ્મૃતિ યાજ્ઞવલ્ક્યના પછીની જ સ્મૃતિ છે. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની રચના સંભવતઃ કૌટિલ્યની પહેલાં થઈ હશે. આથી એ પણ સંભવ છે કે નારદ અને કૌટિલ્ય સમકાલીન હશે. આથી સારાંશરૂપે એ કહી શકાય કે નારદસ્મૃતિ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની પછીથી કોઈક સમયે લખવામાં આવી હશે. પરાશર સ્મૃતિમાં

*નારદસ્મૃતિનો ઉલ્લેખ ન હોવો તથા કેટલાંક સ્થળોએ તેનો વિરોધ હોવો એ સૂચિત કરે છે કે આ પરાશરસ્મૃતિની પછીની જ હશે.*

સંસ્કૃત સાહિત્યમાં ‘ધર્મ’ શબ્દ વ્યાપક અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે. ‘ધર્મ’ શબ્દ √ **धृ** ધાતુથી બનેલો છે.√ **धृ = धारणे** ધાતુનો અર્થ ધારણ શક્તિ છે. આ રીતે કોઈ પણ વસ્તુની ધારણ શક્તિને જ ધર્મ કહેવામાં આવશે. ધારણ શક્તિનો અભિપ્રાય વસ્તુના એ ગુણ સાથે છે જે વસ્તુને પોતાના સ્વરૂપમાં સ્થિર રાખે છે, જે ન રહેતાં વસ્તુ પોતાના સ્વરૂપથી ચ્યુત થઈ જાય છે. આ જ ભાવને વ્યક્ત કરતાં મહાભારતમાં કહેવામાં આવ્યું છે કે “ધારણ કરવાને કારણે ધર્મ કહેવાય છે, ધર્મ પ્રજાને ધારણ કરે છે.” આનો નિષ્કર્ષ એ છે કે જે વસ્તુના સ્વરૂપને ધારણ કરે છે, તેને નષ્ટ થવા દેતો નથી તે ધર્મ કહેવાય છે. અથવા જે વસ્તુ દ્વારા ધારણ કરવામાં આવે છે તે ધર્મ કહેવાય છે. એક અન્ય વિવેચન પણ મળે છે – **‘यो धृतः सन् धारयते स धर्मः ।**‘એક રીતે તો આ બધી જ પરિભાષાઓ એક જ અર્થને વ્યક્ત કરે છે. આ અંતિમ પરિભાષાનો અર્થ એ છે કે જે પારણ કરવામાં આવે છે અથવા જે વસ્તુના સ્વરૂપને ધારણ કરે છે અર્થાત્ તેને નષ્ટ થતાં બચાવે છે તે પર્મ છે. કોઈ પણ પદાર્થ ધર્મોનોભારતીય દર્શન સમુદાય જ કહેવામાં આવશે. બધા ધર્મોના સમુદાયમાં એકાત્મ્ય રહે છે, એ જ મુખ્ય છે તેથી તેને ધર્મ કહે છે. આ સમુદાયના મુખ્ય હોવાના કારણે જુદા-જુદા ધર્મ ગુણ પણ કહેવાય છે. પદાર્થોમાં જે ગુણ (પમ) છે તેનાથી જ પદાર્થોની સત્તા સ્થિર રહે છે. તે પદાર્થથી તે ગુલ ખસી જાય તો તે પદાર્થનું સ્વરૂપ નષ્ટ થઈ જાય છે. આ વિષયમાં આ ઉદાહરણ છે – અગ્નિમાં બાળવાનો અને પ્રકાશ ફેલાવવાનો મુખ્ય ગુણ છે. જો અગ્નિમાંથી તેની દહનશક્તિ અને પ્રકાશકત્વ દૂર કરી દેવામાં આવે તો તે અગ્નિ કહેવાશે નહીં. અગ્નિ શબ્દથી તેનો વ્યવહાર થઈ શકશે નહીં. તેને રાખ આદિ શબ્દોથી સંબોષિત કરી શકાશે. ચુમ્બકમાં લોખંડને આકર્ષિત કરવાનો ગુણ હોય છે. જો તેનો આ ગુણ (ધર્મ) દૂર કરવામાં આવે તો તે પણ ચુમ્બક કહેવાશે નહીં. અહીં અગ્નિનું અગ્નિત્વ અને ચુમ્બકનું ચુમ્બકત્વ જ તેના ધર્મ છે. આ રીતે જે શક્તિઓના કારણે તે વસ્તુઓનું સ્વરૂપ સ્થિર રહે છે તેને ધર્મ કહેવામાં આવે છે. આ ધર્મના બે મુખ્ય ભેદ છે. એક સાંસિદ્ધિક અને બીજો નૈમિત્તિક. સાંસિદ્ધિક એ છે કે જે વસ્તુના સ્વરૂપની સાથે હંમેશાં સંસિદ્ધ રહે છે, જેના અભાવમાં તે વસ્તુનું સ્વરૂપ નષ્ટ થઈ જાય છે. નૈમિત્તિક ધર્મ તે છે કે જે કોઈ બીજા નિમિત્તના કારણે તે વસ્તુના સ્વરૂપમાં પ્રવેશ પામે છે. જેમ કે પાણીમાં શૈત્ય ધર્મ છે પરંતુ અગ્નિના સમ્પર્કમાં આવતાં તેમાં ઉષ્ણતા તથા વધારે સંસર્ગથી દાહકતા પણ આવી જાય છે. આ આવનારો ધર્મ પ્રતિકૂળ તથા અનુકૂળ એમ બે પ્રકારનો હોય છે. અનુકૂળ ધર્મ તે વસ્તુમાં વિશેષતા ઉત્પન્ન કરીને તેના સ્વરૂપની રક્ષા કરે છે. જેમ કે, જળમાં સુગંધિત પદાર્થોનો સંયોગ તથા પ્રતિકૂળ ધર્મના વધુ માત્રામાં મળવાથી સ્વરૂપની હાનિ થાય છે.જેમ કે અધિક તાપના યોગથી જળનું વરાળ રૂપે પરિણત થઈ જવું. આ બન્ને (સાંસિદ્ધિક અને નૈમિત્તિક) ધર્મોના અનેક ભેદોપભેદ છે.

*ધર્મનું ઉપર્યુક્ત વૈજ્ઞાનિક વિવેચન એ સિદ્ધ કરે છે કે વસ્તુના સ્વરૂપ નિર્માણ કરનારા ગુણોને ધર્મ કહેવામાં આવશે. આ જ રીતે આત્માના ઉપકારક ગુણ પણ ધર્મ છે. આત્માને ઉપકારક નહીં એવા ગુણો અધર્મ કહેવાશે. એ જાણવું જોઈએ કે આ અધર્મ, ધર્મનો અભાવ માત્ર નથી. તે ભાવ પણ છે. ભેદ એ જ છે કે જે ગુણ આત્માના અભ્યુદય કરવાવાળા છે તેને ધર્મ કહેવામાં આવે આવે છે. જે તેને નીચે લઈ જનારા છે, તેનું પતન કરનારા છે તે પાતક કહેવામાં આવે છે આથી અધર્મ છે. સારી અને ખરાબ બધી જ વસ્તુઓ પરમેશ્વર દ્વારા નિર્મિત છે. આથી જ મનુ કહે છે કે હિંસા કરનારા (વ્યાધ્રાદિ) હિંસા નહીં કરનારા (મૃગાદિ) મૂદ, ક્રૂર, ધર્મ, અધર્મ, સત્ય, અસત્ય આ બધાનું વિધાન પરમેશ્વર દ્વારા જ થયું છે. પરમાત્મા એક છે તેનો જ અંશ જીવાત્મા છે. અંશમાં (જીવાત્મા) અને અંશોમાં અભેદ હોવાથી તે અભેલ છે. નિત્ય છે, આપક છે. આથી તેને આત્માનો અભ્યુદર કે પતન નેવું રોજ ન. વિશુદ્ધ એવા જીવાત્મા અને પરમાત્મામાં હોઈ ભેદ માનવામાં આવતી નળી. પરંતુ એ જ જીવાત્મા જ્યારે આવવશમાં આવીને સંસારી બને છે ત્યારે જ તેના અભ્યુદય અથવા પરોતનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે અને આ આવજાને દૂર કરીને તેને પોતાના સ્વરૂપમાં ચિત્ર મીલ છે. મોલ જ ભારતીય શાસ્ત્રોમાં પરમ પુરુષાત્ર માનવામાં આવ્યો છે. તેની સિદ્ધિ માટે જ અનેક પ્રકારનાં સાધન કહેવામાં આવ્યાં છે. વિશુદ્ધ આત્મામાં જે આવરણ આવે છે. અને જેને કારણે તેની પૃથક્ સત્તા માનવામાં આવી છે તે અનાદિ પરંપરા પ્રાત્ર કર્મ જ છે. કર્મ હારા જ તેને (સંસારીને) પ્રારબ્ધની પ્રાપ્તિ થાય છે. હિન્દુ માન્યતા પુનર્જન્મમાં વિશ્વાસ કર છે. આ વિચારધારા મુજબ મનુષ્ય પોતાના કર્મો અનુસાર જ વિભિન્ન યોનિઓને પ્રાપ્ત કરે છે. કર્મ દ્વારા જ સંસારી પોતાના બંધનોની ગાંઠ ખોલીને મોલને પ્રાપ્ત કરે છે. અહીં ધર્મ જ તેને (સંસારીને) મોક્ષ તરફ પ્રવૃત્ત કરીને કર્મ કરવાનો માર્ગ બતાવે છે. મહર્ષિ કલાદે ધર્મને સ્પષ્ટ કરતાં કહ્યું છે કે* "यतोऽभ्युदयनि: श्रेयससिद्धि: स धर्म:" *અર્થાત જેના દ્વારા લૌકિક સુખપ અને 'અંતિમ લક્ષ્ય' ની સિદ્ધિ થઈ શકે તે જ ધર્મ છે.*

*મનુ અને યાજ્ઞવલ્ક્ય પણ આ જ અર્થમાં ધર્મનું મહણ કરે છે. આ બંને સ્મૃતિકારો ધર્મના લક્ષણોને અને તેના સ્થાનોને બતાવે છે. સ્મૃતિઓમાં ધર્મનું આ બીજું વિભાજન પણ મળે છે. પ્રથમ સર્વ સાધારણ દ્વારા વ્યવહારમાં લાવવામાં આવનાર નિયમોને બતાવે છે. બીજો વિશેષ ધર્મ છે તેને જ વર્ણપર્મ, આશ્રમધર્મ આદિથી કહેવામાં આવેલ છે. અહિંસા, સત્ય, અસ્તેય, (ચોરી ન કરવી) પવિત્રતા, ઈન્દ્રિય નિગ્રહ, દાન, સંયમ, ધૈર્ય, આદિ સર્વ સાધારણના માટે બધા વર્ણો માટે ધર્મ છે. વિશેષધર્મમાં આપણે બબચારી, ગૃહસ્ય, વાનપ્રસ્થ અને સંન્યાસીઓના પોતાના જુદા-જુદા કર્મો માટે નિયમો જોવા મળે છે. આ રીતે ચાટે વર્ષોના પોત-પોતાના અલગ નિયમ-વિધાન છે.*

*સામાન્ય અને વિશેષ ધર્મ બન્નેનો એક જ ઉદ્દેશ્ય છે – પરમ પુરુષાર્થની પ્રાત્રિ. પુરુષાર્થ ચાર પ્રકારના માનવામાં આવ્યા છે. ધર્મ, અર્થ, કામ અને છેલ્લો મૌથ. ત્રિવર્ગ (ધર્મ, અર્થ અને કામ) મોક્ષ પ્રાપ્તિનાં ત્રણ સાધન છે. આ એકબીજાના વિરોધી નથી. પરંતુ પ્રધાનતાને કારણે સંજ્ઞાનો ભેદમાત્ર છે. મહાભારતમાં મહર્ષિ*

*વ્યાસ કહે છે કે ધર્મથી અર્થ અને કામ બન્ને પ્રાપ્ત થાય છે. તો પછી કેમ તેનું સેવન કરવામાં આવતું નથી ? ધર્મના વૈજ્ઞાનિક વિવેચનને દષ્ટિમાં રાખતાં એ કહી શકાય છે કે ધર્મની પ્રધાનતાનો અસ્વીકાર કરીને કોઈપણ શાસ્ત્ર પછી ભલે અર્થશાસ્ત્ર હોય અથવા કામશાસ્ત્ર હોય – અંતિમ લક્ષ્યની પ્રાપ્તિમાં સહાયક બની શકે નહીં. ધર્મશાસ્ત્ર લૌકિક અને પરલૌકિક સુખમાં તારતમ્ય બનાવી રાખીને તેને એક સાથે રાખીને ચાલે છે. મનુસ્મૃતિમાં પણ ત્રિવર્ગના ઉપભોગનું સમર્થન મળે છે. વાત્સ્યાયન અને કૌટિલ્યભારતીય દર્શન પણ ત્રિવર્ગના મહત્ત્વનો સ્વીકાર કરે છે. તેઓ ધર્મનો વિરોપ કરીને પોતાના સિદ્ધાન્તોને પ્રતિપાદિત કરતા નથી. અર્થ અને કામની સાથે-સાથે જ પર્મની મહત્તા પણ તેમણે સ્વીકારી હતી. મનુ અને યાજ્ઞવલય ત્રિવર્ગનું સમર્થન કરીને ધર્મ, અર્થ અને કામનો વિરોધ આવતાં ધર્મની જ પ્રમુખતા પ્રતિપાદિત કરે છે. અર્થાત્ અર્થ અને કામ જો ધર્મની પ્રતિકૂળ હોય તો તે ત્યાજય બનશે.*

*આથી ધર્મની અનુકૂળતા પ્રાપ્ત કરીને જ સંસારી પોતાના બંધનો દૂર કરીને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. સ્મૃતિઓમાં વર્ણવવામાં આવેલ જે કંઈ સાધારણ અને વિશેષ ધર્મ છે એ બધાનો એક આ જ આદર્શ છે. મનુસ્મૃતિ અને યાજ્ઞવલ્ક્યસ્મૃતિ એ સ્પષ્ટ રૂપથી પ્રતિપાદિત કરે છે કે આ સ્મૃતિઓમાં કહેવામાં આવેલ સમ્પૂર્ણ ધર્મ, ચારેય વર્ણોના કર્મો અને ગુણ-દોષ તથા આચાર શાશ્વત છે-પરંપરાથી ચાલ્યા આવે છે. આચાર જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે. આચાર દ્વારા જ વ્યક્તિનો અન્ય વ્યક્તિઓની સાથેનો સંબંધ આદર્શ બની શકશે અને ત્યારે જ સામાજિક, ધાર્મિક તથા રાજનૈતિક વ્યવસ્થા અને શાંતિ બની રહેશે. આચારનું આટલું મહત્ત્વ હોવાને કારણે જ તેને ધર્મનું મૂળ કહેવામાં આવ્યું છે. આચારહીન વ્યક્તિ વૈદિક ફળપ્રાપ્તિ કરી શકતા નથી પરંતુ તેનાથી પુનઃ સંયુક્ત હોવાથી તે સંપૂર્ણ ફળપ્રાપ્તિના અધિકારી બની જાય છે. સદાચાર દ્વારા જ મનુષ્ય ભૌતિક સુખ, સમૃદ્ધિ, ઐશ્વર્ય, આદિ પ્રાપ્ત કરી શકે છે. દુરાચારનો પ્રભાવ આનાથી વિપરીત હશે, નિન્દા, દુઃખ, વ્યાધિ આદિ દુરાચારના જ પરિણામ બને છે. યાજ્ઞવલ્ક્ય પણ સાક્ષાત્ ધર્મના ચાર લક્ષણોમાં સદાચારને પણ સમાન સ્થાન આપે છે. શિષ્ટ આચરણ જ સદાચાર છે. દૈનિક જીવનમાં શિષ્ટાચારનું વિશેષ મહત્ત્વ છે. આચરણની શુદ્ધતા માનસિક, વાચિક અને કાયિક હોવી જોઈએ. મનુ માનસિક અને વાચિક આચારના સંબંધમાં કહે છે કે "એ જ બોલવું જોઈએ જે સત્યથી પવિત્ર અને પૂર્ણ હોય અને એવું જ આચરણ કરવું જોઈએ જે મનને શુદ્ધ હોય.* "सत्यपूतां वदेद्वाचं मनःपूतं समाचरेत्" (६-४६) *કાયિક કર્મોના વિષયમાં મનુ તથા યાજ્ઞવલ્કે વિશદ વર્ણન કર્યું છે.*

## 9.2 સિદ્ધાંત

કર્મ અને તેના પરિણામનો સિદ્ધાન્ત હિન્દુ ધર્મની વિશેષતા છે. કોઈ પણ કર્મ ક્યારેય વ્યર્થ જતું નથી. કર્મ શારીરિક હોય, વાચિક હોય અથવા માનસિક હોય તેનું સારું અથવા ખરાબ ફળ - પરિણામ અવશ્ય મળે જ છે. આથી હિન્દુધર્મશાસ્ત્રોમાં સારા પરિણામ માટે સત્કર્મ ઉપર ભાર આપવામાં આવ્યો છે. અને અસત્ કર્મથી

બચવાનો આદેશ આપ્યો છે. પરંતુ યથાર્થમાં વાસ્તવમાં મનુષ્ય યોનિ જ એવી છે જેને બુદ્ધિ – વિવેકપૂર્વક કાર્ય કરવાની સુવિધા છે અને પોતાના સત્કર્મ અથવા અસત્ કર્મ દ્વારા પોતાના ભાવિજીવનને તે બનાવી અથવા બગાડી શકે છે. પરમેશ્વરની સૃષ્ટિમાં મનુષ્યનું સ્થાન મધ્યમાં આવે છે. તેની નીચેની રચનાઓ બધાથી નિમ્નસ્તર પાતુ વર્ગના છે અને ક્રમશઃ ઉપર જતાં ઉદ્ભિજ તથા પશુ-પક્ષી આદિ છે. તેના પછી મનુષ્યનું સ્થાન આવે છે. મનુષ્ય કોટિથી નીચેના સ્તરમાં જે કર્મ હોય છે તે સ્વાભાવિક હોય છે. તેનાં કાર્ય તેની યોનિના સ્વભાવનું કારણ હોય છે. આથી તેમને તે યોનિના ભોગ ભોગવ્યા પછી જાતે જ છૂટકારો મળી જાય છે. આ જ રીતે મનુષ્ય યોનિથી ઉપરની દેવ યોનિઓ કેવલ પહેલાં કરેલ પુણ્યના પરિણામને ભોગવવા માટે જ છે. તેમના ભોગ પૂરાં થતા તેમને ત્યાંથી મૃત્યુલોકમાં આવવું પડે છે. મનુષ્યયોનિ જ બુદ્ધિપૂર્વક કાર્ય દ્વારા પોતાનું ભવિષ્યનિશિ કરવામાં સમર્થ હોય છે. આથી તેના માટે કર્તવ્ય શું છે તથા વજર્ય શું છે તેને સ્પષ્ટ કરવાના અભિપ્રાયથી પરમ દયાળુ મહર્ષિઓએ નિયમોનો ઉપદેશ કર્યો છે, કારણકે કર્મની ગતિ ખૂબ જટિલ છે. મહાભારતમાં મળે છે કે મનુષ્યલોક કર્મભૂમિ છે, સ્વર્ગ ભોગભૂમિ છે. મનુષ્યલોકમાં પુણ્યકાર્ય કરવાવાળા ચોક્કસ સ્વર્ગલોકમાં જાય છે તથા પાપ કરનારા નિર્દપ વ્યક્તિ નરકમાં જાય છે. ગીતાનો તો સાર જ કર્મયોગ છે. મનુ, યાજ્ઞવલ્ક્ય વગેરે વિદ્વાનોને કર્મનું મહત્વ કેટલું સ્વીકાર્યું છે એ તેમના કમવિપાકના અધ્યયનથી સ્પષ્ટ થઈ જાય છે.

હિન્દુ શાસ્ત્રોમાં ઈશ્વરનું સ્વરૂપ જ્ઞાન-કર્મમય માનવામાં આવ્યું છે. જ્ઞાનના આધારે કર્મના પ્રભાવના કારણે જ સમગ્ર સૃષ્ટિનું સર્જન માનવામાં આવે છે. જ્ઞાન પ્રકાશમય છે, એક છે અને અખંડ છે. કર્મ અનેક છે, અસંખ્ય છે. જ્ઞાન અસીમ છે જયારે કર્મ સીમા રહિત છે. જ્ઞાનના અસીમ હોવા છતાં પણ કર્મની સીમાને કારણે જ્ઞાન પણ સીમિત થઈ જાય છે. ઈશ્વરમાં જ્ઞાન અને કર્મ સહચર ભાવથી રહેતાં એક બીજાને અડચણ પહોંચાડતા નથી. પરંતુ સંસારમાં કર્મની અધિકતા હોવાથી જ્ઞાન તેનાથી આવૃત્ત થઈ જાય છે. કર્મ પ્રાણીના આવરણનો હેતુ બની જાય છે. અને આ આવરણનું દૂર થઈ જવું જ મોક્ષ છે. આ જ્ઞાન દ્વારા સંભવ બને છે. આથી મહાભારતમાં કહેવામાં આવ્યું છે કે પ્રાણી કર્મથી બંધાય છે અને વિદ્યાર્થી તેનો છૂટકારો થાય છે. ''ઋતે જ્ઞત્ મુક્તિઃ'' આ શ્રુતિવાક્યનું જે સ્પષ્ટીકરણ છે. સમગ્ર સંસાર કર્મના કારણે જ પોતાનું અસ્તિત્વ રાખે છે. ગીતામાં કૃષ્ણ પણ પોતાના પરમાત્મ સ્વરૂપથઈ કહે છે કે જો હું કર્મ ન કરું તો આ બધાં જ લોકો નષ્ટ થઈ જાય. જીવમાં જીવત્વ પણ કર્મના કારણે જ થયું છે. કર્મના પ્રભાવથી જ જીવ બદ્ધ બનીને સુખ, દુઃખ વગેરેનો ભોગ કરે છે. આ સિદ્ધાન્ત વૈદિકકાળથી લઈને વર્તમાન સમય સુધી અવિચ્છિન્ન રૂપથી ભારતીયોમાં ચાલ્યો આવે છે. આ કર્મની ભિન્ન – ભિન્ન દષ્ટિકોણથી ભિન્ન-ભિન્ન સંજ્ઞા આપવામાં આવી છે. આ કર્મ આધિદૈવિક અર્થમાં ''દેવ'' શબ્દથી અભિહિત થાય છે.ભારતીય દર્શન આધ્યાત્મિક અર્થમાં એ જ ''પ્રાણ'' કહેવાય છે. તથા આપિભૌતિક અર્થમાં એ જ ''ભૂત'' બની જાય છે. અહીં દૈવ અને પુરુષકારનો સહયોગ જ અપેક્ષિત છે. ઉત્તમથી ઉત્તમ ભૂમિ પણ જો તેમાં બીજ વાવવામાં ન આવે તો ફળહીન રહે છે. એવી જ રીતે પુરુષકારના સહયોગથી જ

દૈવ સિદ્ધિ (ફલપ્રદ) બને છે. એવી જ રીતે દૈવ પણ પુરુપાકાર વગર નિષ્ફળ રહેશે. ભાગ્ય બીજું કંઈ નથી, તે ભૂતકાળના કર્મોનો પ્રભાવ માત્ર જ છે. જો વ્યક્તિ પોતાના ઉદ્યોગથી સફળતાની યોગ્યતા પ્રાપ્ત કરે છે તે એમાં જ (સફળતામાં જ) વ્યવસ્થિત થઈ જાય છે.

કર્મોનું વિભાજન અન્ય બે પ્રકારે પણ કરી શકાય છે. આ તેના (કર્મોના) સમયના ઔચિત્ય તથા તેના ઉદ્દેશ્યના આધારે કરવામાં આવે છે. પ્રથમ દ્રષ્ટિકોણથી તેનું પુનઃવિભાજન ત્રણ પ્રકારે કરવામાં આવે છે. તેને સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ સંજ્ઞા આપવામાં આવે છે. પહેલાનું સંચિત થયેલું કર્મ જે અત્યારે ફળ આપી રહ્યું નથી તે સંચિત કહેવાય છે. પુરસ્કૃત સંચયમાં જેને ફળ આપવાનો પ્રારંભ કરી દીધો છે તે પ્રારબ્ધ કર્મ કહેવાય છે. આને જ દૈવ કહે છે. વર્તમાન સમયમાં જે કર્મ કરવામાં આવે છે, જેનું ફળ ભવિષ્યમાં મળશે અથવા કેટલાક સમય પછી આ જ જન્મમાં મળશે તે ક્રિયમાણ કર્મ કહેવાય છે. સંચિત કર્મોના બે રૂપ દેખાય છે. પ્રથમ અનારબ્ધ (જેને ભોગવવાનો પ્રારમ્ભ થયો નથી) દ્વિતીય પ્રારબ્ધ (જેનો ભોગવવાનો પ્રારમ્ભ થઈ ગયો છે) આથી પ્રારબ્ધ સંચિત કર્મનો જ એક અંશ છે "**प्रारब्धकर्मणा भोगादेव क्षयः ।**"ક્રિયમાણ કર્મ પણ સંચિત અને પ્રારબ્ધ થઈ જાય છે. ક્રિયમાણ કર્મનું ફળ "દેવ" કહેવાય છે. આ ત્રણ પ્રકારના કર્મોમાં કેવળ ક્રિયમાણ કર્મ જ વ્યક્તિને કરવાની થોડી સ્વતંત્રતા છે, પરંતુ ત્યાં પણ વાસનાજન્ય ઈચ્છા પોતાનો પ્રભાવ રાખે છે.

ઉદ્દેશ્યની દ્રષ્ટિથી કર્મોનું વિભાજન બે પ્રકારે થાય છે. પહેલું સકામ (કામ્ય) અને બીજું નિષ્કામ. મનુસ્મૃતિમાં તેને પ્રવૃત્તિ અને નિવૃત્તિ કર્મ કહેવામાં આવે છે. સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિના ઉદ્દેશ્યથી આ લોકમાં કરવામાં આવેલ કર્મ પ્રવૃત્તિકર્મ કહેવામાં આવે છે તથા જે કર્મોનો એકમાત્ર ઉદ્દેશ્ય મોક્ષ જ હોય છે તે નિવૃત્તિકર્મ કહેવાય છે. આ રીતે આ વૈદિક કર્મ બે પ્રકારનું હોય છે. પ્રવૃત્તિ કર્મ કોઈ વિશેષ કામનાની પૂર્તિને લઈને કરવામાં આવે છે. આ કામના આ લોકના સુખને લઈને અથવા પારલૌકિક સુખ (સ્વગાદિ) ને નજર સમક્ષ રાખીને થઈ શકે છે. ઉદાહરણ તરીકે વરસાદના હેતુથી કરવામાં આવતા યજ્ઞાદિ કર્મ આ કોટિમાં આવે છે. દષ્ટ અને અદષ્ટ ફળની કામનાથી રહિત થઈને બ્રહ્મજ્ઞાનપૂર્વક સંસારથી નિવૃત્તિ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવેલ કર્મ નિવૃત્તિ કર્મ કહેવાય છે. પ્રવૃત્તિ કર્મોનો અભ્યાસ કરવાથી દેવતાઓની સમાન ગતિ પ્રાપ્ત થાય છે, તેનું ફળ કર્મ દ્વારા પ્રાપ્ત થાય છે. નિવૃત્તિકર્મનો અભ્યાસ કરવાથી પંચતત્ત્વ (શરીર)નુ અતિક્રમણ થાય છે. અર્થાત્ સાંસારિક બંધનોથી મુક્તિ થઈ જાય છે. મોક્ષ જ અંતિમ પ્લેય છે. પરંતુ તેની સિદ્ધિ એટલી સરળ નથી. નિષ્કામ દષ્ટિથી કરવામાં આવેલ કર્મ બંધનનું કારણ બનતું નથી, કર્મ સંન્યાસનો અર્થ એ નથી કે બધાં કર્મોનો ત્યાગ કરી દેવામાં આવે. કર્મ કર્યા સિવાય તો કોઈ પ્રાણી રહી શકે જ નહીં. કર્મચક્ર તો નિરંતર અબાધ ગતિથી ચાલતું જ રહે છે. કર્મ સંન્યાસનો અર્થ એવો નથી કે કર્મ સ્વતઃ ત્યાજય છે, પરંતુ તે કર્મમાં કર્તૃત્વનું જે અભિમાન છે, કલાસક્તિ છે તે વર્જ્ય છે. આ વિષયમાં ગીતા રહસ્યમાં લોકમાન્ય બાલગંગાધર તિલકે ઉચિત વિવેચન કર્યું છે. કર્મ સ્વભાવથી જ અંપ,

અચેતન અને મૃત છે, તે ન તો સ્વયં કોઈને પકડે છે અને ન તો કોઈને છોડે છે. મનુષ્ય પોતાના જીવને આ કર્મોમાં ફસાવીને તેને પોતાની આસક્તિથી સારું અથવા ખોટું અને શુભ અથવા અશુભ બનાવી લે છે. આથી કહેવામાં આવે છે કે આ મમત્વયુક્ત આસક્તિના છૂટવાથી કર્મબંધન આપોઆપ જ છૂટી જાય છ. ગીતામાં અનેકવાર આ જ ઉપદેશ આપવામાં આવ્યો છે, "कर्मेन्द्रियैः कर्मयोगमसक्तकः।" (ગીતા 4-20) ફળની આશા ન રાખ, કર્મેન્દ્રિયોને કર્મ કરવા દે. "त्यक्त्वा कर्मफ़लासंग" (ગીતા ૪-૨૦) કર્મફળનો ત્યાગ કર. સારાંશરૂપે એમ કહી શકાય કે ફળની કામના ન કરીને કેવલ કર્તવ્ય બુદ્ધિથી અથવા ઈશ્વરાર્પણના ભાવથી જે નિષ્કામ કર્મ કર્મ કરવામાં આવે છે તે આગળ જતાં બંધનનું કારણ બનતું નથી. તે પહેલાં કરવામાં આવેલ કર્મોના બંધનનો નાશ કરે છે તથા સાથે સાથે સ્વયં પણ નષ્ટ થઈ જાય છે. આથી જ્ઞાન દ્વારા બપાં ભૂતોમાં પોતાના જ આત્મતત્ત્વને તથા પોતાનામાં બધા ભૂતોના આત્મતત્ત્વને સમાન રૂપથી દેખવાથી સકામ કર્મના સ્વાર્થત્વનો ત્યાગ સંભવ બને છે અને બધા પરમાત્મતત્ત્વના આકાંક્ષી સ્વરાજય (બ્રહ્મત્વ, મોક્ષ) ને પ્રાપ્ત કરે છે. આ જ ભાવ છાન્દોગ્ય ઉપનિષદ તથા યજુર્વેદના મંત્રોમાં મળે છે. જેમ કે "सर्व खल्विदं ब्रहम तज्जन्वनिति शान्त उपासीत" **(૭૮. ૩-૧૪-૧)** મનુએ પણ આ પ્રકારના કર્મનું મહત્ત્વ બતાવવા માટે ૧૨ મા અધ્યાયના ૯૨ માં શ્લોકમાં કહ્યું છે કે દ્વિજને શાસ્ત્રીય કર્મો (અગ્નિહોત્રાદિ કમ)નો ત્યાગ કરીને વેદને અનુરૂપ આત્મજ્ઞાનનો પ્રયત્ન કરવો જોઈએ. આથી અહીં બ્રહ્મને સમજીને નિષ્કામ કર્મ કરવું જોઈએ એમ કહેવામાં આવ્યું છે. સમત્વ દષ્ટિ રાખીને નિવૃત્ત માર્ગનું અવલંબન કરનાર પ્રાણી જે પણ કાર્ય કરશે તેમાં ઈશ્વરાર્પણની ઊંડી ભાવના સમાયેલી હશે અને તેથી તેનું પ્રત્યેક કાર્ય યજ્ઞની સમાન જ મહત્ત્વપૂર્ણ બની રહેશે. મનુસ્મૃતિ આ સમત્વ બુદ્ધિનું જ પ્રતિપાદન કરતાં કહે છે કે "પંડિતાઃ શિનઃ" પડિત (જ્ઞાની) સમદર્શી હોય છે, બધાંમાં એક જ આત્મતત્ત્વને જુએ છે, ત્યારે જ કર્મ સંન્યાસ સંભવ બને છે.

**પુનર્જન્મ :**

કર્મનું ચક્ર એ સ્પષ્ટ કરી દે છે કે તેનો પ્રભાવ કેવળ વર્તમાન જન્મ સુધી જ સીમિત નથી, તેનો પ્રભાવ તેના કર્મફળના ક્ષીણ થઈ જતા સુધી દેશીએ કોઈને કોઈ યોનિમાં ભોગવવું જ પડે છે, જ્યાં સુધી આ પ્રકારનાં કર્મ કરીને, નવા કર્મ ફળની પ્રાપ્તિ ન કરીને પહેલાંના કર્મફળોને (સંચિત તથા પ્રારબ્ધ) પ્રાણી સમાપ્ત કરી ન લે ત્યાં સુધી તો તેને વારંવાર જન્મ- મરણની યાતના સહન કરવી પડશે. નવા જન્મમાં પણ કેવા પ્રકારનું શરીર પ્રાપ્ત થશે તે પણ પહેલાંના કર્મ ઉપર જ આધારિત રહે છે. પ્રાણી જેવા ભાવથી જે કર્મ કરે છે તેનું કળ તેના જેવા જ શરીર દ્વારા પ્રાપ્ત કરે છે. અર્થાત્ પ્રાણીમાં સત્ત્વ, રજસ્ અને તમસ નામના ત્રણ ગુણ હોય છે; તેના (પ્રાણીના) કાર્યોમાં જે ગુણની પ્રધાનતાથી જે કાર્ય કરવામાં આવશે તેના અનુરૂપ જ તે દેહ ધારણ કરશે અને તેનો ઉપભોગ કરશે. જીવ જે – જે પાપકર્મો કરવાથી જે – જે યોનિમાં જાય છે તેનું મનુસ્મૃતિમાં ખૂબ જ વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

ઉપર્યુક્ત ત્રણ ગુણોનું ફળ ઉત્તમ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારનું હોય છે. સાત્ત્વિકકર્મ કરવાથી દેવત્વ, રાજસિક કર્મ કરવાથી મનુષ્યત્વ અને તામસિક કર્મ કરવાથી તિર્યક્ (પક્ષી આદિ) યોનિને પ્રાપ્ત કરે છે. (મનુ. ૧૨-૪૦). ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યનાં બધા કર્મોમાં આ ત્રણ ગુણોનું તારતમ્ય રહે છે. જીવની યોનિની પ્રાપ્તિ પણ આ તારતમ્યના આધાર પર જ નિર્ભર હોય છે. તામસિક કાર્યોના લક્ષણો બતાવતાં મનુ કહે છે કે જે કાર્યને કરતી વખતે અથવા કરી દીપા પછી કે ભવિષ્યમાં લજ્જાનો અનુભવ થાય તેને વિદ્વાનો તામસિક કાર્ય કહે છે. આવી જ રીતે જે કાર્યને કરવામાં આ લોકમાં મહાનુ ખ્યાતિ પ્રાપ્ત કરું એવી ભાવના તો રહે છે પરંતુ પારમાર્થિક ચિન્તન રહેતું નથી તે રાજસિક કાર્ય કહેવાય છે. તથા જે કર્મને બધા લોકોની જાણકારીમાં કરે છે, જેના કરવાથી શરમ અનુભવાતી નથી અને જેનાથી આત્મદોષ થતો નથી તે સાત્ત્વિક કાર્ય કહેવાય છે. આ ત્રણેયનું એક અન્ય લક્ષણ પણ મનુ બતાવે છે – તમસનું કામ, રજસ્નું અર્થ અને સત્ત્વ ધર્મથી લક્ષણ છે. યાજ્ઞવલ્ક્ય ઋષિ પણ કહે છે કે આ ''ત્રિગુણ ઈશ્વર'' ના જ છે અને રજોગુણ તથા તમોગુણથી યુક્ત થઈને ચકની જેમ આત્મા આ સંસારમાં ભ્રમણ કર્યા કરે છે. (યાજ્ઞ. ધર્મ પ્ર. ૧૮૧-૧૮૨) ત્રિગુણ વાસ્તવમાં બંધનનું કારણ છે. તેના પ્રભાવથી કોઈપણ બચી શકતું નથી. ત્રિગુણમાં પણ રજોગુણ અને તમોગુણ વિશેષરૂપથી બંધનકર્તા છે. કર્મયોગથી જો એક જન્મમાં મુક્તિ ન મળે તો પછીના જન્મમાં મળશે કારણકે આગળના જન્મમાં પ્રાણીને એકદમ પ્રારમ્ભથી જ પોતાના ભાગ્ય (પ્રારબ્ધ-સંચિત) ના ભંડારને સમાપ્ત કરવા માટે પ્રારમ્ભ કરવો પડતો નથી, તેનો ક્ષય તો પ્રારંભ થઈ ગયો હોય છે. જે જન્મમાં તે સમાપ્ત થઈ જશે, તે જન્મમાં જ તેને મુક્તિ મળી જશે. આ પ્રકારના યોગ દ્વારા કરવામાં આવતું કર્મ જીવના બંધનને શિથિલ કરે છે. જન્મ-જન્માંતરમાં જયારે જીવનાં બધાં બંધન ક્ષીણ થઈ જાય છે. ત્યારે તે મુક્ત કહેવાય છે. આથી આ પ્રકારે કરવામાં આવેલ કર્મયોગનું થોડું આચરણ પણ મહાન ફળદાયક હોય છે. તાત્પર્ય એ છે કે જ્યાં સુધી જ્ઞાનની પૂર્ણતા થઈ શકશે નહીં ત્યાં સુધી જીવ બંધનમાં જ રહેશે.

પુનર્જન્મનો સિદ્ધાન્ત ભારતીય ધર્મશાસ્ત્રો તથા હિન્દુધર્મની આધારશીલાના રૂપમાં કહી શકાય છે. હિન્દુ માન્યતા પુનર્જન્મમાં વિશ્વાસ રાખે છે. તેનું લક્ષ્ય કેવળ લૌકિક સુખ, સમૃદ્ધિ, ભૌતિક ઐશ્વર્ય જ નથી, તે અપિક દૂરદર્શી છે, તે (હિન્દુ માન્યતા) આ સંસારની ભૂત,વર્તમાન અને ભવિષ્યની સમસ્યાઓનું સમાધાન પ્રસ્તુત કરતી નથી પરંતુ તે પોતાના ક્ષેત્રની અન્તર્ગત જન્મ- જન્માંતરોના પતન અને ઉત્થાનનાં લેખાં-જોખાં રાખે છે. આ જન્મનાં આપણાં કયાં કર્મ આપણને આગળ જતાં લાભ પહોંચાડશે અને ક્યાં કર્મ હાનિ કરશે તેનો કોપ ભારતીય ધર્મશાસ્ત્ર જ છે.

સ્મૃતિઓ દ્વારા અનુમોદિત અને સમર્પિત પુનર્જન્મનો સિદ્ધાન્ત વૈજ્ઞાનિક છે. સ્મૃતિઓ કહે છે કે કોઈ પણ કર્મ પોતાનો પ્રભાવ બતાવ્યા વગર રહેતું નથી. તેનો પ્રભાવ કર્મની ઉગ્રતાના આધારે એ જ સમયે પ્રાપ્ત થાય, થોડા સમય પછી પ્રાપ્ત થાય, બીજા જન્મમાં પ્રાપ્ત થાય અથવા અનેક જન્મોમાં પ્રાપ્ત થાય પરંતુ પ્રાપ્ત તો અવશ્યપણે થાય છે જ. તથા તે સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણનું ચક્કર બનાવતાં જ રહેશે. આ જ

ચક્કર જીવને ૮૫ લાખ યોનિઓમાં લઈ જાય છે. પુનર્જન્મનો આ સિદ્ધાન્ત ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય નિધિ છે. અનેક વર્ષોથી ભારતીય પરંપરા આ સિદ્ધાન્તથી અનેક પ્રાણીઓને માર્ગ બતાવતી આવી છે. ભારતીયો માટે તો આ ગૌરવનો વિષય છે જ પરંતુ પાશ્ચાત્ય વિદ્વાનો પણ તેના મહત્ત્વનો સ્વીકાર કરે છે. પુનર્જન્મવાદ કર્મના સિદ્ધાન્તનું અભિન્ન અંગ છે. અને આ બન્ને પરમ પુરુષાર્થ (મોક્ષ, અંતિમ પુરુષાર્થ) સુધી પહોંચવાનાં મહત્ત્વપૂર્ણ સાધન છે. સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ કર્મ એક એવી શૃંખલા છે જે જીવને એક સૂત્રમાં બાંધે છે. આ શૃંખલાની એક મહત્ત્વપૂર્ણ કડીના રૂપમાં કર્મનો સિદ્ધાત્ત અને પુનર્જન્મનો સિદ્ધાન્ત આપે છે.

**પાતક – પ્રાયશ્ચિત :**

નૈતિક રીતે હીન સમજવામાં આવતાં કાર્ય પાતક કહેવાય છે. જેવી રીતે આત્માનો અભ્યુદય કરનારાં કર્મ ધર્મની કોટિમાં આવે છે તેવી જ રીતે આત્માના બંધનોને દઢ કરનારાં કાર્ય અધર્મ અથવા પાતક કહેવામાં આવે છે. ''પાતક'' અપરાધોનું નૈતિક દષ્ટિકોણથી કરવામાં આવેલ નામકરણ છે. મનુષ્ય આચરણ દ્વારા એવાં અનેક કાર્ય કરતો રહે છે જે શાસ્ત્રોની દષ્ટિથી ત્યાજય હોય છે તથા તે એવાં અનેક કાર્યોને પ્રભાવવશ (અથવા અન્ય કોઈ કારણથી) કરતો નથી, જેને તેને શાસ્ત્રની આજ્ઞા માનીને અવશ્યપણે કરવાં જોઈએ. યાજ્ઞવલ્ક્ય કહે છે કે "**पापेषु निरता नराः**" (યા. મૂ. 3-221) મનુષ્ય પાપમાં નિરત રહે છે. જે નિત્ય અથવા નૈમિત્તિક કર્મ વિહિત છે, તેના ન કરવાથી અને નિન્દિત કર્મના કરવાથી તથા ઈન્દ્રિયોનો સંયમ ન રાખવાથી મનુષ્ય પતિત થાય છે, આ પતનના પ્રતિકાર માટે મનુષ્યોએ પ્રાયશ્ચિત કરવું જોઈએ. મનુ પણ કહે છે કે શાસ્ત્રોક્ત કર્મને ન કરતાં અને શાસ્ત્ર દ્વારા નિન્દિત એવા કર્મોને કરતો તથા ઈન્દ્રિયોના વિષયોમાં અત્યન્ત આસક્ત થતો મનુષ્ય પ્રાયશ્ચિત કરવા યોગ્ય હોય છે.

મનુ અને યાજ્ઞવલ્ક્ય પાતકોને બે ભાગમાં વિભાજિત કરે છે. પહેલાંને તે મહાપાતક કહે છે અને બીજાને ઉપપાતક કહે છે. મનુસ્મૃતિકારના મતે મહાપાતક પાંચપ્રકારના હોય છે. (૧) બ્રહ્મ હત્યા, (૨) મદ્યપાન, (૩) ચૌરી, (૪) ગુરુતલ્પ. ચાર પ્રકારના પાતકીઓના સંસર્ગથી પણ પાતક લાગે છે. પાપકર્મ ભૂલથી કર્યું હોય કે જાણી જોઈને કર્યું હોય પરંતુ તેનું પ્રાયશ્ચિત શક્તિ હોય છે. પ્રથમ નરકમાં લઈ જનાર અને બીજી સમાજમાં વ્યવહારોને સીમિત કરનાર હોય છે. આ જ આધારે પ્રાયશ્ચિત પણ બે પ્રકારનું હોય છે. એક નરકથી બચાવનાર અને બીજું વ્યવહારને શુદ્ધ કરનાર. ઉપપાતકોમાં પ્રાયશ્ચિત દ્વારા નિષ્કૃતિ થઈ જાય છે. પરંતુ જ્ઞાનપૂર્વક કરવામાં આવેલ મહાન પાતકો, જેમ કે બ્રાહ્મણની હત્યા અથવા ગૌહત્યામાં પ્રાયશ્ચિત દ્વારા વ્યક્તિ વ્યવહારને યોગ્ય તો થઈ જાય છે પરંતુ તે પાપનો પણ ભાગી બની જ રહે છે.

મનુ તથા યાજ્ઞવલ્ક્ય કામકૃત અને અકામકૃત પાપોનું પણ પ્રાયશ્ચિત વિધાન કરે છે. પરંતુ (કામકૃત) બ્રહ્મહત્યાના પાપમાં બે પ્રકારના પ્રાયશ્ચિત બતાવે છે. પ્રથમ મુજબ બ્રહ્મહત્યા કરનારો મનુષ્ય બાર વર્ષ સુધી, વનમાં કુટી બનાવીને, મૃત બ્રાહ્મણના મસ્તકને ધ્વજામાં અંકિત કરીને ભિક્ષા માંગીને રહે તો તેની શુદ્ધિ થાય છે.

બીજા સ્થાને બન્ને સ્મૃતિકાર કહે છે – બ્રહ્મહત્યા કરનારો યુદ્ધસ્થાનમાં શસ્ત્રધારિણ કરનારાઓનું લક્ષ્ય બને; જો તે (બ્રહ્મઘાતી) મરી જાય તો બ્રહ્મહત્યાથી મુક્ત થઈ જાય છે અને જો મરી ન જાય એવો ઘાયલ થઈ જાય તો પણ મુક્ત થઈ જાય છે. બ્રહ્મહત્યાના પાતકથી શુદ્ધિ હોવાના આ બે પ્રકારના પ્રાયશ્ચિતોના વિધાનનો અર્થ એ છે કે પ્રથમ પ્રાયશ્ચિત વિધાન દ્વારા પાપી સમાજમાં વ્યવહારને યોગ્ય થઈ જાય છે પરંતુ તેની પૂર્ણ શુદ્ધિ (નરક પ્રાપ્તિથી પણ) ત્યારે જ સંભવ બને છે જયારે તે બીજા પ્રકારનુંપણ પ્રાયશ્ચિત કરે.

પાપ કર્યા પછી તેને છુપાવવું જોઈએ નહીં. છુપાવવાથી તે વધારે થાય છે. તેને (પાપને) વેદ, વેદાંગ તથા ધર્મશાસ્ત્રને જાણનાર બ્રાહ્મણોને બતાવવું જોઈએ. થોડું કે વધારે પાપ કર્યા ૧ પછી ભોજન કરવાનો પણ નિષેધ છે. કારણકે ભોજન કરવાથી પાપ વધે છે જયાં બ્રાહ્મણોની પરિષદ પ્રાયશ્ચિત આપવાનું કાર્ય કરે છે ત્યાં પણ જયાં સુધી બાહ્મણોને પોતાના પાપોનું નિવેદન ન કરી દેવામાં આવે ત્યાં સુધી ભોજન કરવું જોઈએ નહીં. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં પરિષદ માટે કહેવામાં આવ્યું છે કે વેદ, ધર્મે જાણનાર ચાર મનુષ્યોની પરિષદ હોય છે. પાપીનું પાપ પરિષદના આદેશથી એવી જ રીતે નષ્ટ થઈ જાય છે જેવી રીતે પત્થર પર પડેલું જળ વાયુ અને સૂર્યના કિરણથી શુદ્ધ થઈ જાય છે. તે પાપનો પ્રભાવ ન તો કર્તા ઉપર પડે છે ન તો પરિષદની ઉપર પરંતુ જો પરિષદ એવા બ્રાહ્મણોની હોય જે કેવલ નામધારી બ્રાહ્મણ હોય, આચરણ યોગ્યતા આદિથી હીન અથવા ગાયત્રીથી વિહીન હોય અને એવા બ્રાહ્મણો પ્રાયશ્ચિતનું વિધાન કરે તો તે બધાં પાપી બ્રાહ્મણ નરકમાં જાય છે. મહાપાતકોના પ્રાયશ્ચિતને બતાવવા માટે પારાશર સ્મૃતિનો મત છે કે પ્રાયશ્ચિત રાજાની અનુમતિમાં રહીને બતાવવામાં આવે, નાનું પ્રાયશ્ચિત અનુમતિ વિના પણ આપી શકાય છે. પરંતુ બ્રાહ્મણોની પરિષદ દ્વારા આપવામાં આવેલ પ્રાયશ્ચિતનું અતિક્રમણ કરીને જો રાજા સ્વયં પ્રાયશ્ચિત આપવાની ઈચ્છા કરે તો તે પાપ સૌ ગણુ થઈને રાજાને લાગે છે. આમ પાતક અને પ્રાયશ્ચિતનું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે.

**વર્ણવ્યવસ્થા :**

વર્ણ અને આશ્રમ વ્યવસ્થા દ્વારા સમાજને સંગઠિત કરીને અંતિમ લક્ષ્ય પ્રાપ્તિ માટે માર્ગ પ્રશસ્ત કરવામાં આવે છે. પ્રત્યેક મનુષ્યના વ્યક્તિત્વનાં બે સ્વરૂપ હોય છે. એક અંતર્મુખી અને બીજુ બહિર્મુખી. પોતાના અંતર્મુખી સ્વરૂપ અને ગુણ અનુસાર તેને વિભિન્ન વર્ગોમાં રાખવામાં આવે છે અને પોતાના બહિર્મુખી સ્વરૂપમાં તે વિભિન્ન આશ્રમોની સીડીઓ પર ચઢીને પરમાત્મ-તત્ત્વની કામના કરે છે. સમુદાયમાં બધાં એક જ સમાન ગુણ અને શક્તિયુક્ત હોતા નથી. કોઈ વ્યક્તિ પોતાનામાં મસ્તિષ્કનો વિકાસ વધારે પામે છે તો અન્ય વ્યક્તિ પોતાનામાં કેવલ શારીરિક શક્તિની જ પ્રબળતા પામે છે. સ્મૃતિઓની ભાષામાં કહી શકાય કે કોઈ વ્યક્તિમાં સત્વગુણની અધિકતા, કોઈમાં રજોગુણની અને કોઈમાં તમોગુણની અધિકતા જોવામાં આવે છે. પ્રાણી આ ત્રણ ગુણોથી જ પ્રેરિત થઈને કર્મ કરે છે તથા આ ગુણોના આધારે જ તેનો વર્ણ નિશ્ચિત થાય છે.

વર્ણવ્યવસ્થાના સંબંધમાં ત્રણ મત પ્રચલિત છે. પ્રથમ અનુસાર કેવલ જાતિ (જન્મ) દ્વારા વર્ણ માનવામાં આવે છે. બીજા મત મુજબ જે કોઈ વ્યક્તિમાં જે વર્ણના ગુણ-કર્મ હોય તેને તે વર્ણનો માનવો જોઈએ અર્થાત્ કર્મના આધારે વર્ણ નક્કી કરવો. ત્રીજો મત આ બન્ને સ્થિતિઓને આવશ્યક માને છે. તેમના મતે જન્મ પણ એ જ વર્ણમાં થવો જોઈએ તથા એ મુજબ જ ગુણ અને કર્મ હોવાં જોઈએ. પુરુષસૂક્તમાં ચાર વર્ણોની ઉત્પત્તિ બતાવતાં કહેવામાં આવ્યું છે કે "બ્રાહ્મણ તે વિરાટ પુરુષના મુખમાંથી ઉત્પન્ન થયો, ક્ષત્રિય તેના બાહુઓથી, જંઘામાંથી વૈશ્ય અને પાદમાંથી શૂદ્ર ઉત્પન્ન થયા". મનુ સ્પષ્ટપણે કહે છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, ભારતીય દર્શન વૈશ્ય એ દ્વિજાતિ છે તથા ચોથો શૂદ્ર વર્ણ છે. એનાથી બીજો કોઈ પાંચમો વર્ણ નથી. યાજ્ઞવલ્ક્ય પણ આ મતનું જ અનુસરણ કરે છે. બાબણાદિ ચારેય વર્ષોનો રંગ ક્રમશઃ શ્વેત, રક્ત, પીત તથા કૃષ્ણ માનવામાં આવ્યો છે. આ જ રીતે સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણ આદિનો પણ વર્ણ (રંગ) જુદો – જુદો માનવામાં આવ્યો છે અને આ બન્નેના રંગોનો પરસ્પર સમન્વય પણ બતાવવામાં આવ્યો છે. બાહ્મણનો વર્ણ  શ્વેત, ક્ષત્રિયનો રક્ત, વૈશ્યનો પીળો અને શૂદ્રનો કૃષ્ણ રંગ છે અને બાહ્મણનો સત્ત્વગુણ, ક્ષત્રિયનો રજોગુણ, વૈશ્યનો રજોગુણ અને તમોગુલ તથા શૂદ્રનો તમોગુણ માનવામાં આવે છે. પોતાના ગુણોને અનુરૂપ રહીને જ વ્યક્તિ સમાજના કાર્યક્ષેત્રમાં આગળ વધતો હતો. બ્રાહ્મણનો ધર્મ, ક્ષત્રિય તથા વૈરવનો અર્થ અને કામ તથા શુદ્રનો કેવળ કામ પુરુષાર્થ છે.

ચાતુર્વણર્યને માટે અનેક પ્રકારના સંસ્કાર વિહિત કરવામાં આવ્યા છે. આ સંસ્કાર બાળકના જન્મથી પૂર્વે પ્રારમ્ભ થાય છે અને મૃત્યુપર્યંત કોઈને કોઈ રૂપમાં વિદ્યમાન હોયા છે. કેટલાક સંસ્કાર મૃત્યુ પછી પણ હોય છે. આ બધામાં મુખ્ય સોળ સંસ્કાર માનવામાં આવ્યા છે. સંસ્કારોનો ઉદ્દેશ્ય ત્રણ પ્રકારનો હોય છે. પહેલો ગર્ભજન્ય દોષોનો પરિહાર કરવો, બીજો વર્ણોચિત યોગ્યતાનો અભિનિવેશ કરવો અને ત્રીજો જાતકના વર્ષોચિત ગુણોમાં અભિવૃદ્ધિ કરવી.

આ ચારેય વર્ણોના ધર્મ પણ ભિન્ન – ભિન્ન છે. અને તેનો આધાર વૈદિક વિજ્ઞાન જ છે. બ્રાહ્મણના માટે યજ્ઞ કરવો, ભણવું – ભણાવવું અને દાન આપવું વગેરે સામાન્ય રૂપથી આચારણીય ધર્મ છે. આ ઉપરાંત બ્રાહ્મણના ત્રણ કર્મો- દાન ગ્રહણ કરવું, યજ્ઞ કરવો તથા અધ્યાપન છે. ક્ષત્રિયનો ધર્મ શસ્ત્રાસ્ત્ર ધારણ કરવાં અને બ્રાહ્મણોનું રક્ષણ કરવું વગેરે છે. પ્રજાનું સંરક્ષણ જ તેનો મુખ્ય ધર્મ છે. શત્રુઓની સેનાને જીતીને ધર્મ અનુસાર પ્રજાનું ભરણપોષણ કરવું એ ક્ષત્રિયોનો ધર્મ છે. જયારે વૈશ્યનો ધર્મ વ્યાપાર, પશુપાલન, ખેતી વગેરે છે. સાથે- સાથે તેમના દ્વારા વ્યાજમાં રૂપિયા પણ આપવામાં આવે છે. જયારે શૂદ્રનો ધર્મ ઉપર્યુક્ત ત્રણ વર્ણોની સેવા કરવાનો છે. બ્રાહ્મણાદિની સેવા જ તેની આજીવિકાનું સાધન છે. પરંતુ આ સેવાવૃત્તિની વિશેષતા એ હતી કે તેમાં અસૂયાની ભાવના હોવી જોઈએ નહીં પરંતુ આ સેવા કાર્ય સૌહાર્દપૂર્ણ હોવું જોઈએ.

ચાતુર્વણર્યની ઉપરોક્ત વ્યવસ્થાથી એ જોવા મળે છે કે કોઈ પણ એક વર્ણનું પોતાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી. તેનું અસ્તિત્વ અન્ય વર્ણોના અસ્તિત્વ પર જ આધારિત છે. તેમના વિભિન્ન કર્મોનું વિભાજન પણ આ સાવયવવાદી સિદ્ધાન્તની પુષ્ટિ કરે છે.

**આશ્રમવ્યવસ્થા :**

આશ્રમ વ્યવસ્થાને ભારતીય સંસ્કૃતિનો પ્રાણ કહે છે. વર્ણ અને આશ્રમ વ્યવસ્થા સમાજ અને વ્યક્તિને સંગઠિત કરીને તેમને અંતિમ પુરુષાર્થ સાથે જોડવાનો પ્રયત્ન કરે છે. ભારતીય સંસ્કૃતિ મુજબ કુલ ચાર આશ્રમો સ્વીકારવામાં આવ્યાં છે. આ ચારેય આશ્રમોનું સ્થૂળ વિભાજન બે પ્રકારે કરવામાં આવે છે. પૂર્વાર્ષ અને ઉત્તરાર્ધ, પૂવર્ધિમાં બ્રહ્મચર્ય અને ગ્રહસ્થાશ્રમ આવે છે અને ઉત્તરાર્ધમાં વાનપ્રસ્થ અને સંન્યાસ.

પ્રથમ બ્રહ્મચર્યાશ્રમમાં જ્ઞાન ઉપાર્જન કરવાનું વિધાન છે. આ કર્મના મહત્ત્વને સમજવા માટે કર્તવ્ય, અકર્તવ્ય હૈય, ઉપાદેય આદિના જ્ઞાન માટે કરવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો આ જ્ઞાન ગૃહસ્થાશ્રમનાં કર્મોના ઔચિત્યનું જ્ઞાન કરાવે છે. તે બીજા આશ્રમ માટેની આધારશિલા બની રહે છે. આ આશ્રમ (બ્રહ્મચર્યાશ્રમ) માં પ્રવેશ કરવાનો સમય વિભિન્ન વર્ણો અનુસાર છે. વિજાતિ ઉપનયન સંસ્કાર સમ્પન્ન થયા પછી જ આ આશ્રમમાં પ્રવેશ પામી શકે છે. બ્રહ્મચયશ્રિમનું મુખ્ય તત્ત્વ અથવા આધાર વેદનું તથા આચાર વ્યવહારનું જ્ઞાન કરવું એ છે. સ્મૃતિઓમાં બ્રહ્મચારીના બે પ્રકાર બતાવવામાં આવ્યાં છે. (૧) નૈષ્ઠિક બ્રહ્મચારી અને (૨) ઉપકુર્વાણ, નૈષ્ઠિક બ્રહ્મચારી જીવનપર્યન્ત ગુરુના આશ્રમમાં રહીને જ્ઞાન પ્રાપ્ત કરે છે. તથા મોક્ષ પ્રાપ્તિની સાધના કરે છે. તે આજીવન બ્રહ્મચારી જ રહે છે. તેના માટે અન્ય આશ્રમોમાં પ્રવેશ કરવાની આવશ્યકતા રહેતી નથી. ત્યારે ઉપકુર્વાણની કોટિમાં આવનાર બ્રહ્મચારી પણ ગુરુની સમીપ રહીને અધ્યયન કરે છે પરંતુ તે થોડા સમય સુધી જ ગુરુની પાસે રહે છે. વિદ્યા અધ્યયનનો કાળ સમાપ્ત થતાં ગુરુ દ્વારા આદેશ પામીને તે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે. આ આશ્રમ દરમિયાન તેને અહંભાવનો સંપૂર્ણ ત્યાગ કરવો પડતો હતો.

ગૃહસ્થાશ્રમ એ ક્રમની દષ્ટિએ બીજા ક્રમે છે. પરંતુ મહત્ત્વની દ્રષ્ટિથી જોઈએ તો તે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે. ગૃહસ્થની સ્થિતિ સૌથી વધારે મહત્ત્વપૂર્ણ હતી. સૃષ્ટિના ક્રમને અલુણ્ણ બનાવી રાખવા ઉપરાંત આ આશ્રમ અન્ય ત્રણ આશ્રમોનો પણ પાલક હતો. બ્રહ્મચર્ય આશ્રમ આ ગૃહસ્થાશ્રમવાસીઓથી જ ભિક્ષા ગ્રહણ કરતો હતો. તથા વાનપ્રસ્થ અને સંન્યાસ આશ્રમની અન્તર્ગત આવનારા સમાજની પૂર્તિ કરવી પણ આ જ આશ્રમનું પ્રમુખ કર્તવ્ય છે. તેનું બીજુ પણ એક મહત્ત્વ છે. ગૃહસ્થાશ્રમમાં જ સંતાનોત્પાદન સંભવ હતું અને એના દ્વારા જ સૃષ્ટિનો ક્રમ અથુણ્ય બની રહેતો હતો. આથી અન્ય ત્રણ આશ્રમોની સદસ્યતા ગ્રહણ કરનારા વ્યક્તિ પણ આ આશ્રમ દ્વારા જ ઉત્પન્ન થતા હતા. જેવી રીતે બધી નદીઓ સમુદ્રમાં જ સ્થિર થાય છે એવી જ રીતે બધા આશ્રમવાળા ગૃહસ્થમાં જ સ્થિતિ – આશ્રય પ્રાપ્ત કરે છે. ગૃહસ્થના કર્તવ્યો કેવલ ‘‘થમ’’ અને નિષયોના પાલનમાં જ નથી. તેને પચયજ્ઞોનું

યાગક્તિ પાલનભારતીય દર્શન કરવું જોઈએ. આ ઉપરાંત ગૃહસ્થને માટે નિરંતર શાસાવલોકન પણ આવશ્યક સરજાયા આવ્યું છે. આ પ્રકારે ગૃહસ્થ, પ્રથમ આશ્રમમાં મેળવેલ વિદ્યાને જાગૃત રાખતો હતો. સ્મૃતિઓ ગૃતસ્યા શ્રમની અવધિ સુનિશ્ચિત બતાવતી નથી. શારીરિક શૈથિલ્પ જ તેની એક પ્રકારથી સીમા નિર્ધારિત કરતું હતું.

વાનપ્રસ્થ આશ્રમમાં પ્રવેશ કરતી વખતે ગૃહસ્થ પોતાની પત્નીને પોતાના પુત્રોની સંરથતામાં છોડીને અથવા પાત્ની સાથે જતો હતો. જે પત્ની વૃદ્ધ હોય તો પત્ની સાથે વાનપ્રસ્થ આશ્રમમાં પ્રવેશ કરવામાં આવતો હતો. વાનપ્રસ્થમાં જનાર પોતાની સાથે અભિયંત્રની સામગ્રી પણ લઈ જતો હતો. કારણકે આ આશ્રમમાં પણ તેને પચયજ્ઞોનું સંપાદન કરવું પડતું હતું. જેવી રીતે દ્વિતીય આશ્રમના કર્મોની યોજના પ્રથમ આશ્રમના જ્ઞાનાર્જને વરા સમ્પન થતી હતી એવી જ રીતે તૃતીય આશ્રમ ચતુર્થ આશ્રમ માટે આયોજન બનાવતો હતો. વાનપ્રસ્થ આશ્રમમાં વ્યક્તિએ નિવૃત્તમાર્ગી બનીને જ્ઞાન અને ઉપાસના દ્વારા સાધના કરવી પડતી હતી. અહીં રહીને ઉપનિષદોના જ્ઞાનકાણ્ડને ચરિતાર્થ કરવો એ તેનું પરમ કર્તવ્ય હતું. તેને કર્મની કઠોરતા દ્વારા શરીરનું શોષણ કરવું પડતું હતું. વાનપ્રસ્યો માટે ત્રણ વાર સ્નાનનું વિધાન છે. ફળ, મૂળ આદિ તેના ભોજય પદાર્થ છે. તે ભિયા લઈ શકતો હતો. પરંતુ એટલી જ કે જેનાથી શરીરનું રક્ષણ થઈ શકે. ભૂમિશયન તથા પંચાગ્નિનાય આદિ તેની દિનચર્યા હતી. જયારે વાનપ્રસ્થી પોતાને આ નવીન વાતાવરણથી અનુકૂળ બનાવી લેતો હતો ત્યારે ગૃહસ્થાશ્રમથી લાવેલ અગ્નિહોત્રની અગ્નિનો પણ ત્યાગ કરી દેતો હતો. વાનપ્રસ્થમાં રહીને જયારે રાગદ્વેપાદિ પર વિજય પ્રાપ્ત કરીને જિતેન્દ્રિય થઈ જાય પછી જ સંન્યાસપ્રહણ કરવાનો અવસર સમજવો જોઈએ.

સંન્યાસ આશ્રમ અંતિમ આશ્રમ છે. આથી આ આશ્રમમાં પ્રવેશ કરતાં પૂર્વે સંન્યાસોન્મુખ પ્રાણીએ પોતાના બધા આવશ્યક ઉત્તરદાયિત્વથી નિવૃત્ત થઈ જવું જોઈએ. પ્રાજાપત્ય આદિ યજ્ઞોની પરિસમાપ્તિ પછી જ સંન્યાસ ગ્રહણ કરવાનું વિધાન સ્મૃતિકારોએ કર્યું છે. સંન્યાસી મુંડિત હોય છે અથવા કેશશિખા આદિને ધારણ કરનારો (જટિલ) હોઈ શકે છે. તે કેવળ અધાતવીય (માટી – કાષ્ઠ આદિ) કમંડલ આદિ ધારણ કરી શકે છે. તેના માટે દંડ ધારણ કરવો જરૂરી છે. યાજ્ઞવલ્ક્ય સંન્યાસીને ત્રિદંડ વાસના ત્રણ પાતળા દંડશને મિલાવીને ધારણ કરવાનું વિધાન કરે છે. મનુએ કેવલ "દંડ" શબ્દનો જ પ્રયોગ કર્યો છે. પરંતુ ૧૨ માં અધ્યાયમાં ત્રિદંડીની પરિભાષા આપતાં તેઓ કહે છે કે ત્રિદંડી એ છે જેને પોતાની બુદ્ધિમાં વાક્-દંડ, મનો – દંડ તથા કાય-દંડને નિહિત કરી લીધાં છે. ભ્રમણશીલ સંન્યાસી કેવળ એક જ વાર ભિક્ષાટન કરી શકે છે. અને એ પણ એવા સમયે કે જયારે ગૃહસ્થને ત્યાં અગ્નિ શાંત થઈ ગયો હોય. ભિક્ષા પણ એવા ઘરેથી માંગવી જોઈએ જયાં અન્ય સંન્યાસી બ્રાહ્મણ, ભિક્ષુક વગેરે ગયા હોય. આથી આવા વિધાનો મહાનું ત્યાગની અપેક્ષા રાખે છે. સંન્યાસીમાં તેના ત્યાગની પરાકાષ્ઠા જ તેનું ગૌરવ છે. સંન્યાસીએ એટલું જ મહણ કરવું જોઈએ જેનાથી શરીરયાત્રા થઈ શકે.

આશ્રમવ્યવસ્થાનું એક દૃષ્ટિથી સિંહાવલોકન કરતાં આ આયુ અને કાલ ઉપર આશ્રિત વૈયક્તિક વ્યવસ્થા જ્ઞાત થાય છે. આશ્રમ વ્યવસ્થા એક એવી વ્યવસ્થા હતી જેનાથી વ્યક્તિ સ્વાતંત્ર્ય સંભવ હતું. આ વ્યવસ્થા વ્યક્તિને સામાજિક કાર્યોના સંપાદનની યોગ્યતા પ્રદાન કરતી હતી.

❖ **<u>તમારી પ્રગતિ ચકાસો</u>**

**નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .**

**(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .**

(1) અર્થશાસ્ત્ર કયા વેદનો ઉપવેદ છે ?

(2) અર્થશાસ્ત્રમાં કેટલાં અધિકરણો છે ?

(3) અર્થશાસના ચતુર્થ અધિકરણનું નામ શું છે?

(4) ધર્મ શબ્દ કઈ ધાતુ ઉપરથી ઉતરી આવ્યો છે ? ધર્મની વ્યાખ્યા આપો.

(5) ક્રિયમાણ કર્મનું ફળ શું કહેવાય છે ?

(6) ગુણોની સંખ્યા કેટલી છે? અને કંઈ કઈ ?

(7) મનુએ પાતકોના કેટલા પ્રકાર પાડયા છે ?

(8) સ્મૃતિઓમાં બ્રહ્મચારીના કેટલાં પ્રકાર આપ્યા છે ? કયા કયા ?

(9) સ્મૃતિઓમાં નિરુપિત વર્ણાશ્રમ વ્યવસ્થા વિષે જણાવો.

(10) સ્મૃતિઓ કેટલી છે ? દરેક સ્મૃતિનો સંક્ષિપ્ત પરિચય આપો.

| એકમ : 10 | સંસ્કૃત ગદ્ય પદ્ય નાટય સાહિત્ય |
|---|---|

:: રૂપરેખા ::

**10.0** ગદ્ય સાહિત્ય : સંસ્કૃત ગદ્ય

**10.1** ગદ્યકાવ્યનો ઉદ્દગમ અને વિકાસ

**10.2** પદ્ય સાહિત્ય : સંસ્કૃત કાવ્યસાહિત્યનો ઉદ્દગમ અને વિકાસ

**10.3** સંસ્કૃત નાટકની ઉત્પત્તિ અને વિકાસ

## 10.0 ગદ્ય સાહિત્ય : સંસ્કૃત ગદ્ય

### સંસ્કૃત ગદ્ય સાહિત્ય

સંસ્કૃત અલંકારશાસ્ત્રની દષ્ટિએ ગદ્ય અને પદ્ય એક જ કવિતાનાં ભિન્નભિન્ન સ્વરૂપ છે. ગદ્ય એ કવિતાનું સાદું સરળ, સ્થૂળ, આડંબરરહિત, ગ્રામીણ અને મુક્ત સ્વરૂપ છે, જયારે પથ અલંકારોથી શણગારેલું, ભભકદાર, સૂક્ષ્મ અને બંધાયેલું સ્વરૂપ છે.ગદ્યમાં સ્વાભાવિક્તા છે, તો પદ્યમાં કૃત્રિમતા છે, તેથી પદ્ય એ ગદ્યની વિકૃતિ છે, ગદ્ય મૂળ પ્રકૃતિ છે. જ્યારે ગદ્ય પથની વિશિષ્ટતાઓ અલંકાર વિગેરે છે.સ્વીકારી ત્યારે તેના પતનની શરૂઆત થઈ હૃદયસ્પર્શી ભાવનાઓની અભિવ્યક્તિ પદ્ય દ્વારા થાય છે જયારે બુદ્ધિસ્પર્શી ભાવનાઓની અભિવ્યક્તિ ગદ્ય દ્વારા થાય છે. નિયમબદ્ધ હોવાથી પદ્યનું કાર્યક્ષેત્ર મર્યાદિત હોય છે જયારે અનિયંત્રિત હોવાથી ગદ્યનું ક્ષેત્ર વિસ્તૃત છે. તેથી જ તેમાં ભયસ્થાન પણ છે. કેમ કે વધુ મુક્તાવસ્થા સ્વચ્છંદી બનાવે છે. આથી જ કહેવાયું છે કે गद्यं कवीनां निकंष वदन्ति । "ગદ્ય કવિઓની કસોટી (પત્થર) છે." વળી, गधेनैव काव्यकौशलं पूर्वतया परीक्ष्यते । અર્થાત " ગદ્યથી કાવ્યકૌશલની પૂર્ણ પરીક્ષા થઈ શકે છે." એમ પણ કહેવાયું છે अपादः पदसन्तानो गद्यम् । "પાદરહિત પદોની હારમાળા તે ગદ્ય."

લાઘવ સંસ્કૃત ગદ્યની વિશેષતા છે. જે વસ્તુને વ્યક્ત કરવા અન્ય ભાષાઓમાં લાંબા વાક્યોની જરૂર પડે તેને સંસ્કૃત ગદ્ય એક પદમાં જ અભિવ્યક્ત કરી દે છે. આ માટે સમાસની અદ્ભુત કલ્પના જવાબદાર છે. સમાસના આયોજનને પરિણામે વધારે અર્થને ઓછા શબ્દોમાં અભિવ્યક્ત કરી શકાય છે.ओजः समासभूयस्त्वमेतद् गध्यस्य जीवितम् ! અર્થાત્ "ઓજસ્ ગુણ અને સમાસબહુલતા એ ગદ્યનું જીવન છે." દંડીની આ ઉક્તિ યથાર્થ જ છે.

## 10.1 ગદ્યકાવ્યનો ઉદ્દગમ અને વિકાસ

સંસ્કૃત ગદ્યકાવ્યનો ઉદ્‌ગમ અને વિકાસ ધુમ્મસથી આવૃત છે. ગદ્યકાવ્યની ઉત્ક્રાંતિનું નિર્દેશન કરતી કૃતિઓ આજે ઉપલબ્ધ નથી. તેથી તેનો કડીબદ્ધ વિકાસ આલેખવો મુશ્કેલ છે. સંસ્કૃત ગદ્યની ઉત્પત્તિ માટે નીચે મુજબ વિવિધ મતો પ્રાપ્ત થાય છે.

(૧) ગદ્યનો સૌ પ્રથમ આવિર્ભાવ કૃષ્ણયર્જુવેદમાં જોવા મળે છે, જેને વૈદિક ગદ્યના વિભાગમાં મૂકવામાં આવે છે. વૈદિક સંહિતાઓનું ગદ્યનું સ્વરૂપ પ્રાચીનતમ છે. કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય અને કાઠક તથા મૈત્રાયણી સંહિતાઓમાં ગદ્ય છે. અથર્વવેદનો છઠ્ઠો ભાગ ગદ્યાત્મક છે. બ્રાહ્મણગ્રંથોમાં ગદ્યનો પ્રયોગ પ્રચુર પ્રમાણમાં થવા લાગ્યો. યજ્ઞપ્રક્રિયા વર્ણનાત્મક હોવાને લીધે તેનું આલેખન ગદ્યમાં હોય તે સ્વાભાવિક છે. આરણ્યકોમાં શિષ્ટ સાહિત્ય જેવું આહ્લાદક ગદ્ય મળે છે. પ્રાચીન ઉપનિષદોમાં પણ વિપુલ પ્રમાણમાં ગદ્યનો પ્રયોગ થયેલો દષ્ટિગોચર થાય છે. આ વૈદિક ગ્રંથ સીધું સાદું અને બોલચાલની ભાષા જેવું છે. તેમાં બિલકુલ સરળ અને નાના નાના શબ્દોનો પ્રયોગ જોવા મળે છે. च, वा, तु, ह ઈત્યાદિ અવ્યયો વાક્યાલંકાર રૂપે આવે છે. ઉપમા, રૂપક, વિગેરે અલંકારોનો ઉપયોગ પણ કરવામાં આવેલો છે. જો કે અમુક અપવાદો સિવાય બ્રાહ્મણગ્રંથોમાં ગ્રંથ શુષ્ક અને ગરિમા વગરનું હતું. ઉપનિષદોમાં તે અમુક અંશે રસાળ અને વાતચીતની શૈલીયુક્ત બન્યું.

વૈદિક ગદ્ય અને લૌકિક ગથના મિશ્રણનું કામ પૌરાણિક ગથે કર્યું. આ ગદ્ય આલંકારિક અને પ્રાસાદિક છે. ભાગવત, વિષ્ણુપુરાણ વગેરે ગ્રન્થોનું ગદ્ય આનું ઉદાહરણ છે.

બ્રાહ્મણગ્રંન્થોના ગદ્યની શબ્દાળુતા અને પ્રસ્તાર સ્વાભાવિક રીતે સ્મૃતિને પ્રતિકૂળ હોવાથી ગદ્ય સાહિત્યમાં સૂત્રશૈલીનું ગદ્ય અસ્તિત્વમાં આવ્યું. સૂત્રમાં સંક્ષિપ્તતાનો બેહદ રીતે પ્રયોગ થયો, જેથી તે કેટલીક વાર અર્થઘનતાને લીધે ક્લિષ્ટ પણ બન્યું. તેમાં ટૂંકા પણ અર્થસભર વાક્યોનો પ્રયોગ થયો. એમાં અસંદિગ્ધ રીતે, સારગર્ભિત વાત કહેવાની પદ્ધતિ આવી જેમાંથી પાછળના ગદ્યસાહિત્યમાં જણાતાં કલાવિધાન, લાઘવ અને કૃત્રિમતાનો જન્મ થયો. જ્યોતિષ, વૈદિક, વ્યાકરણ, દર્શનશાસ્ત્રો, મીમાંસાસૂત્ર, યોગસૂત્ર, બ્રહ્મસૂત્ર વગેરેમાં સૂત્રશૈલીનું ગદ્ય પ્રયોજાયું છે.

સૂત્ર સાહિત્યના ગદ્યમાં શબ્દસંયોજનમાં સંદિગ્ધતા રહેતી હોવાથી તેના માટે ભાષ્યસાહિત્ય અસ્તિત્વમાં આવ્યું જે શાસ્ત્રીય ગદ્યમાં રચાયું. આ સાહિત્યનું ગદ્ય મુખ્યત્વે પૃથક્કરણીય અને ચિંતનાત્મક હતું. અહીં અર્થની અભિવ્યક્તિ પ્રધાન વિષય હોવાથી શબ્દના આયોજન પરત્વે ઓછું લક્ષ અપાયું છે. તેમાં ગદ્યની પ્રૌઢતા અને ભારેપણાનું ભાન સતત થતું રહે છે. છતાં શંકરાચાર્ય, શબરસ્વામી વિગેરેનું ગદ્ય પ્રવાહી અને વિશદ છે. પ્રસન્નગંભીર, પ્રાંજલ અને ઓજસ્વી ગદ્યનાં દર્શન એમની કૃતિમાં થાય છે.

આમ છેક પ્રાચીનકાળથી મધ્યકાલીન યુગ (ઈ.સ. ૭૦૦-૮૦૦) સુધીમાં લખાયેલું કેટલુંય ગદ્યસાહિત્ય મળી આવે છે. પરંન્તુ ગદ્યકાવ્યના નમૂનારૂપે અત્યારે મળી  આવતી દંડી વિગેરે ગદ્યકવિઓની કૃતિઓને ઉપરોક્ત ગદ્ય સાથે વધુ સંબંધ હોય તેમ જણાતું નથી. આ કૃતિઓનું ગદ્ય સાહિત્યિક ગદ્ય તરીકે ઓળખાય છે જેને બે વિભાગમાં વહેંચી શકાય :

(૧) સ્વાભાવિક અને સરળ શૈલીનું ગદ્ય-પંચતંત્ર વિગેરે,

(૨) કૃત્રિમ તેમજ અલંકૃત શૈલીનું ગદ્ય-દશકુમારચરિત વિગેરે.

પંચતંત્રની કથાઓ, નીતિવાદી ઉપદેશાત્મક કથાઓ જેવી કે શુકસપ્તતિ, સિંહાસનદ્વાત્રિંશત્પુત્તલિકા, વેતાલપંચવિંશતિકા વિગેરેને પ્રથમ ભાગમાં મૂકી શકાય, જ્યારે 'પ્રણયકથા' (ૅજ઼િ - ઈદ્વક્રહષ્ઠી) ના નામથી સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધ અને પાછળથી 'કથા' તેમજ 'આન્યાવિકા'ના પારિભાષિક નામથી ઓળખાતી દશકુમારચરિત, કાઈભરી, વાસવદત્તા તેમજ હર્ષચરિત આદિ કૃતિઓમાં અલંકૃત ગદ્યશૈલીનું સ્વરૂપ જોવા મળે છે. ચંપ્રકાવ્યમાં પણ આ જ ગથ છે. દશકુમારચરિત વિગેરે ચાર સંસ્કૃત સાહિત્યનાં પ્રખ્યાત ગદ્યકાવ્યો છે. આમાં જોવા મળતી ગદ્યકાવ્યોની સ્વરૂપસિદ્ધિ એકાએક જ સાંપડી નથી, તેની પુરોગામી ગદ્યકાવ્યોએ  આ માટેની ભૂમિકા રચી આપી હશે. આ કૃતિઓમાં ગથકાવ્યનું જે સંપૂર્ણ વિકસિત અને પરિપક્વ સ્વરૂપ આપણને પ્રાપ્ત થાય છે તેથી એમ માની શકાય કે તેની પહેલાં આ ગથકાવ્ય વિકાસની મણી બધી પ્રક્રિયામાંથી પસાર થયું હશે, જેની કડીબદ્ધ વિગતો આપણને મળતી નથી. અર્થાત્ આ ગથકાવ્યની કોઈ સ્વતંત્ર પરંપરા પ્રાપ્ત થતી નથી. દંડી વિગેરેની પહેલાં લખાયેલ આ ગદ્ય સાહિત્ય વિપુલ પ્રમાણમાં હશે એમ માની શકીએ કારણ કે સંસ્કૃત સાહિત્યમાં અત્રતત્ર આ પ્રકારની કૃતિઓ કે કર્તાઓનો નામોલ્લેખ પ્રાપ્ત થાય છે.

કથા અને આખ્યાયિકા શબ્દો ગથસાહિત્ય કે પ્રણયકથાના પરિભાષિક અર્થમાં અવિચીન વિભાગો છે. પણ आख्यान. आख्यायिका, इतिहास વિગેરેનો ઉલ્લેખ પ્રાચીન લેખકોએ કર્યો છે, જેમાંથી અંતે કથા અને આખ્યાયિકા પ્રકારો સિદ્ધ થયા લાગે છે.

સૌ પ્રથમ પાણિનિના અષ્ટાધ્યાયી નામના ગ્રંથના વાર્તિકકાર કાત્યાયને (ઈ.સ. પૂ. ૪૦૦) 'આખ્યાયિકા' શબ્દનો સૌ પ્રથમ ઉલ્લેખ કરતાં કહ્યું છે કે – 'लुबाख्यायिकाभ्यो बहुलम्' અને 'आख्यानाख्यायिकेतिहा पुराणेभ्यच्ष्य !' આ વાર્તિક ઉપર ટીકા લખનાર મહાભાષ્યકાર પતંજલિએ પોતાને જ્ઞાત વાસવદત્તા, સુમનૌત્તરા, અને ભૈમરથી નામની ત્રણ પ્રાચીન આખ્યાયિકાઓનાં નામ આપ્યાં છે. જો કે આ આખ્યાયિકાઓના સ્વરૂપથી આપણે અજ્ઞાત છીએ.

વળી બૃહત્કથાનું શીર્ષક, પંચતંત્રની વાર્તાઓને અપાતું 'કથા' એવું નામ તેમજ પંચતત્રના એક રૂપાન્તરને આપવામાં આવેલું ' तंत्राख्यायिका' એવું નામ આ બધી વિગતો એ હકીકત તરફ અંગુલિનિર્દેશ કરે છે કે 'કથા' અને આખ્યાકિયા'

શબ્દો સંસ્કૃત સાહિત્યમાં તે સમયે ખૂબ પ્રચલિત હશે. જો કે ગદ્યકાવ્યના વિશિષ્ટ પ્રકારો તરીકે જ તે પ્રયોજાતા હશે એમ કહેવું મુશ્કેલ છે.

આ ઉપરાંત અન્ય ગદ્યકૃતિઓ પણ એવી છે કે જેનાં કેવળ નામો જ પ્રાપ્ત થાય છે. જેમ કે ભોજદેવે શૃંગારપ્રકાશમાં વરુચિની 'ચારુમતી' નામની કૃતિનો નિર્દેશ કર્યો છે. આ રીતે શ્રીપાલિતે લખેલી 'તરંગવતી' અને અભિનંદે લખેલી 'રામચરિત' વિશે પણ જાણવા મળતું નથી. રામિલ અને સોમિલની 'શૂદ્રકકથા' નો પણ ઉલ્લેખ થયો છે. બાન્ને પોતાનાથી પ્રાચીન ગદ્યલેખકોમાં ભટ્ટાર હરિચંદ્રનો ખૂબ આદરપૂર્વક ઉલ્લેખ કર્યો છે. જેમ કે – **'भट्टहरि चन्द्रस्य गद्यबन्धो नृपायते ।'** ઉપરોક્ત કૃતિઓમાંથી કોઈ કૃતિ ઉપલબ્ધ નથી. આજે શિષ્ટ સંસ્કૃત ગદ્યસાહિત્યમાં સુબંધુની વાસવદત્તા, બાણનાં હર્ષચરિત અને કાદંબરી, દંડીનું દશકુમારચરિત, ધનપાલની તિલકમંજરી અગર જેને ખાસ પ્રાચીન ન ગણાવી શકાય તેવી શિવરાજવિજય જેવી કૃતિઓ મળે છે. જો કે એમાં પ્રથમ ચાર ગદ્યકાવ્યો જ પ્રાચીનતા અને કાવ્યની દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વનાં છે.

ઉપરોક્ત ચાર ગથકાવ્યો સંસ્કૃત પ્રણયકથાનાં આદિસર્જકો નથી. આથી આ ગદ્યકાવ્યની ઉત્પત્તિ અંગે ભિન્ન ભિન્ન મતો પ્રવર્તે છે. જેમ કે :

(૧) વેબર અને પિટર્સન જેવા પશ્ચિમના વિદ્વાનો સંસ્કૃત પ્રણયકથા પર ગ્રીક પ્રણયકથાની અસર જુએ છે. તેમના મત મુજબ ગ્રીક ગદ્યકાવ્યમાં અમુક ચોક્કસ પ્રકારનાં વર્ણનો, વિચારો અને રસવૈવિધ્ય વગેરે છે જે બાબની કૃતિઓમાં પણ છે. આદર્શ પ્રેમ અને અનવદ્ય સૌંદર્ય, પ્રથમ દૃષ્ટિએ પ્રેમ, સ્વપ્નમાં થતું નાયક-નાયિકાનું દર્શન, પ્રણયપત્રોની આપ- લે, વિરહમાં પ્રેમીઓનો વિલાપ, કન્યા માટેનાં યુદ્ધો ઈત્યાદિ સામાન્ય લક્ષણો ગ્રીક અને સંસ્કૃત ગદ્ય સાહિત્યમાં સમાન રૂપે જોવા મળે છે.

આ મંતવ્ય બરાબર નથી. આ બાબતમાં કીથનું મંતવ્ય મહત્ત્વનું છે. તેઓ કહે છે કે, ભારતની અને ગ્રીસની પ્રણયકથાઓ વચ્ચે સામ્ય છે એ મહત્ત્વનું છે, પરન્તુ એ બન્ને વચ્ચે ચોક્કસ નોંધપાત્ર વૈષમ્ય પણ છે, અને એને લીધે બન્ને દેશોનું આ પ્રકારનું ગદ્ય ભિન્ન ભિન્ન સંસ્કૃતિ અને સાહિત્યમાં સ્વતંત્ર રીતે સર્જાયું એનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. ડો. ગ્રે પણ કહે છે કે 'સંસ્કૃત અને ગ્રીક પ્રણયકથા સાહિત્યમાં ઘણા પ્રસંગો અને સાહિત્યશાસ્ત્રના પારિભાષિક સિદ્ધાન્તોનું સામ્ય હોવા છતાં બન્ને દેશોની પ્રણયકથાઓ રચના અને તત્ત્વની દષ્ટિએ એકબીજાથી તદ્દન જુદી પડે છે. સંસ્કૃત પ્રણયકથાઓનો નાનામાં નાનો ભાગ મુખ્ય કથાનક કે પાત્રોના પરાક્રમ સાથે સૂતરના તંતુઓની જેમ વણાયેલો હોય છે. બન્ને દેશોનો કથાનું ક્લેવર અને ભાવ જુદાં છે, જેથી ગ્રીક કથામાંથી સંસ્કૃત પ્રણયકથાની ઉત્પત્તિનો મત યોગ્ય લાગતો નથી.

(૨) સંસ્કૃત પ્રાણીકથાઓમાં ગદ્યકાવ્યનું મૂળ જોવાનો પ્રયત્ન થાય છે, જે બરાબર નથી કેમ કે આ પ્રાણીકથાઓ સ્વરૂપ, વિષય અને ઉદ્દેશ વિગેરે બાબતોમાં ગદ્યકાવ્યથી તદ્દન જુદી પડે છે.

(૩) બૃહત્કથા પરથી ગદ્યસ્વામીઓએ પોતાની કૃતિ માટે પ્રેરણા લીધી છે એવું લાગે છે. જો કે સંસ્કૃત ગદ્યકાવ્યના પુરોગામી તરીકેનું પૂર્ણ પ્રતિનિધિત્વ તે ધરાવતી નથી, કેમ કે બૃહત્કથા અને ગદ્યકાવ્યોની શૈલી અને વિભાવનામાં મૂળભૂત તફાવત છે. જો કે વસ્તુવૈવિધ્ય, વૈચિત્ર્ય અને રોચકતાની દ્રષ્ટિએ ગદ્યકાવ્ય ઉપર અદ્ભુતકથા, પરીકથા અને જાદુઈકથા જેવી લોકકથાઓની પ્રત્યક્ષ કે પરોક્ષ થોડી ઘણી અસર પડી હોવાની સંભાવનાને સંપૂર્ણપણે નકારી શકાતી નથી.

(૪) સમાસાન્ત પદાવલીથી વિભૂષિત ગદ્યનું સ્વરૂપ શિલાલેખોમાં પણ જોવા મળે છે. ઈ.સ. ૧૫૦ માં લખાયેલ મહાક્ષત્રપ આદામનના શિલાલેખમાં દીર્ઘ સમાસો, પદ **पर्वत -प्रतिस्पर्धी** જેવા અર્થાલંકારો જોવા મળે છે. આથી જ કીથ ગધકાબ રીલીનો પ્રેરણાસ્ત્રોત શિલાલેખોમાં જુએ છે. ઈ.સ. 350માં લખાયેલા હરિયેશના સમુહગુપ્તપશસ્તિ શિલાલેખની ભાષા જાણે કે ભાણની ગથ સાથે હરિફાઈ કરે છે. ઈ.સ. ૪૭૭નો મંદસોરનો શિલાલેખ આ જ પ્રકારની કાવ્યશૈલીનું અનુકરણ કરે છે. ઉપરોક્ત શિલાલેખોમાંનું ગથ ઠંડા, સુબપુ અને ભાણ વગેરેના પુરોગામી ગથનું જ આંશિક પ્રતિનિધિત્વ પરાવે છે, જે કાળક્રમે વિક્સીને પરિનિષ્ઠિત બને છે, જો કે તેના વિકાસક્રમની કડીઓ આપણને મળતી નથી.

(૫) સંસ્કૃત કાવ્ય (મહાકાવ્ય) સ્વરૂપ અને શૈલીની બાબતમાં ગદ્યકાવ્ય સાથે ખૂબ જ સામ્ય ધરાવે છે. તેને જ ગથકાવ્યોના પ્રેરણાસ્રોત તરીકે ગણવાં પડે, સંસ્કૃત મહાકાવ્યોનાં પ્રાધાન્ય પામેલાં સુદીર્ઘ વર્ણનો, શ્લિષ્ટ અને ક્લિષ્ટ અલંકારોનો ઉપયોગ વગેરે બધું જ ગથકાવ્યમાં સ્વેચ્છાચાર કરે છે. મહાકાવ્યની જેમ જ આ પ્રણયકથાઓમાં કથાવેગ મહદશે મંદ હોય છે. કદાચ લેખકને મન કથાવસ્તુ મહત્ત્વની વસ્તુ જ નથી. વળી સંસ્કૃત અલંકારશાસ્ત્રીઓ પ્રાણીકથાઓ અને લોકકથાઓની કાવ્યના એક પ્રકાર તરીકે ચર્ચા કરતા નથી જ્યારે ગદ્યકાવ્ય કે પ્રણયકથાની કાવ્યના એક પ્રકાર તરીકે ચર્ચા કરે છે. આ બધા ઉપરથી એ વિગત વધારે સ્પષ્ટ થાય છે કે સ્વરૂપ અને શૈલીની બાબતમાં 'સંસ્કૃત કાવ્ય-મહાકાવ્ય' જ ગથકાવ્યનું અસલ કારણ, પુરોગામી હતું.

પ્રો. એસ.કે.ડે પણ ગદ્યકાવ્યના નજીકના પૂર્વજ તરીકે શિષ્ટ કાવ્યને ઓળખાવે છે. આમ ગદ્યકાવ્યની શૈલીનાં સમાસપ્રચુરતા, લયાન્વિત ભાષા, શ્લેષબાહુલ્ય, વર્ણનપ્રાચુર્ય, અલંકારોનો પટાટોપ ઈત્યાદિ લક્ષણો શિષ્ટ કાવ્યસાહિત્ય સાથેનો તેનો સંપર્ક સૂચવે છે. જ્યારે લોકકથાનાં અતિપ્રાકૃત તત્ત્વો જેવાં કે શાપ, સ્વપ્નમાં નાયક-નાયિકાનું દર્શન, ઊડતા પોડા, બોલતાં પશુપંખીઓ ઈત્યાદિ લક્ષણો ગદ્યમાં પણ ઊતરી આવ્યાં છે. અર્થાત્ ગદ્યકાવ્યનાં કથાવસ્તુ અને વૈચિત્ર્ય માટે લોકકથાઓ જવાબદાર હશે તેની ના પાડી શકાય નહિ.

આમ સંસ્કૃત મહાકાવ્યની મોટા ભાગની વિશેષતાઓનો સ્વીકાર કરી, તેમને વિકસાવીને અને લોકકથાઓની અસર પામીને સંસ્કૃત ગદ્યકાવ્ય વિકસ્યું હશે. આથી કહી શકાય કે દંડી, સુબન્ધુ અને બાણ ગદ્યકાવ્યના આદિમ સર્જકો નહિ, પણ તેના શિખરે વિરાજતા શિરોમણિઓ છે. તેમની પહેલાં ગદ્યકાવ્ય વિકાસની સારી એવી

પ્રક્રિયામાં પસાર થઈ ચૂક્યું હતું જેના પરિપાક રૂપે આપણને તેમની ગદ્યકૃતિઓ મળે છે.

❖ **<u>તમારી પ્રગતિ ચકાસો.</u>**

***નોંધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .***

***(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .***

(1) ગદ્ય અને પદ્ય વચ્ચે ભેદ સ્પષ્ટ કરો.

(2) પદ્ય એ ગદ્યની વિકૃતિ છે, કેવી રીતે ?

(3) ગદ્યની વ્યાખ્યા આપો.

(4) ગદ્ય સાહિત્યના ઉદ્દભવ વિશે નોંધ લખો.

(5) ગદ્ય સાહિત્યના વિકાસમાં લોકકથાઓનો ફાળો છે. ચર્ચો.

(6) કથાને આખ્યાયિકા ગદ્યનો એક પ્રકાર છે, ચર્ચો.

## 10.2 પદ્ય સાહિત્ય : સંસ્કૃત કાવ્યસાહિત્યનો ઉદ્‌ગમ અને વિકાસ

સંસ્કૃત કાવ્ય સાહિત્યની પ્રવૃત્તિ પણી પ્રાચીન હોવા છતાં તેના પ્રાચીન નમૂનાઓ આપણને ખાસ પ્રમાણમાં મળતા નથી. પ્રાચીન સાહિત્યકાર તરીકે ભાસ જાણીતો છે. તે પછી આશરે ઈ.સ.ની પાંચમી સદી સુધીના ઘણા ઓછા સાહિત્યકારોની આપણને જાણ છે. એવા સજોગોમાં કાવ્ય સાહિત્યના ઉદ્‌ગમ માટે આપણે વેદ તરફ મીટ માંડીએ છીએ.

**વેદકાળ :**

વૈદિક સાહિત્ય એકંદરે ધાર્મિક  હોવા છતાં તેમાં બિનધાર્મિક અંશો પણ છે. દાનસ્તુતિ અને નારાશંસી સૂક્તો આ બાબતમાં નોંધપાત્ર છે. વેદમાં સંવાદસૂક્તો પણ છે જેને ધર્મ સાથે સંબંપ નથી. આ સિવાય ઉપાદેવીનાં સૂક્તો ઊર્મિકાવ્યના ઉત્તમ નમૂનાઓ છે. મંડૂકસૂક્ત (દેડકાંનું સૂક્ત) પણ કાવ્યમય આકર્ષણ જમાવે છે બ્રાહ્મણ ગ્રંથોમાં સારાં કાવ્યમય આખ્યાનો આવે છે. અલંકારની દ્રષ્ટિએ પણ વેદમાં સુન્દર સાહિત્યિક ઉપમાઓ જોવામળે છે. એક કવિ કહે છે. કે જેમ સુથાર પોતાના રથને સજાવે તેમ હું સૂક્તને સજાવું છું. **द्वा सुपर्णा सयुजा  सखाया समानं वृक्षं परिषष्वजाते** ! આ મંત્રમાં જીવાત્મા-પરમાત્માનું સુંદર રૂપક છે. રથનો એક પણ અંકોડો ઢીલો ન હોય તેમ કાવ્યમાં પણ એકેય દોષ ન હોવો જોઈએ, એવો સંપૂર્ણતાનો આગ્રહ વૈદિક ઋષિઓ સેવે છે. આમ આ સમયમાં સાહિત્યિક પ્રવૃત્તિના મનોહર ઉન્મેષ જોવા મળે છે.

**વ્યાકરણકારો :**

ત્યાર પછી આપણે સીધા વ્યાકરણગ્રંથો તરફ નજર કરવી પડશે. વ્યાકરણશાસ્ત્રના ગ્રંથોમાં અનેક વિદ્વાનો થઈ ગયા પણ મહાન સમર્થ પાણિનિની સામે તે બધા ભૂલાઈ અને ભૂંસાઈ ગયા જણાય છે. પાણિનિના અષ્ટાધ્યાયી પરથી ખ્યાલ આવે છે કે તે સમયમાં અમુક ચોક્કસ પ્રકારનું સાહિત્ય હતું. વૈદિક ઉપરાંત અન્ય પ્રકારના સાહિત્યનો તે ઉલ્લેખ કરે છે તે પરથી સાહિત્યના વિકાસનો ખ્યાલ આવે છે. એમ મનાય છે કે પાણિનીએ **जाम्बवतीवजियअने पातालविजय** નામનાં કાવ્યો લખ્યાં હતાં. આ કાવ્યો પાણિનિનાં હોવા વિશે મતભેદ છે. પરંતુ આપણે તેની સાથે નિસ્બત નથી. એટલો પ્રાચીન કાળમાં બે કાવ્યોની રચના તે જ મહત્ત્વની બની રહે છે.

પાણિનિની અષ્ટાવાળી પર મહાભાષ્ય લખનાર પતંજલિએ આપેલા ઉદાહરણો સંપૂર્ણ સાહીત્યક લાગે છે. પાણિની વરરુચિના **वाररुयकाव्य** નો તથા **वासवदत्ता, सुमनोतरा** અને **भैमरथी** નામની આભાવિકાઓનો ઉલ્લેખ કરે છે. પતંજલિનો સમય પાણિનિ પછી બે સૈકા બાદનો મૂકવામાં આવે છે. આટલા સમયના ગાળામાં સાહિત્યનો - કાવ્યસાહિત્યનો – ઘણો વિકાસ થયો હશે એમ સ્પષ્ટ થાય છે.

**રામાયણ - મહાભારત :**

સંસ્કૃત કાવ્યસાહિત્યમાં ઉદ્દગમ માટે સીધેસીધી દષ્ટિ રામાયણ અને મહાભારત પર જ સ્થિર કરવાનું કેટલાક વિદ્વાનો સૂચવે છે. સમાજમાં જ્યારે વૈદ પછી વેદાંગ વગેરે સાહિત્યની રચનાની પ્રવૃત્તિ ચાલતી હતી ત્યારે તે જ સમયે ગામે-ગામ ફરી કેટલાક લોકો પોતાની પ્રાકૃત કે સંસ્કૃત ભાષાની રચનાઓ દ્વારા લોકોનું મનોરંજન કરતા અને આજીવિકા મેળવતા. આ લોકો એકંદરે ઐતિહાસિક રચનાઓ કરતા. રામાયણ અને મહાભારત આ પ્રવૃત્તિના છેલ્લાં અવશેષો છે.

સાહિત્યની દષ્ટિએ મહાભારત સંમાર્જિત અને પરિષ્કૃત ગ્રંથ નથી. તેમાં અનેક આપ પ્રયોગો છે અને સાદી શુષ્ક વાર્તા છે. તે ઈતિહાસનો ગ્રંથ હોવાની છાપ વધુ ઊભી થાય છે. રામાયણ કાવ્ય ગ્રંથરત્ન છે. તે 'આદિકાવ્ય' કહેવાય છે. સાહિત્યની ખૂબીઓથી ભરપૂર આ ગ્રંથ કાવ્યની ઉત્તમ કક્ષાએ પહોંચે છે. પાછળના કવિઓ માટે તે શૈલી તથા સામગ્રીની દ્રષ્ટિએ આકર ગ્રંથ છે. સાહિત્ય અને શૈલીનો બેવડો ભેટ આપી વાલ્મિકીએ કાવ્યનાં ધોરણો નક્કી કર્યા એમ કહેવાય છે. મહાભારત સામગ્રી આપી જયારે રામાયણે સામગ્રી અને શૈલી બન્ને આવ્યાં, કાવ્યની રચના કેવા સંજોગોમાં થાય તે પણ વાલ્મીકિએ પારષિને આપેલા શાપ પરથી ફલિત થાય છે.

**"मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीं समाः ।"**

**છંદશાસ્ત્રનું પ્રમાણ :**

પિંગળ મુનિએ છંદશાસ્ત્રનો ગ્રંથ રચ્યો છે. તેમાં છંદોનાં નામ પ્રાણીઓ અને સ્ત્રીઓની ખાસિયતો પરથી આપેલાં જોવા મળે છે. દા.ત. શાર્દૂલવિક્રીડિત (સિંહની ગતિવાળું), અશ્વલલિત, તનુમધ્યા, કુટિલગતિ, સ્રગ્ધરા (માળા ધારણ કરનાર) ચંચલાક્ષિકા, મંજુભાષિણી વગેરે. આ નામ શૃંગારની છાંટવાળાં છે જેના પરથી તે પ્રકારના બહુ ખેડાયેલા સાહિત્યને અણસાર મળી રહે છે.

**શિલાલેખો :**

પ્રાચીન શિલાલેખો પણ સાહિત્યના વિકાસ માટે મહત્ત્વનો પુરાવો પુરો પાડે છે. ગિરનારનો રુદ્રદામનનો શિલાલેખ, નાસિકનો પુલુભાઈનો શિલાલેખ અને અલ્લાહબાદનો શિલાસ્તંભ કાવ્ય વિષે ચોક્કસ માહિતી પૂરી પાડે છે. આ શિલાલેખોના લખાણમાં વ્યાકરણ અને સાહિત્યની વૈવિધ્યભરી ખૂબીઓ જોવા મળે છે. દીર્ઘસમાસ, અલ્પસમાસ, સમાસરહિતતા, અલંકારપ્રચુરતા, ઓજસ ગુણયુક્ત રચના વગેરે ત્રણેયમાં નોંધપાત્ર છે. અલ્લાહબાદનો શિલાલેખ ઈ.સ. ૩૫૦ પહેલાનો છે. તેમાં ગદ્ય અને પદ્યનું મિશ્રણ છે. આખો લેખ એક જ વાક્યમાં રચાયો છે એ તેની વિશેષતા છે.

**કામસૂત્ર :**

કામસૂત્રના રચયિતા વાત્સ્યાયને નાગરિક બનવા માટેની આવશ્યકતાઓ જણાવતા કહ્યું છે કે વ્યક્તિએ સાહિત્યમાં અને કાવ્યમાં રસ લેવો.

આમ, વેદકાળથી કામસૂત્ર સુધીના સમયનું અવલોકન કરતાં લાગે છે કે વેદમાંથી ઉદ્દભવેલું કાવ્યઝરણું ધીમે ધીમે વિકાસ પામતું રહ્યું. સમય જતાં કાવ્યસાહિત્ય પુષ્કળ ખેડાયું અને વિપુલ થતું ગયું, કામસૂત્રના લેખક સભ્ય સમાજને માટે તેમાં રસ લેવાની હિમાયત કરી છે એ જ તેનો વ્યાપક અસર અને વિપુલતાનું દ્યોતક છે.

**પુનરુત્થાનનું મન્તવ્ય :**

કાવ્યસાહિત્યના ઉદ્‌ગમ વિશે મેક્સમૂલરે એવો મત દર્શાવ્યો હતો કે કેટલાક સમય માટે સાહિત્યમાં અરાજકતા અને સ્થગિતતાનો યુગ આવી ગયો હતો. કાલિદાસના સમયથી તેનો ફરીથી ઉદય થયો આમ સાહિત્યનું પુનરુત્થાન થયું. ગ્રીઅર્સન નામના વિદ્વાન માને છે. કે પહેલાં બંધુ સાહિત્ય પ્રાકૃતમાં હતું રામાયણ અને મહાભારત પણ પ્રાકૃતમાં રચાયાં હતાં અને પછી તેનું સંસ્કૃતમાં રૂપાંતર થયું.

આ બંન્ને મત અયોગ્ય, ભ્રામક અને અસ્વીકાર્ય છે. પ્રાકૃતમાં રચાયેલું સાહિત્ય ઈ.સ. પૂ. બીજી સદીથી પહેલાં મૂકાય તેમ નથી. રામાયણ અને મહાભારતનો વિષય રણકો વગેરે સંપૂર્ણપણે સંસ્કૃત છે. આ ગ્રંથો લોકપ્રિય હોવાથી તે લોકભાષામાં હતા એમ માનવું યોગ્ય નથી. વળી આવી માન્યતા માટે કોઈ પ્રકારનો પુરાવો પણ મળતો નથી, આથી પુનરુત્થાનનું મંતવ્ય અને ગ્રીઅર્સનનું પ્રાકૃતિવાળું મંતવ્ય માન્ય થાય તેમ નથી.

**ઉપસંહાર :**

ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે કાવ્યગંગાનો મૂળ સ્રોત વેદસાહિત્ય છે. ડે અને દાસગુપ્તા માત્ર રામાયણ-મહાભારતને જ કાવ્યસાહિત્યના મૂળ તરીકે સ્વીકારે છે. આ સંસ્કૃત બાબત એકાંગી લાગે છે. ઋગ્વેદ ભારતીય સંસ્કૃતિનો પ્રથમ ગ્રંથ છે. સાહિત્યનો પણ અરુણોદય તેમાં જ થયો છે. ઉત્તમ કોટિનું ઘણું સાહિત્ય તેમાં મળે છે. તેનો જ પ્રભાવ પરવર્તી સમગ્ર સાહિત્ય પર પડયો છે. કીથે યોગ્ય કહ્યું છે કે વેદસાહિત્યનો શૈલી, વસ્તુ, કાવ્યસ્વરૂપ વગેરેની દષ્ટિએ સંસ્કૃત કાવ્યસાહિત્ય પર ઘણો ઊંડો પ્રભાવ પડયો છે. છતાં રામાયણ-મહાભારત પહેલાંનું ઘણુંખરું સાહિત્ય લુપ્ત થઈ ગયું હોવાથી પાછળથી લખાયેલ સાહિત્ય માટે રામાયણ તથા મહાભારત પ્રેરણાસ્રોત બની રહ્યાં છે એમ કહેવામાં કશું અનૌચિત્ય નથી. એમાંય, રામાયણે તો સ્વરૂપ, કથાનક, ભાષા, રશૈલી, છંદ, જીવન દર્શન, તત્ત્વજ્ઞાન વગેરેની દૃષ્ટિએ તો પરવર્તી સાહિત્ય પર અતિશય અસર કરી છે. આ બે આર્ષ કાવ્યો ન હોત તો કાવ્યનું સ્વરૂપ કેવું થડાયું હોત અને તેમાં કેવી સમૃદ્ધિ હોત એ કહી શકાય તેમ નથી.

❖ **<u>તમારી પ્રગતિ ચકાસો :-</u>**

**નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .**

**(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .**

(1) પદ્ય સાહિત્યનું ઉદ્ભવ વેદોથી થાય છે સ્પષ્ટ કરો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(2) પાણિનિએ કયા કયા પદ્યકાવ્યો લખ્યા હતા ?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(3) મહાભાષ્યમાં કયા કયા પદ્યકાવ્યો પ્રાપ્ત થાય છે.

______________________________

______________________________

(4) રામાયણ અને મહાભારતના પદ્ય વચ્ચે અન્તર સ્પષ્ટ કરો.

(5) ગ્રીઅર્સનનો મત શો હતો ?

(6) દાસ ગુપ્તાનો પદ્ય સાહિત્ય વિશે શો અભિપ્રાય હતો ?

(7) રામાયણ અને મહાભારતની પદ્ય સાહિત્ય પર શી અસર પડી છે ?

## 10.3 *સંસ્કૃત નાટકની ઉત્પત્તિ અને વિકાસ*

સંસ્કૃત નાટકની ઉત્પત્તિ વિશે સૌ પ્રથમ ઉલ્લેખ આપણને ભરત મુનિના નાટયશાસ્ત્રના ગ્રંથમાંથી મળે છે. ઈ.સ.ની ત્રીજી સદીના આસપાસ રચાયેલા આ ગ્રંથના પ્રથમ અધ્યાયમાં ભરતમુનિએ નાટ્યની ઉત્પત્તિ અંગે નાટયશાસ્ત્રમાં કથા આપેલી છે. ત્રેતાયુગમાં લોકો રહેતા હતા ત્યારે તેઓ ધર્મમાંથી ભ્રષ્ટ થયા અને બધે

અનીતિ તથા ગ્રામ્ય ધર્મ ફેલાઈ રહ્યો હતો. આથી દેવો બ્રહ્મા પાસે ગયા અને તેમની પાસે રમકડું (**क्रीडनीयक**) માંગ્યું જે આનંદ સાથે ઉપદેશ આપી શકે અને દરેક જાતિના વ્યક્તિ તેનો ઉપયોગ કરી શકે. આથી બ્રહ્માએ ઋગ્વેદમાંથી પાઠ્ય, સામવેદમાં ગીત, યજુર્વેદમાંથી અભિનય અને અથર્વવેદમાંથી રસ ગ્રહણ કરીને સંકલન કરી એક વેદ તૈયાર કર્યો જેને 'પંચમ વેદ' નામ આપ્યું. (**जग्राह पठ्यं ·ग्वेदात्सामभ्यो गीतमेव च । यजुर्वेदादभिनयान् रसानाथर्णादपि**) આ વેદ તેમણે દેવોને આપ્યો અને દેવોએ તે ભરત મુનિને આપ્યો. ભરતે પોતાના 100 પુત્રોની મદદથી ઈન્દ્રધ્વજ મહોત્સવ પ્રસંગે નાટક ભજવ્યું. આ પ્રસંગે હાજર રહેલા દાનવોએ પમાલ કરી વિક્ષેપ પાડ્યો. આથી વિશ્વકર્માએ નાટયગૃહનું નિર્માણ કરવાની યોજના દર્શાવી. પછીથી શંકરે તાંડવ આપ્યું પાર્વતીએ લાસ્ય આપ્યું અને અપ્સરાઓ નાટકમાં ભાગ લેવા લાગી.

ભરતની આ કથાનું અવલોકન કરતાં જણાય છે કે તે ભારતીય વાતાવરણને પૂરી રીતે બંધબેસતો છે. બધાનું મૂળ ઈશ્વરીય શક્તિમાં દર્શાવવાની આદત અહીં દેખી શકાય છે. છતાં આ એટલું કહીને બાજુએ મૂકી શકાય તેમ નથી. નાટકનાં મુખ્ય મુખ્ય ઘટકોનો ચારેય વેદો સાથે સાંધો સંબંધ ભરત મુનિ દર્શાવી રહ્યા છે. આ ઘટકો છે સંવાદ, ગીત, અભિનય અને રસ. પ્રત્યેક તત્ત્વ જે તે વેદમાં મુખ્ય રીતે તરી આવે છે. ઋગ્વેદમાં સંવાદ સૂક્તો છે. આ સૂક્તોમાં બે કે વધુ પાત્રો વચ્ચે સંવાદ હોય છે. દા.ત. પલિ-સરમા સંવાદ, ઈન્દ્ર-વરુણ સંવાદ, વિશ્વામિત્ર-નદી સંવાદ, પૂરૂરવા-ઉર્વશી સંવાદ વગેરે. આ સંવાદ નાટકના સંવાદને મળતા આવે છે. યજ્ઞ વખતે યાજ્ઞિકો જે તે પાત્રની ઉક્તિ બોલી તે ભજવતા હતા એવું પણ એક મંતવ્ય છે.

સામવેદ ભારતીય સંગીતનો વેદ છે સામસૂક્તો પદ્ધતિસર ગાવામાં આવતાં હતાં જે આજે પણ ચાલુ છે. અર્વાચીન ભારતીય શાસ્ત્રીય સંગીતનાં મૂળ આ વેદમાં રહેલાં છે. સામવેદમાંથી ગીત લીધું છે એ બાબત સંગીતનો નાટકની સાથે કેવો સંબંધ છે તેનો નિર્દેશ કરે છે.

યજુર્વેદમાંથી અભિનય લીધો એવો ઉલ્લેખ આ વેદનું યજ્ઞના સંદર્ભમાં મહત્ત્વ દર્શાવ છે. આ વેદ ક્રિયાકાંડથી ભરપૂર છે. યજ્ઞમાં આ વેદનો પુરોહિત ('અધ્વર્યું') જ સતત ક્રિયાશીલ હોય છે. વળી કેટલાક વિધિઓ પણ એવા છે જેમાં અભિનય, કેવળ દેખાવ કરવાનો હોય છે. દા.ત. સોમક્રયણ નામના ઉપયજ્ઞમાં સોમવલ્લી, વેચનાર સાથે મારામારી કરવાનો વિષિ. આ વિષિઓ મૂળ પ્રસંગ સત્ય બાબત હશે પણ વિપિ વખતે તો તેમાં કૃત્રિમતા અને દેખાવ- અભિનય જ હોય છે.

અથર્વવેદ તંત્રશાસ્ત્રનું ઉદ્ગમસ્થાન છે. તે બહુજનસમાજનો માનીતો વેદ મનાય છે. તેમાં મારણ, ઉચ્ચાટન, વશીકરણ, સ્તંભન, જાદુ વગેરેના પ્રયોગો છે. આથી લોકો તેમાં રસ પરાવે એ સ્વાભાવિક છે. અથર્વવેદમાંથી રસનું તત્ત્વ લીધું એટલે જનસમૂહના આનંદનું તત્ત્વ તેમાંથી લીધું.

આ બધી રીતે વિચારતા સમજાય છે કે સંસ્કૃત નાટ્યનો તેના મૂળ સ્વરૂપમાં વેદ સાથે સંબંધ છે. આમાં કેવળ ભારતીય માનસનાં દર્શન નથી થતાં પણ વાસ્તવિક બાબત તરફ ઈશારો છે. ભરત મુનિએ આપેલી માહિતી ઘણી મૂલ્યવાન છે.

જૈન અને બૌદ્ધ ગ્રંથોમાં અવલોકન કરતાં જણાય છે કે તેમાં સંવાદનું તત્વ મહત્ત્વનો ભાગ ભજવે છે. મહાવીરે તથા બુદ્ધે લોકોને પોતાના ધર્મોપદેશ સમજાવવા માટે સંવાદરૂપી શત્રનો સફળતાથી ઉપયોગ કર્યો હતો. અશ્વઘોષનું શારીપુત્રપ્રકરણ નામનું નાટક તો દર્શાવ છે કે ધર્મના ઉપદેશ માટે નાટકો પણ રચાતાં હતાં.

પછીથી આર્ષકાવ્યો તરફ નજર નાખતાં પણ નાટકના વિકાસ અંગે મહત્ત્વનો સંકેત પ્રાપ્ત થાય છે. મહાભારત અને રામાયણમાંથી કેટલાક વિભાગો ગાવામાં આવતા હતા. કુશ અને હવે રામદરબારમાં રામાયણ ગાયું હતું એ સર્વીવદિત છે. વળી અભિનેતાઓ માટે વપરાતો **कुशिलव** શબ્દ પણ આ બાબતનો જ ખ્યાલ આપે છે. મહાભારતની કથા પણ ચારે બાજુએ સૂત લોકો સમાજમાં રજૂ કરતા હતા. આ વખતે તેઓ શુષ્ક અને નીરસ નિરૂપણ ન કરતાં જુસ્સાપૂર્વકની અને રસપ્રદ રજૂઆતની રીત અપનાવતા હતા. રામાયણમાં **नट** અને **नर्तक** શબ્દો પણ વપરાયા છે. આર્ષકાવ્યો દ્વારા આપણને નાટકના અગત્યના અંગ 'પાઠય' વિશે ખ્યાલ આવે છે. નાટકની ભજવણીમાં પાઠયનો મહત્ત્વનો ફાળો છે.

વ્યાકરણકારોની રચનાઓ પણ નાટ્ય વિકાસમાં મહત્ત્વનું સોપાન બની રહે છે. પાણિનિએ "**भिक्षुनटसुत्रयो:**" દ્વારા નટસૂત્રોનો ઉલ્લેખ કર્યો છે. વળી તેણે **जाम्बवतीविजय** નામનું નાટક લખ્યું હતું એમ પણ કહેવાય છે. પતંજલિના મહાભાષ્યમાંથી વધુ પ્રબળ પુરાવો મળી રહે છે. કૃષ્ણકથાને લગતું નાટક ભજવાતું હશે એવું પાકું અનુમાન પતંજલિએ આપેલાં ઉદાહરણોના વાક્યો પરથી તારવી શકાય છે. કાળા અને લાલ મુખવાળા નટોનો ઉલ્લેખ આ અનુમાનને દૃઢ કરે છે.

આ બધી ચર્ચાની તારવણી એ છે કે ૧. સંસ્કૃત નાટકનાં તત્ત્વોને છેક વેદકાળ સુધી લંબાવી શકાય છે. ૨. નાટક પર યજ્ઞક્રિયાની ઘેરી અસર થઈ. અને ૩. નાટકનું સ્વરૂપ ઘડવામાં ધર્મનો મોટો ફાળો છે. ભરતમુનિનો નાટ્યોત્પત્તિનો મત ઘણા વખત સુધી જળવાઈ રહ્યો હશે. કાલિદાસ પોતાના માલવિકાગ્નિમિત્ર (૧-૪)માં નાટકને 'દેવતાઓનો ચાલુપ યજ્ઞ' કહીને આ ૪ પ્રણાલિનો આદર કરે છે. સંસ્કૃત નાટકનો ધર્મમાંથી ઉદ્ભવ થયો. ધર્મે નાટ્ય પ્રણાલિને જન્મ આપ્યો અને ધર્મની ગોદમાં જ નાટક ફૂલ્યુંફાલ્યું.

કેટલાક પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય વિદ્વાનો ઉપરના પરંપરાગત મતને માન્ય કરતા નથી અને પોતાના અન્ય કલ્પનાજન્ય મતો પ્રસ્તુત કરે છે. વીન્ડીશના મતે સંસ્કૃત નાટકો ગ્રીક નાટકોના પ્રભાવ નીચે રચાયાં છે. (પશેલે આ મતનું જુસ્સાથી ખંડન કર્યું છે. લ્યૂડર્સ અને કોનોના મતે સંસ્કૃત નાટકનો ઉદ્ભવ છાયા નાટકમાંથી થયો છે. પણ આ મત પ્રામાણિક ગણાયો નથી. પિશેલે કઠપુતળીના ખેલને ઉદ્‌ગમસ્થઆન ગણાવ્યું છે. આ માટે તે 'સૂત્રધાર' અને 'સ્થાપક' શબ્દોનો સહારો લે છે. પણ સૂત્રધાર એટલે 'દોરી પકડનાર નહિ અને સ્થાપક એટલે કોઈ વસ્તુ લાવીને રાખનાર

નહિ. કઠપુતળીના ખેલમાંથી રસભાવાત્મક નાટકની ઉત્પત્તિ માનવી તે યુક્તિસંગત નથી. રિઝવે નાટકની ઉત્પત્તિના મૂળમાં વીરપૂજાને માને છે. રામલીલા અને કૃષ્ણલીલા આ સિદ્ધાંતનું સમર્થન કરે છે. કેટલાક વિદ્વાનો 'મે પોલ' નામના લોકનૃત્યને સંસ્કૃત નાટકનું મૂળ સમજે છે. ભારતમાં ઈન્દ્રધ્વજ પર્વ આ પ્રકારનું લોકનૃત્ય છે.

આ બધાં મંતવ્યો કોઈ પણ રીતે સ્વીકારી શકાય તેમ નથી. નાટ્યવેદની રચના બ્રહ્માએ ગ્રામ્યધર્મમાં પ્રવૃત્ત લોકોને રમકડું આપવા માટે કરી હતી. સૌ પ્રથમ ભજવાયેલ નાટક ખુદ બ્રહ્માએ રચેલું 'અમૃતમંથન' તથા 'ત્રિપુરદાહ' હતું. આનો પ્રથમ પ્રયોગ ઈન્દ્રધ્વજ મહોત્સવ વખતે થયો હતો. આથી સ્પષ્ટ થાય છે કે પંચમવેદ (નાટ્ય) ની ભજવણી બહુજનસમાજના ઉત્સવો વખતે થતી હતી. કર્મકાંડના વિધિ વખતે નાટક ભજવાતું એવી કેટલાક વિદ્વાનોની (ઋગ્વેદનાં સંવાદસૂક્તો બાબતની) માન્યતા સ્વીકારી શકાય તેમ નથી.

❖**<u>તમારી પ્રગતિ ચકાસો :-</u>**

**નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .**

**(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .**

(1) નાટકની ઉત્પત્તિ વિશે સૌ પ્રથમ ક્યાં ઉલ્લેખ મળે છે ?

(2) દેવો બ્રહ્મા પાસે શા માટે ગયા.?

(3) નાટકની સામગ્રી વેદમાંથી કેવી રીતે મળી આવે છે ?

(4) જૈન અને બૌદ્ધ ધર્મમાં નાટકનું કયું તત્ત્વ મળે છે ?

(5) આર્ષ કાવ્યોમાં નાટકનો વિકાસ જોવા મળે છે, કેવી રીતે ?

(6) બ્રહ્માએ કયુ નાટક લખ્યું હતું ?

| એકમ : 11 | વ્યાકરણ શાસ્ત્રની સંક્ષિપ્ત રૂપરેખા |
|---|---|

**:: રૂપરેખા ::**

**11.0** *ઉદ્દેશો*

**11.1 પ્રસ્તાવના**

**11.2 વ્યાકરણનું મહત્તવ**

**11.3 મુનિત્રય પરિચય**

**11.4 અષ્ટાધ્યામી અને પ્રક્રિયાગ્રંથો – પારિભાષિક સંજ્ઞાઓનો પરિચય**

## 11.0 ઉદ્દેશો

આ એકમ ભણ્યા બાદ આપ

- વ્યાકરણ શબ્દનો અર્થ - મુનિત્રય પરિચય - તેમના ગ્રન્થોનો સંક્ષેપમાં પરિચય પ્રાપ્ત કરી શકશો.
- વિવિધ વાક્યરચનાનો પ્રયોગ જાણી શકશો.
- વાક્ય રચનામાં ઉપયોગી કૃદન્તોનો પરિચય પ્રાપ્ત કરશો.
- સન્ધિના નિયમો જાણવાથી સંસ્કૃતભાષાને સારી રીતે શુદ્ધ રીતે વાંચી શકશો સમજી શકશો.

## 11.0 પ્રસ્તાવના

આ એકમમાં વ્યાકરણ શાસ્ત્રનો પરિચય, વ્યાકરણ શબ્દનો અર્થ, ખણ મુનિઓનો પરિચય - અષ્ટાધ્યાયી - પ્રક્રિયાસન્યો, વ્યાકરણની પરિભાષાણો, વાક્યરચનાઓ, કૃદન્તી, સંધિ તથા સમાસનો ઉદાનરણ સહિત પરિચય પ્રાપ્ત કરાવ્યો છે. આના અભ્યાસથી વિદ્યાર્થીમાં સંસ્કૃતભાષા પ્રત્યેની રુચિ વપશે તથા સંસ્કૃત ભાષાનું જ્ઞાન તથા સધિ-સમાસ વિષયક જ્ઞાન વધશે.

## 11.2 વ્યાકરણનું મહત્વ

પ્રકૃતિ-પ્રત્યયના સંયોગથી જે શબ્દ (પદ) બનાવવામાં આવે અથવા પ્રકૃતિ-પ્રત્યયમાં પદને વિભક્ત કરવામાં આવે તેને વ્યાકરણ કહેવાય.

દા.ત.,. राम् + टा > इ न > रामेण > राम + सु > राम> रु > रामः।

व्याक्तियन्ते व्युत्पाद्यन्ते शब्दाः अनेन इति व्याकरणम् ।

वि + आ + कृ + ल्युट् > अन । व्याकरणम् ધાતુને ल्युट् પ્રત્યય લાગે છે. ल्युट् માં યુ નો अन થઈને व्याकरण શબ્દ બને છે.

વ્યાકરણશાસ્ત્રનું મુખ્ય કાર્ય શબ્દ રચનાની સાથે સાથે સાધુ શબ્દોનું પ્રતિપાદન કરવાનું છે. વેદના છ અંગો વેદાંગમાં તેનું પ્રાધાન્ય સ્વીકારવામાં આવ્યું છે.

शिक्षा कल्पो व्याकरणं निरुक्तं छन्दसां चेतिः ।

ज्योतिषामयनं चैव षडंगोवेद उच्यते ।।

छन्दः पादौ तु वेदस्य हस्तौ कल्योऽथ पठ्यते

ज्योतिषामयनं चक्षुनिरुक्तं श्रोत्रमुच्यते

शिक्षा घ्राणं तु वेदस्य मुखं व्याकरणं स्मृतम् ॥

ભગવાન પતંજલિ મહાભાષ્યમાં વ્યાકરણની મહત્તા વિશે કહે છે ("ब्राह्मणे निष्कारणो धर्मः षडङ्गो वेदोऽध्ययो ज्ञेयश्च इति।" प्रधानं च षटषु अङ्गेषु व्याकरणम्। प्रधाने च कृतो यत्नः फलवान्भवति ।।)

"બ્રાહ્મણે કારણ વિના છ અંગો સહિત વેદનું અધ્યયન કરવું જોઈએ, છ અંગોમાં વ્યાકરણ પ્રધાન છે અને પ્રધાનમાં કરવામાં આવેલો પ્રયત્ન ફળવાન થાય છે. (व्या. महाभाष्य, पृ.६ चारुदेवशास्त्री)

તેથી ગુરુ શિષ્યને કહે છે.

यद्यपि बहुनाधीषे तथापि पठ पुत्र व्याकरणम् ।

स्वजनः श्वजनो मा भूत् सकलं शकलं सकृत्छकृत् ॥

હે પુત્ર ! તુ વધારે ન ભણ તો વાંધો નહીં, પણ વ્યાકરણ ચોક્કસ ભણજે. જેથી ઉચ્ચારણમાં સ્વજનની જગ્યાએ શ્વજન, सकलं ની જગ્યાએ शकलम અને सकृत ની જગ્યાએ પતંજલિ મુનિ વ્યાકરણાધ્યનનું પ્રયોજન દર્શાવતા લખે છે.

कानि पुनः शब्दानुशासनस्य प्रयोजनानि ? रक्षोहागमलम्वसन्देहाः प्रयोजनम् । અર્થાત્ રક્ષા (વેદોની), ऊह (વિભક્તિ વિપરિણામ), આગમ, લાઘવ(સરળતા) સન્દેહનિવૃત્તિ, આ વ્યાકણાધ્યનના મુખ્ય

પાંચ પ્રયોજનો છે. આ ઉપરાંત અન્ય ગૌણ પ્રયોજનો પણ દર્શાવ્યા છે. પાતંજલ મહાભાષ્યથી અવગત થાય છે.

અર્વાચીન ગ્રંથકારો પ્રધાનરૂપે આઠ વ્યાકરણ આચાર્યોનો ઉલ્લેખ કરે છે.

(१) ब्रह्मा (२) ऐशान (३) ऐन्द्र (४) प्राजापत्य (५) बार्हस्पत्य (६) त्वाष्ट्र (७) आपिशली (८) पाणिनि.

"ब्राह्मैशानमैन्द्रं च प्राजापत्यं बृहस्पतिम् ।

त्वाष्ट्रमापिशलं चेति पाणिनीय यथाष्टकम् ॥"

આમ ઈન્દ્રથી માંડી મહર્ષિ પાણિનિ સુધી અનેક વૈયાકરણો થયા જેમાંથી કેટલાંકનો ઉલ્લેખ प्रातिशाख्य વગેરે પ્રાચીન ગ્રંથોમાં મળે છે. પંડિત યુધિષ્ઠિર મીમાંસકે પાણિનિ પૂર્વે 85 વૈયાકરણો થયા હોવાનો ઉલ્લેખ કર્યો છે. (व्याकरणशास्त्र का इतिहास पृ.६७-६८)

સ્વયં પાણિનિએ પોતાની અષ્ટાધ્યાયમાં आपिशलि (અ.૬-૧-૯૨) काश्यप (અ. 1-2-25), गागर्य (અ. ૮-૩-૨૦), गालव (અ.૭-૧-૭૪), चाकवर्मन् (અ.૬-૧-૧૩૦), भारद्वाज (અ.૭-૨-૬૩),शाकटायन (અ.૩-૪-૧૧૧), शाकल्य (૧-૧-૧૬), सेनक (અ. ૫-૪-૧૧૨), स्फ़ोटायन (અ. ૩-૧-૧૨૩) એમ દસ આચાર્યોનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ આજે આપણને ઉપર્યુક્ત દસ આચાર્યોમાંથી કોઈનું વ્યાકરણ સંપૂર્ણરૂપે પ્રાપ્ત થતું નથી. તેનો માત્ર નિર્દેશ જોવા મળે છે. સંપૂર્ણ નિરવદ્ય લાઘવ યુક્ત વ્યાકરણ લખવાનો શ્રેય પાણિનિને જાય છે.

## 11.2 મુનિત્રય પરિચય

પાણિનિ - (ઈ.સ. પૂર્વે ૫મી થી ૪થી સદી)

મહર્ષિ પાણિનિના જીવન વિષે આપણને આધારભૂત કે શ્રદ્ધેય માહિતી પ્રાપ્ત થતી નથી.

"ત્રિકાણ્ડશેષ'માં પુરુષોત્તમદેવ પાણિનિના પર્યાયવાચક નામો આ પ્રમાણે ગણાવે છે.

(१) पाणिन (२) पाणिनि (३) दाक्षीपुत्र (४) शालातुरीय (५) आह्निक (६) शालङ्कि

**I.** पाणिनि - આ ગ્રંથકારનું સર્વમાન્ય પ્રચલિત નામ છે. આ નામની વ્યુત્પત્તિ બાબતે વૈયાકરણોમાં બે મત પ્રચલિત છે.

(૧) 'पाणिन' ને અપ્રત્ય અર્થમાં **अण** પ્રત્યય લાગીને 'पाणिन' શબ્દ બને. તેમ ફરીથી અપ્રત્યય અર્થમાં 'इञ' પ્રત્યય લાગી 'पाणिनी' શબ્દ નિષ્પન્ન થાય છે.पाणिनोडपत्यमित्यण पाणिनः। पाणिनस्यापत्यं युवेति इञ् पाणिनिः । महाभाष्य-प्रदीप (૧-૧-૭૩)

पणिनो गोत्रपत्यं पाणिनि: ।

**II.** દાક્ષીપુત્ર - આ નામનો ઉલ્લેખ મહાભાષ્ય તથા શ્લોકોત્મક પાણિનીય શિક્ષામાં પ્રાપ્ત થાય છે.

सर्वे सर्वपदादेशा दाक्षीपुत्रस्य पाणिनेः । (મહાભાષ્ય ૧-૧-૨૦)

शंकरः शांकरी प्रादाद् दाक्षीपुत्राय धीमते। *શ્લોક - ૫૬*

(વધુ માટે જુઓ संस्कृत व्याकरणशास्त्र का इतिहास *પૃ.૧૧૬)*

પંડિત યુધિષ્ઠિર મમાંસકે પાણિનિનો સમય લગભગ ૨૯૦૦ ઈ.પૂર્વે માન્યો છે. ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલ પાણિનિનો સમય ૫૦૦ ઈ. પૂર્વનો મધ્યકાલ સ્વીકારે છે. અને પાણિનિને નન્દરાજા મહાનન્દના સમકાલીન બતાવે છે.

પંડિત યુધિષ્ઠિર મીમાંસક તેમના જન્મસ્થાન વિષે કહે છે કે

"शालातुर" (शालातुर) પાણિનિના પૂર્વજોનું નિવાસસ્થાન હતું તેઓ પાણિનિને વાહીકદેશ અથવા તેના નિકટવર્તી દેશના નિવાસી માને છે. (शलातुरो नाम ग्रामः सोऽभिजनोऽस्यास्तीति शालातुरीयः तत्र भवान् पाणिनिः )

પાણિનિના ગુરુનું નામ 'વર્ષ' હતું. કાત્યાયન અને પાણિનિ આચાર્ય વર્ષને ત્યાં સાથે અધ્યયન કરતાં હતાં. આચાર્યે પોતાની દીકરીના લગ્ન કાત્યાયન સાથે કર્યા તેથી પાણિનિ ખિન્ન થયા. શિવની ઉપાસના કરી, ૧૪ માહેશ્વર સૂત્રો પ્રાપ્ત કર્યા.

नृत्तावसाने नटराजराजो ननाद ढक्कां नवपञ्चवारम् ।

उद्धर्तुकामः सनकादिसिद्धान् एतद्विमर्शे शिवसूत्रजालम् ॥

એક દંત કથા પ્રમાણે પાણિનિ અધ્યયનમાં બહુ કુશળ નહોતા.

अथ कालेन वर्षस्य शिष्य वर्गो महानभूत ।

तत्रैक: पाणिनिर्नामजडबुद्धितरोड भवत् ॥ (કથા, લમ્બક - ૧તરંગ - ૪ શ્લોક - ૨૦)

પંચતંત્રમાં એક શ્લોક ઉદ્ઘૃત છે જેમાં પાણિનિ, જૈમિનિ અને પિંગલના મૃત્યુની ઉલ્લેખ છે.

"सिंहो व्याकरणस्य कर्तुगहरत् प्राणान् प्रियान् पाणिनेः

मीमांसा कृतमुन्ममाथ सहसा हस्ती मूनि जैमिनिम् ।

छन्दोज्ञाननिधि जघान मकरो वेलातटे पिङ्गलम्

अज्ञानावृत्तचेतसामतिरुषां कोऽर्थस्तिरश्चां गुणैः ॥"

અર્થાત્ પાણિનિનું મૃત્યુ સિંહને કારણે ત્રયોદેશીના દિવસે થયું હતું, અંતઃ આજે પણ 'ત્રયાદેશી' ના દિવસે પાણિનિ વ્યાકરણનું પઠન-પાઠન થતું નથી.'

પાણિનિના ગ્રંથનું નામ અષ્ટાધ્યાયી છે. આ ગ્રંથમાં લગભગ ૪૦૦૦ જેટલાં સૂત્રો નિબદ્ધ છે. (૩૯૯૬ સૂત્રો)

त्रीणि सूत्र सहस्त्राणि तथा नवशतानि च ।

षण्णवति च सूत्राणां पाणिनिः कृतवान्स्वयम् ॥

અષ્ટાધ્યાયીની રચના કરવાની સાથે સાથે તેમણે ધાતુપાઠ, ગણપાઠ, ઉષ્ણાદિસૂત્ર અને લિગાનુશાસનની રચના કરી છે. તેમણે અન્ય ગ્રન્યો શિક્ષાસૂત્ર, જામ્બવતી વિજય (પાતાળવિજય)તથા દ્વિરૂપકોશની રચના કરી છે. અષ્ટાપ્પાવીના પ્રથમ અધ્યાયમાં શાસ્ત્રીય વ્યવહારોપયોગી સંજ્ઞાઓ દર્શાવી છે. સાથે પરિભાષા પણ દર્શાવી છે. દ્વિતીય અધ્યાયમાં સમાસ તથા કારકની ચર્ચા કરી છે. તૃતીય અધ્યાયમાં 'कृत्य' અને 'कृत' પ્રત્યય સમજાવ્યા છે. ચતુર્થ પંચમ અધ્યાયમાં તદ્ધિત પ્રત્યયનું વિવરણ છે. ષષ્ઠ અધ્યાયમાં તિઙ્ન્ત સંધિ તથા સ્વર સંબંધી નિયમો આપ્યાં છે. સાતમા અધ્યાયમાં સુબન્ત-તિઙન્તની ચર્ચા છે. તથા આઠમા અધ્યાયમાં દ્વિત્વ-વિધાન. સ્વર વૈદિક પ્રક્રિયા, સન્ધિપ્રકરણ, ષત્વ તથા નત્વ વિધાયક સૂત્રોનો સમાવેશ છે. પાણિનિએ પોતાના ગ્રંથની રચના સૂત્રશૈલીમાં કરી છે.

स्वल्पाक्षरमसंदिग्धं सारवत् विश्वतोमुखम् ।

अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥

સૂત્રશૈલીમાં ગ્રન્થ રચવાનું પ્રયોજન છે ઘણો મોટો વિષય લાઘવતાથી રજૂ કરી શકાય.પાણિનિની લાઘવ સિદ્ધિ અજોડ છે. "अर्धमात्रशलाघवेन पुत्रोत्सवं मन्यन्ते वैयाकरणाः" સૂત્રોના છ પ્રકાર છે.

संज्ञा च परिभाषा च विधिनियम एव च ।

अतिदेश अधिकारश्च षड्विधं सूत्रमुच्यते ।।

પાણિનિનું વ્યાકરણ લાઘવયુક્ત હોવાની સાથે સાથે નિરવદ્ય અને સંપૂર્ણ છે તેમાં કોઈપણ વર્ણ અનર્થક નથી..

જયાદિત્ય – उदक् च विपाशः સૂત્રની વૃત્તિમાં લખે છે.

"महती सूक्ष्मेक्षिका वर्तते सूत्रकारस्य ।" પાણિનિના સૂત્રરચનાની દૃષ્ટિ સૂક્ષ્મ છે.

શ્રી મોનિયર વિલિયમ્સ કહે છે, ‘‘સંસ્કૃત વ્યાકરણ માનવ મસ્તિષ્કની પ્રતિભાનો આશ્ચર્યત્તમ નમૂનો છે. જેને કોઈ દેશે. આજ સુધી પ્રસ્તુત કર્યો નથી. પ્રો. મેક્સક્ષ્યુલર કહે છે.’’ હિન્દુઓના વ્યાકરણના અન્વયની યોગ્યતા સંસારની કોઈપણ જાતિના વ્યાકરણ સાહિત્ય કરતાં ચઢિયાતી છે.

**કાત્યાયન (વાર્તિકકાર) (ઈ.સ.પૂર્વે. ૫મી થી ૪ થી સદી)**

उक्तानुरुदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते ।

तं ग्रन्यं वार्तिकं प्राहुवार्तिकशाः मनीषिणः॥ (પરાશર પુરાલ)

અર્થાત્ જે ગ્રંથમાં ઉક્ત, અનુક્ત, દુરુક્ત, વિષયો ઉપર વિચાર કરવામાં આવ્યો હોય તે અન્યને વાર્તિકજ્ઞ મનીષી વાર્તિક કહે છે.

उक्तानुक्तदुरुक्तचिन्ता वार्तिकम् । (काव्यमीमांसा)

પાણિનીય વ્યાકરણ ઉપર જેટલાં વાર્તિકો લખાયા છે. એમાં કાત્યાયનનાં વાર્તિકો પ્રસિદ્ધ છે. મહાભાષ્યમાં કાત્યાયનના વાર્તિકોની વ્યાખ્યા કરવામાં આવી છે. પતંજલિ મહાભાષ્યમાં પતંજલિ બે સ્થાને કાત્યાયનને વાર્તિકકાર કહે છે.

પુરુષોત્તમદેવ ત્રિકાવડશેષમાં કાત્યાયનના (૧) કાત્ય, (૨) કાત્યાયન (૩) પુનર્વસુ (૪) મેધાજિત્ (૫) વરરુચિ નામોનો ઉલ્લેખ કરે છે.

"मेघाजित् कात्यायनश्च सः । पुनर्वसुर्खरुचिः ।"

પતંજલિ મહાભાષ્યને આધારે જણાય છે કે કાત્યાયન દાક્ષિણાત્ય હતા. "प्रियतद्धि दाक्षिणात्याः यथा लोके वेदे बेति प्रयोक्तव्ये यथा लौकिक वैदिकेषु प्रयुञ्जते ।" જયારે કથાસરિતસાગર વાર્તિકકાર કાત્યાયનને કૌશામ્બીના નિવાસી દર્શાવે છે. કાત્યાયન શબ્દ વસ્તુત ગોત્રપ્રત્યયાન્ત છે. પંડિત યુધિષ્ઠિર મીમાંસકના મતે વરરુચિ કાત્યાયન શુક્લ ૫જુર્વેદની આંગિરસ રસાયન શાખાના પ્રવર્તક કાત્યાયનના પુત્ર અને યાજ્ઞવલ્ક્યના પૌત્ર હતા.

કાત્યાયનનું વાર્તિકપાઠ પાણિનિ વ્યાકરણનું અત્યન્ત મહત્વપૂર્ણ અંગ છે. આના અધ્યયન સિવાય પાણિનીય વ્યાકરણનું અધ્યયન અધૂરું ગણાય. મહાભાષ્યમાં કાત્યાયનના વાર્તિકોનો ઉલ્લેખ છે. આ વાર્તિકોમાં પાણિનિના ૧૫૦૦ સૂત્રોની વ્યાખ્યા આલોચના છે.

**પતંજલિ (મહાભાષ્યકાર) (ઈ.સ. પૂર્વે ૨૦૦-૧૫૦)**

सूत्रायों वण्यते यत्र वाक्यैः सूत्रानुसारिभिः ।

स्वपदानि च वर्ण्यन्ते भाष्यं माध्यविदो विदुः ॥

વરરુચિ કાત્યાયન પછી પાણિનીય વ્યાકરણ-પરંપરામાં ત્રીજું મહત્ત્વનું નામ છે, પતંજલિ.પતંજલિએ પાણિનીય વ્યાકરણ ઉપર એક મોટી ટીકા લખી જે સંસ્કૃત વાડમયમાં મહાભાષ્યના નામે પ્રસિદ્ધ થઈ, તેમણે વ્યાકરણ જેવા જટિલ, શુષ્ક મનાતા વિષયને પોતાની વિશિષ્ટ પ્રતિભાથી પોતાના ગ્રંથમાં સરળતા અને પ્રાંજલતા બક્ષી છે. મહાભાષ્યમાં પરસ્પર વિરોષ જણાય છે ત્યારે તે સ્થળે મહાભાષ્યને પ્રમાણિક માનવામાં આવે છે.

"**यथोत्तरं मुनीनां प्रामाण्यम्** । (નાગેશ, ઉદ્યોત)

પ્રાચીન ગ્રંથોમાં પતંજલિ गोनर्दिय, गोणिकापुत्र, नागनाथ, अहिपति, फणिभूत, शेषराज शेषाहि, चूर्णिकार અને पदकार નામો પ્રસિદ્ધ છે.

યોગસૂત્ર, વ્યાકરણ મહાભાષ્ય તથા ચરકસંહિતાના રચયિતા એક જ વ્યક્તિ હતા અને તે પતંજલિ

योगेन चित्तस्य पदेन वाचां मलं शरीरस्य तु वैद्यकेन ।

योऽपाकरोत्तं प्रवरं मुनीनां पतञ्जलिं पाञ्जलिरानतोस्मि ॥

*(મંગલ શ્લોક પ્રદીપ ટીકા, કૈયટ.)*

*મહાભાષ્ય* अरुणद् यवनः साकेतम्, अरुणत् पवनो माध्यमिकाम् तथा इह पुण्यमित्रं याजयामः । *ઉદાહરણો મળે છે જેના આધારે કેટલાંક વિદ્વાનો એમનો સમય ૨૦૦ ઈ.પૂ. નિર્ધારિત કરે છે. યુધિષ્ઠિર મીમાંસક તેમનો સમય ૧૨૦૦ વિ.પૂર્વે માને છે. વળી કેટલાંક* अभिजानासि देवदत्त कश्मीरान् गमिष्यामः तत्र सख्त पास्यामः (महाभाष्य ३-२-११४) *વચનોને આધારે કશ્મીરને એમની જન્મભૂમિ માને છે. કેટલાંક તેમને* 'गोनर्द' (ગોંડા) જિલ્લાના નિવાસી માને છે. એમના જન્મ સ્થાન વિષે નિશ્ચિત કહી શકાતું નથી. પરન્તુ તેઓ અધિકાંશ પાટલિપુત્રમાં રહ્યાં હતાં."अनुशोणं पाटलिपुत्रम्"

*પતંજલિના નામ વિષયક એક દંતકથા અત્યન્ત પ્રસિદ્ધ છે. ચિદમ્બર પ્રદેશમાં 'ગોલિકા નામની મહા સતી પ્રાજ્ઞ પુત્ર પ્રાપ્તિની કામનાથી મહેશ્વરની આધારના કરી રહી હતી. એક દિવસ ગોણિકા ભગવાન સૂર્યને અર્ઘ્ય આપતી હતી ત્યારે ગોણિકાની અંજલિમાં (હથેળીમાં) ભગવાન શેષ સર્પ રૂપે દેખાયા.*

*ગૌલિકા આનંદવિભોર થઈ ગઈ ત્યારબાદ તેણી ભગવાન શેષને બાળકના સ્વરૂપયો પામી. તે દિવસે જ તેનું નામ પંતજલિ* (पतत्अञजलि) *રાખ્યું.*

પતંજલિએ પોતાના ગ્રન્થમાં સુબોધશૈલીમાં કાત્યાયન પ્રણીત વાર્તિકોનું ખંડન તથ પાણિનિ સૂત્રોનું મંડન કર્યું છે. તેમની ભાષા લાંબા લાંબા સમાસોથી રહિત. નાના નાના વાક્યોથી યુક્ત અત્યંત સરળ અને અતીવ પ્રાંજલ છે. તદુપરાંત પતંજલિએ પોતાના પ્રન્થમાં તત્કાલીન સામાજિક, ધાર્મિક, ઐતિહાસિક, ભૌગોલિક, અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કર્યો છે. અતઃ ભર્તૃહરિ કહે છે મહાભાષ્ય માત્ર વ્યાકરણ શાસ્ત્રનો જ નહિ પરન્તુ સમસ્ત વિદ્યાઓનો આકર ગ્રન્થ છે.

પતંજલિના સમય પછી અષ્ટાધ્યાયી તથા મહાભાષ્ય ઉપર અપરિમિત ટીકાઓ રચાઈ જેમાં સૌપ્રથમ વિ.સં. ૬૫૦-૭૦૦ના મધ્યકાલમાં વામન અને જયાદિત્યે 'કાશિકાવૃત્તિ'ની રચના મળે છે ત્યારબાદ વિ.સં. ૪૫૦ની પૂર્વે ભર્તૃહરિ નામના વૈયાકરણ થયા જેમણે ''વાક્યપદીય' નામનો વ્યાકરણનો દાર્શનિક ગ્રન્થ રચ્યો. તથા મહાભાષ્ય ઉપર ''મહાભાષ્ય દીપિકા' નામની ટીકા લખી. ઈ.સ. ૧૧૦૦ માં કૈયટ નામના કશ્મીરી પંડિતે મહાભાષ્ય ઉપર અત્યન્ત મહત્ત્વપૂર્ણ 'પ્રદીપ' નામની ટીકા લખી ત્યારબાદ વિ.સં.૧૪૦૦ માં પં.રામચન્દ્રે "પ્રક્રિયા કૌમુદી' ની રચના કરી. ત્યારબાદ ભટ્ટોજિદીક્ષિતે (૧૫૭૦ થી ૧૬૫૦) અષ્ટાધ્યાયી સહિત ઉણાદિસૂત્ર ફિટસૂત્ર, લિંગાનુશાસન, ગણપાઠ ને સમાવતા 'સિદ્ધાન્તકૌમુદી' નામના ગ્રંથની રચના કરી આ ગ્રંથ વિષે કહેવાય છે.

"कौमुदी यदि चायाति वृथा भाष्ये परिश्रमः ।

कौमुदी यदि नायाति वृथा भाष्ये परिश्रमः ।"

ભટ્ટોજિ મહારાષ્ટ્ર પ્રાન્તના બ્રાહ્મણ હતા. એમના પિતાનું નામ લક્ષ્મીધર અને ગુરુનું નામ શેપકૃષ્ણ હતું. તેમણે પોતાના ગ્રન્થ ઉપર ''પ્રૌઢમનોરમા'' નામની સ્વોપજ્ઞ ટીકા લખી જેનું ખંડન પંડિતરાજ જગન્નાથે ''પ્રૌઢમનોરમા કુચમર્દિની'' નામની ટીકામાં કર્યું છે. તદુપરાંત તેમણે અષ્ટાધ્યાયી ઉપર 'શબ્દકૌસ્તુભ' નામની ટીકા રચી.

તથા તેમનો 'वेदभाष्यसार' નામનો ગ્રંથ ભારતીય વિદ્યાભવન મુંબઈથી પ્રકાશિત થયો છે.

ભટ્ટોજિદીક્ષિત પછી અત્યન્ત મહત્ત્વપૂર્ણ નામ છે વરદરાજનું તેઓ દાક્ષિણાત્ય બ્રાહ્મણ હતા. (૧૭મી સદી) તેમણે સમ્પાદન કરેલી 'મધ્યસિદ્ધાન્તકૌમુદી'

ના આધારે જણાય છે કે તેઓ ભોજિદીક્ષિતના શિષ્ય હતા. એમના પિતાનું નામ દુર્ગાતનય હતું.

તેમણે ગુરુની આજ્ઞાથી (૧)લઘુસિદ્ધાન્તકૌમુદી (૨)મધ્યસિદ્ધાન્તકૌમુદીનું સમ્પાદન કર્યું. લઘુસિદ્ધાન્તકૌમુદીનું સંસ્કૃત પાણિનીય વ્યાકરણમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા અધ્યેતાઓ માટે પ્રવેશ દ્વાર છે. આ ગ્રન્થમાં જટિલ સૂત્રોનો સમાવેશ નથી મૌલિકગ્રન્થ ન હોવા છતાં પાણિનીય વ્યાકરણની લોકપ્રિયતા વધારવા તેમણે ઘણું યોગદાન આપ્યું છે.

## 11.3 અષ્ટાધ્યાયી અને પ્રક્રિયાગ્રંથો

*'મહાભાષ્ય પ્રદીપ'માં સૂત્રકાર, વૃત્તિકાર, વાક્યકાર, પદકાર અને મહાભાષ્યકાર વગેરે વિવિધ આચાર્ય પરંપરાઓનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે પરન્તુ કોઈ પ્રક્રિયાકારનો ઉલ્લેખ મળતો નથી. આપણે જેને પ્રક્રિયારૂપે જાણીએ છીએ એનો પ્રારંભ તો પાણિનિ વ્યાકરણની પૂર્વે બીજરૂપે જોઈ શકાય છે. પાણિનિ અષ્ટાધ્યાયીના દરેક પાદનાં 'અધ્યાય'માં વિષયક્રમ જોવા મળે છે. સમાસ, તદ્ધિત અને કૃદન્ત પ્રકરણો તો સ્વતંત્રરૂપે જ નિરૂપાયાં છે. છતાં પણ એક સમય એવો આવ્યો જ્યાં શબ્દોની રૂપસિદ્ધિ પ્રમુખ મનાવા લાગી. દુર્ગાચાર્યના મતે રૂપસિદ્ધિની પ્રક્રિયા સંબંધે જે મતભેદ છે તે પ્રાચીન છે. આ મતભેદ પૂર્વેમાં વધુ આદરણીય ઐન્દ્ર વ્યાકરણની પદ્ધતિની ભિન્નતાને કારણે છે. જો કે મહાભાષ્યની ચિન્તનપદ્ધતિ તથા વૃત્તિકારોની વ્યાખ્યાનપદ્ધતિમાં રૂપસિદ્ધિની પ્રક્રિયાને એટલું મહત્ત્વ આપ્યું નથી. તેમની દૃઢ શ્રદ્ધા હતી કે રૂપસિદ્ધિ જ વ્યાકરણનો સાર નથી. વ્યાકરણનું તત્ત્વ સમજી લીધા પછી તે સ્વયં સમજાય જાય છે. તેથી રૂપસિદ્ધિના પ્રયાસનો આભાસ સુદ્ધા આપણને* મહાભાષ્ય તથા તેના પરવર્તી ગ્રંન્થોમાં જોવા મળતો નથી. પરંતુ 'શબ્દપારાયણ' તથા 'નામ પારાયણ' ની પરંપરા-પ્રતિપદપાઠની ઈન્દ્રપૂર્વેની બૃહસ્પતિ પ્રોક્ત પદ્ધતિ 'પારાયણ' પરંપરા પર આધારિત હતી. પછીના સમયમાં આ પરંપરા 'રૂપાવતાર' જેવા રૂપસિદ્ધ કરનારા પ્રક્રિયાગ્રન્થોની આધારરૂપ બની.

પાણિનીય વ્યાકરણ પરંપરામાં 'રૂપાવતાર' પ્રક્રિયા પ્રકારનો પ્રથમ ગ્રન્થ છે. જેણે પરવર્તીય પાણિનિ વ્યાકરણને એક નૂતન દિશા આપી. આ પરંપરામાં 'સિદ્ધાન્તકૌમુદી' ગ્રન્થ જેટલો લોકપ્રિય બન્યો એટલો અન્ય ગ્રન્થ ન બન્યો. સિદ્ધાન્તકૌમુદીના 'લઘુ' અને 'મધ્ય' એમ બે સંસ્કરણો પણ બન્યાં. સરલીકરણની આ પ્રક્રિયામાં એવો સમય આવ્યો કે પાઠયક્રમમાંથી પાણિનીય અષ્ટાધ્યાયીની પરંપરાનો લોપ થયો. કાશિકાનું પઠન-પાઠન પણ બંધ થયું. શિક્ષા પદ્ધતિમાં પ્રક્રિયાગ્રન્થોનું મહત્ત્વ નિરન્તર વધતું ગયું. આ જોતાં સામાન્ય જન ને તો એમ લાગતું હતું કે સંસ્કૃતનો પ્રચાર-પ્રસાર વધે છે. કદાચ એમ પણ લાગે કે સંસ્કૃત વ્યાકરણ લોકપ્રિય બની રહ્યું છે. પરન્તુ અફસોસ એ વાતનો છે કે સંસ્કૃત વ્યાકરણનો અર્થ તેનું મહત્ત્વ ઘટ્યું અને ફક્ત રૂપસિદ્ધિનું ઉપાદાન બની રહ્યું. જેમાં તેનું વાસ્તવિક સ્વરૂપ તિરોહિત થઈ ગયું. એનું પરિણામ એ આવ્યું કે નૂતન વ્યાકરણોની રચના તથા તેનો પ્રસાર પાણિનીય વ્યાકરણને ડગાવી ન શક્યા. તે પ્રક્રિયાગ્રન્થોની લોકપ્રિયતાએ તેને તેના

સ્થાનથી ડગાવી દીધું. મૂલતઃ" પાણિનીય અષ્ટાધ્યાયીની રચના વિષય અને પ્રસંગાનુસાર જ થઈ છે. અષ્ટાધ્યાયી અને તેની વચ્ચે શું અંતર છે?

તો અષ્ટાધ્યાયી વચ્ચે સૌથી મોટુ અન્તર એ ઊભું થયું કે સામાન્ય અભ્યાસુને એવો આભાસ થયો કે પાણિનીય ચિન્તનક્રમ સરળ નથી અને તેથી તે સ્વીકાર્ય નથી. આમ કરવાથી પ્રશ્ન એ ઉપસ્થિત થયો કે એક-એક પદ સાધુ-અસાધુ છે એમ બતાવવા ભિન્ન-ભિન્ન સ્થાનોથી સૂત્ર લઈને તે વિશેષ સ્થાન પર રૂપસિદ્ધ કરવા માટે માટે ગોઠવવામાં આવ્યા. વાચકને તો એમ લાગે છે કે કોઈ વાત એક નિશ્ચિત ક્રમમાં જ કહેવાઈ રહી છે. તે તો સૂત્રોને અનિયમિત ન માનીને નિયમિત અને વ્યવસ્થિત માનવા લાગ્યો. પરન્તુ રૂપસિદ્ધિની સરળતાના વ્યાજ હેઠળ આમ તેમથી ભેગા કરેલા સૂત્રોનો એક એવો ક્રમ રચાય છે જેથી રૂપસિદ્ધિનું કાર્ય અભ્યાસુને સરળ લાગે છે પરંતુ સૂત્રાર્થને જાણવાની સમસ્યા ઊભી થાય છે. ત્યારે તેને સમજાય છે કે સરળતાની એક એવી મોહ જાળમાં ફસાયો છે જેમાંથી નીકળવા માટે પુનઃ તેને પાણિનીય ક્રમનો સહારો લેવો પડે છે.

પ્રક્રિયાગ્રન્થની પદ્ધતિનો લાભ એ છે કે શબ્દોની તાત્કાલિક રૂપસિદ્ધિની સમસ્યા ઉકેલી શકાય છે પરન્તુ સૌથી મોટું નુકશાન એ છે કે નિયમો તથા સૂત્રો દ્વારા રૂપસિદ્ધિની આ સમસ્યા ઉકેલાતી જણાય છે, સૂત્રો સ્વતઃ પ્રકરણ બાહ્ય તથા અગ્રાહ્ય પ્રતીત થાય છે. અષ્ટાધ્યાયીક્રમના અધ્યયનમાં નિશ્ચિતક્રમમાં અધ્યયન કરતો હોવાથી રૂપસિદ્ધિમાં તેના વિનિયોગને યથાક્રમ જાણતો હતો. તેને ઓછામાં ઓછી વૃત્તિઓ યાદ રાખવી પડતી હતી. કારણ કે, તે સમગ્ર ક્રમથી વાકેફ રહેતો હતો. તે વાચક પ્રસંગાનુસાર તે તે સૂત્રો તથા નિયમોથી પરિચિત હતો પરન્તુ હવે તેને નિયમો જાણવા માટે ગ્રન્થમાં નિર્દિષ્ટ વૃત્તિ પર આધારિત રહેવું અનિવાર્ય થઈ પડ્યું અને તેને રૂપસિદ્ધિની પ્રક્રિયા સરળ એટલા માટે લાગવા લાગી કારણ કે તે રૂપસિદ્ધિના ક્રમે જ જાણવા લાગ્યો.

પ્રક્રિયાગ્રંન્થોની પરંપરા ધર્મકીર્તિના 'રૂપાવતાર' થી શરૂ થાય છે. ત્યારપછી જે પ્રકરણગ્રંન્થો આવે છે તેમાં 'પ્રક્રિયાકૌમુદી' છે જેના રચયિતા રામચન્દ્ર છે. ત્યારપછી 'પ્રક્રિયાસર્વસ્વ' જેના રચયિતા છે નારાયણ ભટ્ટ. ત્યારબાદ આ પ્રક્રિયાનો સર્વપ્રસિદ્ધ માન્યગ્રન્થ છે 'સિદ્ધાન્તકૌમુદી' જેના રચયિતા છે ભટ્ટોજિ દીક્ષિત. જેના બે લઘુ સંસ્કરણો થયા છે 'મધ્યકૌમુદી' 'લઘુકૌમુદી' જેમાં પ્રકરણ તથા આવશ્યકતાનુસાર સૂત્રક્રમમાં ફેરબદલ કરવામાં આવ્યો છે.

***રૂપાવતાર :***

*ઈ.સ. ૧૦૯૦ની આસપાસ આ ગ્રંથ રચાયો છે. તેના રચયિતા છે ધર્મકીર્તિ. જે પ્રસિદ્ધ બૌદ્ધ નૈયાયિકથી ભિન્ન છે. ધર્મકીર્તિએ સૌ પ્રથમ પ્રક્રિયાક્રમના આધારે 'રૂપાવતાર' ની રચના કરી. પ્રક્રિયાગ્રન્થોના વિકાસને સમજવા માટે આ ગ્રંથનું જ્ઞાન અત્યન્ત ઉપયોગી છે. પ્રક્રિયાકૌમુદીનું પ્રેરણાસ્રોત આ ગ્રન્થ છે. બન્ને ગ્રન્થોમાં સમાનતા એ જણાય છે કે નામરૂપોની સાથે તદ્ધિત, સ્ત્રીપ્રત્યય વગેરેનો ઉલ્લેખ છે*

તથા ધાતુ અથવા ક્રિયાપદોની સાથે કૃત-કૃત્યાદિનો ઉલ્લેખ છે. આ દૃષ્ટિએ પણ રૂપાવતારનું વિશેષ મહત્ત્વ છે. બન્ને ગ્રન્થોમાં બીજી સમાનતા એ છે કે બન્નેમાં પાણિનિ અષ્ટાધ્યાયીના બધા સૂત્રોને ખપાવવાની કોશિશ કરી નથી. બન્ને ગ્રંથોમાં પ્રધાન પ્રક્રિયાના વ્યાખ્યાન માત્ર સુધી જ પોતાને સીમિત રાખ્યા છે. પાણિનીય મતને પ્રક્રિયાક્રમે દર્શાવવો અથવા પ્રક્રિયાને પાણિનિ મત અનુસાર દર્શાવવો આ ગ્રંથનું લક્ષ્ય છે.

ગ્રંથના 'ધાતુ પ્રત્યયપંચિકા'ના પ્રારંભમાં વિદ્યાર્થીને સરળતા રહે એ માટે **टित्** અને **डीत्** લકારોનો પરિચય આપ્યો છે. અને સાથે સાથે વિવિધ ભેદોના નામકરણ **लट्, लिट्, लुट्-** ની ઉપયોગિતા પણ સ્પષ્ટ કરી છે આમ કરવાથી વિદ્યાર્થીને કોઈપણ વિષયનું જ્ઞાન એક જ પ્રકરણમાં પૂર્ણતાથી કરાવવું હિતાવહ નીવડે છે. બીજું રૂપાવતારમાં ધાતુ અને લકારોને મુખ્ય ગણ્યા છે જ્યારે વૃત્તિ વગેરે ગ્રંથોમાં અને પરવર્તી પ્રક્રિયાગ્રન્થોમાં સૂત્ર, તેની વૃત્તિ, ઉદાહરણ અને પ્રત્યુદાહરણની પ્રધાનતા છે. નામ અને આખ્યાતના રૂપોની સિદ્ધિ ત્યાં ગૌણરૂપે છે. આ ગ્રન્થમાં લકારની પ્રધાનતા હોવાથી સૂત્ર અને તેની વૃત્તિનું સ્થાન ગૌણ છે. કોઈપણ રૂપની સિદ્ધિમાં પ્રયુક્ત સૂત્રની માત્ર જે તે સ્થાનની ઉપયોગિતા જ દેખાય છે. 'રૂપાવતાર' પર શંકરરામે એક ટીકા લખી હતી. જે ટીકાનું નામ 'નીવિ' છે.

**પ્રક્રિયાકૌમુદી-**

ભટ્ટોજિ દીક્ષિતના પ્રાદુર્ભાવથી લગભગ બસો વર્ષ પહેલાં સિદ્ધાન્ત કૌમુદીની આધાર શિલા રોપાઈ હતી. તેનો આકાર-પ્રકાર પણ સ્પષ્ટ થઈ ગયો હતો. પછીના સમયમાં જેનો ખૂબ પ્રચાર-પ્રસાર થયો તથા 'અષ્ટાધ્યાયી' ના અધ્યયનના હ્રાસમાં જેનું ખૂબ જ યોગદાન છે. તે ગ્રંથનું નામ છે 'પ્રક્રિયાકૌમુદી' જેના રચયિતા છે રામચન્દ્ર. પોતાના ગ્રન્થની રચના માટે રામચન્દ્રે રૂપાવતારને પોતાનો આધાર બનાવ્યો. રામચન્દ્ર ઈ.સ. ૧૪૦૦ માં થયા. તેમણે ત્રણ ગ્રન્થો લખ્યો છે. (૧) પ્રક્રિયાકૌમુદી, (૨) કાલનિર્ણયદીપિકા (૩) વૈષ્ણવસિદ્ધાન્ત દીપિકા.

આ ગ્રન્થમાં ધાતુ અથવા શબ્દોની પ્રધાનતા નથી પરન્તુ સૂત્ર અને તેની વૃત્તિની સાપેક્ષ પ્રધાનતા છે. તથા ક્રમ ગણની દૃષ્ટિએ છે લકારોની દૃષ્ટિએ નહીં. સિદ્ધાન્તકૌમુદી તથા અન્ય પ્રક્રિયાગ્રન્થો માટે 'પ્રક્રિયાકૌમુદી' આદર્શ તથા પ્રેરણાપ્રદ કૃતિ સિદ્ધ થઈ છે. 'પ્રક્રિયાસર્વસ્વ'ના રચયિતા નારાયણે આ ગ્રન્થ તથા ગ્રન્થકારનું સ્મરણ અનેક સ્થાને આદરપૂર્વક કર્યું છે જયારે ભટ્ટોજિ દીક્ષિતે તેમનું સ્મરણ પ્રેરણાદાતા તરીકે કર્યું નથી. એટલું જ નહીં તેઓ તેમના દ્વારા નિર્દિષ્ટ પ્રક્રિયા તથા વૃત્તિઓનું ખંડન કરે છે. મહત્ત્વની વાત એ છે કે આ ખંડન તેઓ ત્યારે કરે છે જ્યારે પ્રક્રિયાકૌમુદીના ક્રમ, વૃત્તિ અને ઉદાહરણોને બહુલતયા એના એજ રૂપે તેમણે સ્વીકાર્યા છે. વળી 'પ્રક્રિયાસર્વસ્વ' અને 'પ્રક્રિયાકૌમુદી' માં ક્રમાદિમાં ભેદ છે ત્યાં ભટ્ટોજિએ પ્રક્રિયાકૌમુદીકારનું જ અનુસરણ કર્યું છે. વિષયનો ક્રમ પણ એજ છે. 'તદ્ધિત' માં તો પ્રાયઃ સૂત્રક્રમ પણ તેજ છે. આ ગ્રન્થમાં ઉપયોગી સૂત્રો જ સમાવિષ્ટ

છે. પ્રક્રિયા તથા સૂત્રવૃત્તિ વગેરેની સમાન પ્રધાનતા છે. નિશ્ચિતક્રમમાં જ સૂત્રો સ્વીકાર્યા છે. 'રૂપાવતાર' ની અપેક્ષાએ નૂતન પદ્ધતિની આધારશિલા સ્થાપિત કરી છે. વાર્તિકોમાંથી જરૂર પ્રમાણેના સૂત્રો જ લીધા છે તથા અનાવશ્યક પરિભાષાઓ તથા ફક્કિાઓને છોડી દીધી છે. આ ગ્રન્થ પર રામચન્દ્રના જયેષ્ઠ ભ્રાતા નૃસિંહના પુત્ર શ્રીકૃષ્ણે 'પ્રક્રિયાપ્રકાશ' નામની ટીકા લખી છે.

2. રામચન્દ્રના પૌત્ર વિઠ્ઠલે 'પ્રસાદ' નામની ટીકા રચી છે. જે સર્વાધિક પ્રામાણિક છે. તેની શૈલી તથા ભાષ્ય ખૂબ જ સરળ છે.

ચક્રપાણિદત્તની ટીકાનું નામ છે 'પ્રક્રિયાપ્રદીપ' વારણવનેશે 'અમૃતકૃતિ' નામની ટીકા લખી છે તથા વિશ્વકર્માશાસ્ત્રી એ પ્રક્રિયાવ્યાકૃતિ' લખી છે. આ ઉપરાંત નૃસિંહની 'વ્યાખ્યાન' ટીકા, અજ્ઞાત લેખકની 'નિર્મલદર્પણ', જયન્તની 'તત્ત્વચન્દ્ર', વિશ્વનાથ દીક્ષિતની 'પ્રક્રિયારંજન' તથા વરદરાજની 'વિવરણ' નામની ટીકા જોવા મળે છે. વદરાજની ''વિવરણ' ટીકાના અધ્યયનથી એમ સમજાય છે કે તેમણે 'લઘુકૌમુદી'ના સંપાદનમાં 'સિદ્ધાન્તકૌમુદી'ની અપેક્ષાએ 'પ્રક્રિયાકૌમુદી'નો જ આધાર લીધો છે.

**પ્રક્રિયાસર્વસ્વ**

સોળમી-સત્તરમી સદીમાં પ્રસિદ્ધ આચાર્ય થયાં જેમનું નામ નારાયણ ભટ્ટ હતું. તે બહુવિધ પ્રતિભાશાળી હતા. તેઓ અત્યન્ત વિનમ્ર હતા. તેમણે પોતાની ગ્રંન્થરચના કરતી વખતે 'પ્રક્રિયાકૌમુદી'નું સાક્ષાત્ ઋણ સ્વીકાર્યું છે. પાણિનિ સિવાય અપાણિનીય વૈયાકરણોનું પણ તેઓ સમ્માન કરે છે. अपाणिनीयप्रमाणता એમ લખ્યું છે. જે પરથી તેમની ઉદાર દૃષ્ટિનોપરિચય પ્રાપ્ત થાય છે. નારાયણ ભટ્ટે ત્રણ ગ્રન્થો રચ્યા છે. (૧) પ્રક્રિયાસર્વસ્વ, (૨) ધાતુકાવ્ય સંસ્કૃત વ્યાકરણ (૩) અપાણિનીયપ્રમાણતા. આ ગ્રંથમાં ભાષાની પ્રાયોગિક માન્યતા પ્રત્યેનો તેમનો ઉદાર દ્રષ્ટિકોણ વ્યક્ત થયો છે – તે સાચા અર્થમાં પાણિનિના ભક્ત હતા. અપાણિનીયપ્રમાણતાનો અર્થ છે – ચન્દ્રાચાર્ય, ભોજ વગેરેના વ્યાકરણનોને માન્યતા આપવાનો છે.

સમગ્ર ગ્રંન્થ ૨૦ કાંડોમાં વિભક્ત છે. ક્રમ પાણિનિના સૂત્ર ' ' सुप्तिसन्तम् पदम्' પર આધારિત છે. સુબન્તપ્રકરણમાં જ પહેલાં સંજ્ઞા, પરિભાષા અને સચિપ્રકરણનો સમાવેશ કર્યો છે. ત્યારપછી સુબન્તથી સંબંદ્ધ વિષયો આરંભાયા છે. જેમાં કૃતુ, તદ્ધિત, સમાસ અને સ્ત્રીપ્રત્યય છે. तिडन्त તિસ પ્રકરણનો આરંભ આત્મનેપદાદિપ્રક્રિયાથી થાય છે. જેમાં तिड લકારાર્થ सन्नन्त, यडन्त, यडलुङ् પ્રકરણો છે.

**પારિભાષિક સંજ્ઞાઓનો પરિચય**

**(૧) અનુવૃત્તિ :**

કોઈ એક સૂત્રમાં અમુક પદ લખ્યા પછી. એ પદોની જો અનુગામિ સૂત્રોમાં ઉપયોગિતા હોય તો પાણિનિ તેને ફરીથી (અનુગામિ સૂત્રોમાં) લખતાં નથી. એ પદો નીચે અનુવૃત્ત થઈને ચાલ્યાં આવે છે એમ માનવામાં આવે છે.

દા.ત.

उपदंशेऽजनुनासिक इत् । 1-3-2

हलन्त्यम् । 1-3-3

न विभक्तौ तुस्माः । 1-3-4

आदिजिंदुडवः । 1-3-5

षः प्रत्ययस्य । 1-3-6

चुटू । 1-3-7

लशक्तद्धिते ॥ 1-3-8

આ દરેક સૂત્ર (1-3-3 થી 1-3-8)મા इत् એવું પદ અનુવૃત્ત થઈને આવે છે.

અનુવૃત્તિ બે પ્રકારની જોવા મળે છે : ધારાવાહી અનુવૃત્તિ અને મંડૂકપ્લુતિ અનુવૃત્તિ.ઉપર જે ઉદાહરણો આપ્યાં છે તે પહેલા પ્રકારની એટલે કે ધારાવાહી અનુવૃત્તિનાં છે. આવી અનુવૃત્તિ એકવાર શરૂ થયા પછી, અમુક અવધિ સુધી પ્રત્યેક અનુગામી સૂત્રોમાં ચાલી આવે છે. પરન્તુ મંડૂકપ્લુતિમાં અમુક પદની અનુવૃત્તિ અનુગામી પ્રત્યેક સૂત્રમાં જતી નથી. લોક્યાં જેવી રીતે મંડૂક (દેડકો) કૂદતો કૂદતો આગળ વધે એમ સૂત્રના અમુક અમુક પદની અનુવૃત્તિ પણ જયારે વચ્ચેના અમુક સૂત્રોને છોડીને આગળ વધતી હોય ત્યારે તેને બીજા પ્રકારની 'મંડૂકપ્લુતિ અનુવૃત્તિ' કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે —-

परिक्रयणे सम्प्रदानम् अन्यतरस्याम् । 1-4-44

आधारोऽधिकरणम् । 1-4-45

अधिशीस्थासां कर्म । 1-4-46

अभिनिविशश्च । 1-4-47

અહીં ૧-૪-૪૪માં લખેલા अन्यतरस्याम् (-વિકલ્પે) પદની અનુવૃત્તિ 1-4-45 અને 46માં આવતી નથી, પણ 1-4-47માં સૂત્રમાં આવે છે. આને 'મંડૂકપ્લુતિ અનુવૃત્તિ' કહે છે.

**(૨) સવર્ણ :**

પાણિનિએ 'સવર્ણ' સંજ્ઞા કરનારું સૂત્ર આપતાં કહ્યું છે કે तुल्यास्यप्रयत्न सवर्णम । ૧-૧-૯

અર્થાત્ - તાલુ વગેરે (મુખમાં આવેલા ઉચ્ચારણ) સ્થાનો અને (વર્ણોનું ઉચ્ચારણ કરવા માટે વક્તાએ કરવો પડતો) આભ્યંતર પ્રયત્ન - એ બે જે (બે વર્ણો)ની વચ્ચે પરસ્પર સરખાં મળતાં આવતાં હોય, તે બે વર્ણો પરસ્પરના "સવર્ણ" કહેવાય છે.

દા.ત. હ્રસ્વ अ કારનું ઉચ્ચારણ સ્થાન 'કંઠ' છે, અને આભ્યંન્તર પ્રયત્ન 'વિવૃત' પ્રયત્નવાળો છે. આથી તે બન્ને વર્ણો પરસ્પરના 'સવર્ણ' કહેવાશે. अ + अ, इ + इ જેવા વર્ણો સવર્ણી કહેવાય.

**(૩) ધાતુ :**

પાણિનિ 'ધાતુ' સંજ્ઞાનું સૂત્ર આપતાં કહે છે કે –

**भूवादयो धातवः** । ૧-૩-૧

અર્થાત્ - જેનો આરંભ भू -वा વગેરેથી થાય છે અને જે ક્રિયાના વાચક પણ છે તેવા શબ્દોની 'ધાતુ' સંજ્ઞા થાય છે. ભાષામાં ચાર પ્રકારના શબ્દો જોવા મળે છે. (1) નામ (2) આખ્યાત = ધાતુ (૩) ઉપસર્ગો અને (૪) નિપાત = અવ્યયો. આમાંથી જે નામ હોય સંસ્કૃત વ્યાકરણ :- તે દ્રવ્યવાચક હોય છે અને તેમને 'પ્રાતિપદિક' એવું

પારિભાષિક નામ આપવામાં આવ્યું છે. પણ જે ક્રિયાવાચક શબ્દો હોય છે તેને 'ધાતુ' એવું પારિભાષિક નામ આપવામાં આવ્યું છે.

**(૪) પ્રગૃહ્ય સંજ્ઞા :**

પાણિનિ 'પ્રગૃહ્ય' સંજ્ઞાનું સૂત્ર આ મુજબ આપે છે :ईद्-ऊद्-एद द्विवचन प्रगृह्यं । (अष्टा० 1-1-11)

ईद्-ऊद्-एदन्तं द्विवचनं प्रगृह्यं स्यात् ।

અર્થાત્ - દીર્ઘ ई કારાન્ત, દીર્ઘ ऊ કારાની, ए કારાન્ત દ્વિવચનના રૂપોના 'પ્રગૃહ્ય' સંજ્ઞા થાય છે. દા.ત.

1. = हरी इतौ (આ બે હરિ છે.)માં હરી એવું દીર્ષ હરી ઈકારાન્ત દ્વિવચનનું રૂપ.

2. विष्णु इमौ । માં विष्णु એવું દીર્ઘ ऊ કારાન્ત દ્વિવચનનું રૂપ. .

3. गन्देग इमम् । માં गन्देग એવું ए કારાન્ત દ્વિવચનનું રૂપ પ્રગૃહ્ય સંજ્ઞા પામેલ છે.

આ ઉપરાંત अदसो मात् । ૧-૧-૧૨ સૂત્ર પણ પ્રગૃહ્ય સંજ્ઞા માટે છે. આ સૂત્ર જણાવે છે કે,

अदसः मकारात् परौ ईद् ऊतौ प्रगृह्यौ स्तः ।

અર્થાત્ – अदस् સર્વનામનાં સાતેય વિભક્તિઓમાં રૂપો ચાલે, જેમ કે, असौ- अमू- अमी વગેરે, તેમાં म् કારની પાછળ આવેલા દીર્ઘ ई કાર અને દીર્ઘ ऊ કાર (વાળો રૂપો), તેમની પણ 'પ્રગૃહ્ય' સંજ્ઞા થાય છે. દા.ત. अमी ईशा । (પેલા સૌ ઈશ્વરો છે) માં अमी રૂપમાં म् કારની પાછળ આવેલ દીર્ઘ ई ની,रामकृष्णौ अमू आसाते । (પેલા બે રામ અને કૃષ્ણ બેઠા છે)માં अमू રૂપમાં म् કારની પાછળ આવેલ દીર્ઘ ऊ ની 'પ્રગૃહ્ય' સંજ્ઞા થાય છે.

**(૫) 'ટિ' સંજ્ઞા**

પાણિની 'ટી' સંજ્ઞાનું સૂત્ર આપતાં કહે છે કે अचोऽन्त्यादि टि । ૧-૧-૬૪

` अचां मध्ये योऽन्त्यः स आदिर्यस्य तत् 'टि' संशः स्यात् । (वा.) शकन्ध्वादिषु पररूपं वाच्यम् । तच्च टेः ।

*અર્થાત્ - (કોઈક નામમાં આવેલા)* अच् = *સ્વરોના સમુદાયમાંથી, જે અન્તિમ* (अच) *હોય, 'તે (અંતિમ* अच) *છે. આદિમાં જેની એવા (શબ્દરૂપ)ની 'ટિ' સંજ્ઞા થાય છે.*

*દા.ત.* दण्डिन *માં* द, अ ण ड इ न् *એવા વર્ણો આવેલા છે, તેમાં* अ *અને* इ *એવા બે* अच् *ના સમુદાય છે એમ કહેવાશે. તે બેમાંથી જે અન્તિમ* अच् *છે. આ* 'इन्' *છે આદિમાં જેની એવો વર્ણસમૂહ = શબ્દસ્વરૂપ* 'इन्' *કહેવાશે. આ* 'इन्' *ની* 'टि' *સંજ્ઞા થાય છે.*

*આ ઉપરાંત વાર્તિકકાર કહે છે કે* **"शकन्धु'** *શબ્દ છે આદિમાં જેની એવા શબ્દસમૂહ = ગણમાં આવેલા બધા શબ્દોની અંદર 'પરરૂપ- એકાદેશ' થાય છે. એમ કહેવું જોઈએ આ પરરૂપ-એકાદેશ ટિ સંજ્ઞક અંશનો થયો હોય છે એમ જાણવું.*

*દા.ત.* शक + अन्धुः शकन्धुः ।

कर्क + अन्धुः कर्कन्धुः ।

**(૬) પ્રાતિપદિક :**

પાણિનિ પ્રાતિપાદક સંજ્ઞાનું સૂત્ર કરતાં કહે છે કે -

**अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । 1-2-45**

**धातुं प्रत्ययं प्रत्ययान्तं च वर्जयिता अर्थवच्छब्दस्वरुपं**

**प्रातिपदिकसंज्ञं स्यात् ।**

અર્થાત્ - (ક્રિવાવાચક) ધાતુને, પ્રત્યયને અને પ્રત્યયાન્તને છોડીને બાકીના બે અર્થવાન્ શબ્દસ્વરૂપ (અર્થાત્ સાર્થક નામો) હોય તેમની 'પ્રાતિપાદક' સંજ્ઞા થાય છે.-

આમ, ત્રણ પ્રકારના સાર્થક શબ્દો (૧. ધાતુ, ૨. પ્રત્યય અને ૩. પ્રત્યયાન્ત શબ્દો)ની પ્રાતિપદિક સંજ્ઞાનો નિષેધ કરીને, પાણિનિએ એ ત્રણ સિવાયના જે **अर्थवत्**= અર્થવાળા (સાર્થક) શબ્દો હોય તેની પ્રાતિપદિક સંજ્ઞા કરવી એમ કહ્યું છે. દા.ત. **वन**, **धन**, **सूर्य**, **चन्द्र** **वगेरे**. **(**આ ઉપરાંત **च**, **अपि**, **यथा**, **तथा** **इव** વગેરે અવ્યયો અને **उप**, **प्रति**, **अभि** વગેરે ઉપસર્ગો પણ સાર્થક હોવાથી એક તબક્કે પ્રાતિપદિક સંજ્ઞાવાળા બને છે એ જાણવું. પાણિનિ પ્રાતિપદિક સંજ્ઞા કરનારું અન્ય એક સૂત્ર આપતાં કહે છે કે –

**कृत्तद्धितसमासाश्च । 1-2-46**

**कृत्तद्धितान्तौ समासाश्च तथा स्युः ।**

અર્થાત્ - કૃત પ્રત્યયાન્ત શબ્દસ્વરૂપ, તદ્ધિત પ્રત્યયાન્ત શબ્દ સ્વરૂપ અને સમાસોની સંસ્કૃત વ્યાકરણ (= સામાસિક શબ્દોની પણ તેવી જ (અર્થાત 'પ્રાતિપદિક') સંજ્ઞા થાય છે.

**(૭) અવસાન :**

પાણિનિ 'અવસાન' સંજ્ઞાનું સૂત્ર આપતાં કહે છે કે -

**विरामोऽवसानम् । 1-4-110**

**वर्णानाम् अभावोऽवसानसंज्ञः स्यात् ।**

અર્થાત્ - વર્ણોનો (અત્યંત) અભાવ હોય ત્યારે, તે (સ્થિતિ)ને 'અવસાન' એવી સંજ્ઞા આપવામાં આવે છે.

દા.ત., राम + र्

અહીંયા પદના અંતે આવેલા રેફની પાછળ જે અન્ય વર્ણોના અભાવની સ્થિતિ છે, તેથી 'અવસાન' સંજ્ઞા થાય છે.

**(૮) ઉપધા :**

પાણિનિ 'ઉપધા' સંજ્ઞાનું સૂત્ર આપતાં કહે છે કે –

**अलोऽन्त्यात् पूर्व उपधा ।** ૧-૧-૬૫

**अन्त्याद् अलः पूर्वो वर्ण उपधासंज्ञः स्यात् ।**

અર્થાત્ - (કોઈ પણ શબ્દમાં) જે અંતિમ अल् = વર્ણ હોય, તેની બરાબર પૂર્વમાં આવેલા વર્ણની 'ઉપધા' એવી સંજ્ઞા થાય છે. દા.ત.

कालिन्दी મા (...न् द् ई) અંતિમ ई કારની પૂર્વે આવેલા द् કારની 'ઉપધા' સંજ્ઞા થાય છે.

**(૯) નદી :**

પાણિનિ 'નદી' સંશા કરનારું સૂત્ર આપતાં કહે છે કે-

**यू स्त्र्याख्यौ नदी ।** ૧-૪-૩

અર્થાત્ – દીધ इ કારાન્ત અને દીર્ઘ કારાન્ત હોય તેવા જે નિત્ય સ્ત્રીલિંગમાં રહેનારા શબ્દો હોય (દા.ત. पार्वति અને चमू) कुमारी અને यवागु 'નદી' એવી સંજ્ઞા થાય છે.

**(૧૦) હ્સ્વ, દીર્ધ, પ્લુત :**

પાણિનિ આ ત્રણ સંજ્ઞા કરનારું સૂત્ર આપતાં કહે છે કે –

ऊकालोऽच् ह्स्व-दीर्घ-प्लुतः । 1-2-27

उछ ऊच उश ३ वः । वां काल इव कालो यस्य सोऽच् क्रमाद् ह्स्व-दीर्घ-प्लुतसंज्ञः स्यात् । स प्रत्येकम् उदात्तादिभेदेन त्रिधा ॥

અર્થાત્ – એક માત્રાવાળા 'उ' બે માત્રાવાળો 'ઊ' અને ત્રણમાત્રાવાળા उ ३ એ ત્રણેયને वः કહેવાય. (અર્થાત્ उ કારના भानु શબ્દની જેમ રૂપો ચલાવીએ તો પ્રથમા વિભક્તિ બહુવચનમાં वः એવું રૂપ બને. આ उ નું પછી બહુવચનમાં वाम् રૂપ થાય.) (સૂત્રાર્થ) ત્રણેય પ્રકારના उ કારને ઉચ્ચારવા માટે જેટલો કાળ (=સમય) જોઈએ તેટલા કાળવાળા બીજા કોઈ પણ अच् = સ્વરને અનુક્રમે 'હ્સ્વ સ્વર', 'દીર્ઘ સ્વર' અને 'પ્લુત સ્વર' એવી સંજ્ઞા આપવામાં આવે છે. (અર્થાત્ એકમાત્રાવાળા કોઈ

પણ સ્વરને હ્રસ્વ  'अच्' કહેવાશે, બે માત્રાવાળા કોઈપણ સ્વરને 'દીર્ઘ  अच्' કહેવાશે અને ત્રણમાત્રાવાળો જે સ્વર હોય તેને 'प्लुत अच्' કહેવાશે. આ ત્રણેય પ્રકારના સ્વરો = अच् ના ફરી પાછા 'ઉદાત્ત' 'અનુદાત્ત' અને 'સ્વરિત' - એવા ત્રણ ત્રણ પ્રકારો =ભેદો પડે છે. જેમ કે, अ  સ્વર (= अच्) ના હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એવા ત્રણ ભેદ પાડીએ, પછી તે દરેકના બીજા ઉદાત્તાદિ ત્રણ-ત્રણ ભેદો પડે છે.

**(૧૧) પરિભાષા :**

'પરિભાષા' એ સૂત્રોનો એક પ્રકાર છે. પરિભાષાસૂત્રો 'અષ્ટાધ્યાયી'ના અન્ય સૂત્રોનો અર્થ કરવામાં ઉપયોગી થાય છે. એટલે કે 'સૂત્રો માટેનાં સૂત્ર' (સીક્રેટ્ઝીજ) ને પરિભાષા સૂત્ર કહે છે. પરિભાષાસૂત્રો અવ્યવસ્થામાં વ્યવસ્થા કરી આપનારાં સૂત્રો છે.**अव्यवस्थायां  व्यवस्थाऽऽपादकं सूत्रम् = परिभाषासूत्रम्।** પરિભાષા સૂત્ર આખી અષ્ટાધ્યાયીમાં ગમે ત્યાં આવેલું હોય પણ તે જેવી રીતે પ્રદીપ ઓરડાના કોઈ એક ખૂણામાં હોય પરન્તુ સમગ્ર ઓરડાને પ્રકાશિત કરે છે તેવી રીતે પરિભાષા સૂત્ર સમગ્ર અષ્ટાધ્યાયીમાં પોતાની સાર્થકતા ધરાવે છે.

**(૧૨) સૂત્ર :**

સૂત્રનું લક્ષણ આપતાં સૂત્રવિદો જણાવે છે કે –

स्वल्पाक्षरमसंदिग्धं सारवत् विश्वतोमुखम् ।

अस्तोभमनवां च सूत्रे सूत्रविदो विदुः ॥

અર્થાત્ - અત્યન્ત ઓછા અથરોવાળું, સંદેહ વિનાનું, સારવાળુ બધી રીતે પ્રખ્યાત સંસ્કૃત વ્યાકરશ (બધી જ રીતે ઉપયોગમાં લઈ શકાય તેવું), અર્થની રૂકાવટ વગરનું (અવરોધ વિના અર્થ પ્રગટ કરનાર) અને પ્રસંશનીય હોય તેને સૂત્રના જાણકારો સૂત્ર કહે છે.

વાચસ્પતિ મિશ્ર કહે છે કે – **सूत्रं च बहुअर्थ सुचनात भवति** । આપણા પ્રાચીનતમ ગ્રંથો સૂત્રશૈલીમાં લખાયાં છે. જેમાં 'અષ્ટાધ્યાયી' એ સૂત્રશૈલીનો ઉત્તમ ગ્રંથ છે.

**(૧૩) વાર્તિક :**

વાર્તિકની વ્યાખ્યા 'પરાશરપુરાણ' અધ્યાય ૧૮માં આ પ્રમાણે આપવામાં આવી છે:

उक्तानुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते ।

तं ग्रन्थं वार्तिकं प्राहुर्वार्तिकज्ञा मनीषिणः ॥

આ વ્યાખ્યા મુજબ કાત્યાયને પાણિનિના સૂત્રોનો અર્થ વિશદ કરવા અથવા તેનું હાર્દ સ્પષ્ટ કરવા માટે 'ઉક્તચિંતા-પ્રવર્તક' પ્રકારના વાર્તિકો લખ્યાં છે, ભાષામાં જે કાંઈ નવાં પરિવર્તનો થયાં તે દરેકને નોધવા માટે 'અનુક્તચિન્તા-પ્રવર્તક' પ્રકારનાં વાર્તિક લખ્યાં છે તથા કાત્યાયનની દૃષ્ટિએ પાણિનિનાં સૂત્રોમાં જે કાંઈ ઊણપવાળું - ક્ષતિવાળું -લખાણ હતું તેને માટે તેમણે 'દુરુક્તચિન્તા-પ્રવર્તક' પ્રકારના વાર્તિકો લખ્યાં છે. પાણિનિના સૂત્રો ઉપર વાર્તિકો લખનારા, કાત્યાયન સિવાય, અન્ય વાર્તિકકારો પણ થયા છે. પરન્તુ પરંપરાથી 'વાર્તિકકાર' તરીકે કાત્યાયનનું નામ જ વધુ પ્રચલિત છે.

**(૧૪) ભાષ્ય :**

ભાષ્યના જાણકારો ભાષ્યની વ્યાખ્યા આપતાં કહે છે કે -

सूत्रार्थो वर्ण्यते यत्र पदैः सूत्रानुसारिभिः ।

स्वपदानि च वर्ण्यन्ते भाष्यं भाष्यविदो विदुः ॥

ભાષ્યકાર સૂત્રમાં રહેલા એક-એક પદને લે છે અને તેમનો વિસ્તારથી અર્થ કરે છે અને બધા પદોના અર્થો કર્યા બાદ તે બધા અર્થોના સન્દર્ભને કેન્દ્રમાં રાખીને આઆ સૂત્રનો અર્થ વર્ણવે છે. આ વખતે ભાષ્યકાર કોઈ નવા પદોનો જો પ્રયોગ કરે તો તે સ્વરપદોનો પણ વિચાર આ ભાષ્યમાં કરવામાં આવે છે. આ વિવરણ-વિવેચનને ભાષ્ય કહેવામાં અને છે. 'અષ્ટાધ્યાયી' ઉપર પંતજલિનું ભાષ્ય (મહાભાષ્ય) ખૂબ જ પ્રચલિત બન્યું છે અને તેમ તેમણે કાત્યાયનના વાર્તિકોનું ખંડન કરેલ જોવા મળે છે.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

*નોધ.* **(1)** ***નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો.***

**(2)** ***એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો.***

(1) વ્યાકરણ શબ્દની વ્યાખ્યા આપો.

(2) વેદના છ અંગોને શું કહેવાય ? તે કયા કયા છે ?

(3) વ્યાકરણના પ્રયોજનો સમજાવો.

(4) સંસ્કૃતમાં વ્યાકરણનું શું મહત્ત્વ છે ?

(5) મુનિત્રયનો પરિચય આપો.

(6) વ્યાકરણશાસ્ત્રમાં ત્રિમુનિના પ્રદાન વિશે ચર્ચા કરો.

(7) ''સિદ્ધાન્તકૌમુદી'' ના રચયિતાનો પરિચય આપો.

(8) ‘‘કાશિકા’ના લેખકનું નામ આપો.

(9) પ્રક્રિયા ગ્રંથોના નામ આપો તથા તેનું વ્યાકરણશાસ્ત્રમાં શું મહત્ત્વ છે ?

(10) ટૂંકનોંધ લખો.

(१) अवसान (२) धातु (३) सवर्ण (४) अनुवृत्ति (५) परिभाषा

(11) અનુવૃત્તિના પ્રકાર વિશે જણાવો.

(12) પ્રક્રિયાગ્રંથો અને કાશિકા વચ્ચે શો તફાવત છે ?

(૧૩) **पाणिनि**, **कात्यायन** અને **पतञ्जली** આ ત્રણેય આચાર્યો બીજા ક્યા ક્યા નામોથી ઓળખાય છે ?

## એકમ : 12 સંસ્કૃત ગદ્ય પદ્ય નાટ્ય સાહિત્ય

:: રૂપરેખા ::

**12.0** ઉદ્દેશો

**12.1** પ્રસ્તાવના

**12.2** ક્રિયાકલ્પ

**12.3** કાવ્યલંકાર

### 12.0 ઉદ્દેશો

- સંસ્કૃત ભાષાના શાસ્ત્રીય સાહિત્યમાં સંસ્કૃત કાવ્યવિવેચન અને સૌંદર્યશાસ્ત્ર તરીકે ઓળખાતું આ શાસ્ત્ર શું છે ? એના પ્રારંભિક કાળથી માંડીને અદ્યાવધિ એ શાસ્ત્રનાં વિવિધ નામોની એના અર્થોસાથેની માહિતી તમે મેળવી શકશો.
- પ્રસ્તુત શાસ્ત્રના ઉદ્દભવ અને વિકાસ ઉપરાંત એના કાર્યક્ષેત્રમાં આવતાં તત્ત્વો વિશેની તબક્કાવાર માહિતીથી તમે અવગત થશો.
- કાવ્ય એટલે શું અને કાવ્યનો આત્મા કે કાવ્યનું જીવાનુભૂત તત્ત્વ શું એ બાબતને લઈને કાવ્યશાસ્ત્રમાં પ્રવર્તેલા વિચારપ્રવાહોનો અભ્યાસ તમને રસપ્રદ થઈ પડશે. તદન્તર્ગત તમે જે તે વિચારપ્રવાહના પ્રવર્તકો અને એમના લક્ષણગ્રંથોનો પરિચય પ્રાપ્ત કરી શકશો.
- કાવ્યશાસ્ત્રના વિવિધ તબક્કે જુદા જુદા આલંકારિકોએ પ્રસ્તુત કરેલાં કાવ્યલક્ષણની વ્યાખ્યાઓ અને એનો વિકાસક્રમ જાણી શકશો.
- કાવ્યશાસ્ત્રમાં રસનું મહત્ત્વ દર્શાવી રસ, એનું સ્વરૂપ અને રસની મહત્તા દર્શાવી સાહિત્ય શાસ્ત્રીઓની વિભાવનાનો ખ્યાલ મેળવી શકશો.
- કાવ્યના સ્વરૂપ ઉપરાંત કાવ્યના હેતુઓ, પ્રયોજનો અને કાવ્યના પ્રકારોનું જ્ઞાન મેળવશો.
- આ ઉપરાંત કાવ્યશાસ્ત્રમાં ગુણ, દોષ, સંઘટના, વૃત્તિ અને અલંકારોના પારિભાષિક અર્થઘટનો સમજી શકશો.

### 12.1 પ્રસ્તાવના

આ અભ્યાસક્રમના જુદા જુદા વિભાગોમાં તમે સંસ્કૃત ભાષા અને એની લાક્ષણિકતાઓ અને દર્શનો તેમજ શાસ્ત્રોનો પરિચય મેળવ્યો છે. તમારે કાવ્યશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર કે સૌંદર્યશાસ્ત્ર તરીકે ઓળખાતા કાવ્યશાસ્ત્ર અને કાવ્યનાં કેટલાંક ઘટકતત્ત્વોનો અભ્યાસ કરવાનો છે. માનવજીવનમાં પ્રકૃતિ અનુસાર માનવમનને આહ્લાદ આપવા જે પ્રવૃત્તિઓ વિકસી છે એ પ્રવૃત્તિઓનું શાસ્ત્ર પણ

વિકસ્યું છે. સાહિત્ય પ્રવૃત્તિ એક કલાપ્રવૃત્તિ છે અને સાહિત્યસર્જનની પ્રક્રિયા અને કાવ્યાનંદની અનુભૂતિની પ્રક્રિયા સમજવાના ઊંડાણભર્યા પ્રયાસો થયા છે. કાવ્યનાં ઘટક તત્ત્વો જેવાંકે શબ્દ, અર્થ, કાવ્યને કાવ્યત્વ બક્ષનારું એનું આત્મતત્ત્વ, ગુણ, અલંકાર, રીતિ - સંઘટના અને ઔચિત્યસાહિત્યની વ્યાપક એવી જે સાહિત્યમીમાંસા બે હજાર વર્ષના ગાળામાં અસ્તિત્વમાં આવી છે એનો તમને વિશદ ખ્યાલ આવે એવા શુભઆશયથી આ એકમમાં એ બધાં તત્ત્વોનો પરિચય આપવામાં આવ્યો છે. કાવ્યશાસ્ત્રની આ ચર્ચા આપણા એટલેકે પૌરસ્ત્ય વિદ્વાનોનું કાવ્યવિવેચન છે જે ભારતીય સૌંદર્યશાસ્ત્ર તરીકે (Indian Asthetics) પણ ઓળખાય છે.

સંસ્કૃત સાહિત્યમાં કાવ્ય વિવેચન એટલે કે કાવ્યશાસ્ત્રને નામે ઓળખાતા શાસ્ત્રને માટે, બે હજાર વર્ષથી પણ વધારે સમયના ગાળામાં જે નામો પ્રયોજાતાં હતાં એનો ઈતિહાસ રસપ્રદ બને એવો છે. સાહિત્ય સર્જનની પ્રવૃત્તિ એ એક કલાપ્રવૃત્તિ છે અને વાત્સાયને પોતાના કામસૂત્ર (૧.૩.૧૬) માં કન્યાઓએ ગુપ્ત રીતે ભણવાની જે ચોસઠ કલોઓનું વર્ણન કર્યું છે એમાં આ શાસ્ત્રીય કલાને માટે ક્રિયાકલ્પ શબ્દ પ્રયોજયો છે. મોટાભાગના વિદ્વાનો આ ક્રિયાકલ્પ શબ્દ સાહિત્યશાસ્ત્રને જ ઘોષિત કરતો હતો એમ માને છે.

## 12.2 ક્રિયાકલ્પ

સાહિત્યશાસ્ત્રના પ્રકાંડ પંડિત ડૉ. રાવન "Names of Sanskrit Poetics" નામના એમના લેખમાં ક્રિયાકલ્પ શબ્દ કાવ્યશાસ્ત્ર માટે પ્રયોજાતો હતો એમ દર્શાવ્યું છે. ક્રિયાકલ્પ એટલે કાવ્યકરણના નિયમ. આ શબ્દનો પ્રયોગ ‘કાવ્યાલંકાર’ અને ‘કાવ્યલક્ષણ’ સંજ્ઞાઓની પહેલાં પ્રયોજાતો હતો એટલે આપણે એમ ચોક્કસ કહી શકીએ કે આ નામ અલંકારશાસ્ત્રના પ્રારંભના તબક્કામાં વપરાતું હોવું જોઈએ. પોતાના મતને વિસ્તૃત સમજાવતાં તેઓ નોંધે છે કે વાત્સ્યાયનના સૂત્ર માં રામાયણના ઉત્તરકાંડમાંથી ઉદ્ધરણો આપ્યાં છે. વાત્સ્યાયને પોતાના સૂત્ર (૧.૩.૧૬) માં કન્યાઓએ ગુપ્ત રીતે ભણવાની ૬૪ કલાઓનું વર્ણન કર્યું છે. એમાં ક્રિયાકલ્પનો આ પ્રમાણે ઉલ્લેખ છે. **संपाठयं मनसी काव्यक्रिया, अभिधानकोशः, छन्दोज्ञानम्, क्रियाकल्पः, छलितकयोगाः ।** આ ક્રિયાકલ્પ શબ્દ કાવ્યક્રિયાકલ્પ શબ્દનું સંક્ષિપ્ત રૂપ છે. ’લલિતવિસ્તર’ નામના બૌદ્ધ ગ્રંથમાં પણ ક્રિયાકલ્પ શબ્દનો પ્રયોગ થયો છે. ટીકાકાર જય મંગલાર્કે સ્પષ્ટ રીતે તેનો આ અર્થ આપ્યો છે : **क्रियाकल्पः इति काव्यकरणविधिः काव्यालङ्कार इत्यर्थः।** એટલે આ શબ્દ કાવ્યશાસ્ત્રનો જ ઘોતક હતો એમ સ્પષ્ટ થાય છે. રામાયણના ઉત્તરકાંડ (અધ્યાય-૯૪.૮,૧૦) માં લવકુશનું ગાન સાંભળવા એકત્રિત થયેલા વિદ્વાનોમાં વૈયાકરણ, નૈગમ, સ્વરજ્ઞ, ગાંધર્વ વગેરે વિદ્યાઓના વિશેષજ્ઞોની સાથે ‘ક્રિયાકલ્પ’માં જાણકારનું તથા કાવ્યવિનું વર્ણન પણ *મળી આવે છે.* **क्रियाकल्पविदश्चैव तथा काव्यविदो जनान ।** *આમાં ‘કાવ્યવિદ્’ એટલે ભાવક અને ‘ક્રિયાકલ્પવિદ્’ શબ્દ દ્વારા*

*'કાવ્યવિવેચક' એમ અભિપ્રેત* છે. મહામહોપાધ્યાય કાણેએ ડૉ. રાઘવનના મતનું ખંડન કર્યું છે. એમને રામાયણના ઉત્તરકાંડનો પ્રસ્તુત ભાગ પ્રક્ષિપ્ત હોવાનું લાગે છે. વળી, તેઓ 'ક્રિયાકલ્પ' નો અર્થ કાવ્યરચના પ્રક્રિયા કરે છે.

સાહિત્યશાસ્ત્રના વિવિધ ગ્રંથો, એની ટીકાઓ અને અન્ય સંદર્ભોનો આધાર લઈને આરૂઢ વિદ્વાન શ્રી ગણેશ ટી. દેશપાંડેએ એવો નિષ્કર્ષ તારવ્યો છે કે ''ક્રિયાકલ્પનો કાવ્યાલંકાર" એવો અર્થ સ્વીકારીએ તો ક્રિયા એટલે કાવ્ય એવો અર્થ સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય છે. સંભવ છે કે 'કાવ્યક્રિયા' પરથી 'કાવ્યક્રિયાકલ્પ' એવો શબ્દ બન્યો હોય અને એની ક્લિષ્ટતાને કારણે 'ક્રિયાકલ્પ' શબ્દ પ્રયોજાતો થયો હોય. એ જ પ્રમાણે સાહિત્યકારોના સમાજમાં કાવ્યક્રિયા માટે ક્રિયા એ શબ્દ જ રૂઢ થયો હોય એ પણ શક્ય છે. આ સંદર્ભમાં કાલિદાસે પોતાના 'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં પોતાની પ્રસ્તુત કૃતિને માટે ક્રિયા શબ્દનો પ્રયોગ કર્યો છે તે ઘણો સૂચક છે.

## 12.3 કાવ્યાલંકાર

કાવ્યની શાસ્ત્રીય વિચારણાના પ્રારંભિક યુગમાં આ શાસ્ત્રને "કાવ્યાલંકાર" તરીકે ઓળખવામાં આવતું હશે એમ જણાય છે. દંડીના 'કાવ્યાદર્શ'ને બાદ કરતાં કાવ્યશાસ્ત્રની શરૂઆતના ગ્રંથોનાં નામા પરથી આ હકીકત સૂચિત થાય છે.

(1) ભામહ (ઈ.સ. 7 મી કે 8 મી સદી) (काव्यालङ्कारः)

(2) ઉદ્દભટ (ઈ.સ.800) काव्यालङ्कारसारसंग्रहः ।

(3) વામન (ઈ.સ. 800) काव्यालङ्कारसूत्रवृत्तिः ।

(4) રૂદ્રટ (ઈ.સ.850) काव्यालङ्कारः ।

આથી પ્રાચીનકાળમાં કાવ્યશાસ્ત્રને માટે 'કાવ્યાલંકાર' નામ જ અધિક પ્રચલિત હોય. તેમ જણાય છે. આમાં પ્રયાજાયેલો 'અલંકાર' શબ્દ ઉપમા, ઉત્પ્રેક્ષા વગેરે અર્થાલંકારો કે યમક, અનુપ્રાસ વગરે શબ્દાલંકારો પૂરતો જ સીમિત નહોતો. કાવ્યસૌંદર્યના અર્થનો ઘોતક પણ હતો. મહાકવિ દંડીએ પોતાના ગ્રંથનું નામ 'કાવ્યાદર્શ' રાખ્યું હોવા છતાં તેઓ અલંકાર શબ્દના આ વ્યાપક અર્થને સ્પષ્ટ કરતાં કહે છે **काव्यशोभाकरान धर्मानल्क्रान् प्रचक्षते** । (કાવ્યાદર્શ ૨.૧) ઉપર્યુક્ત ગ્રંથોમાં માત્ર અલંકારોની જ નહિ પણ કાવ્યસૌંદર્યમાં વૃદ્ધિ કરનાર ગુણ, રીતિ વગેરેની પણ વિસ્તૃત ચર્ચા છે. એમાં કાવ્યનું સ્વરૂપ નિશ્ચિત કરવાનો પણ ઉપક્રમ છે. 'અલંકાર' શબ્દની વ્યાપકતાને સ્પષ્ટપણે દર્શાવતાં આચાર્ય વામન કહે છે. **काव्यं ग्राह्यमलङ्कारात्। सौन्दर्य चालङ्कार** । (કાવ્યાલંકાર સૂત્ર, ૧.૧.,૧.૨.) એની વૃત્તિમાં લખ્યું છે. **अलंकृतिः अलङ्कारः। करण्व्युत्पत्या पुनरलङ्कार शब्दोऽयमुपमादिषु वर्तते।** કામધેનુ ટીકામાં એની અધિક સ્પષ્ટતા પ્રાપ્ત થાય છે : **'योयमलङ्कारः काव्यग्रहणहेतुत्वेन उपन्यस्यते**

**तद्व्युत्पादत्वाच्छस्त्रमपि अलंकारनाम्ना व्यप् दिश्यते इति शास्त्रस्यालङ्कारत्वेन - प्रसिद्धिः प्रतिष्ठता स्यादिति सूचयितुमयं विन्यासः काव्यं ग्राह्यमलङ्कारात् इति ।** આમ, કાવ્યશાસ્ત્રના પ્રારંભિક કાળમાં 'અલંકાર' શબ્દ કાવ્યનાં બધાં જ શોભાષાયક તત્વોનો દ્યોતક હતો અને તેથી જ 'કાવ્યાલંકાર' શબ્દનો અર્થ કાવ્યસૌંદર્ય થાય છે. એ પરથી લક્ષણા દ્વારા 'કાવ્યસૌંદર્યપરક શાસ્ત્ર' નું ગ્રહણ થાય છે.

પ્રો. નાન્દીએ એમના 'ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ'માં અલંકાર શબ્દની વ્યુત્પત્તિ **अलम्** એટલે 'બસ' એવા અર્થના સંદર્ભમાં કરવા પ્રયત્ન કર્યો છે. તેઓ કહે છે : 'જેમના વિનિવેશથી સામાજિક તૃપ્તિ અનુભવે અને થાય કે, હવે બસ- **अलम्** તો આવો ભાવ જેના વિનિવેશથી જન્મે તે તત્વ એ જ **अलंकार**'. તેઓ 'અલંકાર' શબ્દ કાવ્યસૌંદર્યવર્ધકના અર્થમાં પ્રયોજાયો છે તેમ સ્વીકારે છે પણ **अलम्** એટલે 'બસ'એવા અર્થ દ્વારા એમણે '**अलंकार**' શબ્દની ચમત્કૃતિજનક વ્યુત્પત્તિ આપવાનો જે પ્રયત્ન કર્યો છે તે પ્રતીતિજનક નથી જ કારણકે કાવ્યાસ્વાદની તૃપ્તિને તુષ્ટિગુણનો સિદ્ધાંત લાગુ પડતો નથી.

ધીમે ધીમે 'કાવ્યાલંકાર' માંથી માત્ર 'અલંકારશાસ્ત્ર' નામ રૂઢ થયું. પ્રતાપરુદ્રીયની ટીકામાં અલંકારશાસ્ત્ર શબ્દના અર્થઘટનમાં છત્રિન્યાયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે :**यध्यपि रसालङ्काराद्यनेकविषयमिदं शास्त्रं तथापि छत्रिन्यायेन अलङ्कारशास्त्रमुच्यते ।** જેમ અનેક માણસોના સમૂહમાં થોડા માણસો જ છત્રી ઓઢીને જતા હોય તો પણ આપણે **छत्रीणो यान्ति ।** 'પેલા છત્રીવાળા જાય' એમ કહીએ છીએ તેમ કાવ્યસૌંદર્યવિધાયક ઘણાં તત્ત્વોમાં અલંકાર પણ હોવાથી આ શાસ્ત્રને અલંકારશાસ્ત્ર કહેવામાં આવે છે.

❖ ***તમારી પ્રગતિ ચકાસો :***

***નોંધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .***

***(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .***

1. કાવ્યશાસ્ત્રનાં વિવિધ નામો અંગેની પ્રમાણભૂત માહિતી આપણને કયા લેખમાંથી પ્રાપ્ત થાય છે ? એના લેખકનું નામ નામ આપો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. વાત્સ્યાયને એમના કામસૂત્રમાં 'ક્રિયાકલ્પ' ની કઈ ઓળખ આપી છે ?

3. રામાયણમાં 'ક્રિયાકલ્પ' શબ્દ ક્યાં પ્રાપ્ત થાય છે તે સસંદર્ભ સમજાવો.

4. કાવ્યવિવેચનની શાસ્ત્રીયચર્ચાના પ્રારંભિક કાળમાં આ શાસ્ત્ર માટે કયો શબ્દ અસ્તિત્વમાં આવ્યો ? તે સપ્રમાણ સ્પષ્ટ કરો.

5. કાવ્યમાં અલંકાર ઉપરાંત બીજાં ઘણાં કાવ્યસૌંદર્યનાં વિધાયક તત્ત્વો હોવા છતાં એનું અલંકારશાસ્ત્ર એવું નામ કેવી રીતે રૂઢ થયું ?

6. સાહિત્યશાસ્ત્ર માટે પ્રયોજાતાં વિવિધ નામોની યાદી આપો.

7. કાવ્યશાસ્ત્રની વિકાસ પરંપરા દર્શાવતા ચાર યુગનાં નામ આપી એ યુગના આલંકારિકોનાં નામ આપો.

8. નીચેના શબ્દો પર સમીક્ષાત્મક નોંધ લખો.

(૧) ક્રિયાકલ્પ

(૨) કાવ્યાલંકારનું શાસ્ત્રત્વ

(૩) ''અલંકારશાસ્ત્ર'' શબ્દની સાર્થકતા

(૪) સાહિત્યશાસ્ત્રના વિકાસશીલ તબક્કાઓ

# એકમ : 13 ગુજરાતનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંદર્ભ

*:: રૂપરેખા ::*

**13.0** ઉદ્દેશો

**13.1** પ્રસ્તાવના

**13.2 ગુજરાતનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંદર્ભ**

**13.3 ગુજરાત રાજ્યનો ભૌગોલિક સંદર્ભ**

**13.4 ગુજરાતના ઐતિહાસિક કાલખંડો**

## 13.0 ઉદ્દેશો

- ગુજરાત રાજયનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંદર્ભ સ્પષ્ટ સમજી શકશો.
- ગુજરાતના વિવિધ ઐતિહાસિક કાલખંડોમાં સર્જાતા રહેલા સંસ્કૃત સાહિત્યની સવિસ્તર માહિતી મેળવી શકશો.
- ગુજરાતમાં ઐતિહાસિક દષ્ટિએ જેને સુવર્ણયુગ કહેવામાં આવે છે, એ સોલંકીકાળમાં અસ્તિત્વમાં આવેલ વિવિધ સાહિત્ય સ્વરૂપો, કાવ્યો, મહાકાવ્યો, ચરિતકાવ્યોનો પરિચય મેળવી શકશો.
- સ્વતંત્ર્યોત્તરકાળમાં થતા રહેલાં સંસ્કૃત સાહિત્યસર્જનના પ્રયત્નો, પતીબ્લો, પ્રવાહો અને લક્ષણોનું જ્ઞાન પણ પ્રાપ્ત કરશો.

## 13.1 પ્રસ્તાવના

સામાન્યતઃ ગુજરાતનાં વિવિધ વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃત વિષય સાથે સ્નાતક, અનુસ્નાતક અને અનુસ્નાતકોત્તર અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ અને સંશોધકો દેશના પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યની કૃતિઓ, શાસ્ત્રીય ગ્રંથો કે હસ્તપ્રતોનું સમીક્ષાત્મક સંશોધન કે અભ્યાસ કરે છે. પણ એ હકીકત દુ:ખદ છે કે આજદિન સુધી આપણાં જ વિશ્વવિદ્યાલયોની સંસ્કૃત અભ્યાસસમિતિઓએ આપણા ગુજરાતના સમૃદ્ધ સંસ્કૃત પ્રદાનનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવા કોઈ પ્રયત્ન કર્યો નથી.

ઐતિહાસિક કાલથી માંડીને આજદિન સુધી વિવિધ સ્તરે સાહિત્યિક અને શાસ્ત્રીય ગ્રંથોની રચના થતી રહી છે. એમાં પણ ‘ભટ્ટિકાવ્ય’, ‘નરનારાયણાનંદ’, ‘બાલભારત’, નલવિલાસ’ અને અન્ય ઘણી રૂપકકૃતિઓ તેમજ ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામની ગતિવિધિ વર્ણવતાં સ્વામીજી શ્રી ભગવદાચાર્યજીનાં "ભારતપારિજાત'' વગેરે ત્રણ મહાકાવ્યો તો દેશની ઉત્તમ કૃતિઓની હરોળમાં બેસી શકે એવી કૃતિઓ છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર યુનિ.ની અનુસ્નાતક અભ્યાસક્રમ

માટેની અભ્યાસ સમિતિએ એક મહત્ત્વના એકમ તરીકે ગુજરાતમાં સંસ્કૃત સાહિત્યના પ્રદાનને અભ્યાસક્રમમાં સામેલ કર્યું છે. આ વિભાગના જુદાજુદા એકમો ગુજરાતના સાંસ્કૃતિક સંદર્ભો સહિતની વિવિધ ઐતિહાસિક કાલખડપ્રેમાં ચાલતી રહેલી સાહિત્યિક પ્રવૃત્તિનો અભ્યાસ વિદ્યાર્થીઓની સાહિત્યિક સમજ અને ઐતિહાસિક દૃષ્ટિ વિશદ કરશે એવી પૂરી શ્રદ્ધા છે.

## 13.2 *ગુજરાતનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંદર્ભ*

આપણા દેશને ઈ.સ. ૧૯૪૭ની પંદરમી ઓગસ્ટે અંગ્રેજ શાસનની ગુલામીમાંથી મુક્તિ મળી. દેશની બંધારણસભાએ ભારતીય સંસ્કૃતિનાં અનેક પાસાં અને વૈવિધ્ય સભર રહેણીકરણી તેમજ વિશ્વમાં પાંગરેલી લોકશાહીની પરંપરાઓને અનુરૂપ એક ઉત્તમ કહી શકાય એવું બંધારણ ઘડી કાઢ્યું અને ઈ.સ.૧૯૫૦ ની ૨૬મી જાન્યુઆરીએ આપણો દેશ સાર્વભૌમ પ્રજાસતાક દેશ બન્યો. ધર્મ નિરપેક્ષ રાજયસંચાલન અને નાગરિકોના કેટલાક મૂળભૂત માનવઅધિકારોનું જતન . કરવા સાથે સહુથી મોટી એવી લોકશાહી સરકાર અસ્તિત્વમાં આવી.

ભારત સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું ત્યારે દેશ અનેક નાનાં મોટાં રાજ-રજવાડાંમાં વહેંચાયેલો હતો. ભારતદેશના પ્રથમ ગૃહપ્રધાન સ્વ.શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની મુત્સદ્દી કાર્યવાહી અને લોખંડી મનોબળથી એ રજવાડાંનું પ્રજાસત્તાક દેશમાં વિલિનીકરણ થયું. ગુજરાતમાં તો બે ચાર ગામનાં રજવાડાથી માંડી લાંબા વિસ્તારનાં રાજરજવાડાં હતાં. પ્રત્યેક રજવાડાના રાજવીઓના પોતપોતાના દૃષ્ટિકોણ પ્રમાણે આ રાજ્યો ચાલતાં, જેમાં ગાયકવાડ સરકાર (વડોદરા), ભાવનગર શહેરના રાજવી કૃષ્ણકુમાર સિંહજીનું ભાવનગર રાજય જેવાં રજવાડાં રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રગતિશીલ હતાં. ગુજરાતે ભારે પુરુષાર્થ અને બલિદાનો આપીને દ્વિભાષી મુંબઈ રાજ્યથી અલગ અસ્તિત્વ પ્રાપ્ત કર્યું અને ઈ.સ.૧૯૬૦ ના મે માસની પહેલી તારીખે ગુજરાતી ભાષી લોકોનું ગુજરાત રાજય બન્યું. આ ગુજરાત નામ પ્રાપ્ત થયું તે પૂર્વે આ પ્રદેશ જુદાજુદા કાલખંડોમાં જુદાજુદા નામે ઓળખાતો હતો.

## 13.3 *ગુજરાત નામનો ઐતિહાસિક અને ભૌગોલિક સંદર્ભ*

છેક મૌર્યકાળથી માંડીને સોલંકીકાળના આરંભ સુધી આ પ્રદેશને માટે કોઈ એક સામાન્ય નામ પ્રયોજાતું હોવાની માહિતી ઉપલબ્ધ નથી. પુરાણોમાં પ્રાપ્ત થતા આનુશ્રુતિક વૃત્તાંત પ્રમાણે આદ્ય ઐતિહાસિક કાળમાં આ પ્રદેશ શાર્યાતોના રાજ્યપ્રદેશરૂપે 'આનર્ત' તરીકે ઓળખાતો હતો. કુશસ્થલી એની રાજધાની હતી, જે પછી યાદવોના સમયમાં દ્વારવતી તરીકે સંસ્કરણ પામી. એટલે એ સમયમાં સમગ્ર સૌરાષ્ટ્ર નહિ તો દ્વારકાનો આનર્તમાં સમાવેશ થતો. આરંભિક ઐતિહાસિક કાળમાં આ નામ તળ ગુજરાતના, ખાસ કરીને ઉત્તર ગુજરાતના અલગ પ્રદેશ માટે પ્રયોજાતું હતું. ક્ષેત્રપકાળ દરમ્યાન સૌરાષ્ટ્ર, કચ્છ, આનર્ત અને શ્વભ્ર પ્રદેશો ભિન્નભિન્ન

ગણાતાં એવું રાજા મહાક્ષત્રપ રુદ્રદામા (પહેલા)ના જૂનાગઢ શૈલલેખ (ઈ.સ. ૧૫૦) માં આવતા ઉલ્લેખો પરથી માલુમ પડે છે. આમ સૌરાષ્ટ્ર અને અને કચ્છ વગેરે પ્રદેશો જુદા ગણાતા.

'આનર્ત ' શબ્દ ઉત્તર ગુજરાત પૂરતો સીમિત થયો. મૈત્રકકાળ દરમ્યાન અગાઉનું 'આનત' નામ પ્રચલિત રહ્યાનું જણાતું નથી. કેટલાંક ઐતિહાસિક પ્રમાણોને આધારે ત્યારે આ સમસ્ત પ્રદેશ 'લાટ' નામથી ઓળખાતો હોવાનો સંભવ છે."

દખ્ખણના રાષ્ટ્રકૂટોની સત્તા દક્ષિણ ગુજરાત તથા મધ્ય ગુજરાત પર પ્રસરી ત્યારે એ બધો પ્રદેશ સ્પષ્ટ રીતે 'લાટ મંડળ' તરીકે ઓળખાતો. કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રાકૃતિક એકમો હોઈ એ નામો ઘણાં પ્રાચીન છે પરંતુ આ બે દ્વીપકલ્પોના પ્રાકૃતિક વિભાગ સિવાયના મુખ્ય ભૂમિના સમગ્ર પ્રદેશને માટે સોલંકી કાળની પૂર્વે કોઈ સર્વસામાન્ય નામ પ્રયોજાતું હશે કે કેમ તે કહી શકાતું નથી. જ્યારે વર્તમાન ગુજરાત પ્રદેશને માટે 'ઘાટ' નામ પ્રચલિત હતું ત્યારે દક્ષિણ રાજસ્થાનની પ્રદેશ 'ગુર્જર દેશ' તરીકે ઓળખાતો. આ નામ સોલંકીકાળના આરંભે વર્તમાન ગુજરાત પ્રદેશને લાગુ પણું - શરૂઆતમાં ઉત્તર ગુજરાતને માટે અને સોલંકી રાજ્યના વિસ્તારની સાથે પીમે પીમે વિસ્તરીને છેવટે સમગ્ર ગુજરાતને માટે એ શબ્દ વપરાવા લાગ્યો. ગુજરાત શબ્દના મૂળમાં ગુર્જર કે ગુપ્ત શબ્દનો પ્રયોગ છે.

સોલંકીકાળમાં એટલે કે ચૌલુક્ય રાજાઓના શાસનકાળમાં જ્યારે આ રાજયની જાહોજલાલી એની સોળે કળાએ ખીલી ઊઠી હતી ત્યારે 'ગુર્જર દેશ' (ગુજરાત)ના મંડળોમાં, હાલ આ વિસ્તારમાં જે પ્રદેશો આવેલા છે, તે ઉપરાંત રાજસ્થાનના સાંચોર આબુ. ચંદ્રાવતી, મેવાડ વગેરે પ્રદેશોનો તેમજ મધ્ય પ્રદેશના અવંતી (ઉજ્જૅન) તથા ભીલસાના પ્રદેશનો સમાવેશ થતો હતો.

મૂળ 'ગુર્જર' નામ દક્ષિણ રાજસ્થાનના 'ભિલ્લમાલ' પ્રદેશને માટે પ્રયોજાતું હતું. દસમી સદીમાં સોલંકી રાજાઓની સત્તા ઉત્તર ગુજરાતમાં સ્થપાઈ ત્યારે આ નામ ઉત્તર ગુજરાતના નવા રાજ્યપ્રદેશને લાગુ પડયું. સોલંકીકાળની રાજવસત્તા જેમ જેમ દક્ષિણમાં વિસ્તરતી ગઈ તેમતેમ તે પ્રદેશમાં પણ 'લાટ'ની જગાએ 'ગુર્જર' નામ પ્રચાર પામ્યું. અને અંતે સમસ્ત તળ ગુજરાત માટે 'ગુર્જરદેશ' કે 'ગુર્જરભૂમિને બદલે ગુજરાત નામ અસ્તિત્વમાં આવ્યું. સજાનત, મુથલ અને મરાઠા શાસનના કાલમાં સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત સમસ્ત પ્રદેશને માટે ગુજરાત નામ પ્રચલિત રહ્યું. અંગ્રેજી શાસન કાળમાં રાજ્યના જુદા જુદા ભાગી મુંબઈ ઈલાકામાં ભળ્યા કે એજન્સીઓ નીચે મૂકાયા તો પણ સાંસ્કૃતિક દ્રષ્ટિએ 'ગુજરાત' શબ્દે આ પ્રદેશની સાથેની અસ્મિતા જાળવી રાખી અને અનેક વિચ્છિન્નતાઓની વચ્ચે પણ ગુજરાતની સંસ્કૃતિ ટકી રહી.

સ્વાતંત્ર્યોત્તરકાલમાં ભાષાવાર રાજ્યરચનાના અનુસંધાનમાં મુંબઈ રાજયથી અલગ પડીને ગુજરાતી ભાષાને આધારે 'ગુજરાત' રાજ્ય ઈ.સ. ૧૯૬૨ની ૧ મેના રોજ અસ્તિત્વમાં આવ્યું પરિણામે સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત સમગ્ર ગુજરાતીભાષી પ્રદેશને માટે અસ્તિત્વમાં આવેલું આ નામ યથાર્થ બની રહ્યું.

## 13.4 ગુજરાતના ઐતિહાસિક કાલખંડો

ગુજરાતના પ્રસિદ્ધ વિદ્વાનો સ્વ.શ્રી રસિકલાલ છો. પરીખ અને શ્રી હરિપ્રસાદ ગં. શાસ્ત્રી જેઓ પુરાતત્ત્વ અને ઈતિહાસ વિષયમાં દેશભરમાં પ્રખ્યાત છે તેમણે ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસના પ્રત્યેક કાલખંડના ઈતિહાસનું સંપાદન કર્યું છે. એમણે ગુજરાતના રાજકીય દૃષ્ટિએ જે ઐતિહાસિક કાલખંડો દર્શાવ્યા છે તે નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) મૌર્યકાલ | (ઈ.સ.પૂ.૩૨૦ થી ઈ.સ.૪૧૪) |
| (૨) ગુપ્તકાલ | (ઈ.સ.૪૧૫ થી ૪૭૦) |
| (૩) મૈત્રકકાલ | (ઈ.સ ૪૧૭ થી ૭૮૮ ) |
| (૪) અનુ-મૈત્રકકાલ | (ઈ.સ.૭૮૮ થી ૯૪૨) |
| (૫) સોલંકી કાલ | (ઈ.સ.૯૪૨ થી ઈ.સ. ૧૩૦૪) |
| (૬) સલ્તનતકાલ | (ઈ.સ.૧૩૦૪ થી ઈ.સ.૧૫૭૩) |
| (૭) મુઘલકાળ | (ઈ.સ.૧૫૭૩ થી ઈ.સ.૧૭૫૮) |
| (૮) મરાઠાકાળ | (ઈ.સ.૧૭૮૫ થી ઈ.સ.૧૮૧૮) |
| (૯) અંગ્રેજોનો શાસનકાલ | (ઈ.સ.૧૮૧૯ થી ઈ.સ.૧૯૪૭) |
| (૧૦) સ્વાતંત્ર્યોત્તર કાળ | (ઈ.સ.૧૯૪૭ થી ઈ.સ.૨૦૧૦) |

આ પ્રત્યેક કાલખંડનો રાજકીય ઈતિહાસ એટલે કે જુદાજુદા રાજવંશોની ચઢતી પડતી ઉપરાંત સમકાલીન રાજયો, રાજયવ્યવસ્થા, તત્કાલીન સામાજિક અને આર્થિક સ્થિતિ, ભાષા અને સાહિત્ય, લિપિ, ધર્મસંપ્રદાયો, પુરાતત્ત્વીય વિગતો, સ્થાપત્યકીય સ્મારકો, શિલ્પકૃતિઓ, ચિત્રકલા અને જે તે કાલખંડની પ્રવૃત્તિઓનો નિર્દેશ કરતી ચિની યાત્રીઓ અને અન્ય ઈતિહાસકારોની અગત્યની નોંધો આપણને ઉપર્યુકત કાલખંડોને લગતા વિવિધ ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. પ્રાચીન ગુજરાતની ભાષા સાહિત્યને લગતી પ્રવૃતિઓનો ટૂંકો નોંધપાત્ર વૃતાન્ત આપણે વાચનસામગ્રીના પ્રારંભમાં નોંધ્યો છે. આપણે આગળ જોયું તેમ મૌર્યકાળથી ગુપ્તકાલ સુધીની આ વિશેની માહિતી અલ્પ-પ્રમાણમાં મળે છે. અલબત્ત જે પ્રમાણભૂત માહિતી હ્યુ. એન. સ્વાંગની યાત્રાપોથી અને ગિરનારના શૈલલેખોમાંથી મળે છે એ નોંધીને દર્શાવ્યું છે કે ધણા પ્રાચીનકાળથી જ ગુજરાત સંસ્કૃત-સાહિત્યના સર્જનમાં દેશના અન્ય પ્રાન્તોની સમકક્ષનું અથવા ક્યારેક એનાથી પણ વધારે ગુણવત્તાવાળું પ્રદાન કરતું રહ્યું છે. કમનસીબે ગુજરાતનાં વિશ્વવિદ્યાલયો, મહાવિદ્યાલયો અને અન્ય વિદ્વાનોએ પણ એની ઉપેક્ષા કરી છે. અલબત્ત મહારાજા સમાજીરાવ ગાયકવાડના શાસનકાળમાં

મ.સ. યુનિવર્સિટીએ ગુજરાતના પ્રાચીન સાહિત્યની ઘણી પ્રશિષ્ટ કૃતિઓને સયાજી ગ્રન્થમાલા અને અન્ય સંસ્થોઆના ઉપક્રમે પ્રગટ કરી છે. આ માટે પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરાના તત્કાલીન વિદ્વાનો અને અમદાવાદમાં સ્વ. આચાર્ય શ્રી જીનવિજયજી અને સ્વ. આચાર્યશ્રી પુણ્યવિજયજીના સમર્પિત કામ માટે ગુજરાત સદૈવ એમનું ઋણી રહેશે. ગુજરાતનાં વિશ્વવિદ્યાલયોમાં ગુજરાતની પોતાની જ પ્રાચીન અને પ્રશિષ્ટ કૃતિઓની ઉપેક્ષા થઈ રહી છે એ કમનસીબ છે. આંબેડકર યુનિવર્સિટીના અનુસ્નાતક ડીપ્લોમા કોર્સમાં ગુજરાતના સંસ્કૃત સાહિત્યને પ્રથમવાર આમેજ કરવાનો ઉપક્રમ નોંધપાત્ર અને પ્રશંસનીય છે.

❖ **<u>તમારી પ્રગતિ ચકાસો.</u>**

**નોધ . (1) નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .**

**(2) એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .**

(1) સ્વાતંત્ર્યપૂર્વે કયાં રજવાડાં પ્રગતિશીલ ગણાતાં હતાં ?

(2) આદ્ય ઐતિહાસિક કાળમાં ગુજરાત પ્રદેશ કયા નામે ઓળખાતો હતો? એની રાજધાની કયા નામે ઓળખાતી હતી ?

(3) મહાક્ષત્રપ રુદ્રદામાનો શૈલલેખ ક્યાં આવેલો છે ? એનો સમય કયો છે ?

(4) 'આનર્ત' શબ્દ પાછળથી કયા પ્રદેશને માટે સીમિત થયો ?

(5) "લાટ, મંડળ'' તરીકે કયા પ્રદેશો ઓળખાતા થયા ?

(6) ગુજરાતને માટે 'ગુર્જરદેશ' નામ ક્યારે લાગુ પડયું ?

(7) મૂળ ગુર્જર નામ કોને માટે પ્રયોજાતું હતું? ગુજરાત નામ ક્યારે અસ્તિત્વમાં આવ્યું ?

(8) 'ગુજરાત' ની સ્વતંત્ર પ્રાદેશિક રાજ્ય તરીકે ક્યારે સ્થાપના થઈ ?

(9) ગુજરાતના ઐતિહાસિક કાલખંડો કેટલા છે ? જે તે કાલખંડ કોને આધારે ઓળખાય છે?

(10) ગુજરાત રાજય પ્રાચીનકાળથી જ સંસ્કૃત ભાષાસાહિત્યસર્જન માં અગ્રેસર હતું એ બાબત પ્રતિપાદિત કરવાના આધાર કયા છે ?

(11) પ્રાચીન સંસ્કૃત સાહિત્યના સંગોપન અને સંશોધનનું શ્રેય કયા વિદ્વાનોને મળવા પાત્ર છે ?

# એકમ : 14 આધુનિક સંસ્કૃત સાહિત્ય

:: *રૂપરેખા* ::

**14.0 સ્વતંત્ર્યોત્તર આધુનિક સંસ્કૃત સાહિત્ય**

**14.1 પ્રવાહો, પરિબળો – લક્ષણો અને મહત્વની રચનાઓ**

## 14.0. સ્વતંત્ર્યોત્તર આધુનિક સંસ્કૃત સાહિત્ય

બ્રિટીશકાળ દરમ્યાનના આઝાદી પહેલાં અને આઝાદી પછીના (ઈ.સ. ૧૯૧૫ થી ૧૯૬૦) માં રચાયેલા સંસ્કૃત સાહિત્યનું વિહંગાવલોકન આપણે કર્યું. સ્વાતંત્ર્ય પછીના સમયને આપણે સગવડ ખાતર '''આધુનિક સંસ્કૃત સાહિત્ય તરીકે ઓળખાવી શકીએ પણ સંસ્કૃત સાહિત્યના ઈતિહાસકારો તો પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના અંતિમ પ્રતિભાવંત કવિ તરીકેનું શ્રેય મહાકવિ પંડિત જગન્નાથને જ આપે છે. એ મહાકવિના સાહિત્ય પછીના બધા જ સાહિત્યને આ ઈતિહાસકારો '''આધુનિક સંસ્કૃત સાહિત્ય તરીકે ઓળખે છે. પંડિત રાજ જગન્નાથના સમય પછી ગુજરાતીમાં મુઘલકાલ અને પરવર્તીકાલના સત્ત્વશીલ અને નોંધપાત્ર સંસ્કૃત સાહિત્યની નોંધ આપણે લીધી છે. બ્રિટિશકાલની યંત્રણાઓ અને આઝાદીના સંગ્રામની વચ્ચે પણ ભગવદાચાર્યજી મહારાજે જે ત્રણ મહાકાવ્યોની રચના કરી એ આપણે જોયું.જો કે સ્વાતંત્ર્યસંગ્રામમાં પ્રજાજીવનમાં ભાવનાઓની જે અસીમ ભરતી આવી હતી એનું ગુજરાતી, હિન્દી અને પ્રાન્તીય ભાષાઓમાં જે પ્રકારનું ભાવવાહી સર્જન થયું એના પ્રમાણમાં સંસ્કૃતમાં સ્વાતંત્ર્યનો જુસ્સો પ્રગટ કરતી કોઈ નોંધપાત્ર કૃતિઓ રચાઈ નહિ. દેશના બે ભાગ થયા એ સમયની વેદનાઓ, વ્યથાઓ અને મરી ગયેલી માનવતાઓનું ચિત્રણ રજૂ થયું હોય એવી કોઈ નોંધપાત્ર કૃતિઓ ગુજરાતમાં પ્રાપ્ત થતી નથી. જો કોઈ કૃતિ રચાઈ હોય તો પણ તે પ્રગટ કે પ્રસિદ્ધ થઈ નથી. સ્વાતંત્ર્યોત્તરકાળમાં ઈ.સ. ૧૯૬૦ પછી ગુજરાતમાં મૌલિક સાહિત્ય સર્જનની બાબતમાં જે પ્રવાહો, પરિબળો, લક્ષણો અને મહત્ત્વની રચનાઓ અસ્તિત્વમાં આવી એનો આપણે ટૂંકો પરિચય પ્રાપ્ત કરીશું.

## 14.1 પ્રવાહો, પરિબળો- લક્ષણો અને મહત્વની રચનાઓ

સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયા પછી અને દેશ પ્રજાસત્તાક સાર્વભૌમ રાષ્ટ્ર બન્યા પછી સમાજમાં નવ નવા વિચારો અને આધુનિક જીવનની નવનવી જીવનશૈલી પ્રવેશી રહી હતી. પ્રજાજીવન એકંદરે ભાવનાવાદી હતું. અલબત્ત ભાષાકીય પ્રાન્તરચનાઓને કારણે પ્રાદેશિક વાદે જોર પકડવા માંડયું હતું. ૧૯૫૯ માં ગુજરાતને સ્વતંત્ર રાજ્ય બનાવવાને બદલે મહારાષ્ટ્ર સાથે જોડી. 'દ્વિભાષી' રાજ્યની રચનાને કારણે ગુજરાતમાં મોટો સંક્ષોભ ઊઠ્યો. અલગ ગુજરાતની રચના અને એના શહીદોના

સ્મારક માટેની જુસ્સાભરી લડતને કારણે ઈ.સ. ૧૯૬૫ સુધીનો ગાળો અશાન્ત અને રાજકીય પરિવર્તનનો ગાળો રહ્યો. અલબત્ત શાસકોની જડતાને કારણે અનેક નવલોહિયા વિદ્યાર્થીઓ અને નાગરિકોએ પ્રાણ હોમી દીધા હતા. રાજ્યની અસ્મિતા પ્રાપ્ત કરવા માટે જે વ્યાપક અસંતોષ, અજંપો અને સંઘર્ષ ચાલ્યો એને કાવ્યમાં ઝીલી શકે અને એ શૌર્યગાથાને અમર બનાવી શકે એવો એક પણ સંસ્કૃત સર્જક કવિ, મહાકવિ કે નાટ્યકાર ગુજરાતને સાંપડ્યો નહિ. એ પછી પણ ૧૯૭૪ ની નવનિર્માણની લડત, ૧૯૮૦ પછીની અનામતવિરોધી લડતો, ૨૦૦૧ નો ભયંકર ભૂકંપ અને ગોધરાની યાત્રિકોને જીવતા જલાવી દેવાની અરેરાટી ભરી ગોઝારી ઘટના અને એના જ અનુસંધાને ગુજરાતમાં ઠેરઠેર પ્રગટેલા કોમી દાવાનળનો સંક્ષોભ, ભાવવાહી શૈલીમાં સંસ્કૃત કાવ્યમાં ઝીલી શકે એવા સંસ્કૃત સર્જકોની અછત રહી એ બતાવે છે કે ગુજરાતમાં **अत्र लुप्ता सरस्वती** ની ઉક્તિ ચરિતાર્થ થઈ ચૂકી હતી.

ઈ.સ. ૧૯૬૦ પછી ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યારે ગુજરાતમાં સ્વતંત્ર ગુજરાત યુનિવર્સિટીની પણ સ્થાપના થઈ ચૂકી હતી. અંગ્રેજી અને યુનિ. શિક્ષણનો વ્યાપ વધતો જતો હતો. માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં સંસ્કૃત ભાષા માટેનો આદર અને એનું મહત્ત્વ પ્રમાણે એવા શિક્ષણ સંચાલકો અને રાજકર્તાઓનો પ્રભાવ હતો. સંસ્કૃત સંશોધન, પઠન અને પાઠનના ક્ષેત્રે સંસ્કૃત માટે પ્રેરણાદાયી સ્થિતિ હતી. વડોદરાની મ.સ. યુનિવર્સિટી અને ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યૂટ, અમદાવાદમાં ગુજરાત વિદ્યાસભા અને ભો.જે. વિદ્યાભવન, લા.દ. વિદ્યામંદિર અને સૂરતની ચુનીલાલ ગાંધી વિદ્યાભવન જેવી શિક્ષણ સંસ્થાઓમાં સંસ્કૃત ગ્રંથોની સીક્ષિત આવૃત્તિઓ તૈયાર થતી હતી. વિવિધ પ્રાચ્ય વિદ્યાઓનાં સંશોધનો થતાં હતાં અને જૈન તેમજ જૈનેતર પુસ્તક ભંડારોમાં સચવાયેલી સંસ્કૃત કૃતિઓના પ્રકાશનનું કામ પૂરવેગે ચાલ્યું. સંસ્કૃત માટેના એ સુવર્ણકાળમાં પણ સર્જન ક્ષેત્રે જૈને શકવર્તી પ્રદાન કહેવાય એવું કામ ન થયું. અલબત્ત વડોદરામાં રામાયણ, વિષ્ણુપુરાણ અને અમદાવાદમાં શ્રીમદ્ ભાગવતની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવાનું કામ ગુજરાત ગૌરવ લઈ શકે તે રીતે પૂર્ણ થયું હતું અથવા ચાલતું હતું.

ગુજરાતમાં યુનિ.ઓનાં, સંશોધન સંસ્થાઓનાં, કોલેજનાં અને અન્ય સાહિત્યિક સામયિકોમાં થોડી થોડી સંસ્કૃત રચનાઓ પ્રગટ થતી હતી. પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરાનાં 'સ્વાધ્યાય' સામયિકમાં અને એ જ વિદ્યામંદિરના અંગ્રેજી મુખપત્ર (જર્નલ)માં કેટલીક કૃતિઓ અને વિદ્વતાપૂર્ણ અભ્યાસ લેખો લખાતા હતા. સંસ્કૃત સર્જકોમાં અધ્યાપનેતર વ્યવસાયમાં હોય એવા લેખકો તો જૂજ હતા પણ અધ્યાપક ઉપરાંત કવિ કે નાટકકાર થવાની અભિલાષાવાળા વિદ્વાનોએ સંસ્કૃત કાવ્યો અને નાટકો દ્વારા એમની "કવિયશઃપ્રાર્થના" પ્રગટ કરવાના અલ્પ અંશમાં સહજ પણ બહુધા કૃત્રિમ પ્રયાસો શરૂ કર્યા હતા. દેશમાં પણ અવનતિકાળના યુગમાં જોવા મળેલી એવી લાક્ષણિકતાઓ અપનાવી પોતાની વિદ્વત્તાનું આયાસ પૂર્ણ પ્રદર્શન કરી સર્વોચ્ચ શાસકોની ચાટુતાભરી પ્રશસ્તિઓનો મહાખેલ મંડાયો હતો. કટોકટી કાળમાં જ્યારે દેશ ફરી એકવાર શાસકોની આપખુદ નીતિરીતિઓની પરવશતા અનુભવતો હતો ત્યારે દિલ્લીમાં તત્કાલીન વડાપ્રધાનની બેહૂદી ભાટાઈ કરતાં મહાકાવ્યો રચાયાં.

સારા નસીબે ગુજરાતમાં પ્રગટપણે એવો કોઈ પ્રયત્ન ન થયો પણ કટોકટીકાળ પછી પણ નિર્ભયપણે એ કાળની યંત્રણાઓ અને અકળામણોને વાચા આપી શકે એવી સર્જક પ્રતિભા ક્યાં હતી ? સંવેદન અને સર્જનશીલતાના પ્રવાહો મંદ પડી રહ્યા હતા.

ઈ.સ. ૧૯૬૦ પછી વ્યાપ્ત રાજકારણને લીધે ઉચ્ચશિક્ષણનો વ્યાપ વધતો ચાલ્યો.. કોલેજોની સંખ્યા ઝડપથી વધી. નવીનવી યુનિવર્સિટીઓ વધતી ગઈ પણ જુદે જુદે સમયે મનસ્વી રાજકારણીઓ અને સ્વાર્થી અધિકારીઓના ચંચૂપાતને કારણે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં અવારનવાર સંસ્કૃતનું વિષય તરીકે સ્થાન ડામાડોળ થતું ચાલ્યું. સંગઠનને કારણે એ ટક્યું પણ તમામ કક્ષાએ વિષયને હળવો અને પરીક્ષાલક્ષી બનાવાતા સંસ્કૃતનું સત્ત્વ ટક્યું નહિ કે સર્જનાત્મકતા રહી નહીં.

એ દરમ્યાન ગુજરાતી ભાષાએ માત્ર પૌરસ્ત્ય કાવ્ય વિવેચનને બદલે પાશ્ચાત્ય વિચાર પ્રવાહો અને વૈશ્વિક સાહિત્યસ્વરૂપો હોંશથી અપનાવવા માંડ્યા. અછાંદસ કાવ્યરચનાઓ, ગઝલો, શેર અને શાયરીઓએ કવિમાનસ ઉપરાંત શ્રોતાઓના માનસ પર અસર કરી હતી પણ કેટલાક કવિઓને માત્ર દેખાદેખીથી આધુનિક દેખાવાના મોહમાં સંસ્કૃત ભાષામાં પણ એ પ્રકારની અનુકરણાત્મક રચનાઓ લખવાનાં પ્રયત્ન થયાં પણ તે બહુ વધાવાયા નહિ. ગુજરાતમાં જાપાનીસ સાહિત્ય પ્રકાર હાઈકુ, સાક્રા, સિજો અને મોનો ઈમેજ પ્રકારનાં નાનાં કાવ્યો રચવાનું કૃત્રિમ અનુકરણ શરૂ થયું. આ સાહિત્યિક પ્રકારોની કાવ્યક્ષમતા વિશે પ્રશ્નો ન ઉઠાવીએ તો પણ સમૃદ્ધ કલ્પનાઓ અને અપાર શક્યતાઓવાળી સંસ્કૃત છંદોબદ્ધ પ્રાસાદિક શૈલી છોડીને માત્ર આધુનિક કહેવાવાના મોહમાં જે સ્વભાવસિદ્ધ ન હોય એને તાણીતોસીને સિદ્ધ કરવાના સ્વરૂપનો મિથ્યા પ્રયાસ, એમાં પણ આવા પ્રયાસોને પાઠ્યપુસ્તકમાં પ્રગટ કરાવવાના પ્રહસ્ય પ્રયાસોથી સંસ્કૃત સાહિત્યની ગરિમાને નુકશાન થયું. યાદ રહે કે પાશ્ચાત્ય કવિઓ કે વિવેચકોની દેખાદેખીથી થયેલા સાહિત્યસર્જનના પ્રયોગો ગુજરાતી ભાષામાં પણ ચાલ્યા બહુ નથી. ગુજરાતીમાં એબ્સડ શૈલીના કાવ્યો રચવાનો અભિનિવેશ ચાર પાંચ વર્ષમાં જ શમી ગયો. સંસ્કૃત સાહિત્ય સર્જનના વિવિધ કાલખંડોમાં સજગ સાહિત્યપ્રેમીઓએ સક્ષમ અને તટસ્થ વિવેચનરૂપી પાવકથી જે કઈ કલ્પાન્તરસ્થાયી હતું એને જ જીવતું રાખ્યું પણ આ કાલખંડમાં તો પારસ્પરિક પ્રશંસા અને મૈત્રીવિવેચને એમનાથી જે થઈ શકે એમ હતું એ પણ ન કર્યું. કેટલાક કૃતક કવિઓને રાજયાશ્રય મળે, ઈનામો મળે કે પારિતોષિકો પ્રાપ્ત થાય તો પણ જે પ્રતિભા જન્મજાત ન હોય એનું તેજ ખદ્યોતની જેમ અલ્પજીવી જ નીવડે એ હકીકત આ કાલખંડના કેટલાક સંસ્કૃત કવિઓએ સ્વીકારવા જેવો કાવ્યબોધ છે.

**મહત્ત્વની રચનાઓ :** (૧) પ્રા.શ્રી એ.જી.ભટ્ટ સાહેબની અહેતુકી કાવ્યરચનાઓ અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કોલેજના પ્રા. અને કારયિત્રી તેમજ ભાવયિત્રી પ્રતિભાના ધનીશ્રી એ.જી.ભટ્ટે સાહેબે, પ્રસિદ્ધિની જરા પણ ખેવના વિના માત્ર નિજાનંદ અને સાચા ભક્તિભાવથી પ્રેરાઈને રચેલું 'કાલિદાસસ્તોત્ર' અને

'શ્રીમોટાસ્તવનમ' એમનાં ભાવવાહી અને હૃદયંગમ સ્તોત્રકાવ્યો છે. 'કાલિદાસ સ્તોત્ર'માં કવિએ કાલિદાસની મહાકવિ તરીકેની પ્રતિભા અને એમના પ્રાસાદિક કવિકર્મને આપેલી ભાવભરી અંજલિ છે, એમાં સ્તોત્રકાવ્યની બધી લાક્ષણિકતા અને મહાકવિ માટેનો અંતરનો અહોભાવ પ્રગટ થાય છે. 'ઈશાવાસ્યોપનિષદ' પરનું એમનું ભાષ્ય એમની અગાધ વિદ્વત્તા પ્રગટ કરે છે.

**પ્રા.શ્રી ગૌરી પ્રસાદ ઝાલાનું ગ્રંથસ્થ સાહિત્ય :-** સમય (૧૯૮૧) અવિભક્ત મુંબઈ રાજયમાં સ્વાતંત્ર્ય પૂર્વે અને સ્વાતંત્ર્ય પછી પણ સંસ્કૃત ભાષાસાહિત્યના જે કેટલાક આરૂઢ વિદ્વાન પ્રાધ્યાપકો હતા એમાં મુંબઈની સેંટ ઝેવિયર્સ કોલેજના શ્રી.જી.સી. ઝાલા સાચા અર્થમાં એક સર્જક કવિ હતા. એમણે રચેલાં પ્રકીર્ણકાવ્યો **नचिकेता, भीष्मप्रतिज्ञा** અને **बहुदिग्विज्यम् નામનાં ત્રણ રૂપકો , पञ्चतन्त्रम्, उपमा कालिदासस्य** અને **बाणोच्छिष्टं जगत्सर्वम्** નામના ત્રણ ગદ્યલેખો, **भामिनीविलास** અને **रघुवंश (6-10** સર્ગો) નું સંપાદન તેમજ **सुन्दरकाण्ड** સમીક્ષિત આવૃત્તિ એમના બહુ આયામી વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. Kalidasa: A study નામનો એમનો વિવેચનગ્રંથ એમની વિદ્વત્તાનો પરિચાયક છે. '**वृत्तनवकम्**' નામનું નવ પદ્યોનું લઘુકાવ્ય એમની છંદપ્રીતિ અને છંદના સૂક્ષ્મ જ્ઞાનનો પરિચય કરાવે છે. આ કાવ્યમાં નવ છંદોને સુંદરી કલ્પીને, કવિએ જે તે છંદની લાક્ષણિકતાઓ અને એની ભાવભંગિમાનું વર્ણન કર્યું છે. ઈ.સ. ૧૯૭૪ થી ૧૯૮૨ દરમ્યાન શ્રી પ્રા.ગૌ. પ્રા. ઝાલા સ્મારક સમિતિએ સમયાંતરે નિરાજના (ઈ.સ. ૧૯૭૪), Ashwin in the Regveda and other Indological Essays અને (૪) સુષમા એમ ત્રણ સંપાદિત કૃતિઓ પ્રકાશિત કરી છે. એમનો એક સંગ્રહ નામે પણ પ્રકાશિત થયો છે. એમણે રોબર ફ્રોસ્ટના Stopping of woods on a showy evening." કાવ્ય તેમજ કવિ કાન્તના વસંતવિજય' ગુજરાતી કાવ્યનો સંસ્કૃત અનુવાદ પણ આપ્યો છે. આ રીતે એમની વિદ્વત્તાના વિવિધ આયામો પ્રગટ થયા છે.

**પ્રા. ઋપિરાજ અગ્નિહોત્રીના બે કાવ્યસંગ્રહો** - અમદાવાદની બી.ડી.આર્ટ્સ કોલેજમાં સંસ્કૃત વિભાગાધ્યક્ષ પ્રા. ઋષિરાજ અગ્નિહોત્રી જે ગુજરાતના વિરલ અગ્નિહોત્રી રહ્યા છે. એમણે ઈ.સ. ૧૯૯૪ માં 'આગ્નેય' નામનો કાવ્યસંગ્રહ અને ૧૯૯૭ માં 'સેક્યુલર ચંપૂ નામનો બીજો કાવ્યસંગ્રહ પ્રગટ કરેલો છે. પ્રથમ કાવ્યસંગ્રહમાં દેવી સરસ્વતીવંદના, શરદઋતુનું પ્રાકૃતિક વર્ણન અને બીજા પ્રકીર્ણ વિષયો પરનાં કાવ્યો અને કેટલાંક ગુજરાતી ભજનોના સંસ્કૃત અનુવાદ રજૂ થયા છે. ચેપૂકાવ્ય સંગ્રહમાં 'ચંપૂ' શબ્દની ચમત્કૃતિજનક વ્યુત્પત્તિ આપી એમણે આપેલા કાવ્યસંગ્રહના શીર્ષકની સાર્થકતા બતાવી છે. પ્રાધ્યાપક અને સંન્યાસી કવિએ આ સંગ્રહમાં દેશની કેટલીક તાતી સમસ્યાઓ જેવી કે કોમવાદ, ગરીબી વગેરે પડકારોનું નિરૂપણ કરતાં કાવ્યો ગ્રંથસ્થ કર્યાં છે. એમાં એમની સમકાલીન સામાજિક સ્થિતિ પ્રત્યેની સંવેદના અને સંસ્કૃત ભાષાનું પ્રભુત્વ જણાઈ આવે છે.

પ્રા. ડૉ. એ.ડી.શાસ્ત્રીનાં વક્રપદ્યો : સૂરતની એમ.ટી.બી.કોલેજમાં દીર્ઘ સેવાઓ આપનારા ડૉ. અરણચંદ્ર શાસ્ત્રી વૈદાન્તના વિદ્વાન હતા. એમણે

**शुद्धाद्वेत्मतब्रह्मतत्वनिरूपणम्** નામનો શુદ્ધાદ્વૈતનું પ્રતિપાદન કરતો બૃહગ્રંથ ત્રણ ભાગોમાં લખ્યો છે. 'સાંખ્યકારિકા' અને 'ગૌડપાદકારિકા' નાં વિદ્વત્તાપૂર્ણ સંપાદન કર્યાં છે.

પ્રા. શાસ્ત્રી નર્મ-મર્મના વિદ્વાન હતા. એમના **वक्रपध्यानि** પદ્યસંગ્રહમાં મોટાભાગનાં વક્રોક્તિપૂર્ણ કાવ્યો છે જે હાસ્યસભર છે. કેટલાંક ગંભીર વિષયના કાવ્યો પણ છે. જો કે એમના વ્યંગ્યાર્થ પ્રતિપાદક કાવ્યો વિશેષ લોકપ્રિય બન્યાં છે.

**પ્રા.ડૉ. રાજેન્દ્ર નાણાવટીનું 'મરીચિકા'(ઈ.સ. 1993)**

સૂરત અને વડોદરાની શૈક્ષણિક સંસ્થાઓમાં સેવાઓ આપનાર ડૉ. રાજેન્દ્ર નાણાવટીએ એમના પ્રકીર્ણ કાવ્યોને 'મરીચિકા' શીર્ષકથી ગ્રંથસ્થ કર્યાં છે. આ કાવ્યો અછાંદસ શૈલીમાં લખાયાં છે. એમણે કાવ્યોને શીર્ષકો આપવાનું ટાળ્યું છે પણ **अस्मदिय** માં રજૂ કરેલી કવિની કેફિયત પ્રમાણે કવિની પ્રણયભાવના એમના કાવ્યોમાં વિવિધ રીતે સંક્રમિત થઈ છે. એમના કાવ્યસંગ્રહનું નામ '**मरीचिका**' એટલે કે 'મૃગજળ' સૂચક છે. આ કાવ્યસંગ્રહમાં હાઈકુકાવ્યો છે તો 'મંડલગાનમ' નામનો ગરબો છે.

**પ્રા.ડૉ. વાસુદેવ પાઠકની કૃતિઓ :**

ગુજરાતી વ્યાકરણના લેખકો ગુજરાતમાં પ્રયોજાતા કેટલાક શબ્દપ્રયોગોને "દ્વિરુક્ત" અને "રવાનુકારી" શબ્દપ્રયોગો તરીકે ઓળખાવે છે. આવા શબ્દપ્રયોગોનો પદે પદે ઉપયોગ કરવામાં હોંશિયાર પ્રા. ડો. વાસુદેવ પાઠકનાં પાઠ્યપુસ્તકમાં પ્રગટ થયેલા એક કાવ્યની બે પંક્તિઓ જૂઓ **"मम राष्ट्रमिदं मधुरं मधुरं मम राष्ट्रमिदं सुखदं सुखदं शुभभूमिमयं रम्यं रम्यं ? मम राष्ट्रमिदं स्वर्गा दधिक्म्** સંસ્કૃત ભાષામાં ગમે ત્યારે અને ગમે તે ક્ષણે છંદ બધારણ માટે શબ્દસર્જન થઈ શકે છે. એ સમજવું હોય તો શ્રી પાઠકના કાવ્યોમાંથી ઘણાં દૃષ્ટાંતો આપી શકાય. કવિનો સ્વપરિચય પણ કેવો હોઈ શકે એનું ઉદાહરણ આ કવિએ એમના 'સંસ્કૃત સાહિત્યનો પરિચય' ગ્રંથ (ઈ.સ. ૧૯૮૫) માં પ્રસ્તુત કર્યું છે. "અમદાવાદના વાસુદેવ પાઠકની બે દીર્ઘગીત નાટિકાઓ '**'मा मूदेव**' અને '**आराधना**' આકાશવાણી દ્વારા પ્રસારિત થઈ છે. તેમની અનેક ગીત રચનાઓ, સ્તુતિપરક અને રાષ્ટ્રભાવના પર આધારિત છે. સંસ્કૃતમાં લેખો, ગરબા, કટાક્ષકાવ્યો, મંગલાષ્ટકો, સ્તોત્રો અને સુભાષિતો ઉપરાંત 'રસબોધ' નામે પંચતંત્રની શૈલીની કૃતિ તથા પંદરેક નાટકો (મોટાભાગનાં રેડિઓ પર અથવા રંગમંચ પર રજૂ થયેલાં તેમણે આપ્યાં છે. અન્ય ભાષાના સંસ્કૃતાનુવાદો પણ મૂળ લયમાં જ તેમણે કર્યાં છે." "ગુજરાતનું સાંપ્રત સંસ્કૃત સાહિત્ય" પ્રા. મધુસૂદન વ્યાસ પૃ. ૧૮,૧૯

આ સિવાય હિંમતનગર સાબરકાંઠાની કોલેજના સંસ્કૃતના નિવૃત્ત વિભાગાધ્યક્ષ પ્રા. અરુણકુમાર મહેતાએ 'અનુરાગ'ના ઉપનામથી 'પ્રેમશતકમ્'

(૧૯૯૯), સ્નેહશતકમ્ ૨૦૦૫, પ્રીતિશતકમ્ અને કામશતકમ્ (૨૦૧૦) માં હિંમતનગરથી પ્રકાશિત કર્યા છે જેની નોંધ લેવી ઘટે.

આચાર્ય દંડીએ સાહિત્યશાસ્ત્રના પ્રારંભમાં જ એક વિચાર પ્રવાહિત કર્યો હતો કે પ્રતિભા ન હોય તો પણ સતત પુરુષાર્થથી પણ કાવ્ય રચી શકાય. આ ઉક્તિને યથાર્થ ઠેરવે એવાં અનેક શ્રમસાધ્ય કાવ્યો ૨૦ મી સદીના છેલ્લા બે દાયકામાં પ્રચુર ગુજરાતમાં પ્રમાણમાં રચાયાં છે.

સ્વાતંત્ર્યોત્તર કાળના ગુજરાતમાં સર્જનાત્મક સાહિત્યનું પ્રકાશન મોટેભાગે સંસ્કૃત વિષય સાથે સંકળાયેલાં સામયિકોમાં જ થયું છે. અર્થશાસ્ત્રની પરિભાષામાં કહીએ તો મંદીના મોજામાં તરતો મૂકેલો રૂપિયો પણ તરે નહિ, એમ સંસ્કૃત કૃતિઓ તરફ પ્રબુદ્ધ વિવેચકોએ કોઈ રસ દાખવ્યો નથી. બીજી બાજુ  આકાશવાણી, બહુધા પાઠયપુસ્તકોનું જ પ્રકાશન કરતાં પ્રકાશન ગૃહો અને મિત્રોના દાયરામાં જ સીમિત રહી ગયેલી સંસ્કૃત કૃતિઓનું ક્ષકિરણીય વિવેચન થયું નહિ. મૈત્રી વિવેચનને મોકળું મેદાન મળ્યું. પ્રાન્તીય ભાષાઓના આધુનિક કાવ્યપ્રવાહોથી અમે પણ કંઈ અજાણ નથી, અમે પણ આધુનિક જ નહિ, અનુ આધુનિક છીએ એવા મોહમાં, વગદાર મિત્રો અને પ્રકાશકોની બહુહેતુક સહાયથી કાવ્યોનો રાફડો ફાટ્યો. કવિઓએ પોતે જ ક્યાંક તો પોતાને માટે 'કાવ્યતત્ત્વનો મબલખ પાક'' એવો વિશ્વકવિને છાજે એવો ખિતાબ હોંશભેર આપ્યો. સર્વવિદિત એવી યુક્તિ પ્રયુક્તિઓથી ઈનામોની લ્હાણી થઈ. જે કંઈ ચાલતું હતું એનાથી સાચા વિવેચકો કાં તો અજાણ હતા અથવા જાણતા હતા માટે જ એમણે એ કૃતક પ્રયત્નોની ભારોભાર ઉપેક્ષા કરી હતી. અમદાવાદના અધ્યાપક કવિ હર્ષદેવ માધવનાં સપ્તસંખ્યક કાવ્યો :- 'હર્ષદેવ માધવ' ના તખલ્લુસથી સંસ્કૃત કાવ્યો લખનાર અધ્યાપકનો કવિએ સાત કાવ્યસંગ્રહો બહાર પાડયા છે. એમાંનાં ચાર સ્વપ્રકાશિત જણાય છે. જયારે બાકીનાં ત્રણ અમદાવાદની પ્રકાશન સંસ્થાઓએ પ્રકાશિત કર્યાં છે. કવિએ પોતે પોતાનાં કાવ્યો માટે જે અહોભાવભર્યા વિશેષણો પ્રયોજયાં છે તે સાથે આપણે એ કાવ્યસંગ્રહોનો ટૂંક પરિચય પ્રાપ્ત કરીએ.

(૧) रथ्यासु जम्बूवर्णानाम् शिराणाम् (૧૯૮૫)

વૈશ્વિક સંદર્ભો આણતી છ્ન્નૈદ્દી રચનાશૈલીની કવિતા.

(૨) अलकनन्दा (ઈ.સ. ૧૯૯૦) ''કાવ્યતત્ત્વનો મબલખ પાક.

(૩) शब्दानां निर्मक्षिकेषु ध्वंसावशेषेषु (ઈ.સ.૧૯૯૨)

(૪) मृगया (ઈ.સ. ૧૯૯૩) ''કવિચિંતનનું વૈલક્ષણ્ય પ્રગટાવતો સંગ્રહ''

(૫) लावारसदिधाः पर्वताः (ઈ.સ.૧૯૯૬) ?

આ કાવ્યસંગ્રહ દ્વારા કવિએ હાઈકુ, તાન્કા અને સિજો નામના ત્રણ નવા કાવ્યપ્રકારો સંસ્કૃતમાં રજૂ છે.

(૬) आसीञ्च मे मनसि (ઈ.સ.૧૯૯૬) "મોનો ઈમેજ કાવ્યો"

પોતાને વિશે આટલો બધો અહોભાવ અનુભવતા કવિને પોતાને સમકાલીન કવિતા વિશે ઘણા જ પ્રશ્નો છે. એમની 'સંસ્કૃત સમકાલીન કવિતા' શીર્ષકની પુસ્તિકાના પૃ. નં. ૪૮ ૫૨ કવિએ કરેલી આ નોંધ વાંચીએ.

આધુનિક સંસ્કૃત કવિતાનું મૂલ્યાંકન કરવા બેસીએ તો નીચેના પ્રશ્નો અને જવાબો જડે છે : (૧) સંસ્કૃત કવિતા આધુનિક બની શકી છે ખરી ? (૨) સંસ્કૃત - કવિતા કવિતાના માપદંડોથી મૂલવવા બેસીએ તો પાર ઊતરે એવી કવિતા બની ખરી? (૩) સંસ્કૃત કવિતા આધુનિક ચેતનાને ઝીલવામાં સફળ છે ખરી ? (૪) સંસ્કૃત કવિતા પ્રવર્તમાન અન્ય ભારતીય ભાષાઓ અને વિશ્વ ભાષાઓની હરોળમાં બેસી શકે તેવી કોઈ સમૃદ્ધિ લાવે છે કે લાવવાની સંભાવના છે ? (૫) આધુનિક માનવની આશા-નિરાશાઓ, પ્રશ્નો, સમસ્યાઓ, સમાજ વગેરેનો પડઘો ક્યાય તેપાં પડે છે ખરો ? (૬) સંસ્કૃત કવિનો અવાજ સચ્ચાઈભર્યો, કલા ગુજર ખાતર કલાની નિષ્ઠાવાળો છે ? તેના જવાબો આ રહ્યાઃ

(૧) સંસ્કૃતમાં મહાકાવ્યો વગેરે તો લખાય છે, પણ મોટા ભાગે કાલિદાસ વગેરેનું સઘળું અનુકરણ છે. અલંકારો અને વ્યાકરણના ભારથી દબાયેલી રચનાઓ અને નેતાઓ તથા સંતપુરુષો વગેરેની ભાટાઈ અને નરી ચમચાગીરી' કરતી રચનાઓમાં આધુનિક્તાનું પ્રતિનિધિત્વ કરવાની કોઈ હેસિયત નથી.

(૨) મહાપુરુષો અને નેતાઓ દિવ્યગુણથી વિભૂષિત છે તેવું બતાવવાના પ્રયત્નો તદ્દન હાસ્યાસ્પદ અને વ્યક્તિપૂજાપરક છે.

(૩) દેવ-દેવીઓ વગેરેનાં સ્તોત્રો અને ભક્તિકાવ્યોમાં ન તો કોઈ ભક્તહૃદયનો આર્તનાદ છે, ન કોઈ શ્રદ્ધાનો દીવો છે. આવાં ભક્તિકાવ્યોથી સંસ્કૃત ભાષાને જીવતી રાખી શકાય નહિ.

(૪) અમે પાંડિત્ય-પ્રદર્શન અને સંસ્કૃતમાં ધુંવાધાર શબ્દોવાળી રચનાઓ કરી શકીએ છીએ એવા વ્યામોહમાં સર્જાતી રચનાઓથી વ્યક્તિઓનો અંગત અહમ્ સંતોષાતો હશે, પણ એ કાવ્યને તદ્દન વિઘાતક છે. 'અગ્નિશિખા' નામના કાવ્યસંગ્રહની કવયિત્રી પુષ્પા દીક્ષિત વિશે શ્રી રમાકાન્તજીએ એકવાર માર્મિક ટકોર કરી હતી.

(૫) સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અને એના નિયમો ગમે તેટલા મહાન હોય ને સંસ્કૃતના પ્રાચીનકવિઓ ગમે તેટલા શ્રેષ્ઠ હોય પણ એનું નાડું પકડીને બેસી રહેવાય નહિ. વિશ્વસાહિત્યના પ્રવાહો, કાવ્યમર્મો, આધુનિક જીવનની અનુભૂતિઓ જીવતાં ને જીરવતાં શીખ્યા વગર રચનાઓ 'કલ્પાન્તર-સ્થાયી' કેવી રીતે બની શકે ?

(૬) જોડકણાં જેવી, પ્રાસાનુપ્રાસ મેળવેલી અને વ્યાકરણની રીતે જ શુદ્ધ છતાં કાવ્યતત્ત્વ વગરની કવિતાઓમાં ભાષાન્તરક્ષમતા નથી. કોઈ પણ કવિતાનું ભાષાન્તર કર્યા પછી જો એમાં કાવ્યતત્ત્વ જળવાતું હોય તો તેમાં કવિતાનું ''કિમપિ" તત્ત્વ છે. તેવું માનવું રહ્યું, અન્યથા કાગળોનો વ્યય છે.

(૭) સંસ્કૃતના અભ્યાસ પછી મને એવું ચોક્કસપણે લાગ્યું છે કે શાસ્ત્રોના અભ્યાસથી કૃતક પ્રતિભા આવી શકે છે એ રાજશેખરનો મત સાચો છે. કૃતક પ્રતિભાઓ "**क्षणे क्षणे यन्त्रवतामुपैति तदेव रूपं रमणीयतायाः ।**" એ વાત સમજી શકે તેમ નથી.

(૮) સર્વેશ્વરદયાલ સકસેનાની એક કવિતાને ટાંકીને કહું તો ‘‘બાજુના ખંડમાં મડદાની દુર્ગંધ ફેલાતી હોય છતાં પણ સંસ્કૃત કવિઓ હજુ રેડિયો વગાડી શકે છે ને શૃંગારિક કવિતાઓ રચી શકે છે."

(૯) પ્રશસ્તિ અને પ્રશંસા - કાવ્યો બંધ કરીને, નકરી ભાટાઈ બંધ કરીને કાગળનો બગાડ અટકાવીને સંસ્કૃત કવિઓ પર્યાવરણમાં સારો ફાળો આપી શકે તેમ છે.

(૧૦) તમે ઉજ્જૈનમાં કાલિદાસ સમારોહમાં ચાર કલાક બેસો અને એક સારી કવિતા તો શું એક સારી કાવ્યપંક્તિ સાંભળ્યા વિના રહો તેથી મોટું દુર્ભાગ્ય શું ?

(૧૧) ‘પ્રાધ્યાપકીય વિવેચન’ જેવું વિવેચન પણ કરવાની ક્ષમતા વગરના મોટા ભાગના સંસ્કૃત અધ્યાપકો આધુનિકતા સમજાવી શકે તેમ નથી. ગુજરાત યુનિવર્સિટીના એક વિદ્વાન (!) અધ્યાપકે મને સૂચવેલું કે તમે તમારા કાવ્યમાં જે સંદર્ભ વાપરો તે મૂળ પુસ્તક તમારે સંસ્કૃતમાં અનૂદિત કરવું જોઈએ ! (એટલે જો હું ઈલિયડ કે ઓડિસીનું કોઈ પ્રતીક કે તેનો કોઈ સંદર્ભ સંસ્કૃત કવિતામાં વાપરું તો એ ઈલિયડ કે ઓડીસીને મારે પ્રથમ અનૂદિત કરવા! )

(૧૨) આ બધું હોવા છતાં સંસ્કૃત કવિતાઓ લખાય છે. સંસ્કૃતકવિ ધીમે ધીમે સમસ્યાઓ, જટિલતાઓ, વેદનાઓ, નિરાશાઓ, અસ્તિત્વબોધ, અસ્તિત્વસંઘર્ષ, યંત્રસંસ્કૃતિની ગૂંગળામણ, શહેરી જીવનથી અનુભવાતું એકલાપણું, જીવનની વંચનાને અને વિષાદોને જીવતા શીખતો જાય છે. આ લેખ લખનારે સંસ્કૃતને સાત પ્રકાશિત અને લગભગ ૧૯ અપ્રકાશિત સંગ્રહોનું પ્રદાન કર્યું છે અને હાઈકુ, તાન્કા, મોનોઈમેજ કાવ્યોથી માંડીને સરરિયલ કવિતા સુધીની ભેટ આપીને સંસ્કૃતની ફળદ્રુપતા બતાવવાનો યત્ન કર્યો છે. એનું વિવેચન અન્ય દ્વારા થાય તે ઉચિત છે. સંસ્કૃત કવિતાને આધુનિકતાના આશીર્વાદ મળે અને મળતા રહે તેવી શુભેચ્છાઓ.

કવિનો પોતાને વિશેનો અહોભાવ કેટલો મુખર છે તે આપ આ લખાણમાં જોઈ શકો છો. એને વિશે કંઈ વધારે વિવેચનની જરૂર નથી પણ કવિએ સમકાલીન કવિતા વિશે જે પ્રશ્નો ઊભા કર્યા છે એમાં પોતે અપવાદરૂપ છે એવો જે ભાવ પ્રગટે છે તે બરાબર નથી, બાકી એમણે વર્ણવેલી મર્યાદાઓ સાથે નાસમ્મત થવાનું કંઈ કારણ નથી.

ઉપર્યુક્ત કેટલીક કૃતિઓ ઉપરાંત આ સમયમાં ઘણાં અનૂદિત, શ્રમસાધ્ય અને કૃત્રિમ કાવ્યો અને નાટકો પણ વિવિધ સામયિકોમાં પ્રગટ થયેલાં છે. કેટલાંક નાટકોની નોંધ આ વાચન સાહિત્યના અંતે ગુજરાતના ‘‘સંસ્કૃત રૂપકકારોની’’

પ્રાચ્યવિદ્યામંદિર વડોદરાએ પ્રગટ કરેલી યાદીમાં આપવામાં આવી છે. કેટલાક કવિઓએ કાવ્યસંગ્રહો સ્વખર્ચે કે પાર કે પૈસે પ્રગટ કર્યા છે પણ એમાં કશું મૌલિક કે નોંધપાત્ર નથી.

ઉપસંહાર :

ગુજરાતના વિવિધ કાલખંડોમાં ચાલેલી સંસ્કૃત સાહિત્ય સર્જનની ગતિવિધિનો આપણે પરિચય મેળવ્યો. આપણા પ્રસિદ્ધ સદ્ગત સાક્ષર શ્રી આનંદશંકર બા. ધ્રુવે ગુજરાતના પ્રાચીન કાલખંડોના પ્રદાનને આધારે ગુજરાના સંસ્કૃત સાહિત્યમાંના પ્રદાન વિશે જે લખ્યું છે તેનું સ્મરણ કરીને ગુજરાત રાજયના આ સ્વર્ણિમ ગુજરાત (ઈ.સ. ૨૦૧૦-૧૧) ના વર્ષમાં ગૌરવનો અનુભવ કરીએ.

"મારો ઉદ્દેશ ગુજરાતનાં ઇતિહાસમાં સંસ્કૃત સાહિત્યનાં જે ત્રણ યુગો મને પ્રતીત ગુ થાય છે તે તરફ આપનું લક્ષ ખેંચવાનો અને સંસ્કૃત સાહિત્યમાં ગુજરાતે શો ભાગ લીધો છે. તે દર્શાવવાનો હતો. આ ભાગ અલ્પ નથી, બલ્કે અભિમાન શાખામાં ત્રણ મોટાં નામ તેમાંનું એક ગુજરાતમાં જ, જૈન વિદ્વાનોમાં 'કાલિકાલસર્વજ્ઞ'નું ઉપપદ પામેલા આચાર્યશ્રી તે ગુજરાતનાં જ; સાયણાચાર્યથી પણ પ્રાચીન વેદવેદાંગપારંગત ભાષ્યાદિગ્રંથનાં પ્રણેતા તે ગુજરાતનાં જ, સંસ્કૃત પંચમહાકાવ્યમાનાં એક પ્રૌઢ કાવ્યનો કર્તા તે ગુજરાતનો જ, વ્યાકરણ કાવ્યોનો સૌથી પહેલો રચનાર તે ગુજરાતનો જ, અને કાવ્યપ્રકાશની એક જુનામાં જુની ટીકા લખનાર તે પણ ગુજરાતનો જ. ગીવાર્ણ વાગુદેવીની આ સેવા અલ્પ નથી. અને તેથી આપણે પણ દેવવિમલ - ગણિનાં શબ્દોમાં સહેજ ફેરફાર કરીને સાભિમાન આનંદપૂર્વક કહીશું કે આપણો દેશ તે —

गीर्वाणवाचः पुरुषोत्तमेन जगत्कृताकारि विलासवेश्म ।

"જગત્કર્તા પરમાત્માએ આ દેશને ગીર્વાણ વાગ્યેવીનું વિલાસભવન બનાવ્યો છે."

❖ ***<u>તમારી પ્રગતિ ચકાસો</u>***

***નોંધ .*** (1) ***નીચે આપેલ જગ્યામાં તમારા ઉતરો લખો .***

(2) ***એકમમાં આપેલ ઉતરો સાથે તમારા ઉતરો સરખાવો .***

(1) 'સ્વાતંત્ર્યોત્તરકાળ' માં કયા પ્રકારની સાહિત્યિક કૃતિઓનો અભાવ જોવા મળે છે. ?

________________________________________________________

(2) આધુનિક સંસ્કૃત સાહિત્યનાં પરિબળો અને પ્રવાહોનું નિરૂપણ કરો.

(3) આધુનિક સંસ્કૃત કવિઓની મર્યાદાઓનું આલેખન કરો.

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**